Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112698

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिक्षा साहित्य

१६५०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

H.L.
SHIKSHNA-SAHITYA
1950
G.K.V.
Lib.
HARDWAR

112698



વર્ષ ૯ અંક ૫

મે નવજીવન, અમદાવાદ ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

મે, ૧૯૫૦

વર્ષ ૯ અંક ૫

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
વંદનીય કસ્તૂરબા	પુષ્પાબહેન પટેલ	૧૨૯
અંગ્રેજી વિષે લોકમત	મગનભાઈ દેસાઈ	૧૩૮
ભારત સરકારની રાજ્યનીતિ માટેના આદર્શો	અનુ૦ મ૦	૧૪૧
તેલિયું ઘી	મ૦	૧૪૩
મારા કાકાનાં સ્મરણો – ૪	નારાયણ દેસાઈ	૧૪૪
ડૉ. હરિપ્રસાદ દેસાઈ	મગનભાઈ દેસાઈ	૧૪૬
સાભાર સ્વીકાર		૧૪૭
પાયાની કેળવણી માટે ઉપયોગી સાહિત્ય	પાં૦ ગ૦ દેશપાંડે	૧૪૮
પ્રો. હેરોલ્ડ લાસ્કી	મ૦	૧૫૨
સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૧૫૩
માસિક વિવેચન		
મંગળ સપ્તાહ	મ૦	૧૫૪
દારૂબંધી	મ૦	૧૫૪
સફળતાનો ખોટો ખ્યાલ	મ૦	૧૫૫
પં૦ જવાહરલાલજીકી જય	મ૦	૧૫૫
સંસ્કૃતની પરીક્ષાઓ	મ૦	૧૫૫
શ્રી રમણ મહર્ષિનું નિર્વાણ	મ૦	૧૫૬
નિબંધ હરીફાઈ	મ૦	૧૫૬
કાળાં બજાર અને મોતની સજા	મ૦	૧૫૭
અઘટિત દબાણને વશ થવાય?	મ૦	૧૫૭
'પ્રાદેશિક યુનિ૦નાં પ્રથમ ફળ'	મ૦	૧૫૮
નવું વાચન		
આપણી શ્રેષ્ઠ નવલિકાઓ	મુ૦ ક૦	૧૫૯
ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો	શિ૦ શુ૦	૧૬૦
ચરખા સંઘનો કાર્યક્રમ	વિ૦	૧૬૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમોને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોએ પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (સર લાખાજીરાજ રોડ); પૂના (૨૯૯, સદાશિવ પેઠ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, ઓરડી નં. ૧, કૉનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના,

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

જીવન દ્વારા શિક્ષણ : શિવાભાઈ ગો૦ પટેલ; કિં. રૂ. ૧-૮-૦; ટપાલરવાનગી ૦-૪-૦.

સીતાહરણ : લે૦ ચંદ્રશંકર શુક્લ; કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૩-૦.

ખેડૂતનો ચોપડો : કિં. રૂ. ૧-૦-૦; ટપાલરવાનગી ૦-૩-૦.

बापूजींची ओझरती दर्शने : લે૦ काका कालेलकर; कीं० रु. १-८-०; डाकखर्च ०-२-०.

आश्रम-भजनावलि : सं० नारायण मौरेश्वर खरे; की. रु. ०-१०-०; डाकखर्च ०-२-०.

A Pilgrimage for Peace : [Gandhiji & Frontier Gandhi Among N. W. F. Pathans] By Pyarelal; Price Rs. 5-0-0; Postage etc. Re. 0-11-0.

Stray Glimpses of Bapu : By Kaka Kalelker; Price Rs. 2-0-0; Postage etc. Re. 0-8-0.

નવજીવન પ્રકાશન મંદિર,
પો૦ બૉ૦ ૧૦૫, **અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112 698

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૯–અંક ૫] અમદાવાદ [મે

વંદનીય કસ્તૂરબા

[માર્ચ-અંકમાં જણાવ્યા પ્રમાણે, પૂ૦ બાની જયંતી પ્રસંગે શ્રી મહાદેવ દેસાઈ મહાવિદ્યાલયના પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીએ વાંચેલો નિબંધ આ છે.]

બાપુનાં સુખ-દુઃખનાં સાથી સમાં બાનું મંગળ સ્મરણ આજે કરતાં આપણું હૃદય પાવનકારી બને છે. બાપુજી તો છે આપણા માર્ગદર્શક. એમનું જીવન સામાન્ય માનવીમાંથી મહાત્મા સુધીની કઠોર આત્મપરીક્ષામાંથી પસાર થયું અને છેવટે સુધન્ય બન્યું. જો આપણે એમના પ્રયોગશીલ, ઉદાત્ત અને ઉન્નત જીવન પ્રત્યે દૃષ્ટિ કરીએ, તો બાનું સ્મરણ આપણી આંખ સામે તરી આવે છે. બા જ એક એવાં હતાં જેમણે બાપુજીને એમના ખરા સ્વરૂપમાં નિહાળ્યા હોય બા જ બાપુજીના જીવનની બધી બાજુનાં સાક્ષી હતાં. બાએ જ બાપુજીને એક સામાન્ય જન તરીકે તેમ જ કરોડો હિંદીઓના તારણહાર તરીકે નિહાળ્યા હતા. બાપુજીનું જીવન તો ખુલ્લી નોંધપોથી જેવું જ હતું. એટલે એમના જીવનના ઘણા પ્રસંગો વિષે આપણે જાણીએ છીએ. પણ બા તો બાપુજીનું અર્ધું અંગ જ હતાં. બા જ બાપુજીનું હૃદય બરાબર સમજી શકે એમ હતાં. બાપુના હૃદય સમીપ તો ઘણા જઈ શકયા હશે, એમના નિકટના અનુયાયી પણ થયા હશે, તન્મય પણ થયા હશે; તોયે બાપુના હૃદયની સમીપતર તો બા જ હતાં. બાપુ જ્યારે ઉપવાસ કરતા હોય ત્યારે આપણને ચિંતા થતી કે, આપણા બાપુ ચાલ્યા જાય તો! પણ બાની ચિંતાનો આપણે ખ્યાલ કરીએ તો બાપુ જતાં તેઓ એકલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી જાય તેમ હતું, એમનું સર્વસ્વ જ જતું રહે એમ હતું. તેથી એમના બાપુ પ્રત્યેના ભાવની તુલનામાં કોઈનોયે ભાવ આવી શકે એમ નથી. આજે આપણી વચ્ચે બાપુ નથી. પણ બાપુ શું આપણને હંમેશાં યાદ આવે છે? શું બાપુ વિના આપણને જીવન નીરસ લાગે છે? જીવનમાં શું બધે સૂનકાર છવાયેલો લાગે છે? પણ જો આજે બા હોત ને બાપુ ગયા હોત તો બાની સામે જોતાં જ એમના હૃદયમાં વ્યાપેલી ઊંડી વ્યથા અને એકલતા જોઈને આપણું દુઃખ તો સાવ તુચ્છ છે, ગણનાપાત્ર પણ નથી, એમ થયા વિના રહેત નહિ. ખરેખર, આજે બા હોત તો એમને કોણ આશ્વાસન આપી શકત! પોતાના પતિને સૌને છોડીને અકસ્માત્ જતો જોઈ એમના અંતરની વ્યથાને કોણ સાંત્વના આપી શક્યું હોત! આ વિચાર આવતાં હૈયું રડી ઊઠે છે અને બાપુના ઉચ્ચતમ જીવનની પાછળ રહેલાં બાની મૂંગી તોયે ભવ્ય મૂર્તિનું આપણને દર્શન થાય છે. બાપુ અને બા એકબીજાનાં પૂરક હતાં. બાએ જો બાપુના મનોમંથનમાં સાથ ન પૂર્યો હોત, એમની પ્રયોગકાળની દશામાં એમની કઠોરતા અને પતિપણું મૂંગે મોઢે સહન કર્યું ન હોત, બાપુજીના ભેખધારી જીવનની સાથે સાથે પોતાની અનેક ઇચ્છા, આકાંક્ષા અને ઉમળકાનો ત્યાગ કરી બાએ ભેખ લીધો ન હોત, ઉપવાસ, માંદગી જેવા ગંભીર અને જીવન-કટોકટીના પ્રસંગોએ બાએ એમની નિઃસ્વાર્થભાવે અને સહૃદયતાથી મૂંગી સેવા ન કરી હોત, અને એમના પ્રગતિશીલ જીવનને નિહાળી, આનંદ દર્શાવી અને સહભાગી બની બાપુને પ્રેરણા ન આપી હોત તો શું ગાંધીજી આપણા બાપુ બન્યા તે થઈ શકયા હોત ખરા? બા અને બાપુ મળીને જ એક અખંડ પ્રેરણાદાયી મૂર્તિ આપણા અંતર સામે આવીને ઊભી રહે છે. બાપુજીને લીધે બા છે, અને બાને લીધે બાપુજી છે. આજે એ બન્ને આપણને છોડીને ચાલ્યાં ગયાં છે. આજનો દિવસ બાની પુણ્યતિથિનો છે તેથી એમના જીવનમાં અવગાહન કરી સાંત્વના મેળવીએ.

બાપુની જીવનસહચરી

સૌરાષ્ટ્રમાં તે જમાનામાં છોકરીઓને કોઈ ભણાવતું નહિ, એટલે બા પણ નાનપણમાં સાવ નિરક્ષર હતાં. પણ તેમને પિતાના સંસ્કારી કુટુંબના ઉત્તમ ગુણો વારસામાં મળ્યા હતા. ઘરના ધાર્મિક વાતાવરણમાંથી અમુક સંકલ્પબળ અને સંયમ બામાં છેક નાનપણથી આવેલાં. ઘરકામ કરવાની તાલીમ પણ સારી મળી હતી.

ખૂબ નાની ઉંમરમાં લગ્ન થયું ને તેમનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. બાપુજીની આત્મકથામાંથી આપણે જોઈ શકીએ છીએ કે, તેઓ નિરક્ષર હતાં છતાં પોતાની સ્વતંત્રતા ન સમજે તેવાં ન હતાં. લાંબી ચર્ચા કે દલીલ ન કરે પણ પોતાનું ધાર્યું કરતાં કોઈથી દબાય તેવાં ન હતાં.

બાપુજીના હૃદયમાં, 'એકપત્નીવ્રત પાળવું એ ધર્મ છે,' એ વાક્ય રમી રહેલું તેની ઉપરથી 'જો મારે એકપત્નીવ્રત પાળવું જોઈએ તો તો પત્નીએ એકપતિવ્રત પાળવું જ જોઈએ' એમ થયું અને તેથી તેઓ બાની ચોકી રાખવા માંડ્યા. 'ક્યાંય પણ જવું હોય તો મારી રજા લીધા સિવાય ન જ જવાય.' અને જો એમ થાય તો એ તો બા ઉપર એક જાતની કેદ જ થઈ કહેવાય. બા આ સહન કરે? ઇચ્છામાં આવે ત્યાં પૂછ્યા વિના જરૂર જાય અને જેમ વધારે દાબ મુકાય તેમ વધારે છૂટ લે. અભણ અને નાની ઉંમર છતાં તેમનામાં વિવેકશક્તિ ને સ્વતંત્ર વિચારશક્તિ હતી. પોતાને માટે શું સારું છે ને શું ખરાબ છે એ તેઓ સમજતાં. અને બાપુને માટે શું હિતાવહ છે તેનો પણ ખ્યાલ તેમને રહેતો. અને સમય આવે ત્યારે તે વિષે ચેતવણી પણ આપતાં.

બાપુજીને બાને અક્ષરજ્ઞાન આપવાની ખૂબ ઇચ્છા રહેતી. પણ તે વખતના સંજોગો ખૂબ પ્રતિકૂળ હતા. દિવસના તો મળાય જ નહિ. રાતના જ એકાંત મળે. પણ તે વખતે બાની ભણવાની ભૂખ ઊઘડી ન હતી અને તેમને પોતાના અજ્ઞાનનો અસંતોષ ન હતો. બાપુજીએ ભણાવવાના જેટલા પ્રયત્નો કર્યા તે બધા જ લગભગ નિષ્ફળ ગયા. બાપુજી એ વિષે લખે છે કે, "પરિણામે આજે કસ્તૂરબાની સ્થિતિ માંડ માંડ કાગળ લખી શકે અને સામાન્ય ગુજરાતી સમજી શકે એવી છે. જો મારો પ્રેમ વિષયથી દૂષિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોત તો આજે તે વિદુષી સ્ત્રી હોત એવી મારી માન્યતા છે. તેના ભણવાના આળસને હું જીતી શકત."

આદર્શ સહધર્મચારિણી

બાપુજીએ એક સ્થળે લખ્યું છે કે, "મારી પત્ની વિષેનો મારો પ્રેમ અને મારી લાગણી હું વર્ણવી શકું તો હિંદુ ધર્મ વિષેનો મારો પ્રેમ અને મારી લાગણીઓ હું વર્ણવી શકું. દુનિયામાંની બીજી કોઈ પણ સ્ત્રી કરતાં મારી પત્ની મારા ઉપર વધારે અસર કરે છે."

બાપુજીએ ધર્મ અને બા બન્નેને ખૂબ સમજવાનો પ્રયત્ન કર્યો, બન્નેને અપનાવ્યાં અને એ બન્ને વડે પોતાનું જીવન ધન્ય કર્યું.

બાપુજીને તપ અને સંયમ ખૂબ ગમતાં અને તેના અખતરા તેઓ કર્યા જ કરતા ને તેમાં સફળતા મેળવતા. પણ જો એમાં બાનો ફાળો ના હોત તો તેઓ કેટલે સુધી સફળ થાત! એટલે બાપુજી જેવા ઉગ્ર તપસ્વીના જીવન પર અસર કરવી તે જેવી તેવી યોગ્યતા નથી. બાના જીવનનું ખરું રહસ્ય જ ત્યાં છે કે, તેમણે બાપુજીને તપશ્ચર્યાના જોસમાં વધારે-પડતા કડક અને શુષ્ક થઈ જવા નથી દીધા. બાને પણ તેમાં ઘણી મુસ્કેલીઓ નડી હશે, પણ આખરે તેમણે પોતાની અદ્‌ભુત સહનશક્તિથી જીત જ મેળવી છે.

બા હંમેશાં બાપુજીના વિચારને ઝીલી લેતાં. બાપુજીને ના ગમતું કરવા તેઓ કદી ઇચ્છતાં નહિ અને બાપુજી ઇચ્છે તે દરેક બાબતમાં પોતે પોતાનું મન તરત બહુ વહેલું વાળી લેતાં. બાને સાદાઈ સ્વભાવસિદ્ધ હતી. એટલે કપડાં વગેરે ઠાઠમાઠ છોડવામાં તેમને કંઈ જ પ્રયત્ન નહિ કરવો પડેલો. મન વાળી લેવાની શક્તિ તેમનામાં અજબ હતી, અને તે જ તેમના જીવન-સાફલ્યની ચાવી છે. આ રીતે મન વાળી લીધા છતાં, બાએ બાપુને કઠોર અને શુષ્ક બની જતા તો રોકયા જ છે. બાપુને 'મહાત્મા' બનવા દીધા અથવા મહાત્મા બનવામાં મદદ કરતાં છતાં બાપુને પોતાના વિશાળ કુટુંબના વહાલા બાપુ મટી જતા બાએ રોકયા છે. અથવા તો આમજનતાના સાચા અને મોટા બાપુ બનાવ્યા છે. અને એ રીતે બાપુની મહત્તામાં વધારો કર્યો છે.

બા બાપુજીની સાધનામાં અને તેમનાં મહાવ્રતોના પાલનમાં કદી આડે નથી આવ્યાં, પણ ઊલટું ધીમે ધીમે બાપુનાં વ્રતો, આદર્શો ને સિદ્ધાંતો પોતાનાં કરતાં ગયાં અને તેમ તેમ બાનો પોતાનો પણ પણ વિકાસ થતો ગયો. આ રીતે બા મહાપતિવ્રતા હતાં. પતિનાં વ્રતો, આદર્શો પોતાનાં ન હોવા છતાં પોતાનાં બનાવી આચર્યાં. એ એમની બાપુને અનુકૂળ થવાની વૃત્તિ જ છે. તેમ છતાં પોતાની સમજના ક્ષેત્રની વાતમાં તો બાના પોતાના વિચારો જ રહેતા અને તેમાં તેઓ મક્કમ રહેતાં. પણ જે બાબતની પોતાની સમજ ન હોય તેમાં તેઓ બાપુને નિષ્ઠાપૂર્વક અનુસરતાં. આને માટે કંઈ એમણે ઓછો ભોગ નથી આપ્યો. પોતાની અનિચ્છાનો ભોગ કરી, અનેક મુસ્કેલીઓ અને પરિવર્તનો સહી લઈ બાપુને રસ્તે ચાલવું તેમાં તો ખૂબ આત્મબળ અને અપૂર્વ સમર્પણની ભાવના જોઈએ. બા એને જીતવાથી ગૃહસ્થજીવનનો દુર્ગમ સમુદ્ર કુશળતાથી તરી શક્યાં છે.

બામાં ભૂલનો સ્વીકાર અત્યંત સરળતાથી કરવાનો અજબ ગુણ હતો. એટલી સરળતાથી ભૂલ કબૂલ કરે કે સામો માણસ મુગ્ધ થઈ જાય. તેનો એક પ્રસંગ છે.

એક વખત બા તથા દુર્ગાબહેન જગન્નાથપુરીનાં દર્શન મંદિરમાં જઈને કરી આવ્યાં. બાપુએ આ સાંભળ્યું ત્યારે તેમને ઘણું દુઃખ થયું અને નારાજ પણ થયા. 'જે મંદિરમાં હરિજનોને જવા ન દે તેમાં આપણાથી જવાય જ કેમ?' સાંજે આ વાત બાને કરી, ત્યારે બાએ એક નાના બાળકની જેમ અત્યંત સરળતાથી પોતાની ભૂલનો સ્વીકાર કર્યો ને બાપુની ક્ષમા માગી. બાપુજીનો બધો જ ક્રોધ અદૃશ્ય થઈ ગયો.

બાની મરજી હોય કે ન હોય, સમજે કે ન સમજે, પણ તેઓ હંમેશાં બાપુજીની ઇચ્છા પ્રમાણે જ ચાલતાં. તેને વિષે બાપુજી કહેતા કે, "બાની ખૂબી એ જ છે કે તે મારી ઇચ્છાને મને કે કમને અનુસરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાને બાપુજી તરફ ખૂબ માન ને ભક્તિ હતાં. તે તેમના પોતાના શબ્દોમાં જોઈએ: "મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં નહિ હોય. સત્યથી આખા જગતમાં પૂજાય છે. હજારો તેની સલાહ લેવા આવે છે. હજારોને સલાહ આપે છે. મને કોઈ દિવસ મારી ભૂલ વગર મારો વાંક નથી કાઢ્યો. મારામાં લાંબા વિચાર ન આવે, ટૂંકી દૃષ્ટિ હોય તો કહે. તે તો આખા જગતમાં ચાલતું આવ્યું છે. ગાંધીજી છાપે ચડાવે, બીજા ઘરમાં કંકાસ કરે. મારા પતિને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું: મારાં સગાંવહાલાંમાં ખૂબ પ્રેમ છે. મિત્રોમાં મારું ઘણું માન છે."

સંકટમાં સાથી

હંમેશાં જાગતાં કે સૂતાં બાના દિલમાં બાપુજી માટેની સતત ચિંતા રહી જ છે. બાપુજી આફતમાં હોય ત્યારે પોતાથી બીજે ક્યાંય રહેવાય જ નહીં એ ભાવના એમના દિલમાં એમણે હંમેશાં સેવી છે.

૧૯૨૯માં બાપુજી થોડો વખત હિમાલયમાં કૌસાની રહ્યા હતા. તે વખતનો આ પ્રસંગ છે.

"હિમાલયમાં ઠંડી અને ધુમ્મસ પારાવાર હોય છે. છતાં બાપુજી નિયમ પ્રમાણે ત્યાં પણ ખુલ્લામાં જ સૂતા હતા. એક રાતે વાઘનું બચ્ચું બાપુજીના બિછાના પાસે આવી ફરી ગયું. નૈનીતાલથી આવેલા કાર્યકર્તાઓ બાપુજીના આતિથિસત્કાર માટે ત્યાં રહેતા હતા, તેમાંના એક જણે આ બચ્ચાને જોયું. બીજે દિવસે બાપુજીને આ બીના જણાવી. ખુલ્લી જગાને બદલે અંદર સૂવાનો બધાએ ઘણો આગ્રહ કર્યો. બાપુજી માત્ર ખૂબ હસ્યા અને હંમેશ મુજબ ખુલ્લામાં જ પથારી કરાવી. આ જોઈ બા રોજ અંદર સૂતાં હતાં તેમણે પણ પોતાનું બિછાનું બહાર કરાવ્યું અને બાપુજીના જોખમમાં પોતે સહભાગી થયાં."

બાપુજીના દરેક ઉપવાસોમાં પણ ઘણુંખરું બા બાપુની સાથે જ રહ્યાં છે ને અતિશય કાળજીપૂર્વક તેમણે સારવાર કરી છે. જીવન અને મરણ વચ્ચે બાપુજી ઝોલાં ખાતા હોય તે વખતે વિહ્વળ ન થઈ જતાં છાતી કઠણ કરી સેવાચાકરીમાં કશી ન્યૂનતા ન આવવા દેવા જેટલો મન ઉપર કાબૂ રાખતાં.

બા છેક છેલ્લી ઘડી સુધી બાપુના સંકટમાં સાથી રહી શક્યાં એ એમનું મહા ધન્યભાગ્ય જ ગણાય. આગાખાન મહેલમાંના બાપુજીના ઉપવાસ વખતની કસોટી આકરામાં આકરી કહેવાય. બાએ જ્યારથી જાણ્યું કે બાપુજી ઉપવાસ કરવાના છે ત્યારથી જ તેઓ ચિંતાતુર થઈ ગયાં. ચિંતાથી બાની અશક્તિ ખૂબ વધવા માંડી. તેથી સરોજિનીદેવીએ બાપુને કહ્યું, "બાપુ, તમારા ઉપવાસ બાને પૂરાં કરી નાખશે." પણ બાપુને ખાતરી હતી કે બાનામાં સૌના કરતાં વધારે હિંમત છે. અને બાપુજીનો એ વિશ્વાસ સાચો પડ્યો. તે જ દિવસે સાંજે ઉપવાસ વિષે વાત નીકળતાં બાએ કહ્યું, "આટલું બધું જૂઠાણું ચાલતું હોય ત્યારે બાપુજીથી મૂંગા કેમ બેસી રહેવાય? સરકારના જુલમોનો વિરોધ બતાવવા માટે બાપુ પાસે ઉપવાસ સિવાય બીજું સાધન પણ શું છે?" આવા માનસિક નિશ્ચયની સાથે બાની શારીરિક શક્તિ પણ વધી. આખા ઉપવાસ દરમ્યાન તેમણે હિંમત રાખી બાપુજીની સેવા કરી, છતાં તેમની પોતાની તબિયત એક પણ દિવસ બગડી નહિ.

બાપુજીના ઉપવાસના દિવસો જેમ જેમ વધવા માંડે તેમ તેમ બાની તુલસીપૂજા અને બાળકૃષ્ણની પૂજાનો સમય વધતો જતો. જેમ જેમ બાપુની સ્થિતિ ગંભીર થતી જાય તેમ તેમ બાની પૂજા વધારે લાંબી ને વધારે ભાવપૂર્ણ થતી જતી. તે વખતનું દૃશ્ય જોનારને આંખમાં પાણી આવ્યા વિના ન રહે. તુલસીમાતાની સામે ઘૂંટણીએ પડી પ્રાર્થના કરતાં, ચહેરા ઉપરનો ભાવ કરુણ ને દીન હોય. ધ્યાનમાં એટલાં લીન બની જતાં કે પાસે કોઈ ઊભું હોય તેની પણ ખબર પડે નહિ. એ પ્રાર્થના એમની ખરેખર ભગવાનને કાને પહોંચતી. બાપુજીના ઉપવાસ દરમ્યાન પોતે હંમેશાં ફળાહાર પર જ રહેતાં.

વાત્સલ્યમૂર્તિ બા

બા તો વાત્સલ્યમૂર્તિ હતાં. એમના હૃદયમાં વાત્સલ્યનું અખૂટ ઝરણ સર્વદા વહેતું જ હોય. તેથી જ તો આપણે એમને બા કહીએ છીએ.

અજાણી વ્યક્તિ પણ તેમની પાસે જતાં બીક ને સંકોચ ભૂલી જાય. દરેકને તેઓ માની જેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમથી ખવડાવતાં, પિવડાવતાં અને વાતો કરાવતાં. એમની વાતો કોઈ દિવસ એવી ના હોય કે જેથી સાંભળનારને લાગે કે આપણે કોઈ મહાન વ્યક્તિ પાસે બેઠાં છીએ. એ તો મા જ હતાં અને એમની આસપાસ માતૃપ્રેમનું વાતાવરણ જ ભરેલું રહેતું.

આશ્રમમાં નવી આવનાર બહેનનું દરેક ઝીણી ઝીણી બાબતમાં પણ ધ્યાન રાખતાં અને તેને ઘર કે મા યાદ ન આવે એવી રીતે પ્રેમથી રાખતાં.

આશ્રમમાં દરેકની પર પ્રેમ રાખનાર બા પોતાનાં બાળકો પર એવો પ્રેમ રાખતાં. પણ આફ્રિકામાં હરિલાલભાઈને નિશાળમાં કેળવણી ન મળી. બા પોતે પુત્રને કેળવણી મળે તેમ ઇચ્છતાં, પણ સિદ્ધાંતને લીધે બાપુજી એવી કેળવણી આપી શકતા ન હતા. છેવટે હરિલાલભાઈ તેમનો ત્યાગ કરી જતા રહ્યા, ત્યારે બાને કેટલું દુઃખ થયું હશે? હરિલાલભાઈને પણ બા પ્રત્યે ખૂબ જ માન ને પ્રેમ હતાં. તેમને એમ થતું કે, રાજરાણી થવા સર્જાયેલાં બાને બાપુ નાહક આટલું કષ્ટ સહન કરાવે છે. તેઓ ત્યાગ કરી જતા રહ્યા પછી તેમની સ્થિતિ ખૂબ બગડી ગઈ. પણ બા પ્રત્યેનો પ્રેમ કંઈ ઓછો થાય? તેવી બેહાલ સ્થિતિમાં બાને મળેલા તે બહુ કરુણ પ્રસંગ છે. તેમાં એમનો બા પ્રત્યેનો ભાવ સ્પષ્ટ જણાઈ આવે છે.

એક વખત બા-બાપુ ટ્રેનમાં મુસાફરી કરતાં હતાં. મેલ કટણી સ્ટેશને પહોંચ્યો ત્યારે, 'માતા કસ્તૂરબાકી જય' એવો બધાં સ્ટેશનો કરતાં જુદો જ જયધ્વનિ સંભળાયો. બા તરત જ ઓળખી ગયાં ને બારીમાંથી મોં બહાર કાઢ્યું તો સામે જ હરિલાલભાઈ ઊભેલા. પણ એ હરિલાલભાઈ બેહાલ થઈ ગયેલા. શરીર લથડી ગયેલું, દાંત પડી ગયેલા ને કપડાં સાવ ફાટી ગયેલાં. જોઈને જ બાને કેટલું દુઃખ થયું હશે? તેઓ બા માટે એક મોસંબી લાવેલા. બાપુએ કહ્યું કે, 'મારે માટે કંઈ નથી લાવ્યો?' ત્યારે તેમણે જવાબ આપ્યો, "ના, આ તો બા માટે જ લાવ્યો છું. તમને તો એટલું જ કહેવાનો છું કે બાને પ્રતાપે જ તમે આટલા મોટા થયા છો." બાપુજીએ એ વાત કબૂલ કરીને પૂછ્યું, "તારે અમારી સાથે આવવું છે?" હરિલાલભાઈએ કહ્યું, "હું તો ફક્ત બાને મળવા જ આવ્યો છું." બાને કહે, "હું તમારે માટે જ ગમે ત્યાંથી ભીખ માગીને પ્રેમથી લાવ્યો છું. તમે ના ખાવાનાં હો તો મને પાછી આપી દો." બાએ પણ તેમને સાથે લઈ જવાનો આગ્રહ કર્યો, પણ તેમણે એ વાત જ કરવાની ના કહી ને ગાડી તો ઊપડી. પુત્રવત્સલ માતૃહૃદયને કેવો ઘા લાગ્યો હશે? બાને થયું બિચારો ભૂખે મરતો હશે, લાવ હું એને થોડાં ફળ આપું. પણ ફળ કાઢીને બહાર જુએ છે ત્યારે ટ્રેન પ્લૅટફૉર્મ વટાવી ચૂકી હતી ને દૂરથી ક્ષીણ અવાજ 'માતા કસ્તૂરબાકી જય'નો સંભળાતો હતો.

આ તો એમના પોતાના પુત્ર પ્રત્યેના પ્રેમની વાત થઈ. પણ આવો જ પ્રેમ તેઓ દરેકની પર રાખતાં હતાં.

દાંડીકૂચ વખતે એક નવયુવાન સૈનિકને ખૂબ ભારે ઓરી નીકળ્યાં હતાં. તાવની ભભકતી ભઠ્ઠીમાં શેકાતો, પથારીમાં કણસતો તે પડ્યો હતો. ત્યાં બા પણ બાપુજીની સાથે ગયાં. એ તો એનું મોં જોઈને જ કકળી ઊઠ્યાં, "અરેરે પ્રભુ, બિચારાને કેવાં ભારે ઓરી નીકળ્યાં છે!" પ્રેમાળ માતાની વત્સલતા નીતરતી આંખોએ જાણે તેનો તાવ શોષી લેવા મથતાં હોય તેમ તેને માથે બાએ પ્રેમાળ હાથ ફેરવ્યો. એ માતાવિહોણા સૈનિકે આંખો મીંચી અને એને સ્વર્ગમાંથી ઊતરી આવેલી એની માતાનો જ હાથ જાણે કે એના કપાળે અપાર્થિવ શીતળતા રેડતો લાગ્યો. ધીકતા કપાળ પર ફરતા બાના હાથનું અમૃત જીવનની અપૂર્વ ધન્યતા પામેલા એના હૃદયમાં અકથ્ય ઉમળકા રૂપે રેડાતું હતું. બાના પ્રેમાળ હાથે જ તેને મૃત્યુના મુખમાંથી પાછો ખેંચી લીધો.

બાનો મળતાવડો સ્વભાવ

બા સૌની સાથે ભળી જતાં. બાપુના પરદેશી સાથીઓ સાથે સત્વર અને સહજભાવે નિઃસંકોચ-પણે ભળી જતાં.

બા અંગ્રેજી ભણેલાં નહિ, પણ તેમને આફ્રિકામાં કદી બાપુજીના મિત્રો સાથે મળતાં અગવડ પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. છૂટાછવાયા અંગ્રેજી શબ્દોથી તેઓ વાતચીતમાં ભળી શકતાં અને સાધારણ વાતચીત કરી શકતાં. છતાં તેમણે ૬૦ વર્ષની ઉંમરે અંગ્રેજી લખતાં વાંચતાં શીખવાનો પ્રયત્ન કર્યો તે ખરેખર આશ્ચર્યકારક છે. તેમને એટલી ઉંમરે ને આટલું મોટું પદ ધરાવતાં છતાં અંગ્રેજી શીખવા માટે કોઈની પાસે બેસતાં નાનમ કે શરમ લાગતી નહિ.

બા ભલે અક્ષરજ્ઞાન ધરાવતાં ન હતાં, પણ એમનું સામાન્યજ્ઞાન તથા મનુષ્યસ્વભાવનું અને મનુષ્યજીવનનું એમનું જ્ઞાન બહુ ઊંડું હતું. બા મોટા મોટા મુસ્લિમ અમલદારો કે નવાબોની બેગમોની સાથે વાત કરવામાં જરાય સંકોચ પામતાં નહીં. ધનદોલત, રાજદરબારના વૈભવ તથા દમામથી બાને જરાયે ક્ષોભ થતો નહિ. તેમને એ ચીજો આંજી શકતી નહિ. કારણ કે તેઓ બરાબર જાણતાં હતાં કે, પોતાના પતિનો દરજ્જો રાજામહારાજાઓ કરતાં ક્યાંય ઊંચો છે. બેગમોને એમણે ખાદીનો સંદેશો એવી રીતે કહી સંભળાવ્યો કે સાંભળનારને કલ્પના પણ ના આવે કે તેઓ એક નિરક્ષર સ્ત્રી હશે.

બાને છેવટ સુધી નવા નવા વિષયો શીખવાની હોંશ હતી અને જેલમાં તેઓ ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ વગેરે શીખતાં હતાં.

શ્રી મહાદેવભાઈના દુઃખદ અવસાનથી બા ખૂબ ગમગીન રહેતાં હતાં, એટલે બાપુજી તેમને ગુજરાતી ને ગીતાજી શીખવતા હતા. બા તે અત્યંત રસપૂર્વક શીખવાનો પ્રયત્ન કરતાં અને શ્રદ્ધાથી શીખતાં હતાં.

ત્યાગમૂર્તિ બા

બાપુનો ખાદી ધારણ કરાવવાનો પ્રયાસ તો કોઈથી ક્યાં અજાણ્યો છે? બાને પણ ખાદી પહેરાવતાં તેમને થોડા દિવસ લાગ્યા હતા. તે વિષે બાપુજી કહેતા, "બાને બૂટમોજાં પહેરાવતાં મારે કાંઈ બાની ઓછી ખુશામત નથી કરવી પડી, તે પાછાં છોડાવતી વખતે પણ થોડીક ખુશામત તો કરવી જ પડેલી. 'પણ હવે જોઉં છું કે, બૂટમૂજાં પહેરાવતાં જેટલી ખુશામત કરવી પડેલી તે કરતાં ખાદીની સાડી પહેરાવતાં વધુ ખુશામત કરવી પડશી." બાએ ખાદી પહેરવા તો માંડી, પણ પછી તો બાને ખાદી પ્રત્યે એટલો બધો પ્રેમ થઈ ગયો કે પોટા માટે પણ ઝીણા કાપડની પટ્ટી સરખી ચલાવતાં નહિ અને કહેતાં, "મારે તો ખાદીનો પોટો જ ખપે. એ ખરબચડી હશે તોપણ મને નહિ ખૂંચે." અને એમની છેવટની ઇચ્છા પણ એ હતી કે, બાપુજીની કાંતેલી સાડી જ મરણ બાદ પણ દેહ પર લપેટવી.

સૌનાં બા

જેમ બાપુ આપણા સૌનાં છે તેમ બા પણ સૌનાં છે. બાપુની પેઠે બાએ પણ સૌને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે.

બાને કોમી ભેદભાવ ન હતો, પણ શરૂઆતમાં કુટુંબના જૂના સંસ્કારોને લીધે તેમને હરિજનોનાં બા બનતાં જરા વાર લાગી. જોકે એ સૂગ એમની બહુ જલદી નીકળી ગઈ અને પછી હરિજનોની સાથે ભેદભાવ રહ્યા નહિ. તે એટલે સુધી કે ડૉ. સુશીલાબહેન નાયર લખે છે કે, તે જ્યારે આશ્રમમાંથી રજાઓ પૂરી થઈ એટલે ઘેર ગયાં ત્યારે ત્યાંના બધાંએ પૂછવા માંડ્યું કે ત્યાં તો એક ઢેઢની છોકરી પણ રહે છે ને! ત્યારે જ તેમને ખબર પડી કે બા-બાપુની સાથે રહેતાં લક્ષ્મીબહેન એ એમનાં પોતાનાં પુત્રી નથી. બાએ લક્ષ્મીબહેન તથા તેમનાં બાળકોને સુધ્ધાં પ્રેમથી રાખ્યાં હતાં.

બાને હિંદુ કે મુસલમાન એવો કશો ભેદભાવ ન હતો. જેવો સરદાર વલ્લભભાઈ, જમનાલાલજી વગેરે પર પ્રેમ રાખતાં તેવો જ પ્રેમ મુસ્લિમ ભાઈઓ પ્રત્યે રાખતાં.

બાનું જીવન તો "वसुधैव कुटुंबकम्" થઈ ગયું હતું. બધાં જ તેમનાં આપ્તજનો. એમણે પોતાના સંસારની નૌકા ડુબાવી દીધી હતી ને આખા વિશ્વને પોતાનો સંસાર બનાવ્યો હતો. બાપુજીની સાથે સાથે બા પણ સૌનાં બા બન્યાં છે.

બાની ધર્મભાવના

બાને નાનપણથી જ વૈષ્ણવ ધર્મના સંસ્કાર પડેલા હતા. તેઓ નિયમિત રામાયણ ભાગવત સાંભળતાં. સવાર, સાંજ અચૂક પ્રાર્થના કરતાં. અને ગીતાજીના શ્લોકો પણ કંઠસ્થ કરવા પ્રયત્ન કરતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫ વર્ષની ઉંમરે પણ તેઓ આગાખાન મહેલમાં બાપુજી પાસે શ્રદ્ધાથી ગીતાજી શીખતા.

એકાદશી, પૂનમ, જન્માષ્ટમી, શિવરાત્રી, સોમવાર વગેરે દિવસોએ તેઓ ઉપવાસ કરતાં. બીમારીમાં પણ તેઓ આ દિવસો ભૂલતાં નહિ. ઉપરાંત રાષ્ટ્રીય તહેવારોએ પણ તેઓ ઉપવાસ કરતાં. જૂના સંસ્કારોને લીધે બ્રાહ્મણ પ્રત્યે એમના દિલમાં ખાસ શ્રદ્ધા ને આદર રહેતાં.

બાપુ પાસે ન હોય ત્યારે બાનો કાર્યક્રમ છાપાં વાંચવાં, ચર્ચા કરવી, બાપુની ચિંતા કરવી, ભાગવત વાંચવું અને ભાગવતની સાથે બાપુનાં કાર્યોને સરખાવવાં તે જ રહેતો. બાપુ દૂર છે ને તેમને કેમ હશે એમ ચિંતા કર્યા કરતાં. એક વખત તેમણે સાંભળ્યું કે બાપુએ ઉપવાસ આદર્યા છે ત્યારે તો તેઓ વારે વારે કહેતાં, "આ ભાગવત વાંચીએ છીએ, રામાયણ મહાભારત વાંચીએ છીએ, એમાં ક્યાંય આવા ઉપવાસની વાતો નથી. પણ બાપુની તો વાત જ જુદી! એ આવું જ કર્યા કરે છે. હવે શું થશે? ઘણી પુરાણની વાતો સાંભળી પણ આવું તપ ક્યાંય ન જોયું. જોકે કાંઈ વાંધો નથી. એમ તો મહાદેવ છે, વલ્લભભાઈ છે, સરોજિનીદેવી છે પણ આપણે હોઈએ તો ફેર પડે ને!" 'આપણે હોઈએ તો ફેર પડે ને!' એટલા વાક્યમાં બાની આખી ચિંતા વ્યક્ત થાય છે.

બાનો બાપુ પર પ્રભાવ

બાનો બાપુ પર પ્રભાવ નાનોસૂનો ન હતો. બાપુની પ્રયોગકાળની દશામાં બાપુની કેટલીક નબળાઈઓ, પતિ તરીકેનો એમનો વધુ પડતો દાવો, એમનો દ્વેષીલો સ્વભાવ ઇત્યાદિ તરફ બા લગારે ગભરાયા વિના છડેચોક બાપુનું ધ્યાન ખેંચતાં હતાં. એવા કેટલાયે પ્રસંગો પોતાની 'આત્મકથા'માં બાપુએ વર્ણવેલા છે. બીજા માણસોને તો કદાચ બાપુની નબળાઈઓ બતાવતાં સંકોચ પણ થાય. પણ બા તો બાપુનું સર્વસ્વ જ હતાં એટલે એમને શાનો ડર હોય? અને ખરેખર બાની આવી નીડરતાની બાપુના જીવન પર ઊંડી અસર પડી છે. અને ત્યાર પછી તો બાપુ પણ વિચારીને વર્તતા, જેથી બાનો ઠપકો સાંભળવો ન પડે. એવો એક રમૂજી પ્રસંગ લઈએ.

જ્યારે સાબરમતી આશ્રમ હિંદનું રાષ્ટ્રીય પાટનગર બની ગયેલું ત્યારની આ વાત છે. આશ્રમમાં અણુચિંતવ્યા મહેમાનો આવતા તો તેમને જુદે જુદે રસોડે મોકલી દેવામાં આવતા. પણ બાને ભાગ બીજાનાથી વધારે આવતા. આવા પ્રસંગોએ આગળથી જણાવ્યા સિવાય બહુ મહેમાનોનો ભાર તેમના માથા પર આવી પડતો, તો તેઓ એકાંતમાં બાપુજી સાથે ઝઘડી પડતાં. આવે વખતે બાપુજી મૌન ધારણ કરી લેતા ને કુશળતાથી કામ પાર ઉતારતા. અને આવા પ્રસંગે તેઓ બાથી ડરતા પણ ખરા.

એક દિવસ સઘળા જમી પરવાર્યાં પછી બા પોતાના ઓરડામાં જરા આરામ કરતાં હતાં. ખૂબ થાકેલાં પણ હતાં. બાપુજી આવ્યા ને રસોડાના બાના મદદનીશને કહ્યું કે, એક કલાકમાં કેટલાક નામાંકિત મહેમાનો આવવાના છે, માટે રસોઈ તૈયાર કરવાની છે. અને બાજુના ઓરડામાં બા સૂતાં હતાં એમને ખલેલ ના પહોંચે તેવી રીતે બાપુએ કહ્યું, "બાને તસ્દી આપ્યા વિના તમે છોકરાં જ ચૂલો સળગાવી, શાક સમારી, બીજી બધી તૈયારી કરી નાખો. પછી બાની જરૂર પડે ત્યારે જ એમને ઉઠાડજો અને જુઓ એને સતાવશો નહિ. બા મારા પર નહિ ચિડાય તો તમને ઇનામ મળશે." અને તેઓ એક નિર્દોષ કાવતરાખોર બાળકની માફક નાક પર આંગળી મૂકી દબાતે પગલે ત્યાંથી સરકી ગયા.

કામકાજ શરૂ થઈ ગયું. ચૂલો સળગ્યો, શાક સમારાયું અને લોટ પણ બાંધી તૈયાર થઈ ગયો. પણ દુર્ભાગ્યવશાત્ એક થાળી હાથમાંથી છટકીને ખણણણુ કરતી ભોંય પર પડી અને બા જાગી ઊઠ્યાં. તેમને થયું, કદાચ રસોડામાં બિલાડી પેસી ગઈ હશે એટલે તેઓ સફાળાં ઊઠીને સીધાં રસોડામાં ગયાં. ત્યાંની પ્રવૃત્તિ જોઈ ને દંગ થઈ ગયાં. અને બધું શું ધાંધલ છે એમ હસતાં હસતાં પૂછી લીધું. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્ય જાણે કહી ના દેતું હોય કે, હું તમારું કાવતરું સમજી ગઈ છું. બાએ પોતાના નિરાળા અંગ્રેજીમાં પેલા મદદનીશ ભાઈને કહ્યું, "You also tired much; why you can work more and I can do no extra work?"

રાત્રે બધા ગયા પછી બા એકાએક બાપુજી પાસે પહોંચ્યાં ને આંખમાં કૈંક તોફાની ચમકાર સાથે કહ્યું, "તમે મને મહેમાનોનું આગમન જણાવીને વેળાસર રસોઈ કરવાની વાત કેમ ન કરી? શું હું એવી આળસુના પીર જેવી છું?" બાપુજીએ પણ આંખોમાં રમતા એ જ તોફાન સાથે જવાબ આપ્યો, "તમે નથી જાણતાં કે એવા પ્રસંગે મને તમારી બીક લાગે છે?"

બા ખડખડાટ હસવા લાગ્યાં અને એ સ્વર્ગીય હાસ્ય જાણે એમ ના કહેતું હોય, "તમે! અને વળી મારાથી બીતા રહો?"

પરંતુ બાપુજી સાચું જ બોલ્યા હતા. જગતમાં બીજા કોઈનો ડર એમને ન હતો, પરંતુ બાનો ડર એમને હંમેશાં રહેતો.

એવો જ એક બીજો પ્રસંગ લઈએ. આફ્રિકામાં બા બીમાર હતાં ત્યારે બાપુજી એમની બધી જ સેવા કરતાં. વેણી સુધ્ધાં પોતે ગૂંથતા. બાના સોજા પર પણ બાપુ જ તેલથી માલિશ કરતા. એક દિવસ પિત્તળની રકાબીમાં તેલ કાઢેલું અને બીજે જ દિવસે બાપુજીએ કૉફી તૈયાર કરી તે જ રકાબીમાં કાઢવા જતા હતા, પણ એટલામાં કોઈ આવ્યું ને તેલની વાસ આવે છે કે કેમ એમ બાપુજીએ પૂછ્યું. કારણ કે તેમને વાસ બહુ જ ઓછી આવતી. વાસ આવે છે એવો જવાબ મળ્યો એટલે બાપુજી કહે, "જો હું આમાં કૉફી લઈ જાત તો મૂઓ જ પડચો'તો ને?" કેમ જાણે બાપુ બાથી આટલા બધા બીતા ન હોય!

બાનો બાપુ પ્રત્યે સેવાભાવ

બાને બાપુ માટે અગાધ ભક્તિ હતી. બાપુની અંગત જરૂરિયાતોની સંભાળ લેવાનું કામ બાને બીજા કોઈને સોંપવાનું ગમતું નહિ અને આશ્રમમાં બધાંને બાપુની સેવા કરવાની ઇચ્છા રહેતી, એટલે તેઓ તેમની પાસે કરાવતાં. પણ બધી જ દેખરેખ પોતે ઊભાં રહીને કરતાં. બાપુનું ખાવાનું તૈયાર કરવાનું અને બાપુને માલિશ કરવાનું તો એ પોતાના હાથમાં જ રાખતાં. થોડી ઘણી કોઈની મદદ લે, પણ દરેક કામ પર પોતાની ઝીણી નજર સતત રાખતાં. તેઓ કદી થાકતાં જ નહિ. સભાઓ અને મુલાકાતોમાં બાપુને રાતે ગમે તેટલું મોડું થાય તોપણ બા તેમને તેલ ઘસવા ને થાકયુંપાકયું શરીર દબાવવા રાહ જોતાં જાગતાં જ બેસી રહેતાં. સવારથી જ તેઓ બાપુની સેવામાં લાગી જતાં. તેઓ વધારેપડતી વાતો કરી કદી બાપુનો સમય બગાડતાં નહિ. અને તેઓ બધા કરતાં બાપુને ઓછામાં ઓછી તકલીફ આપતાં ને વધારેમાં વધારે સેવા કરતાં.

બાપુ પોતાનું બધું કામ નિયમિત કરતા તે બા જાણતાં. એટલે છેલ્લે જેલમાં પણ તે પ્રમાણે બરાબર થાય છે કે નહિ તેનું ધ્યાન બરાબર રાખતાં ને કોઈ વખત ૧૧ા ને બદલે ૧૧ાા જમવાને માટે થતા તો બા માંદાં માંદાં પણ નજર રાખે ને બૂમાબૂમ કરી મૂકે, એટલે બાપુ કહેતા, "અહીં કયાં વખત સાચવવાનો છે? જરા મોડું થાય તો શું થઈ ગયું?" પણ બા જવાબ આપતાં, "પણ હું જાણું છું ને કે તમે અહીં પણ તમારો વખત બરાબર સાચવો છો. એટલે પછી થોડું પણ મોડું શું કામ થવું જોઈએ?"

બાપુની માંદગી વખતે સહુ ગભરાઈ જાય ત્યારે તેઓ જ ફક્ત શાન્ત રહી આદર્શ નર્સ બનીને બાપુની સેવામાં લાગી જતાં. અને પોતાનો આરામ બારામ બધું ભૂલી જતાં.

આગાખાન મહેલમાં મચ્છર ને માખી ખૂબ હતાં. તેથી બાપુજી ઊંઘી શકતા નહિ. બાએ માખી ઉડાડવાનું કામ હાથમાં લઈ લીધું ને લગભગ દોઢ કલાક સુધી સતત પંખો ચલાવતાં, જેથી માખી કે મચ્છર બાપુની ઊંઘમાં ખલેલ પાડી ના શકે. જ્યારે બીજા જે એ કામ કરતા તે તો ફક્ત માખી બેસે ત્યારે જ પંખો હલાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

112698

બાની પતિભક્તિ અનન્ય, અજોડ હતી. બાપુની આજ્ઞામાં જ એમનું સર્વસ્વ સમાઈ જતું. જોકે અનેક પ્રસંગોએ તેમણે વિરોધ પણ ઉઠાવેલો. આવો એક પ્રસંગ, જેને બાપુજી 'પુણ્યસ્મરણ' તરીકે ઓળખાવે છે, તેમાં બાની અનન્ય પતિભક્તિ તેમ જ એમનામાં રહેલી નિખાલસ વિરોધશક્તિનાં દર્શન થાય છે.

બાનો રક્તસ્રાવનો રોગ ઘણા ઉપચારો છતાં કાબૂમાં ના આવ્યો ત્યારે બાપુજીએ કઠોળ ને મીઠું છોડવા બાને વિનંતી કરી. બહુ મનાવ્યાં છતાં માન્યાં નહિ ને છેવટે કહ્યું, "કઠોળ ને મીઠું છોડવાનું તો તમને કોઈ કહે તો તમે પણ ન છોડો." બાપુજી દુઃખ ને હર્ષ બન્ને અનુભવતાં બોલ્યા. "મેં તો એક વર્ષને સારુ કઠોળ અને મીઠું બન્ને છોડ્યાં. તું છોડે કે ન છોડે એ નોખી વાત છે."

બાને ભારે પશ્ચાત્તાપ થયો ને બોલી ઊઠ્યાં, "મને માફ કરો. તમારો સ્વભાવ જાણવા છતાં, કહેતાં કહેવાઈ ગયું. હવે હું કઠોળ ને મીઠું નહિ ખાઉં, પણ તમે તમારું વેણ પાછું ખેંચી લો. આ તો મને બહુ સજા કહેવાય."

બાપુજી પોતાની આત્મકથામાં આ પ્રસંગને અંતે લખે છે કે, "અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હંમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્‌ભુત સહનશક્તિથી જીત મેળવી છે."

બાની અંતિમ ઘડી

બાપુની સાથે બા સાડા સાત વર્ષની નાની વયથી રહ્યાં. બાપુ અને બાએ જીવનની તડકી છાંયડી એકબીજાનાં સાથી તરીકે નિહાળી હતી. બા અને બાપુજી જાણે હંમેશાં આપણી વચ્ચે રહેશે એવું સૌને લાગ્યા કરતું. બા તો બાપુનાં પણ બા જ હતાં. આપણાં બા જેમ આપણી સંભાળ લે છે તેમ બા પણ બાપુની સંભાળ લેતાં હતાં. બાપુને શું ગમશે અને શું નહિ, બાપુજીને શાની જરૂર છે, બાપુજીની શી ઇચ્છા છે, બાપુજી કેવી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ રહ્યા છે, બાપુજી કેવી ઊંડી વ્યથા અનુભવી રહ્યા છે, એ સૌતો બાને જાણ હતી. તેથી બાપુના ઉપવાસ વખતે કે બાપુની માંદગી વખતે બા જો બાપુ પાસે હોય તો બધાં નિશ્ચિંત બનતાં. બાપુને બાની કેટલી જરૂર છે એની ખરી જાણ તો સૌને ત્યારે જ થઈ જ્યારે બા સૌને મૂકીને ચાલ્યાં ગયાં. એ વખતે સૌને લાગ્યું કે બા તો નથી, હવે બાપુની સંભાળ કોણ લેશે? શી રીતે બાપુના હૃદયની વાત આપણે સમજી શકીશું? ખરેખર, બા વિનાનું બાપુનું જીવન કલ્પી શકાય એમ નથી. પણ સૌની ઇચ્છા પ્રમાણે કંઈ બધું થાય છે? કાળચક્રના ઘસારા સૌને સહન કરવા પડે જ છે. એમાં બા શી રીતે અપવાદ તરીકે રહી શકે? બા પણ બાપુને અને આપણને સૌને મૂકીને પ્રભુ પાસે ચાલ્યાં ગયાં!

બાપુના છેલ્લા ઉપવાસ વખતે બા બધાંને કહેતાં, "તમે ચિંતા ન કરો, હું બાપુની પહેલાં જ જવાની છું. બાપુ જરૂર ઊઠશે. પણ હું અહીંથી જીવતી બહાર નીકળવાની નથી. આ તો મહાદેવનું મંદિર છે. મહાદેવ ગયો તે જ રસ્તે હું પણ જઈશ."

બા કહેતાં, "હું ક્યાં હવે વધારે જીવવાની છું? બાપુના ખોળામાં હું મરું એટલું જ હવે મારે જોઈએ છે."

એ જ રીતે બા કોના ખોળામાં જશે તે વિશે બાના મૃત્યુ પહેલાં ત્રણ ચાર દિવસ ઉપર જ વાત નીકળતાં બાપુએ કહેલું, "જે ભાગ્યશાળીની સેવા એકનિષ્ઠ હશે તેના જ ખોળામાં બા જશે. એ તો ભગવાન જ જાણે છે." અને એ ભાગ્ય બાપુ સિવાય બીજા કોનું હોઈ શકે?

બાપુજી બધો વખત બાની ચિતા પાસે જ રહ્યા હતા. ત્યાંથી આરામ લેવા જવાનું કોઈએ કહ્યું ત્યારે ચોખ્ખી ના પાડી. "બાસઠ વર્ષના સાથીને આ ઘડીએ આવી રીતે હું છોડી શકું ખરો? બા પણ એ માટે મને માફ ન કરે." હૃદયમાં તો તીવ્ર વેદના થતી હતી છતાં હસીને બોલતા હતા.

રાતના સુશીલાબહેનને તેઓ કહેવા લાગ્યા, "બા વિહોણા જીવનની હું કલ્પના જ નથી કરી શકતો. હું ઇચ્છતો હતો ખરો કે, બા મારા હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ચાલી જાય જેથી મને ચિંતા ન રહે કે મારી પછી એનું શું થશે. પરંતુ એ મારા જીવનનું અવિભાજ્ય અંગ હતી. એના જવાથી મારા જીવનમાં જે ખાલીપણું પેદા થયું છે તે કદી ભરાઈ શકવાનું નથી. ઈશ્વરે મારી કેવી કસોટી કરી! અને બા મારા જ ખોળામાં ગઈ, તેથી તો મારા હર્ષનો પાર નથી."

પૂ. બાના મૃત્યુ પછી તેમનાં પુત્રવધૂ શ્રીમતી સુશીલાબહેન ગાંધી આફ્રિકાથી પૂ. બાપુને મળવા આવેલાં. બાપુ સાથે વાતો કરતાં એક વાર પૂછ્યું, "બાપુ, આપ એકલવાયા લાગો છો." બાપુએ જવાબ આપ્યો, "મારા જીવનમાં બા તાણાવાણા પેઠે ભળી ગઈ હતી. તે જતાં હું ખાલી થઈ ગયો છું." બીજા એક પ્રસંગે બા વિષે વાતો નીકળતાં બાપુ કહે, "મેં માન્યો હતો તેના કરતાં બાનો વિયોગ વધારે વસમો લાગે છે."

આમ બા, બાપુનાં સહધર્મચારિણી બા, બાપુના ખોળામાં માથું મૂકી હંમેશને માટે ચાલ્યાં ગયાં. બા કેટલાં ભાગ્યશાળી હતાં! બાપુની જ આંખ સામે સૌભાગ્યને અખંડ જાળવી રાખી, બાપુએ જ કાંતેલી સાડી ઓઢીને બાપુજીના દેખતાં જ એમનો ક્ષર દેહ પંચમહાભૂતમાં ભળી ગયો. આ આખા પ્રસંગનું સ્મરણ થતાં આંખો ભીની થઈ જાય છે. બાની ઉગ્ર તપસ્યાના ફળરૂપે એમના અંતરની અભિલાષા છેવટે સાર્થક થઈ.

આજે બાનું સ્મરણ કરતાં બાપુનું પણ સહેજે સ્મરણ થાય છે અને એમનાં આપણે કાલાંઘેલાં બાળકો જ છીએ, તેથી બા અને બાપુજી આપણને સ્વર્ગમાંથી હંમેશાં પ્રેરણા આપતાં રહે અને માર્ગ-દર્શક વિનાનાં, અંધારામાં અથડાતાં, વિમાર્ગે વળતાં, આપણને સુપથે દોરે એવી અંતરની અભિલાષા પૂર્ણ થાય તો ઘણું.

પુષ્પાબહેન પટેલ

અંગ્રેજી વિષે લોકમત

ગુજરાતની સ્કૂલ બોર્ડોને મુંબઈ સરકારનો અંગ્રેજી પાછું દાખલ કરવા અંગેનો ઠરાવ ન ગમ્યો, અને તેનો વિરોધ તેમણે નીચેના ઠરાવ મારફત વ્યક્ત કર્યો છે, જે માટે તેમને અભિનંદન ઘટે છે.

"માધ્યમિક શાળામાંથી અંગ્રેજી દૂર કરવાની નીતિને અંગે તા. ૨૨-૧૨-'૪૯ નો સરકારી ઠરાવ નં. ૭૯૦૦ બહાર પડ્યો છે, તેમાં પ્રાથમિક શાળાના સાતમા વર્ષમાં જો પંદર બાળકો અંગ્રેજી વર્ગ માગે તો સ્કૂલ બોર્ડે વર્ગ કાઢવો જોઈશે, એવી ફરજ પાડી છે. પરિણામે આ ઠરાવથી પ્રાથમિક શિક્ષણમાં જ્યાં કદી અંગ્રેજી નહોતું ત્યાં ફરજિયાત દાખલ કરવાનું થઈ રહે છે.

"ઉપરાંત ઠરાવનો અમલ કરવામાં સ્કૂલ બોર્ડોને અનેક મુશ્કેલીઓ છે, તેથી આ વર્ગો શરૂ કરી શકાશે કે કેમ એ જ સવાલ છે.

"વળી, આથી કરીને, ફરજિયાત પ્રાથમિક પાયાની કેળવણીનો જે સાત વર્ષનો પ્રયોગ શરૂ થયો છે, તે પણ ગૂંચાઈ જાય છે.

"આ આખા પ્રશ્ન બાબતમાં સરકારે નીમેલી ખીસે સમિતિએ પણ આવી પીછેહઠ સામે ચેતવણી આપીને, સરકારે પ્રાથમિક સાત વર્ષના ભણતરમાંથી અંગ્રેજી ભાષાના વિષયને નાબૂદ કરવાની ૧૯૪૮માં લીધેલી સાચી અને સંગીન નીતિને જ મક્કમતાથી વળગી રહીને આગળ ચલાવવાની ભલામણ કરી છે; જે બરાબર છે અને સરકારે તેને માનવી જોઈએ.

"આથી ઠરાવ કરવામાં આવે છે કે,

(૧) સરકારે પોતે ૧૯૪૮માં નક્કી કરેલી નીતિને જ વળગી રહેવું જોઈએ અને અંગ્રેજી દાખલ કરવાનું પીછેહઠનું પગલું માંડી વાળવું જોઈએ.

(૨) હાઈસ્કૂલોમાં અંગ્રેજી ભાષાનો વધારે અભ્યાસ કરાવવાની જરૂર હોય તો, આઠમા ધોરણથી માધ્યમિક શિક્ષણ શરૂ થાય ત્યાં જોગવાઈ કરવામાં આવે. જેમ કે 'કોચિંગ' વર્ગો વગેરે ત્યાં કાઢી શકે. સાતમા ધોરણમાં વિકલ્પે કે કોઈ રીતે કાંઈ દાખલ કરવું નહીં.

(૩) સાતમા ધોરણમાં અંગ્રેજી વર્ગો કાઢવાનું સ્કૂલ બોર્ડોને માથે નાખવામાં ન આવવું જોઈએ."

માધ્યમિક શાળાઓ મોટે ભાગે ખાનગી ધંધાદારી સંસ્થાઓ છે. રાષ્ટ્રના શિક્ષણની દૃષ્ટિએ તે ઓછો જ વિચાર કરે છે. તેવો વિચાર કરવા માટે, માધ્યમિક શિક્ષણનું કોઈ ખાસ તંત્ર નથી. સરકાર તે શિક્ષણ-શાખાને માટે એક બોર્ડ નીમે છે; પરંતુ તે વહીવટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારથી આગળ ભાગ્યે જ જતું લાગે છે. અને તે બોર્ડ મોટે ભાગે આ અંગ્રેજી ફરી દાખલ કરાવવામાં કારણ છે, એમ વાતો સંભળાય છે. એ ગમે તે હોય, આ બોર્ડ કે માધ્યમિક શાળાઓના કોઈ સંગઠને સરકારના અંગ્રેજી પાછું દાખલ કરવાના આ પગલા સામે અવાજ ઉઠાવ્યો દેખાતો નથી. એ તેને માટે સૂચક છે.

સરકારના આ પગલાનું ખરાબ લક્ષણ એ છે કે, તે પ્રાથમિક શિક્ષણમાં પહેલી જ વાર અંગ્રેજીને વિષય તરીકે ઘુસાડવા માગે છે. તે સ્કૂલ બોર્ડો પર ફરજ લાદે છે કે, ૭મા ધોરણના ૧૫ વિદ્યાર્થી અંગ્રેજી ભણવા માગે તો તમારે તેની જોગવાઈ કરવી જોઈશે. અંગ્રેજી કાંઈ પ્રાથમિક શિક્ષણનો વિષય નથી; અને સ્કૂલ બોર્ડો પ્રાથમિક શિક્ષણની જ જોગવાઈ કરવા બંધાઈ છે. છતાં સરકાર શું કામ એમના પર આ ફરજ નાખવા માગે છે? સ્કૂલ બોર્ડોનો વિરોધ આ રીતે યથાયોગ્ય છે.

વળી છોકરાંના ભણતરનાં શરૂનાં ૭ વર્ષ સુધી અંગ્રેજી દાખલ કરવું જ ન જોઈએ, એ નીતિ સરકારે પણ પ્રમાણેલી છે. અને તે अखिल भारतीय નીતિ તરીકે પણ ચર્ચાઈ ચૂકી છે, અને તેને બહાલી આપવામાં આવી છે. મતલબ કે, એ કોઈ રીતે ચર્ચાનો વિષય રહ્યો નથી. તે અંગે એક વાત ટાંકવા જેવી છે. ઈ. સ. ૧૯૪૬ના જુલાઈમાં પૂનામાં મળેલી હિંદના બધા પ્રાંતોના શિક્ષણ-પ્રધાનોની પરિષદે ઠરાવ કર્યો હતો કે,

"આ પરિષદનો એવો અભિપ્રાય છે કે, ઓછામાં ઓછાં સાત વર્ષનો પૂરો અભ્યાસક્રમ બાળક પૂરો ન કરે ત્યાં સુધી તેના શિક્ષણના વિષયોમાં અંગ્રેજીને સ્થાન ન મળવું જોઈએ, ભલે શાળા બેઝિક હોય કે ના-બેઝિક હોય; સિવાય કે અંગ્રેજી બાળકની માતૃભાષા હોય."

આ પરિષદમાં શિક્ષણ ખાતાના વડા અમલદારો તથા મુંબઈ પ્રાંતના કેટલાક કેળવણીકારો પણ હાજર હતા. અને શ્રી ખેરને તેના પ્રમુખ ચૂંટવામાં આવ્યા હતા. એટલે, આ ઠરાવનું મહત્ત્વ ઓછું નથી.

અને આ નીતિ માત્ર બેઝિક શાળાઓ માટે જ નહિ, બધી શાળાઓ સારુ યોગ્ય કહી છે, એ પણ નોંધવા જેવું છે.

અંગ્રેજીને શિક્ષણમાં કયાં સ્થાન છે, તેની આ ચર્ચા વર્ધા યોજનાના પ્રારંભથી જાગી છે. ત્યારથી કોઈ ને કોઈ બહાને મોટાં શહેરો અને અંગ્રેજી ભણેલા તે સામે પ્રયત્નો કરતા જ આવ્યા છે. ૧૯૩૯માં તો કેટલાક એમેય કહેતા કે, શાળાનાં ૭ વર્ષમાં અંગ્રેજી ન હોય એમ ગાંધીજી કહે છે, તે શહેરો માટે નહિ, ગામડાં અંગે છે! અને એ ખોટું છે એ વાતને ગાંધીજીએ જ જવાબ આપેલો, જે વાચક આ અંકના પૂઠા ઉપર જોઈ શકશે. એ જ સવાલ દસે વરસે પાછો મુંબઈ જેવાં શહેરોએ લાગ જોઈને ઉઠાવ્યો છે અને રાષ્ટ્રની કેળવણીના રસ્તે ચડેલા ગાડાને પાછું ઘાંચમાં નાખ્યું છે. શહેરોએ અને ખાસ કરીને તેની માધ્યમિક શાળાઓએ આમ કરીને શિક્ષણની અને રાષ્ટ્રની પ્રગતિની અજાણ્યે પણ ભારે કુસેવા કરી છે, એમ દુ:ખની સાથે કહેવું પડે છે. બાકી લોકમત તો એ વરસમાં ઠીક ઠીક સાફ થતો જતો હતો અને માધ્યમિક અભ્યાસક્રમ સુધારવાનું મોટું કામ શરૂ પણ થવા લાગ્યું હતું. તેમાં એક ચાંદું રહી ગયું હતું, અને તેમાંથી પાછું બધું વકર્યું હોય એમ જણાય છે.

૧૯૪૮માં સરકારે જાહેર કર્યું કે, ધો. ૫, ૬, ૭માંથી અંગ્રેજી કાઢવા માંડવું. પરંતુ મુંબઈ શહેરમાં અને અંગ્રેજી કહેવાતી શાળાઓમાં ગયાં બે વરસમાં સરકારે પોતાની નીતિની અમલ-બજાવણીને અંગે શિથિલતા બતાવી. શરૂથી અંગ્રેજી માધ્યમથી કામ કરતી શાળાઓને પણ સુધારવા કાંઈ ન કર્યું. અને આ શાળાઓમાં બધાં બાળકો કાંઈ અંગ્રેજી માતૃભાષાવાળાં નહોતાં. છતાં શરૂથી અંગ્રેજી માધ્યમવાળી શાળાઓ પણ જેમની તેમ ચાલતી રહી. આમાંથી પીછેહઠનાં બળોએ જોર પકડયું અને સરકારને તેમની આગળ નમતું જોખવું પડયું. આ પ્રક્રિયાને લોકમત તો ન જ કહેવાય. ગામડાંની માધ્યમિક શાળાના એક ભાઈ લખે છે, એ સાચા લોકમતનું નિદર્શક માનવું જોઈએ. તે ભાઈ કહે છે —

"જે ભાષા પહેલા બીજા ધોરણમાંથી (એટલે હવે ૫, ૬ ધો. માંથી) નાબૂદ કરી છે, એને ફરી લાવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારણા આશ્ચર્ય ઉપજાવે છે. આજે ત્રીજા (એટલે કે હવે ૭ મા) ધોરણમાંથી પણ નાબૂદ કરવાની હતી, જેને બદલે 'મરજિયાત' શબ્દથી એ 'ફરજિયાત' જ બની જાય છે.

"શરૂઆતમાં બે ધોરણમાંથી આ ભાષા નીકળી ગઈ ત્યારે લોકો બૂમ મારવા લાગ્યા. હજી લોકો આઝાદ થયા નહોતા. ગુલામી માનસમાં જકડાયેલા લોકોને મન અંગ્રેજી એટલે જ બધું, એમ જ હતું. અને 'અંગ્રેજી જતાં એમનું શું થશે' એ વિચારથી ભયભીત અને વ્યાકુળ બની ગયા, સરકારને દોષ દેવા લાગ્યા. ગુલામીએ આપણા માનસપટ પર કેટલી અસર કરી હતી તેનો આ અદ્‌ભુત દાખલો હતો.

"સમય જતાં લોકો બોલતા બંધ થયા. અંગ્રેજીનું સ્થાન માતૃભાષાએ, હિન્દી અને ઉદ્યોગોએ લીધું. હિંદી રાષ્ટ્રભાષા થવાની છે એ વિચારે લોકો નાચી ઊઠ્યા. અને હવે સંતોષ વ્યક્ત કરવા લાગ્યા, 'રાષ્ટ્રભાષા હોવી જ જોઈએ. હવે અંગ્રેજીની શી જરૂર છે? નાહક નાનાં બાળકોનાં મગજ ખરાબ કરી મૂકયાં.' આવા સૂરો ઊઠવા લાગ્યા, અને સરકારને આશિષ આપવા લાગ્યા.

"આપણી શાળાઓએ જો ઉદ્યોગોને હૃદયપૂર્વક અપનાવી લીધા હોત, તો લોકોએ એનાં પરિણામ જોયાં હોત. અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, લોકોએ પણ અંગ્રેજીને નીચલા ધોરણમાં દાખલ કરવા માટે ભયંકર વિરોધ ઉઠાવ્યો હોત.

"હું એક સામાન્ય શિક્ષક છું. મેં જોયું છે કે, શરૂઆતનાં નીચલાં ધોરણોમાં બાળકોને માતૃભાષાનો પણ પૂરો ખ્યાલ નથી હોતો, ત્યાં આ અંગ્રેજીનો બોજો એના માટે ખૂબ ભયંકર નીવડે છે. બિચારાનો બધો સમય વિદેશી ભાષાને અર્પણ થઈ જાય છે, અને શરીરસ્વાસ્થ્ય અને મન નાનપણમાં જ ગુમાવી બેસે છે. અને એવા મૅટ્રિક થયેલા ભાઈઓની દશા આપણે જોઈ શકયા છીએ.

"અંગ્રેજીને દૂર કરતી વેળા જે દલીલો કરવામાં આવતી, તે જ દલીલો આજે પણ ઊભી છે. આજે કાંઈ અંગ્રેજી સહેલું થઈ ગયું નથી. છતાં આમ કેમ થાય છે, એ સમજી શકાતું નથી."

અને એ જ ભાઈ પોતાની શાળામાં ઉદ્યોગ અંગે શું થઈ શકયું, તેની પણ ખબર ટૂંકામાં આપે છે. તે પણ સાથે સાથે જોવા જેવી છે.

"અમારી શાળામાં પૂરી બેસવાની સગવડ નહિ હોવા છતાં, એ મુશ્કેલીમાં પણ બાળકો ઉદ્યોગમાં સામાન્ય પ્રગતિ કરી શકયાં છે, અને એ ઉદ્યોગમાં ઠીક ઠીક રસ ધરાવે છે. આંકડા નીચે મુજબ છે:—

"વિદ્યાર્થીની કલાકની સરેરાશ તારની ઝડપ ૨૦૦ તાર છે. લગભગ ૧૦ નંબરથી માંડીને ૩૦ નંબર સુધીનું કંતાય છે. ૭૦ વિદ્યાર્થીઓમાંથી ૨૦ વિદ્યાર્થીઓ સ્વાવલંબી થવા સંભવ છે. એમણે પોતાનાં કપડાં થાય એટલું લગભગ કાંત્યું છે. શરૂઆતમાં બધા જ વિદ્યાર્થીઓ શાળાનું કાંતતા હતા. (બગડવાના ભયને લીધે તેમ જ તેમનાં માબાપો પણ એ ખર્ચ કરવા તૈયાર નહોતાં.) આજે થોડો સમય જતાં જ ફક્ત આઠ વિદ્યાર્થીઓ જ શાળાનું કાંતે છે. બાકી બધા જ ઘરનું કાંતે છે.

"આ રીતે સ્વાવલંબનની ભાવના એમનામાં જાગ્રત થઈ છે, એટલું જ નહિ પરંતુ એમના વાલીઓમાં પણ થોડો થોડો વિશ્વાસ જામતો જાય છે. એ ખુશીની વાત છે.

"ગાંધીજયંતી અંગે એક માસ અગાઉ કાંતણ શરૂ કર્યું હતું. તેમાં ૭૦ વિદ્યાર્થીઓએ મળી લગભગ ૧ થી ૧ા મણ સૂતર કાંત્યું હતું. એક માસમાં ૬૮૦ આંટીઓ કાંતી હતી. આ તો ફક્ત બીજા ધોરણની જ વાત થઈ.

"આ રીતે લાગે છે કે, બાળકમાં ધીમે ધીમે સ્વાવલંબનની ભાવના દરેક વસ્તુ માટે કેળવાય અને શ્રમ પ્રત્યે એમને માન પણ ઊપજે. વળી સ્વદેશીની તીવ્ર ભાવના આમાંથી જ જાગ્રત થાય.

"આ પ્રયત્નોમાં અનુભવે ધીમે ધીમે અમો પણ વધુ સફળ થવાની આશા સેવીએ છીએ."

આ ભાઈ હિંદી રાષ્ટ્રભાષાના અભ્યાસ વિષે અલગ નથી લખતા. પરંતુ તેમાં પણ નોંધપાત્ર સારી અસર હશે, એવી ખાતરી છે. આ પરથી સવાલ એ ઊઠે છે કે, દેશની કેળવણીના સાચા વિકાસને માટે આ વસ્તુ શુભ દિશા બતાવે છે કે જૂની અંગ્રેજીવાળી ધરેડ? સવાલનો જવાબ ઉઘાડો છે, અને ૧૫ વર્ષ સુધી હિંદની રાજભાષા અંગ્રેજી રહે તેમ છતાં એ જવાબમાં ફેરફાર થઈ શકતો નથી, કારણ કે કેળવણી ભૂતની પેઠે પાછલે પગે ચાલતી નથી; એ તો ભવિષ્ય ભણી જોઈને વર્તતી ઊર્ધ્વગામી માતૃશક્તિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો શું કરવું? આજે તો ૭મા ધોરણમાં જે થવાનું હતું તે થઈ ગયું છે. હાઈસ્કૂલોમાં અંગ્રેજી ચાલુ છે. પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ બોર્ડો તે શરૂ કરવા માગતી નથી; એ મુબારક વાત છે. સરકાર તેમના પર દબાણ કરી ખોટી ન દેખાય, એવી આશા રાખીએ.

આમ એક વર્ષ પૂરું થાય પછી આવતે વરસે આ બંધ કરીને ૭મા ધોરણમાં અંગ્રેજી જે બંધ કરવા નિરધારેલું, તે પાછું અમલમાં આણવામાં આવે. એક વરસ મોડું થયું, છતાં પાછો તેનો અમલ થાય એ જ આનંદની વાત ગણાય.

૧–૪–'૫૦

તા૦ ક૦ ઉપરનું લખ્યા બાદ હમણાં છાપાંમાંથી જાણવા મળે છે કે, જે સ્કૂલ બોર્ડ અંગ્રેજી ન શીખવવા માગે તેના પર દબાણ કરવામાં નહિ આવે, એમ સરકારે જાહેરાત કરી છે. આને માટે તેને ધન્યવાદ. પણ ખરું તો ત્યારે જ કે જ્યારે ૭મા ધોરણમાંથી જ અંગ્રેજી બંધ કરે અને ૮મામાં શરૂ કરે, કે જે સ્કૂલ બોર્ડો માગે છે. ગામડાં અને શહેરમાં સમાનભાવ રાખવાની નીતિ એ રીતે જ શક્ય છે. અને હવે અંગ્રેજી-માધ્યમવાળી ને બધી જ શાળાઓમાં આ નીતિનો અમલ થવો જોઈએ.

૨૫–૪–'૫૦ **મગનભાઈ દેસાઈ**

ભારત સરકારની રાજ્યનીતિ માટેના આદેશો

[આપણા રાજ્યબંધારણમાં ચોથો ખંડ જાણવા જેવો છે. નાગરિકના મૂળભૂત હકોના ત્રીજા ખંડ પછી, મહત્ત્વમાં પણ, એનો નંબર આવે છે. આ ખંડમાં રાજ્યનીતિના આદેશો આપ્યા છે: ભારતની દરેક સરકાર તથા બધી જાતની સત્તાઓ તે આદેશોને માન આપીને ચાલે એમ તેમાં આજ્ઞા કરવામાં આવી છે. સ્વતંત્ર ભારતને માટે રાજ્યનીતિના કેટલાક આદર્શ સિદ્ધાંતો એમાં ગણાવ્યા છે. બંધારણની કલમ ૩૬થી ૫૧માં આ ખંડ પૂરો થાય છે. તે જોઈએ.]

૩૬. અન્વયથી બીજો અર્થ કરવો ન પડે તો બધે આ ખંડમાં 'રાજ્ય'નો અર્થ ખંડ ત્રીજા પ્રમાણે જ થાય છે.

૩૭. આ ખંડની અંદર આવતી જોગવાઈઓનો અમલ અદાલતો મારફત નહિ કરાવી શકાય; પરંતુ એમાં મૂકેલા સિદ્ધાંતો દેશના રાજ્યવહીવટમાં પાયાના તો છે જ, અને કાયદા ઘડવામાં એ સિદ્ધાંતો લાગુ કરવાની રાજ્યની ફરજ થશે.

૩૮. રાષ્ટ્રજીવનનાં બધાં અંગોમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની પ્રેરણા ઓતપ્રોત હોય એવી સમાજવ્યવસ્થા બની શકે તેટલી રચવા દ્વારા તથા તેનું સંરક્ષણ કરવા દ્વારા લોકકલ્યાણ વધારવા માટે રાજ્ય પ્રયત્નશીલ રહેશે.

૩૯. નીચેની બાબતો સાધવાને માટે રાજ્ય ખાસ કરીને પોતાની નીતિ યોજશે —

(ક) સમાનતાપૂર્વક સ્ત્રીપુરુષ બધા નાગરિકોને પોતાના નિર્વાહનું પૂરતું સાધન કરવાનો હક હશે.

(ખ) સમાજની સંપત્તિની માલકી અને તે ઉપર કાબૂ એવી રીતે વહેંચાયેલાં હશે કે જેથી સર્વોદય વધુમાં વધુ સધાય.

(ગ) અર્થતંત્ર એવું ન ચાલે કે જેને પરિણામે સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનો એવાં કેન્દ્રિત થઈ જાય કે જેથી સર્વના કલ્યાણને હાનિ પહોંચે.

(ઘ) સ્ત્રી-પુરુષ બંનેનાં સરખાં કામ માટે સરખો પગાર મળે.

(ઙ) સ્ત્રી-પુરુષ કામદારોની શક્તિ તથા તબિયત અને નાનાં બાળકોનો ગેરલાભ નહિ લેવાય; અને આર્થિક લાચારીના માર્યા નાગરિકોને એવા ધંધામાં નહિ પડવું પડે કે જે એમની ઉંમર તથા શક્તિને સારુ માફક ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(च) નાનાં છોકરાં તથા યુવાનોનું શોષણ થાય તથા તેઓ પોતાના નૈતિક અને પાર્થિવ વિકાસમાં રખડી જાય, એ સામે સંરક્ષણ મળે.

૪૦. ગ્રામપંચાયતો રચવા માટે રાજ્ય પગલાં ભરશે, અને તેઓ સ્વરાજ્યનાં એકમો તરીકે કામ કરી શકે તેને માટે જરૂરી સત્તાઓ અને હકૂમત તેને આપશે.

૪૧. પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં છતાં, રાજ્ય દરેકનો રોજી કે કામ મેળવવાનો હક, શિક્ષણ, અને બેકારી, ઘડપણ, માંદગી અને અપંગતા તથા તેવા બીજા લાચારીના પ્રસંગોમાં જાહેર મદદ — આને માટે સક્રિય જોગવાઈ કરશે.

૪૨. કામ કરવાની ન્યાયી અને માનવતા ભરેલી સવડો મળે તે માટે તથા પ્રસૂતિને માટે રાજ્ય જોગવાઈ કરશે.

૪૩. ખેતીમાં, ઉદ્યોગધંધામાં કે બીજે કામ કરતા બધા કામદારોને કામ મળે, તેનું પૂરતું વળતર મળે, સારું જીવનધોરણ અને નવરાશ તથા સામાજિક ને સાંસ્કૃતિક વિકાસની તકોનો પૂરો લાભ લઈ શકે તેવી રીતે કામ કરવાની સવડ મળે તેને સારુ, ઘટતા કાયદા કરીને કે આર્થિક તંત્ર રચીને કે બીજી કોઈ રીતે, રાજ્ય પ્રયત્ન કરશે. અને ખાસ કરીને, ગ્રામવિસ્તારોમાં છૂટા છૂટા કે સહકારી પાયા ઉપર ગૃહઉદ્યોગો ખીલે તેમ કરવા પ્રયત્ન કરશે.

૪૪. ભારતના આખા રાજ્યવિસ્તારમાં નાગરિકોને મુલકી કાયદો એકસરખો મળે એમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે.

૪૫. આ બંધારણની શરૂઆતથી ૧૦ વરસની અંદર, બધાં બાળકોને, તેઓ ૧૪ વર્ષ પૂરાં કરે તે દરમિયાન, મફત અને ફરજિયાત શિક્ષણ મળે તેની જોગવાઈ કરવા પ્રયત્ન કરશે.

૪૬. પ્રજાના નબળા વર્ગો, – ખાસ કરીને 'શિડ્યૂલ' નાતજાતો અને 'શિડ્યૂલ' જાતિઓ, – નાં હિતની રક્ષા રાજ્ય ખાસ કાળજી લઈને રાખશે; તે તેમને સામાજિક અન્યાય તથા બધી જાતના શોષણમાંથી બચાવશે.

૪૭. લોકોના આહારનું તથા જીવનનું ધોરણ ઊંચું લાવવું અને જનસુખાકારી સુધારવી, એને રાજ્ય પોતાની એક પ્રાથમિક ફરજ ગણશે; તેમાં ખાસ કરીને, તબિયતને નુકસાન કરે એવાં માદક પીણાં અને પદાર્થોના વાપરની — દવા સિવાય — બંધી કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે.

૪૮. ખેતી અને ઢોર-ઉછેર અર્વાચીન અને વૈજ્ઞાનિક ઢબે સંગઠિત કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે; અને ગાય, વાછડાં તથા બીજાં દુઝાણાં ઢોરની સારી ઓલાદોને સાચવવી અને સુધારવી તથા તેમની કતલ થતી બંધ કરવી, એને માટે રાજ્ય ખાસ કરીને પ્રયત્ન કરશે.

૪૯. પાર્લમેન્ટ જેને રાષ્ટ્રીય મહત્ત્વનું જાહેર કરે એવું દરેક સ્મારક કે સ્થાન કે કલા યા ઇતિહાસના રસની વસ્તુને બગાડવાં, કદરૂપાં કે વ્યંગ કરવાં, નાશ કરવો, ખસેડવાં, વેચી કાઢવાં, કે નિકાસ કરવાં — (જ્યાં જેવું લાગુ પડતું હોય) તેમાંથી તેમનું રક્ષણ કરવું, એ રાજ્યની ફરજ રહેશે.

૫૦. રાજ્યની નોકરીમાં મુલકી અને અદાલતી ખાતાં અલગ કરવા માટે રાજ્ય પગલાં લેશે.

૫૧. રાજ્ય નીચેની બાબતોને માટે પ્રયત્ન કરશે —

(क) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને આગળ વધારવી;

(ख) રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને સ્વમાનભર્યા સંબંધ રાખવા;

(ग) સંગઠિત પ્રજાઓના આપસના વહેવારમાં આંતરરાષ્ટ્રીય કાયદાને માટે અને કરાયેલા કોલકરારોની જવાબદારીને સારુ આદરમાન પેદા કરવું;

(घ) લવાદથી આંતરરાષ્ટ્રીય ઝઘડાઓની પતાવટને ઉત્તેજન આપવું.

અનુ० મ०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેલિયું ઘી

'વિજ્ઞાનની મદદથી ઘી જેવું દેખાય તેવું તેલ બનાવાય છે અને તેને વનસ્પતિ-ઘી કહેવાય છે. આ એક રસાયણી જાદુ કે છૂમંતર અથવા 'અલ્કમી' જ છે. કેમ કે તેલ કદી ઘી બની ન શકે; બને તો તે જાદુગરના રૂપિયા જેવું જ જૂઠું ને નકામું હશે. અને તેથી તેવો ધંધો કોઈ રીતે ઉત્તેજનને પાત્ર નહિ ગણાય.

આવો જ આંખમાં ધૂળ નાખવાનો જાદુ દક્ષિણમાં કોક નવરા વિજ્ઞાનશાસ્ત્રીએ બીજાં ત્રીજાં ધાનમાંથી નકલી ચોખા બનાવવાનો કર્યો છે, એમ થોડા દહાડા ઉપર છાપાંમાં આવ્યું હતું. એ ડાંગરના એટલે ખરા ચોખા નહિ, પણ જુવાર બાજરીના છેતરામણા ચોખા (જો હોઈ શકે તો) હશે. આ પણ ઉપરના તેલિયા ઘી જેવો જ વ્યર્થ વ્યવહાર અને જાદુઈ ચાલાકી જ ગણાય.

પરંતુ એથીય વધારે જાદુઈ ચમત્કાર તો એ છે કે, આ બધી વ્યર્થતાને 'સુધરેલા' લોક પ્રમાણે છે અને સાચી માનીને વર્તે છે! હમણાં મુંબઈ ધારાસભામાં એક સભ્યે વનસ્પતિ-ઘીના પ્રતિબંધ વિષે કાયદો કરવાની વાત કરી, ત્યારે જે ચર્ચા થઈ તે પરથી ઉપરનો વિચાર આવ્યો.

વિજ્ઞાનવાળાઓ પાસે લોકહિતના ખપનાં પોતાનાં કામો ન હોય તો હિંદમાં બીજાં ઘણાં કામ છે તે કરે. તેને બદલે આવા 'અવ્યાપારેષુ વ્યાપાર' શું કામ કરતા હશે? એવા જ ધંધા કરનારાઓ પોતાનાં એકાંગી મગજના અવનવા તુક્કા મુજબ ઘાતક શસ્ત્રાસ્ત્રો અને બોમ્બો પણ શોધે છે, અને 'સુધરેલું' જગત તેમાં ફસાયે જાય છે. આ બધાનું કારણ એવી એક મૂઢ માન્યતામાં રહેલું છે કે, શોધને ખાતર શોધ જેવી વસ્તુ પોતે સારી છે. આ ભણેલાના ભ્રમમાંથી વિજ્ઞાનીઓ તેલનું ઘી અને જારબજરીના ચોખા જેવું શોધવાને વરાડે ચડી જાય છે, અને ભસ્માસુરને પણ લજવે એવાં અસ્ત્રો યોજવામાં જનમારો ખર્ચી નાખે છે. બાકી તેલ જેવા તેલને ઘી જેવું દેખાડવા હાઇડ્રોજનાવવાની શી જરૂર? તેથી ઊલટાં તેનાં પોષક તત્ત્વો મરી જાય છે એમ જાણકારો કહે છે.

આથી ખરાબ તો એ છે કે, હરામખોર લોકો આ તેલના ઘીને ખરા ઘીમાં ભેગ તરીકે નાખે છે. આ તો સરકારે અટકાવવું જ જોઈએ. એને માટે એ માર્ગ સૂચવાયો છે કે, આ તેલના ઘીમાં અમુક રંગ ફરજિયાત નંખાય એમ થવું જોઈએ, જેથી ભેગ પકડાઈ જાય. સરકાર આ કેમ નથી માનતી, એ તો સમજાતું જ નથી. તેલના નકલી ઘીને તદ્દન બંધ કરાવવામાં તે એવું બહાનું બતાવે છે કે, વિજ્ઞાનીઓ એકમતથી એમ નથી કહેતાં કે તે શરીરને માટે ખરાબ કે નુકસાનકારક છે. એટલે ત્યારે કાયદાની પેઠે વિજ્ઞાનમાં પણ બંને તરફથી અધ્ધર વાતો થઈ શકે એમ ને? કાયદાની મદદ પેઠે જ વિજ્ઞાનની મદદ પણ વેચાતી મળી શકે છે કે શું? પણ એ વળી બીજી વાત. સરકાર તેલિયું ઘી સાવ બંધ ન કરાવે તોપણ તેનો ભેગ ન જ થાય એવાં પગલાં તો લે જ ને? કે ભેગ કરવામાં પણ હાનિ નથી એમ મનાય છે? વડી સરકારે જ આ બાબત તો ધ્યાન પર લેવી જોઈએ.

પણ કહે છે કે, કરોડો રૂપિયા ખરચી આ દંભી ઘી બનાવવાનાં કારખાનાં થયાં છે તેનું શું થાય? એનો જવાબ એ કારખાનાંવાળા જ ઝટ ખોળી શકશે. પ્રજા અને સરકાર એમને એટલું તો કહી જ શકે કે, તમે બનાવો તોપણ તેમાં રંગ આપો, જેથી ભેગ ન થઈ શકે. તેમ કરતાં એમના માલની ખપત ઓછી થાય તો દેશને એ પણ હકીકતમાં જણાઈ જશે કે, ઘીના ભેગમાં કેટલું બધું આ તેલ વપરાતું હતું.

૪-૪-'૫૦ મ૦

શક્તિ હોય છતાં અશક્તિ બતાવી મદદ ન કરનારાઓની મૈત્રી મૂંગે મોઢે મરવા દેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા કાકાનાં સ્મરણો—૪

(ગયા અંકથી આગળ ચાલુ)

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી, થી મારે રોજ વિદ્યાપીઠ ભણવા જવાનું થતું. આશ્રમમાંથી વિદ્યાપીઠ જનારાઓમાં હું એકલો નહોતો. અમારું સારું એવું જૂથ હતું. અમારામાંથી લગભગ બધા પાસે સાઇકલો હતી. મોહને તે જ અરસામાં એક સાઇકલ ખરીદી. એટલે મને પણ સાઇકલ લેવાની હોંશ થઈ. બા પાસે રઢ લઈને મેં મારે માટે પણ એક સાઇકલ ખરીદાવી. એનાં બધાં સાધનો સહિત પૂરું ખર્ચ ચાળીસ રૂપિયા થયું. કાકાને આ ન ગમ્યું. એમને એ વાંધા હતા : રોજનું દોઢ માઈલ જવા આવવાનું ચાલતા ન થાય? અને એમ નાહકના ચાળીસ રૂપિયા ખર્ચાય કેમ? મગનવાડીથી દર અઠવાડિયે તેમના કાગળ આવતા. પાંચ છ અઠવાડિયાં સુધી એમણે મને અને બાને સાઇકલ ખરીદવા વિષે ઠપકો આપ્યો. બાપુ પાસે કાકા રહ્યા ત્યારે શરૂઆતમાં એમને સો રૂપિયા વેતન મળતું, પણ પાછળથી કાકાએ તે ઘટાડીને ૭૫ કરાવ્યું હતું. એમની જિંદગીનો આખો ઉત્તર કાળ એમણે ૭૫ રૂપિયા જ વેતન લીધું. એટલે તેઓ કહેતા, "આપણે ત્રણ પચ્ચીસના તાલેવંતને ૪૦ રૂપિયાની સાઇકલ લેવી કેમ પોસાય?" પણ એમનો ઠપકો તો પાછળથી આવ્યો અને સાઇકલ તો ખરીદાઈ ચૂકી હતી. એટલે આ સાઇકલ પુરાણનો એમનો છેલ્લો પત્ર જરા જુદો સૂર સંભળાવતો આવ્યો.

'ચાલો, જે થયું તે સારું થયું. બાબલો સાઇકલ ચલાવતાં શીખ્યો એ તો મને ગમ્યું જ છે. એને એ વિદ્યા કામ આવશે. મને તરતાં નથી આવડતું, બાબલાને તે આવડી ગયું છે. મને સાઇકલ ચલાવતાં નથી આવડતી, બાબલાને તે પણ આવડી ગઈ. મને ટાઈપ કરતાં નથી આવડતું, એને એ પણ આવડી જશે તો હું ખુશ થઈશ.'

* * *

હરિપુરા કોંગ્રેસ પછી બાપુ થોડો વખત તીથલ આવીને રહ્યા ત્યારે કાકાએ સાઇકલ શીખવાનો પ્રયત્ન કરી જોયેલો, પણ એક વાર પડ્યા અને એના પાટાપૂટીમાં એટલો વખત ગયો કે કંટાળીને તેમણે શીખવાનું છોડી દીધું. પછી તો કોઈ વાર એમને સાઇકલ શીખવા જેટલી નવરાશ મળી જ નહિ.

તીથલમાં નંદબાબુ પાસે બદામના ઝાડ નીચે બેસીને ચિત્રકળા પણ શીખતા. એમનાં બનાવેલાં ચિત્રો તો મારી પાસે નથી અને નંદબાબુ પાસે પણ કદાચ નહિ હોય, પણ તે વખતે નંદબાબુ કાકાની ચિત્રકળાના વિષયમાં જે પ્રગતિ થતી તેનાં વખાણ કરતા હતા, એટલું યાદ છે.

* * *

વચમાં એક મહિનો હું અને બા કાકા પાસે વર્ધા રહેવા ગયાં હતાં. તે વખતે મને કાકા અને બાનો કેટલો પ્રેમ છે એ સમજાયું. પ્રસંગ તરીકે વર્ણવાય એવો તો એકેય પ્રસંગ યાદ નથી. પણ એ બરાબર ખબર છે કે, કાકા જેટલો વખત ઘરમાં રહેતા એટલો વખત ઘર ખુશીથી અને પ્રેમથી ઊભરાતું.

આ એક મહિનાના સહવાસ દરમ્યાન જ મારી વરસગાંઠ આવી. તે વર્ષગાંઠે તેમણે મને ગીતાના પસંદ કરેલા ૧૦૮ શ્લોકનું એક પુસ્તક જાતે લખી, જાતે બાંધીને આપ્યું હતું. એ પુસ્તકનું નામ તેમણે 'પાથેય' રાખ્યું હતું.

* * *

મગનવાડી, વર્ધા, થી બાપુ સેવાગ્રામ ગયા. તે વખતે તો એ ગામનું નામ સેગાંવ હતું. સેગાંવમાં ત્યારે ટપાલ ઑફિસ નહોતી એટલે કાકાને મગનવાડી રહેવું પડ્યું. કાકા ત્યાંથી રોજ ટપાલ લઈને બાપુ પાસે જતા અને પાછા આવી બાપુની અને પોતાની ટપાલ રવાના કરતા. કેટલીક વાર કોઈ ખાસ મહેમાન આવ્યા હોય અથવા અગત્યનો તાર હોય તો એમને સેગાંવના બે ફેરા ચાલતા કરવા પડતા, એટલે ૨૨ માઈલ ચાલવાનું થતું. બાપુજી મગનવાડીથી સેગાંવ ગયા, એટલે એમનું મગનવાડીનું રસોડું બંધ થયું. આમ કાકાને સાવ એકલા રહેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રોજ સેગાંવ જવા આવવાનું થયું, એટલે એમણે બાને અને મને સાબરમતીથી વર્ધા બોલાવી લીધાં.

કાકાની સાથે લાંબા ગાળા સુધી સાથે રહેવાની તક મને આમ અચાનક બાપુના ગ્રામવાસથી મળી ગઈ. મારે માટે એ જીવનમાં અમૂલ્ય લહાવો હતો.

અમે વર્ધા પહોંચ્યાં ત્યારે કાકા સ્ટેશને લેવા આવ્યા હતા. મગનવાડીમાં બે ઓરડાઓ પણ અમારે માટે વાળીઝૂડીને તૈયાર રાખવામાં આવ્યા હતા. ઘરવખરીનો ઘણોખરો સામાન બા સાબરમતીથી સાથે લાવી હતી.

બીજે જ દિવસે મને વર્ધાના નવભારત વિદ્યાલયમાં દાખલ કરવા માટે મોકલ્યો. તાજો જ વિદ્યાપીઠથી આવેલો અને એ સંસ્થાની માયા પણ ઓછી નહોતી લાગી. એની સરખામણીમાં આ વિદ્યાલય મને તદ્દન ફીકું લાગ્યું. ખાસ કરીને આ વિદ્યાલયના શિક્ષકો મને વિદ્યાપીઠની તુલનામાં ખૂબ ઊતરતા લાગ્યા. ઘણાખરાના શરીર પર મિલનાં કપડાં હતાં. આશ્રમમાં રહીને ખાદીનાં કપડાંનું મને એક પ્રકારનું ગૌરવ થઈ ગયું, એટલે મિલનાં કપડાંવાળા શિક્ષક મને સાવ નકામા લાગ્યા. વળી આ શિક્ષકો તો વર્ગમાં પણ પાન ચાવ્યા કરે. મારે ઘેર બા પાન ખાય છે, પણ તે પણ એને એક વ્યસન જ ગણે છે, એટલે મને પાન ચાવનારા શિક્ષક પ્રત્યે બહુ માન ઊપજી શક્યું નહિ. છુટ્ટીના વખતમાં આ શિક્ષકો બીડી પણ પીતા. પણ આ બધા કરતાંય હું જે વર્ગમાં બેઠો હતો એ વર્ગના શિક્ષકે બાળકો સાથે એટલી અસભ્યતાથી વાતો કરી કે હું અકળાઈ ઊઠ્યો.

સાંજે ઘેર આવીને મેં પોક મૂકી, 'મારે આવી શાળામાં નથી જવું.' કાકાએ મને ખૂબ સમજાવ્યો. તે અરસામાં જ આશ્રમના કેટલાક વિદ્યાર્થીઓ મોટી ઉંમરે આશ્રમ છોડી યુનિવર્સિટીનું શિક્ષણ લેવા ગયા હતા, એટલે કાકાના મનમાં હતું કે, બાબલો પણ મોટો થઈને ક્યાંક પસ્તાવો ન કરે. પણ મેં તો એમને ચોખ્ખું કહી દીધું કે, આવી નિશાળમાં હું ભણવા જવાનો નથી. આખરે એમણે બાપુને મારો ખટલો સોંપ્યો. મેં નવભારત વિદ્યાલયનું સવિસ્તર વર્ણન કરતો એક કાગળ બાપુને લખ્યો. તે વખતે શ્રી આર્યનાયકમજી નવભારત વિદ્યાલયના આચાર્ય હતા. બાપુએ મને ને એમને સેવાગ્રામ બોલાવ્યા. એમણે મને રીતસરના વિદ્યાલયમાં મોકલવા માટે ખૂબ દલીલો કરી. પણ બાપુ મારા વકીલ બન્યા અને ઘેર રહીને મારે કાકા પાસે જ જે ભણવાનું મળે તે ભણવું, એવો નિશ્ચય થયો.

આ આખી ચર્ચા દરમ્યાન કાકાએ તટસ્થ વૃત્તિ રાખી હતી. એમણે મને કહી રાખેલું: 'તારા વિચારોની આડે હું આવવા માગતો નથી. તને આ શિક્ષણ ન ગમે તો તારે એ ન લેવું. વળી જો મોટી ઉંમરે પણ તને એ શિક્ષણ લેવા જવાની ઇચ્છા થશે તોય હું તને રોકવાનો નથી.'

તે દિવસે જે નિર્ણય થયો તે આખર સુધી કાયમ રહ્યો. ઘરમાં કોઈ કોઈ વાર મારા શિક્ષણ વિષે વાતો નીકળતી ખરી. બાને શરૂઆતના થોડા વર્ષોમાં એમ હતું ખરું કે શિક્ષણ રખડી જશે. પણ બા કાંઈક એવી વાત કરતી ત્યારે કાકા હંમેશાં મારો પક્ષ લઈને એમને સમજાવતા.

અહીં હું એક વાત કહી દઉં કે, કાકાને સાહિત્યિક શિક્ષણનો સહેજ મોહ હતો. હું યુનિવર્સિટીનું શિક્ષણ લઉં કે ન લઉં એ વિષે એમના પોતાના જ મનમાં ગડમથલ હતી. એક તરફથી કૉલેજ શિક્ષણની બૂરાઈઓ અને ત્રૂટીઓ વિષે તેઓ સભાન હતા; બાપુના આદર્શ પ્રમાણે મને શિક્ષણ આપવાની એમની અત્યંત તીવ્ર ઇચ્છા હતી બીજી તરફથી શિક્ષણમાં જે વ્યવસ્થિતતા આવવી જોઈએ તે મગનવાડી કે સેવાગ્રામના શિક્ષણમાં નથી આવી શકતી અને પોતાની પાસે મને આપવા ઇચ્છે એટલો સમય નથી અને કોઈ વખત રહેશે પણ નહિ, એમ પણ એમને લાગ્યા કરતું.

પણ આ અનિશ્ચિતતા પાછળ એક નિશ્ચય પડેલો જ હતો. કોઈ પણ સંજોગોમાં બાબલાના પોતાના વિચારોની ઉપરવટ થઈને એને ભણાવવો નથી; એના શિક્ષણનો નિર્ણય એને જ કરવાનો છે — મારે તો એનું માર્ગદર્શન કરાવ્યા કરવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને કયા વિષયમાં વધારે રસ પડે છે અને વધારે આવડત છે એ જાણવા એમણે ખૂબ ફાંફાં માર્યાં એમ કહું તો ચાલે. મગનવાડીમાં એમણે વિલાયતથી સુથારીનાં સાધનોની એક પેટી મંગાવી આપી. રસાયણના પ્રયોગોની એક બીજી પેટી મંગાવી આપી. વિધવિધ રસોનાં પુસ્તકો જવાહરલાલજી ઇન્દિરા માટે લાવેલા તે કાકા લઈ આવ્યા. પણ હું સુથારીમાં જેટલો રસ દેખાડતો એટલો જ રસાયનમાં પણ દેખાડતો, ચિત્રકળાની પાછળ પણ મંડ્યા રહેતો અને સાહિત્યમાં પણ ચાંચ ડુબાડતો. એટલે કોઈક એક વિષય પર મને લઈ જવાની કાકાની ઇચ્છા એળે જતી. એને માટે હું બહુ નાનો હતો.

— ચાલુ] **નારાયણ દેસાઈ**

ડૉ. હરિપ્રસાદ દેસાઈ

તા. ૩૧–૪–'૫૦ના રોજ રાતે ડૉ. હરિપ્રસાદ ઓચિંતા દેવલોક પામ્યા. ત્રણ ચાર દિવસ પર જ છાપામાંથી જાણ્યું કે, દાક્તરસાહેબ માંદા થઈ મુંબઈથી અમદાવાદ આવ્યા છે. તા. ૨૭મીએ હું મુંબઈ હતો. દાક્તરસાહેબને ધારાસભામાં ન જોઈ મેં એક ધારાસભ્યને પૂછયું, 'દાક્તર કેમ ન દેખાયા?' તેમણે કહ્યું, "સાહિત્ય કે કલા પ્રવૃત્તિના કે એવા કામમાં સભામાં કે વ્યાખ્યાનમાં ક્યાંક ગૂંથાયા હશે." ત્યારે એમને ખબર નહોતી કે, દાક્તર તો માંદા છે ને અમદાવાદ એમને લઈ ગયા છે. પોતાના મુખ્ય સેવાક્ષેત્રની નગરીમાં આવી બેચાર દિવસમાં જ દાક્તરે શાંતિથી દેહ છોડ્યો. સાંભળ્યું છે કે, તે અગાઉ તેમણે પોતાના પુત્રો વગેરેને બોલાવીને કહ્યું, મેં તમને ધનનો તો કશો વારસો આપ્યો નથી, પણ ધર્મ, ચારિત્ર્ય, અને સેવાનું ધન કમાવાનું આપું છું.

આટલામાં દાક્તરનું ટૂંકમાં આખું જીવન આવી જાય છે. તે અમદાવાદના જાહેરજીવનના જૂના જોગી ગણાય. બંગભંગ-યુગની દેશભક્તિ અને સ્વદેશાભિમાનના રંગે તે રંગાયા હતા. તેમની દાક્તરી તાલીમ બંગાળમાં જ થઈ હતી. સ્વ. શ્રી. અંબાલાલ સાકરલાલ પાસેથી સેવાદીક્ષા મેળવનારા નવજુવાનોમાં પણ દાક્તર એક હતા. આ રંગ અને એ દીક્ષાનો પ્રભાવ દાક્તરે જીવનભર સાચવ્યો અને વધુ ને વધુ ઘેરો કર્યો. એ રંગ ઊતરવાની તો વાત જ નહોતી. દાક્તરનું મૂળ પોત જ એવું હતું.

તે આપકર્મી હતા. ગામડાગામમાંથી કેવી રીતે હસતા અને ખેલતા, દેશ અને જીવન જોતા અને વિચારતા, ભણતા અને સમજતા તે અમદાવાદમાં વસ્યા, એનો નિર્વ્યાજ ચિતાર તેમણે જ પોતાની બાળવયની આત્મકથા 'નાના હતા ત્યારે'માં આપ્યો છે. દાક્તરનો વિનોદી, ટીખળી, અને કાંઈક અડપલો પણ કહી શકાય એવો સ્વભાવ ત્યારથી જ દેખાય છે. તેની જ સાથે દાક્તરના સ્વભાવનું વિનોદી મિલનસારપણું, ખડતલ મૈત્રીભાવ, અને માથે બોજો જ ન લાગવા દે એવી સરળ મુગ્ધતા પણ રહેલાં જોવા મળે છે. પરંતુ એ બધી વસ્તુઓમાં એક વસ્તુ મુખ્ય હતી અને તે એ કે, દાક્તર કાંઈક શીખવા માટે, કાંઈક કરવા માટે, અને એમ મથતા રહીને કાંઈક આગળ વધવા માગતા હતા; અને જીવનમાં તેમની નિષ્ઠા નીતિ, ધર્મ અને સદાચાર પર હતી. એમના સ્વભાવમાં આસ્તિકતા સહેજે રહેલી હતી. ઈ. સ. ૧૯૧૫માં ગાંધીજી દેશમાં આવ્યા ત્યારે તે તેમના તરફ સહેજે જે ખેંચાયા, તે આથી જ. તેમને અમદાવાદમાં વસાવવામાં આગળ પડીને ભાગ લેનારા થોડાક ત્યારના નવયુવકોમાં ડૉકટર એક હતા. અને ૧૯૩૦માં સ્વરાજ લઈને જ આવું તો પાછો આવું, એ સંકલ્પ કરીને ગાંધીજી દાંડી તરફ ગયા અને દેશને પોતાનો જંગમ નિવાસ બનાવ્યો; પછી ૧૯૪૭માં 'સ્વરાજ' આવ્યું ત્યારે જૂનો સંકલ્પ યાદ કરાવી પાછા પધારવાનું કહેણ પણ એમણે જ મોકલ્યું હતું.

૧૯૧૫થી ગાંધીજીનાં કામો તે દાક્તરનાં કામો બન્યાં. અને તેમાં એ જીવનના અંત સુધી રહ્યા. એટલું જ નહિ, જ્યાં ક્યાંય એમને રુચે એવું કામ દેખાય ત્યાં તે પોતાથી બનતો સાથ આપવા તત્પર રહેતા, અને તેમાં તે પૂરતા એ જોડાતા. સમગ્રતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ જોતાં એ બધાં વિવિધ કામોમાં એકરૂપતા કે સંગતતા ન હોય તોપણ તે એની પરવા નહિ કરતા. ૧૯૨૦-૨૧માં વિદ્યાપીઠ સ્થપાયું તેમાં તે જોડાયા અને છેવટ સુધી તેના નિયામક મંડળમાં કામ કર્યું. તે ઉપરાંત અમદાવાદની ડઝનબંધ ને વિવિધ સંસ્થાઓમાં તે કોઈ ને કોઈ રૂપે જોડાયા હતા. લલિત-કળાઓ એમના દિલનો વ્યાસંગ હતો; એવું વ્યસન જ હતું એમ કહો. જ્યાં ત્યાંથી સૌંદર્ય જોવું અને રાચવું એ એમની જાણે પ્રકૃતિ જ હતી. સંકટ, શોક અને ખેદના પ્રસંગોમાં અસ્થાને કદાચ લાગે તોપણ વિનોદ અને દિલની હળવાશનાં બિંદુઓ પકડી પોતાનો અને સાથેનાનો શોક ભુલાવવો, એ એમની કલારસિક નજર અને અદમ્ય વિનોદશક્તિને આભારી હતાં. તે ચિર-વિદ્યાર્થી હતા. સૂતા પહેલાં રોજ નિયમિત અમુક સ્વાધ્યાય કરવો, અને સવારે ઊઠીને રોજ વ્યાયામ કરવો, એમાં તે ભાગ્યે ચૂકતા હશે. સ્વાધ્યાયના વિષયો પણ વિવિધ હોતા. દાક્તર બહુશ્રુત હતા. વળી જે વાંચે તેની નોંધ કરી, તેમાંથી નિબંધ રૂપે બીજાને પણ આપવાની એમની ભાવના ઉત્કટ હતી. એમનું લખેલું કેટલુંય સાહિત્ય આવા સ્વાધ્યાયની પ્રસાદી રૂપે મળ્યું છે.

એમનું મુખ્ય કાર્યક્ષેત્ર અમદાવાદ અને તેમાં પણ મુખ્ય તો તેની મ્યુનિસિપાલિટી હતું. ગાંધીજીની સાથે વિચારો અને યોજનાઓ કરીને એમણે 'ગર્દાબાદ' ગણાતા અમદાવાદની સ્વચ્છતામાં ઊંચું ધોરણ ઊભું કર્યું; નગરની પુસ્તકાલય પ્રવૃત્તિ, સંગીત- અને કલા-પ્રવૃત્તિને આગળ ધપાવી. આને માટે અમદાવાદ એમનું ઋણી છે.

કૉંગ્રેસની લડતો અને તેનાં કાર્યોથી દાક્તર આખા ગુજરાતમાં પણ જાણીતા હતા. જેલનિવાસના તેમના સાથીઓ તો એમના "ભસેગા અને કાટેગા"ને ભૂલે એમ નથી. સાહિત્ય-સભા, વિદ્યાસભા જેવી સંસ્થાઓએ એમનાં અપ્રસિદ્ધ લખાણો, ટાંચણો વગેરે પ્રસિદ્ધ કરવા જેવાં ગણાય. મરનારનો શોક તો થાય; પણ દાક્તર તે ન કરવાનું કહેતા. પોતાને માટે કોઈ શોક ન કરે, એમ તો એમણે કહી જ રાખ્યું હતું. એમને માટેની શોકસભામાં તે જાતે હજાર હોય તો શું કહે, એ કોક સાહિત્યકારે કલ્પનાચિત્ર રૂપે લખવા જેવું નહીં? દેવલોકમાં ગયા છે ત્યાં પણ દાક્તર જૂના મિત્રો વગેરેને અહીંની કંઈ કંઈ નવાજૂની કહીને હસાવતા હશે એવી જ કલ્પના જાય છે. અને જો શક્ય હોય તો આપણે અહીં શું કરીએ છીએ તેય નહિ જોતા હોય! એમનો અદમ્ય વિનોદ અને સેવાશીલ દેશપ્રેમ તથા ધર્મનિષ્ઠા આપણે માટે મોંઘો વારસો એ મૂકતા ગયા છે.

૧૭-૪-'૫૦ **મગનભાઈ દેસાઈ**

સાભાર સ્વીકાર

सस्तु साहित्यवर्धक कार्यालय, अमदावाद તરફથી :—

શ્રીમનુસ્મૃતિ : અનુ૦ શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર, કિં. રૂ. ૪-૮-૦; **સુખ, સામર્થ્ય ને સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર :** લે૦ ઓરિસન સ્વેટ માર્ડન, અનુ૦ રત્નસિંહ દીપસિંહ પરમાર, કિં. રૂ. ૩-૦-૦; **આરોગ્યની કૂંચી :** લે૦ કવિ વિશ્વનાથ, અનુ૦ વિજયશંકર ધનશંકર મુનશી, કિં. રૂ. ૨-૮-૦; **બૂકર ટી. વૉશિંગ્ટન :** અનુ૦ પ્રફુલ્લ પ્રા. ઠાકોર, કિં. રૂ. ૧-૮-૦; **હરડે :** લે૦ ડૉ. રસિકલાલ જેઠાલાલ પરીખ, કિં. રૂ. ૦-૬-૦; **વિશ્વામિત્ર ને હરિશ્ચંદ્ર :** લે૦ રામનારાયણ ના. પાઠક, કિં. રૂ. ૦-૪-૦; **વીર હનુમાન :** લે૦ સોમાભાઈ ભાવસાર, ૦-૩-૦; **તુજ ચરણે :** સંપા૦ નંદલાલ ભોગીલાલ શાહ અને હેમંતકુમાર નીલકંઠ, કિં. રૂ. ૦-૨-૦.

वोरा ॲन्ड कंपनी, पब्लिशर्स लिमिटेड, मुंबई तरफथी:—

રાષ્ટ્રભાષા શબ્દકોષ : [ગુજરાતીસે હિંદી] : રચનાર "સાહિત્યરત્ન", કિં. રૂ. ૨-૦-૦; **ઇતર વાચનમાળા :** પુ. ૧થી ૪ : સંપા૦ નાથુભાઈ વી. દેસાઈ, સોમાભાઈ કિ. પટેલ, પ્રભુલાલ જ. ધોળકિયા, મૂળચંદ એસ. શાહ, કિં. અનુક્રમે રૂ. ૦-૩-૦, ૦-૬-૦, ૦-૯-૦, ૦-૧૧-૦.

गति प्रकाशन लिमिटेड, अमदावाद तरफथी :—

જૂજવાં : લે૦ જયંતી દલાલ, કિં. રૂ. ૩-૮-૦; **કથરોટમાં ગંગા :** લે૦ ઉપર પ્રમાણે, કિં. રૂ. ૧-૦-૦,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયાની કેળવણી માટે ઉપયોગી સાહિત્ય

પાયાની કેળવણી દેશની એક મહત્ત્વની રચનાત્મક પ્રવૃત્તિ બની છે, અને મધ્યસ્થ તેમ જ પ્રાંતિક સરકારોએ તેનો સાર્વત્રિક અમલ કરવાનું જાહેર કર્યું છે. તેથી શિક્ષકો તેમ જ બીજા અભ્યાસીઓ એ વિષેની પુસ્તકસૂચિ માગે છે. અને તે માટે વિવિધ પ્રકારના સાહિત્યની પણ અત્યંત જરૂર છે.

અંગ્રેજી શિક્ષણશાસ્ત્રને અંગે વિપુલ સાહિત્ય આજે ઉપલબ્ધ છે. જુદા જુદા વિષયોનાં જુદી જુદી દૃષ્ટિથી લખાયેલાં પાઠ્યપુસ્તકો સંખ્યાબંધ છે. તેમાંય છેલ્લા દસબાર વર્ષ દરમ્યાન 'પોસ્ટ-વૉર રિકન્સ્ટ્રક્ષન' (યુદ્ધોતર પુનર્રચના) ના એક મહત્ત્વના અંગ કે સાધન તરીકે તેમ જ યુદ્ધકાળ દરમ્યાન સાધનની છત ન હોય તે વખતે કેળવણીનું ધોરણ ન ઊતરવા દેતાં, તે શી રીતે ચાલુ રાખી શકાય, તેને અંગે થયેલા વિવિધ પ્રયોગોના સાહિત્યનો તેમાં અપાર ઉમેરો થયો છે; જ્યારે આપણી દેશી ભાષાઓમાં તેમનો હજી પણ કેળવણીના માધ્યમ તરીકે સ્વીકાર ન થયો હોવાથી, બધા જ વિષયોની જેમ કેળવણી-વિષયક સાહિત્યની પણ ખૂબ અછત છે. અને જે છે તે સહેજે ઉપલબ્ધ હોતું નથી અને તેની શિક્ષકોને જાણ પણ ભાગ્યે જ હોય છે. તેમને ઉપયોગી સામગ્રીની માહિતી મળે તે માટે આ સૂચિની યોજના છે.

આ લેખમાં અપાતી સૂચિમાં, જૂજ અપવાદ સિવાય, પાયાની કેળવણીને લગતી સીધી ચર્ચા જેમાં મળે, એવાં પુસ્તકોનો મુખ્યત્વે સમાવેશ કરવામાં આવ્યો છે. પાયાની કેળવણીનાં અનેક પાસાં, તેનાં અંગઉપાંગો વગેરે, જેવાં કે કેળવણીના મૂળ ઉદ્યોગ, પ્રાકૃતિક અને સામાજિક જીવન, તેમ જ એ કેળવણી પાછળ રહેલા શિક્ષણના શાસ્ત્રની ચર્ચા કરતા તેમ જ જીવનનો ખ્યાલ આપતા સાહિત્યની સૂચિઓ આપવાનો ઇરાદો અલગ રાખ્યો છે. તેમાં જુદા જુદા વિષયોને અંગે શિક્ષકને તેમ જ વિદ્યાર્થીને ઉપયોગી થાય એવા સાહિત્યનો પણ સમાવેશ કરવાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

નીચે આપેલી સૂચિ એ વિગતોમાં જતી નથી, આ મર્યાદામાં રહીને આ સૂચિ નીચે આપી છે.

પાં૦ ગ૦ દેશપાંડે

ગુજરાતી પુસ્તકો

कालेलकर, દ. બા. – जीवनविकास* (કેળવણીનાં અંગોની ચર્ચા). નવજીવન, ૧૯૩૬, પૃ. ૨૪+૮૦૦

કાકાસાહેબનાં કેળવણીવિષયક લખાણોનો સંગ્રહ.

कृपालानी, જીવતરામ – सर्वोदयनी केळवणी (વર્ધાયોજના). ગૂજરાત વિદ્યાપીઠ, રૂા. ૧–૪–૦, ૧૯૪૭, પૃ. ૮+૧૪૮

વર્ધાયોજનાની રજૂઆત અને સમર્થન કરતા કૃપાલાનીજીના ધ લેટેસ્ટ ફૅડ નામના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ. અનુવાદકે જરૂરી ટિપ્પણો પણ આપ્યાં છે.

कोठारी, વિ. મ. (સં.) – केळवणी वडे क्रान्ति [વિદ્યાપીઠનો ત્રીસ વરસનો ઇતિહાસ]. (છપાય છે)

गांधीजी, – केळवणीनो कोयडो. નવજીવન, ૧૯૩૮, પૃ. ૨૦+૪૮૭

– खरी केळवणी. નવજીવન, ૧૯૩૮, પૃ. ૧૪+૪૫૮

– पायानी केळवणी. (છપાય છે.)

– रचनात्मक कार्यक्रम : तेनुं रहस्य अने स्थान. નવજીવન, ૬ આના, ૧૯૪૬, પૃ. ૪૪

– सत्याग्रहाश्रमनो इतिहास. નવજીવન, રૂ. ૧–૦–૦, ૧૯૪૮, પૃ. ૧૬+૯૬

– हिन्द स्वराज. નવજીવન, ૬ આના.

ઉપર આપેલાં ગાંધીજીનાં પુસ્તકોમાંથી પહેલું પુસ્તક केळवणीना कोयडामां જ પાયાની કેળવણીની ચર્ચા છે, છતાં ઠેઠ हिन्द स्वराजના વખતથી ગાંધીજીના કેળવણી વિષયક વિચારોમાં તે બીજરૂપે આપણને જોવા મળે છે. વસ્તુતઃ ગાંધીજીનાં બધાં જ લખાણોમાં આ વિષયને અંગે છૂટાછવાયા વિચારો વાચકને મળી શકે. કોઈ પણ વિષયનું પાંડિત્યભર્યું પ્રતિપાદન કરવા માટે તેમણે કશું લખાણ કર્યું નથી, તેથી એક જ સ્વતંત્ર પુસ્તકમાં તેમના બધા વિચાર મળવા મુશ્કેલ હોય છે. છતાં કેળવણી સાથે ખાસ સંબંધવાળાં પુસ્તકો ઉપર આપ્યાં છે.

* જે પુસ્તકની કિંમત જણાવી નથી તે અત્યારે મળતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ — ખાદીવિદ્યા પ્રવેશિકા. નવજીવન, રૂ. ૧-૪-૦, ૩ આ. ૧૯૪૮, પૃ. ૮+૧૮૯

પાયાની કેળવણીની દૃષ્ટિથી ખાદીઉદ્યોગ વિષે લખાયેલું પુસ્તક.

જૅક્સ એલ. પી. — મનુષ્યની સર્વાંગીણ કેળવણી. (ગૂજરાત વિદ્યાપીઠ) પાયાની કેળવણીના સિદ્ધાંત વિષે સ્વતંત્ર રીતે ઉપકારક એવું વિવેચન આમાં મળશે.

ઝાકિરહુસેન સમિતિ — વર્ધા શિક્ષણ યોજના (બેસિક નૅશનલ એજ્યુકેશનના નામથી પ્રસિદ્ધ થયેલો સમિતિનો અહેવાલ અને અભ્યાસક્રમ). નવજીવન, રૂ. ૧-૦-૦, ૧૯૪૫, પૃ. ૮+૧૦૮

દવે, જુગતરામ — આત્મરચના અથવા આશ્રમી કેળવણી. નવજીવન, રૂ. ૪-૮-૦, ૧૯૪૬, પૃ. ૨૪+૪૪૮

— ગ્રામસેવાના દસ કાર્યક્રમો. નવજીવન, રૂ ૧-૦-૦, ૧૯૪૯, પૃ. ૮+૧૩૬.

પટેલ, શિવાભાઈ ગો. - જીવન દ્વારા શિક્ષણ. ગૂજરાત વિદ્યાપીઠ, રૂ. ૧-૮-૦, ૧૯૫૦, પૃ. ૨૦+૧૫૬

આંચાસણ વિદ્યાલયના શિક્ષણ-પ્રયોગનો હેવાલ. પાયાની કેળવણીનો વિચાર કરવામાં મદદરૂપ છે.

પરીખ, નરહરિ દ્વા. - વર્ધા કેળવણીનો પ્રયોગ. નવજીવન, ૧૯૩૯, પૃ. ૨૪+૧૦૭

થામણામાં થયેલા પ્રયોગનો હેવાલ આમાંથી મળી શકશે.

મશરૂવાળા, કિશોરલાલ ઘ. — કેળવણીવિકાસ: સાબરમતીથી સેવાગ્રામ. નવજીવન. (છપાય છે)

વ્યાસ, રવિશંકર — શિક્ષણ અને સંસ્કૃતિ, (ગૂજરાત વિદ્યાપીઠ) રૂ. ૧-૪-૦, ૧૯૪૮, પૃ. ૧૨+૧૨૭

આંચાસણમાં ચાલેલા ઉદ્યોગ તાલીમ વર્ગ આગળ આપેલાં ભાષણો.

સામયિકો

કોડિયું (માસિક) — સંપાદક: નાનાભાઈ ભટ્ટ. આંબલા, ગ્રામદક્ષિણામૂર્તિ, લવાજમ રૂ. ૩-૦-૦ (૧૯૪૫ના ઑગસ્ટથી શરૂ)

નૂતન શિક્ષણ (માસિક) — સં. હરભાઈ ત્રિવેદી; ચન્દ્રવદન શાહ. સુરત, લવા૦ રૂ. ૪-૦ ૦

શિક્ષણ અને સાહિત્ય (માસિક) — સં. મગનભાઈ પ્ર. દેસાઈ. અમદાવાદ, નવજીવન, લવા૦ રૂ. ૪-૦-૦ (૧૯૩૯ના ઑક્ટોબરથી શરૂ)

હરિજનબંધુ (સાપ્તાહિક) — સં. કિશોરલાલ ઘ. મશરૂવાળા. અમદાવાદ, નવજીવન, લવા૦ રૂ. ૬-૦-૦ (૧૯૩૩ થી શરૂ

हिन्दी पुस्तकें

गांधीजी — **रचनात्मक कार्यक्रम: अुसका रहस्य और स्थान.** अहमदाबाद, नवजीवन, ६ आने, १९४६, पृ. ४४

— **सत्याग्रह आश्रमका अितिहास.** नवजीवन, रु. १-४-०, १९४८, पृ. ९८

— **हिन्द स्वराज्य.** दिल्ली, सस्ता साहित्य, ३ आने, १९३८, पृ. १६+२१६

कृपलानी, जीवतराम — **बुनियादी तालीमकी पद्धति और आदर्श.** सेवाग्राम, हिं. ता. संघ, २ आने, १९३९, पृ. २४

ज़ाकिर हुसेन समिति — **बुनियादी राष्ट्रीय शिक्षा.** देखिये हिन्दुस्तानी तालीमी संघ

दवे, जुगतराम — **ग्रामसेवाके दस कार्यक्रम.** नवजीवन, रु. १-४-०, १९४९, पृ. १३१

दिवाण, कुंदर बलवंत — **तकली.** हि. ता. संघ, रु. १-०-०, १९४१, पृ. २०+२८६+६६

नारूलकर, शान्ता — **पूर्व बुनियादी तालीम.** (योजना और प्रत्यक्ष कार्य). काशी, सर्वोदय साहित्य संघ, रु. १-४-०, १९४९, पृ. ४+१३६

भावे, विनोबा — **मूल अुद्योग कातना** (शिक्षकोंके लिये पाठ्यक्रमका स्पष्टीकरण). हि. ता. संघ, १९३९, पृ. १०+७२

भिसे और पाटील — **खेती शिक्षा.** हिं. ता. संघ, १२ आने, १९४१, पृ. ४+१३०

मजुमदार, धीरेन्द्र — **नअी तालीममें सफाओ विज्ञान** १० आने, पृ. ५२

— **समग्र ग्रामसेवाकी ओर** [भारतीय ग्राम जीवनको पुनःरचनाकी समस्यायें और अुनका समाधान]. अिलाहाबाद, साधना सदन, रु. ८-०-०, १९४७, पृ. २४+७२८

सत्यन् — **ओटना व धुनना.** हिं. ता. संघ, रु. १-०-०, १९४०, पृ. ४+६०

सिंह, लक्ष्मीधर — **गत्तेका काम.** हिं ता. संघ, रु. १-०-०, पृ. ८+९९

सेवाग्राम रचनात्मक कार्यकर्ता-संमेलनका विवरण [सर्वोदयके हर अेक पहलू पर प्रकाश डालनेवाली चर्चा अिसमें है।] सेवाग्राम, चरखा संघमें प्राप्य. रु. २-०-०

हिन्दुस्तानी तालीमी संघ — **आठ सालका काम.** सेवाग्राम, हिं ता. संघ, ८ आने

— **अेक कदम आगे** [पहली बुनियादी राष्ट्रीय शिक्षा परिषद, पूना, की रिपोर्ट]. रु. १-४-०, १९४०, पृ. २४

— **कताओका हिसाब.** ८ आने

— **तांत बनाना.** रु. १-०-०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– **दस सालका काम** [विक्रम (बिहार) बुनियादी तालीम संमेलन, अप्रैल १९४८, का विवरण]. रु. २–०–०, १९५०, पृ. ८+१८२

– **बुनियादी तालीमके दो साल** [दूसरी राष्ट्रीय बुनियादी शिक्षा परिषद्, जामियानगर, की रिपोर्ट]. रु. १–४–०, १९४१. पृ. ४८+२३२

– **बुनियादी राष्ट्रीय शिक्षा** : संशोधित पाठ्यक्रम (१ से ८ दर्जे तकका).

– **शिक्षामें अहिंसक क्रान्ति**. रु. १–८–०, २ आ., १९४०, पृ. ६+१७२+१३३+२४८

वर्धा शिक्षण परिषद् पर गांधीजीके विचार, वर्धा शिक्षण अखिल भारत शिक्षा परिषदका विवरण, और ज़ाकिर हुसेन कमेटीको रिपोर्ट और बुनियादी तालीमका विस्तृत पाठ्यक्रम अिसमें है।

– **समग्र नअी तालीम** [सेवाग्राम बुनियादी तालीम संमेलन, १९४५ का विवरण]. रु. २–४–०, १९४७

सामयिक

खादी जगत् (अ. भा. चरखा संघका मासिक मुखपत्र) – सेवाग्राम, वर्धासे शुरू जुलाअी १९४१. अगस्त १५, १९४९से 'सर्वोदय' मासिक फिर शुरू होने पर यह बन्द कर दिया गया।

नई तालीम (मासिक) – हिन्दुस्तानी तालीमी संघ, सेवाग्राम द्वारा प्रकाशित. शुरू १९३९. 'खादी जगत्' निकलने पर अुसमें शामिल।

सर्वोदय (मासिक) – वर्धा गांधी सेवा संघ द्वारा शुरू १९३८ के अगस्तसे। १९४२ का आन्दोलन शुरू होने पर बन्द हुआ। १९४९में फिर शुरू होने पर तालीमी संघ, चरखा संघ वगैराका यह अेक मात्र मुखपत्र बना है।

हरिजनसेवक (साप्ताहिक) – दिल्लीसे शुरू १९३३से। १९४२ से अहमदाबाद, नवजीवन कार्यालय द्वारा प्रकाशित। वा. चंदा रु. ६–०–०

मराठी पुस्तकें

कृपालानी, जीवतराम — गांधी दर्शन. पुणें, देशमुख आणि कंपनी, रु. ४–०–०

गांधीजी — विधायक कार्यक्रम : त्यांचें रहस्य व स्थान. अहमदाबाद, नवजीवन, ६, आणे, १९४६, पृ. ४०.

– **हिन्द स्वराज्य**. नवजीवन, १२ आणे, १९४६, पृ. २४+१०८

दिवाण, कुंदर बलवंत — वस्त्रपूर्णा. सेवाग्राम, हिं. ता. संघ, रु. १–०–०, १९४०, पृ. २४+३००

शिक्षणाच्या दृष्टीनें तकलीचा विचार व कार्यक्रम यांत आहे.

पारसनीस, न. रा. — वर्धा शिक्षण योजनेची मीमांसा. ३ आणे.

भागवत, स. ज. (सं.) – **जीवनशिक्षण अर्थात् वर्धा शिक्षण योजना**. पुणें, देशमुख, रु. ४–४–०, १९४५, पृ. २८८

भावे, विनोबा – मूळ अुद्योग कांतणें (पाठ्य क्रमाचिया शिक्षकांसाठीं स्पष्टीकरण). सेवाग्राम, हिन्दुस्तानी तालीमी संघ, ६ आणे, १९३६, पृ. ४+३२

भिसे, शं. रा. व पाटील, ह. गो. – शेतो शिक्षण भाग १ ला. हिं. ता. सं., १२ आणे, १९२६, पृ. ४+१२५

मोहनी, ह. कृ. व गोखले, ज. ग. – नवीन शिक्षणाचें अंतरंग. एरंडोल, श. मो. कावरे, ४ आणे, १९३८, पृ. ४+२४.

वर्धा शिक्षण (मासिक) – सं. : स. ज. भागवत. पुणें, टिळक विद्यापीठ. अेक वर्ष चालून पुढें बंद

सार्दूळ, शं. भो. – वर्धा शिक्षण (गांधीजी प्रणीत). मुंबई, के. भि. ढवळे, रु. ३–०–०, १९४२. पृ १५६

सेवलेकर व चौधरी – आपलें मूलोद्योगी राष्ट्रीय शिक्षण अर्थात् वर्धाशिक्षणपद्धति. पुणें, अनाथ विद्यार्थीगृह, रु. ३–०–०, १९४९, पृ. १९७

અંગ્રેજી પુસ્તકો

All India Education Board—*Basic National Education*: Syllabus prepared by the Zakir Hussain Committee. See Hindustani Talimi Sangh

Bombay Govt. Central Press—*All-India Conference of Education Ministers : Proceedings*. Bombay, 1947, pp. ii+55

The Conference was held towards the end of July, 1946 and was attended by Gandhiji, Kakasaheb Kalelkar, Acharya Kripalani, Dr. Zakirhussain and others.

Bureau of Education, India — *Education in Free India, August 1947 to August 1948*. 1948. Not priced.

–*Report of the Committee of the Central Advisory Board of Education appointed to consider the Wardha Education Scheme*. 3 as, 1939.

–*Report of the Committees appointed by the C. A. B. E. in India (1938-43)*. 12 as., 1945.

–*Reports of the Committees appointed by the C. A. B. E. in India (1943-46)*, Rs. 2/6, 1946.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

–*Report of the Second Wardha Education Committee of the C. A. B. E., 1939 together with the decisions of the Board thereon.* 1940.

–*Social and Basic Education.* 4 as, 1948.

Gandhi, M. K.—*Constructive Programme: Its Meaning and Place.* Ahmedabad, Navajivan, 6 as, 1948, pp. 31

–*Hind Swaraj or Indian Home Rule.* Navajivan, Revd. new ed. 1939, 8 as, pp. 80

–*Selections from Gandhi.* Navajivan, Rs. 4/-, 1948, pp. viii+232

–*To the Students.* Navajivan, Rs. 3/8, 1949, pp. xix+324

Gupta, Babulal—*An Intelligent Man's Guide to the Wardha Scheme of Education* (Containing Gandhiji's Latest Doctrine of Education in Correlation of Studies). Aligarh, The National Literature Publishing Society, Re. 1/12, 1939, pp. xiv+224

Hilton, Archer C. and Audric, John E.—*The School Farm.* London George G. Harrap, 8/6, 1946, pp. 159

An account of an experiment — made by a County Modern Secondary School in a rural area — of marrying work in the class room or laboratory with practical experience in the fields.

Hindustan Publishing House (Pub.)–*Indian Education.* Lucknow, Rs. 5/-, 1939, pp. x+319

The major part of the book is occupied by the Wardha Education Committee Report and Syllabus.

Hindustani Talimi Sangh – *Basic National Education.* Syllabus Recommended by the Zakir Hussain Committee. Sevagram, 12 as, 1938

–*Basic National Education.* Revised Syllabus for grade I to V and also Pre-Basic. Sevagram, Re. 1/-, 1946, pp. 56

–*Dhanush Takli.* 6 as

–*Educational Reconstruction.* 2 ed. 1939, Re. 1/4, pp. vii+296

Contains Gandhiji's articles, Proceedings of the Wardha Education Conference, Report of the Zakir Hussain Committee and the proposed syllabus.

–*Nai Talim at Sevagram* (Prospectus). 8 as

–*One Step Forward.* Report of the First Conference of Basic National Education, Poona, Octo. 1939. Re. 1/8, 1940, pp. xxiv+292

–*Pre-Basic Syllabus.* 12 as

–*Revised Syllabus for Basic Schools* (Grade i–viii). Re. 1/-

–*Seven Years of Work.* Eighth Annual Report of Nai Talim (1938–46). Re. 1/-, 1948, pp. 42

–*Sixth Annual Report of the H. T. Sangh* (1938–44). Re. 1/-, 1944, pp. 57

–*Third Annual Report* (1940–41). pp. ii+70

–*Syllabus for the Training of Teachers* (Grade i–v). Re. 1/8

–*Two Years' Work.* Report of the Second Basic Education Conference, Jamianagar, Delhi, 1941. Rs. 3/-, 1942, pp. 291

Kripalani, J. B.—*The Latest Fad: Basic Education.* Sevagram, H. T. Sangh, Re. 1/8, 1939, pp. vi+107. 2 ed. 1949

–*The New Education* (Method and Aim). Sevagram, H. T. Sangh, 2 as, 1939, pp. 24

Madras Govt.—*Basic Education in the Madras Presidency 1938–48.* Madras, Director of Public Instruction.

Saiyidain, K. G.—*Introducing the Basic Curriculum.* Bombay, Ed. Adviser to Bombay Govt., 6 as, 1949, pp. vi+30

Shrimali, K. L.—*The Wardha Scheme.* The Gandhian Plan of Education for Rural

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

India. Udaipur, Vidyabhavan Society, Rs. 5/-, 1949, pp. xviii+308

Varkey, C. J.—*The Wardha Scheme of Education.* Exposition and Examination. Madras, Oxford Univ. Press, Re. 1/8, 1939, pp. xvii+175

Zakir Hussain—*Scientific Basis of Educational Reconstruction.* Address to the Science Congress, Calcutta as President of the Psychology Section.

Periodical

Harijan (weekly)-Published by the Navajivan Press, Ahmedabad. Annual Sub. Rs. 6/-

પ્રો૦ હેરોલ્ડ લાસ્કી

૫૬ વર્ષની નાની વયે આ નામાંકિત અંગ્રેજ અધ્યાપક ગયા મહિનાના અંત ભાગમાં ગુજરી ગયાની ખબર વાંચી દિલગીરી થાય છે. આ અધ્યાપક જબરા માનવતાભક્ત હતા. પછાત પીડિત દબાયેલી પ્રજાઓના એ ખેરખાં હતા; અચૂક એમની તરફ એ પોતાનો અવાજ ઉઠાવતા. અને તેમના અવાજમાં નિષ્ઠા અને શ્રદ્ધાનું જોર હોઈ જગત તેને સાંભળતું હતું. એ હિંદના મિત્ર હતા. હિંદને સ્વતંત્રતા મળે એ સારુ આ અધ્યાપકે વિલાયતમાં રહીને સારું પ્રચારકામ કર્યું હતું. તે લંડન સ્કૂલ આફ ઇકોનૉમિક્સમાં એક પેઢીથી કામ કરતા. તે અગાઉ તેમણે અમેરિકાની તથા બીજી યુનિવર્સિટીઓમાં કામ કર્યું હતું. તેમની પાસે અનેક હિંદી નવજુવાનો ભણીને આ દેશમાં આવ્યા છે. તે બધાએ પોતાના આ ગુરુજનના જવાનો શોક ખરા દિલના શબ્દોથી બતાવ્યો છે.

તેમનો ખાસ વિષય રાજ્યશાસ્ત્ર હતો. એમાં એમણે મૌલિક કામ કરી બતાવ્યું છે. તે વિષય ઉપર એમણે અનેક ગ્રંથો લખ્યા છે. એની વિશેષતા એ છે કે, પ્રો. લાસ્કીએ પોતાની રીતે ગાંધીજીના સત્યાગ્રહ જેવી વસ્તુને રાજકારણમાં પ્રમાણી છે. તે કહે છે કે, પ્રગતિને માટે કાનૂનભંગ પણ અમુક પ્રસંગે વિહિત છે; નહિ તો માનવસમાજ ગુલામ કે જડ બની જાય. પોતાના 'ડેન્જર્સ ઑફ ઓબીડિયન્સ' ગ્રંથમાં તે કહે છે,

"આપણે સમુદાયમાં રહીએ છીએ એટલે ખાસ પુરુષાર્થ વગર વૈયક્તિક મુક્તિની ખાતરી ન રાખી શકાય. આપણે ફરજ બનવીએ તે કોઈ પણ વાતને તપાસીને, નહિ કે તેને વશ થઈને; તેના સત્યને માટે આગ્રહ રાખીને, નહિ કે સૌની એકરૂપતા સધાય એ ઉત્સાહથી. સામાન્ય જનતાના જીવનમાં પોતાનું જીવન ભેળવી દઈ આપણું વ્યક્તિત્વ ગુમાવવું અને અંતરમાં પોતાને કિંમત વિનાનાં નમાલાં લાગે એવાં પ્રમાણ સ્વીકારવાં,—એમ કરવાનો હક, એક સ્વતંત્ર આધ્યાત્મિક વ્યક્તિ તરીકે, આપણને કદી ન મળી શકે. . . . નીતિમય ગણાવાના હકવાળું આજ્ઞાપાલન-માત્ર એક વાત પર આધાર રાખે છે કે, જે હેતું આપણી સામે હોય તેમાં આપણે જ્ઞાનપૂર્વક સંમત હોઈએ. તે સિવાયનું બીજું કોઈ પણ આજ્ઞાપાલન આત્મવંચના જ છે, અને જ્યારે આપણને પ્રતીત થતું સત્ય જતું કરીએ છીએ ત્યારે તે વંચનાથી આપણે સંસ્કૃતિના ભવિષ્યને પણ દગો દઈએ છીએ. . . ."

આ એમનો વિચાર તેમણે પોતાના જીવનમાં અમલમાં પણ મૂકી બતાવ્યો હતો. જેમ કે, પોતાની શરૂની કારકિર્દીમાં પ્રો. લાસ્કી અમેરિકાની હાર્વર્ડ (?) યુનિવર્સિટીમાં હતા, ત્યાં અમુક તાત્ત્વિક વિચારભેદ થતાં તેમણે તે સંસ્થા છોડી, પણ પોતે જેને અસત્ય માન્યું તેની આગળ માથું ન નમાવ્યું. વિચારમાં તે ઉદાર સમાજવાદી હતા. શરૂમાં તે લિબરલ મતના રાજકારણી હતા; પરંતુ ધીમે ધીમે તે સમાજવાદ તરફ ઢળ્યા અને વિલાયતના મજૂરપક્ષમાં જોડાયા. ઈ. સ. ૧૯૪૫માં મજૂરપક્ષ સત્તા ઉપર આવેલો ત્યારે તે એ પક્ષના પ્રમુખ પણ ચૂંટાયા હતા. પક્ષના નેતા-વર્ગમાં એમનું માન ભારે હતું. આમ, તે કેવળ પોથીપંડિત નહોતા, પણ વિદ્યા દ્વારા સેવા કરનાર વિદ્વાન અને જાગ્રત નાગરિક હતા. રાજકારણની વિદ્યાને એમના જવાથી જબરી ખોટ પડી; એ હવે તો એમનો અક્ષરદેહ જ ભાંગી શકે.

૯-૪-'૫૦ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય

[ચિત્તનિરોધના બે પ્રકારો]

માર્ચ-અંકમાં આપણે નીચેનાં બે સૂત્રો વિષે વિચાર આગળ રોકાયા હતા; તે ઉપર હવે આવીએ —

भवप्रत्ययः विदेहप्रकृतिलयानाम् ॥ १८ ॥
श्रद्धा-वीर्य-स्मृति-समाधि-प्रज्ञापूर्वकः
इतरेषाम् ॥ २० ॥

આ સૂત્રોનો શબ્દાર્થ સ્પષ્ટ છે :— भवप्रत्यय કહેવાતો નિરોધ છે તે 'વિદેહ' તથા 'પ્રકૃતિલય' સત્ત્વોનો હોય છે. તેમનાથી બીજાં જે સત્ત્વો રહ્યાં તેમનો નિરોધ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, અને પ્રજ્ઞા દ્વારા સધાતો નિરોધ છે.

અંને તેમનો અન્વય 'ચિત્તવૃત્તિનિરોધઃ' એ મૂળ પ્રકરણ જે ચાલે છે તેની જોડે છે. એવા જ અન્વયવાળાં બે સૂત્ર ૧૭, ૧૮ આપણે જોયાં, જેમાં વૃત્તિનિરોધના બે પ્રકાર — સંપ્રજ્ઞાત અને તેથી બીજો એવો, વ્યતિરેકન્યાયથી અસંપ્રાત કહેવાય છે એ, — તે જોયા. આ બે સૂત્રોમાં તે વૃત્તિનિરોધની વસ્તુને બીજા બે પ્રકારે બતાવે છે.

આ બે પ્રકારો સમજવા વાસ્તે આપણી પુનર્જન્મની તથા કર્મફળના સિદ્ધાંતની માન્યતા યાદ કરવી જોઈએ. આપણે જીવની ત્રણ ગતિ માનીએ છીએ —

૧. પુણ્યકર્મને લઈને વિદેહ એવી દેવલોકની કોઈ યોનિમાં ગતિ; અથવા

૨. ઇહલોકમાં મનુષ્યયોનિ; અથવા

૩. પાપકર્મને લઈને ક્ષુદ્ર તિર્યક્‌યોનિ.

અને આપણે માનીએ છીએ કે, પહેલી અને ત્રીજી ગતિમાં જીવ હોય ત્યારે તે નવો પુરુષાર્થ કરી શકતો નથી; પૂર્વકર્મોનાં ફળ જ ભોગવે છે અને સંકલ્પ-વિકલ્પ કે કલ્પના વગેરે રહિત હોય છે. તેમના લોક કેવળ ભોગલોક છે; એટલે માનવચિત્તની સરખામણીમાં, તે સત્ત્વો કે યોનિઓમાં કામ કરતું ચિત્ત નિરુદ્ધ હોય છે; તેથી તે 'કૈવલ્ય જેવી જ દશાનો અનુભવ કરે છે' એમ કહેવાય. પુરુષાર્થ — કે કર્મ-ભૂમિ તો માનવ લોક જ છે.

આવી માન્યતામાં શ્રદ્ધા ન હોય તોપણ એક સાદા વિચાર પરથીય તેમાં રહેલું તથ્ય તો આપણે જોઈ શકીએ છીએ. તિર્યક્‌યોનિ અને માનવયોનિ તો સૌને પ્રત્યક્ષ છે. બેઉ દેહધારી યોનિઓ છે. બેઉમાં અનેક વાતના ફરક રહેલા છે; તેમાં સૌથી નોખો પડી આવે એવો મોટો ફરક એ છે કે, આપણું ચિત્ત કે અંતઃકરણ-શક્તિ અને તિર્યક્ જીવોનું ચિત્ત જુદાં જ છે. આપણી પાસે મનઃશક્તિ પડી છે. તેથી જ આપણે 'માનવ' છીએ; તેથી જ આપણે દેશ, કાળ, ઇ૦ની કલ્પના કરી શબ્દસૃષ્ટિ, મનઃસૃષ્ટિ ને મનોરથો રચી શકીએ છીએ. અને આપણામાં જણાતી પુરુષાર્થ-શક્તિ હોય તો તે એમાં જ રહેલી છે. એમાં જ વૃત્તિઓનો સાગર જે લહેરાતો રહે છે તે લહેરે છે. એથી જ કરીને તે બધાના નિરોધનો પ્રશ્ન પણ ઊઠે છે. તેવું તિર્યક્‌યોનિનું નથી. અને તે આજનું વિજ્ઞાન પણ બતાવે છે.

આપણે જાણીએ છીએ કે, પશુ પંખી કીટ ઇત્યાદિમાં અમુક પ્રકારનું ચિત્ત તો હોય છે. કોઈ પણ જીવમાં તે હોય જ છે; માત્ર તેમાં શક્તિઓની વિવિધતા હોય છે એટલું જ. તિર્યક્‌યોનિનું ચિત્ત દેશ કાળ ઇ૦ની કલ્પના માનવચિત્ત પેઠે કરી શકતું નથી. તેને સહજવૃત્તિ કે સ્વયંબુદ્ધિ જ હોય છે; મનુષ્ય પેઠે કલ્પના, સ્મૃતિ ઇ૦ નથી હોતાં. તેઓ નૈસર્ગિક કે પ્રાકૃત દશામાં હોય છે. યોગની પરિભાષામાં કહીએ તો આ યોનિમાં મનુષ્ય પેઠે સ્મૃતિવૃત્તિ નથી.

આમ સદેહ પ્રાણીઓમાં ૧. માનવયોનિ અને ૨. તિર્યક્‌યોનિ બે અલગ સ્પષ્ટ છે.

અને વ્યતિરેકથી કહી શકાય ને આપણે માનીએ તો ખોટું નથી કે, આપણી પાંચ ઇંદ્રિયોને ગોચર નહિ એવાં પ્રાણી પણ હોય, તો તેમને 'વિદેહ' તરીકે ઓળખી શકીએ. આવાં સત્ત્વો છે એમ દરેક પ્રજા કે દરેક લોક માને છે. એમના ચિત્તનું લક્ષણ પણ મનુષ્યચિત્તથી અલગ છે.

આ સૂત્ર કહે છે કે, આમાંની જે 'વિદેહ' યોનિઓ તથા પ્રકૃતિદશામાં લીન રહેતી એવી જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રકૃતિલય' યોનિઓ છે, તેઓમાં ચિત્તનો નિરોધ 'ભવપ્રત્યય' — સહજ હોય છે. પ્રકૃતિથી જ તેમને એ સિદ્ધ છે. તેમનું ચિત્ત કેવળ પ્રકૃતિ-પ્રેરિત હોઈ, ત્યાં વૃત્તિનિરોધ સ્વાભાવિક છે.

પરંતુ મનુષ્ય માટે એથી જુદી વાત છે. તેણે, પોતાના ચિત્તની વિશેષતાને લઈને, ઉપાયે કરીને નિરોધ સાધવાનો રહે છે. શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા શક્તિ વડે તેણે એનો ઉપાય કરવાનો રહે છે. તેથી સંસ્કૃત ટીકાકારો ટૂંકમાં આ નિરોધને 'ઉપાય-પ્રત્યય' કહે છે અને યોગશાસ્ત્ર આ 'ઉપાય-પ્રત્યય' નિરોધની મીમાંસા છે. અને તે ટૂંકમાં કહે છે કે, નિરોધનો આ પ્રકાર સાધવા શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા જોઈએ. શ્રદ્ધા એ ચિત્તની પ્રસન્નતા અને તેનાં બધાં અંગોમાં એક સમરસ સમન્વિતતા પેદા કરનારી ચિત્તશક્તિ છે. તેને માટે ભાષ્યકાર કહે છે, "તે માતાની પેઠે કલ્યાણમયા છે અને યોગીનું પાલન કરે છે." શ્રદ્ધા વગર પુરુષાર્થ કે તેને માટે જોઈતી વીરતા ન સંભવે. એ બે જેની પાસે છે તે પ્રમાદમાં નહિ પડે; તેના ચિત્તમાં રહેલી આખી સ્મૃતિશક્તિ કામ દેશે. તેવાનું ચિત્ત સમગ્રતા-પૂર્વક વિકાસ સાધશે. એમાં પછી સમાધિશક્તિને જન્મવા માટે ભૂમિકા થઈ જશે. એમ એકાગ્રતા કે સમાધિભાવથી ચિત્ત કામ કરે, તો તેની પ્રજ્ઞાશક્તિ પ્રગટ થાય છે. પ્રજ્ઞા બરોબર યથાતથ કામ દે છે. એવી રીતે કામ દેનારી પ્રજ્ઞા પછી જરી જરીમાં ડગ્યા કરતી નથી. તે રીતે આગળ જનારો સાધક સ્થિતપ્રજ્ઞ થાય છે. સંકલ્પવિકલ્પ, તર્કવિતર્ક વગેરેથી ખળભળતી ચિત્તસૃષ્ટિ તેને માટે રહેતી નથી. 'વિદેહ' તથા 'પ્રકૃતિલય' સત્ત્વો પેઠે આવા યોગીનું ચિત્ત પણ સહેજે નિરુદ્ધ દશામાં રહે છે.

આ ટૂંકમાં યોગદશાના વિકાસનો નકશો છે. તે નકશાનો વધારે સ્પષ્ટ વિચાર હવે સૂત્રકાર ૪૧ થા ૫૧ સૂત્ર સુધીમાં કરે છે. તે હવે પછી જોઈશું.

૨૧–૪–'૫૦ **મગનભાઈ દેસાઈ**

માસિક વિવેચન

મંગળ સપ્તાહ

એપ્રિલ ૬થી ૧૩નું સપ્તાહ રાષ્ટ્રીય સપ્તાહ કહેવાય છે. કારણ આપણી સ્વરાજની લડત, રાષ્ટ્રના સ્વમાનની તીવ્ર લાગણી એ સપ્તાહ જોડે વણાઈ ચૂકી છે. તેથી સ્વરાજની લડતના યુગમાં એ દિવસો-માં દેશભરમાં રચનાકાર્ય જોરથી કરીને સ્વરાજનો મંત્ર જપાતો રહેતો. સ્વરાજ આવ્યા પછી પણ આ સપ્તાહ ભૂલી શકાય તેમ નથી. જોકે તેની ઉજવણીમાં આપોઆપ ફરક પડવા લાગ્યો છે.

આ વરસે એ સપ્તાહ જે રીતે પસાર થયું તે પરથી તેને મંગળ સપ્તાહ કહેવું જોઈએ. એ દરમિયાન બે મોટાં કામો થયાં : ૧. મુંબઈ રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધીના કાયદાનો અમલ શરૂ થયો; ૨. એથીય વધારે વ્યાપક એવું કામ હિંદ અને પાકિસ્તાન વચ્ચે સુલેહશાંતિના — કોમી એકતાના કોલકરાર થયા. નવા યુગમાં આ બે કામો સ્વરાજ-યુગનાં બે મોટાં રચનાકાર્યોની જ પૂર્તિરૂપ ગણાય.

૧૨–૪–'૫૦

દારૂબંધી

સ્વરાજની લડત દરમિયાન દેશના નેતાઓએ અને મહાસભાએ પ્રજાને જે પહેલપ્રથમ મહત્ત્વનાં કામો તરીકે કરવાની પ્રતિજ્ઞા કરેલી, તેમાં મદ્યનિષેધ કે દારૂબંધી એક હતું. આ કામને બંધારણસભાએ પણ બંધારણની કલમ ૪૭મીમાં ભારત સરકારની રાજ્યનીતિના એક આદેશ તરીકે ફરમાવ્યું છે. દારૂ-બંધીનું કામ તો એવું પુણ્ય નીતિશુદ્ધ છે કે, પરદેશી સરકાર પણ એ સામે તો નહીં થઈ શકતી; પરંતુ તેણે એવી બહાના-જાળ ગોઠવી રાખી હતી કે, તેમ કરવાથી લોકો છૂપો દારૂ ગાળે છે, તેથી દારૂ પીવાનું તો ચાલુ રહે છે અને સામેથી નાહક આવક ખોઈએ છીએ. એટલે સારી નીતિ એમ કહેવાતી કે, લોકોને પીવામાં નિરુત્સાહ કરવા સારુ (જાણે કે વ્યસનીઓ એ સમજી શકતા હોય!) દારૂના ભાવ ઊંચા રાખવા ને 'મધ્યમસરની ચાલ'નો વાંઝિયો ઉપદેશ આપતા રહેવું. જ્યારે દારૂબંધીની વાત થાય ત્યારે અંગ્રેજ સરકાર આમ ઓડિયા ભરાવતી. અને એવી વાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દલીલો હજી કેટલાક કરે છે. વાત માત્ર એક જ હતી કે, તે રસ્તે તેને વાર્ષિક કરોડો રૂપિયાની આવક થતી. અને આ આવકનો એણે કેળવણીની જોડે આડો સંબંધ કરી આપ્યો હતો. બાકી દેશનો લોકમત દારૂબંધીનું પગલું ભરવા ક્યારનો તૈયાર હતો. ખૂટતું હતું માત્ર સરકારે કાયદો કરીને તે સુધારાને માટે આવશ્યક એવું તે પગલું ભરવાનું. એ પગલું મુંબઈ પ્રાંતે ભર્યું છે, અને તે રીતે દેશમાં જે ઉમદા પહેલ કરી છે, તેને માટે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આથી કરીને લાખો સ્ત્રી-બાળકોની કકળતી આંતરડી ઠરશે અને પગલું ભરનારાને દિલની દુવા દેશે.

૧૩–૪–'૫૦

સફળતાનો ખોટો ખ્યાલ

દારૂબંધીના સુધારાની સફળતા ખરું જોતાં તો તેનો કાયદો થયો એ જ ગણાય. કેમ કે લોકોમાં પીનારા ૧૦ ટકાની અંદર જ હતા. કાયદો થવાથી તેમાં ઘટાડો જ થવાનો, કેમ કે તેઓને પણ જો પ્રજાએ પીતા રોકવા હોય તો કાયદેસર દારૂ પહોંચતો કરવાનું મોટું કલાલું સરકારે બંધ કરવું જોઈએ. આ પગલું હવે ભરાયું, તેથી પ્રજાકીય સુધારા માટે છેલ્લી વાત સધાઈ, અને એમ પ્રજાની વરસોથી મંડાયેલી દારૂબંધીની સુધારણાનું કામ સફળ થયું છે.

પરંતુ કેટલાક લોક એવો ભ્રમ ઊભો કરે છે કે, કોઈ દારૂ જ ન પીએ એવું લોકમાં થાય ત્યારે કાયદાની સફળતા થઈ મનાય. આવા લોકો પછી પોલીસ કોર્ટમાં દારૂના કેસોની સંખ્યા દેખાડીને ગભરાવે છે ને બુમરાણ માંડે છે કે, જુઓ દારૂબંધી-ના હાલ! આ તો એક વિચારદોષ અને ભ્રમિત ખ્યાલ છે, અને આમ જ અંગ્રેજી રાજ્યકાળમાં સરકાર દારૂબંધીના કાયદા સામે વિચાર-જાળ રચતી. કોઈ પણ કાયદાનો ભંગ કરનારા કોર્ટોમાં તો આવવા-ના જ. તેમ દારૂબંધીનું પણ થશે જ. એટલે સાચો વિચાર તો એ કહેવાય કે, જેમ ચોરી સદંતર બંધ નથી થતી, દગોફટકો બંધ નથી થતો, ખૂન બંધ નથી થતું, ઇ૦; તેથી કાંઈ એમ દલીલ ન કરી શકાય કે, એ બધા ગુના રોકવા માટેના કાયદા નકામા ગયા કે જરૂરી નથી. ગુના કે અનીતિ બંધ કરવાનું કામ કાયદાનું અને પ્રજાના નીતિધર્મ બંનેનું છે; પણ તે દરેક પોતપોતાની રીતે કામ કરશે. તેવું જ દારૂના ત્યાગ અંગેનું છે. દારૂ પીવો એને કાયદો હવે ગુનો ગણે છે; તેથી રાજ્ય તેના ભંગ કરનારને પૂછશે ને સજા કરશે. ચોર ડાકુ પેઠે, આ નવો ગુનો કરનારા પણ છટકવા મથશે. સરકાર તેમને પણ પકડવા માટે તકેદારી રાખશે. આ કામ શુદ્ધ દાનતથી થાય એટલે કાયદો સફળ થયો ગણાય. આમાં પ્રજાનો પૂરો સહકાર હોય તો ખૂબ સારું પરિણામ લાવી શકાય. પરંતુ કાયદો થવાથી પણ પીનારાના કેટલાય ટકા આપોઆપ ઓછા થવાના. ગુનો કોઈ રોજ રોજ અને બધાથી થઈ નથી શકતો. નવા શિખાઉ તો નહીં જ વધવાના, એમ સામાન્ય રીતે ગણાય. જે દેશમાં ૯૦ ઉપર ટકા પીતા જ નથી, ત્યાં દારૂબંધીના કાયદાની સફળતા વિષે શંકાભરી વાતો ઊઠે એ જ વિચિત્ર નથી?

૧૩–૪–'૫૦

પં૦ જવાહરલાલજીકી જય

પં. જવાહરલાલજીની જય ઘણી વાર આપણે બોલાવી છે. તેને માટે નવો એક ભવ્ય પ્રસંગ તેમણે હિંદ-પાકિસ્તાનના કોલકરાર સાધ્યા તે છે. પૂર્વમાં જે અમાનુષી અત્યાચારો થયા, તેથી પંડિતજીને થયેલાં ચિંતા, ઊંડી યાતના, અને અપાર હૃદયવ્યથાની તો કલ્પના જ કરવાની રહે છે. અને એ સામે એમને ક્રોધ પણ નહીં થતો હોય? પણ દેશમાં તો તેની માત્રા જ વધારેપડતી દેખાતી હતી. તે આંધળા ક્રોધ ઉપર ઠરેલ શાંતતા અને ગંભીર વિચારની મક્કમતાનો કાબૂ મૂકવાનું કામ પંડિતજીએ કર્યું, એ એમની એક મોટી જબરી જીત છે. એ માટે વ્યક્તિ તરીકે તેમને અને તેમાં મદદ કરનારી દેશની બધી સરકારો-ને ધન્યવાદ ઘટે છે, હિંદપાકિસ્તાનની બગડેલી બાજી સુધારવામાં આ કરારો મદદરૂપ થાઓ, એ જ સૌએ અંતરમાંથી ઇચ્છવું જોઈએ.

૧૩–૪–'૫૦

સંસ્કૃતની પરીક્ષાઓ

સંસ્કૃતની પરીક્ષાઓ ચલાવવાની પ્રવૃત્તિ શરૂ થયેલી જાણવા મળે છે. પાઠશાળાઓ માટે કાશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેની પરીક્ષાઓ લેવાય છે, એ આ નથી; પણ રાષ્ટ્રભાષાની પરીક્ષાઓ પેઠે સંસ્કૃતની લેવાનો આ ઉપક્રમ લાગે છે. અને આ કામ હાઈસ્કૂલોમાં શિક્ષકો મારફત ચાલતું લાગે છે. એની પાછળ ભાવના એવી બતાવવમાં આવે છે કે, આ એક સાંસ્કૃતિક ચળવળ છે ને સંસ્કૃત જેવી દેવગિરાનું પુનરુત્થાન તેનો ઉદ્દેશ છે.

આમ તો આ વાત રૂપાળી લાગે છે. પરંતુ સંસ્કૃત હાઈસ્કૂલોમાં એક ભાષા તરીકે છે જ. તેને માટે જુદી આવી પ્રવૃત્તિની જરૂર ખરી? સામાન્ય પ્રૌઢો પણ સંસ્કૃત શીખે એવું તો એમાં ન જ મનાયું હોય. આર. એસ. એસ.ની 'સાંસ્કૃતિક' ચળવળ આ છે કે શું? તેના જીર્ણોદ્ધારવાદનો જ એક ફણગો જો આ હોય, તો એ વિષે સમાજે સાવધ રહેવું જોઈએ. બાકી અનેક ભાષાઓ ભણીએ તેમાં સંસ્કૃત જેવી મહાન ભાષા પણ હોય, એ તો ઇષ્ટ જ છે. પણ એનું સ્થાન આજેય શિક્ષણતંત્રમાં ઠેઠ સુધી અંકિત છે.

૧૩–૪–'૫૦

શ્રી. રમણ મહર્ષિનું નિર્વાણ

આજના નાસ્તિક અને વિજ્ઞાનજડ યુગમાં પણ હિંદની ધાર્મિક અને આધ્યાત્મિક વિશેષતાનો આખા જગતને પરચો આપી શકે એવી આજની ત્રણ વિભૂતિઓ એક પાશ્ચાત્યે જ ગણાવી હતી: ૧. શ્રી. અરવિંદ ઘોષ, ૨. શ્રી. રમણ મહર્ષિ, ને ૩. શ્રી. ગાંધીજી. તેમાંથી ગાંધીજી પછી હવે એક બીજી વિભૂતિ નિર્વાણ પામે છે. એવાના જવાનો શોક કરવો શોભે નહિ. જોકે બુદ્ધના શિષ્યો પેઠે, શ્રી. રમણ મહર્ષિનો પાર્થિવ દેહ જવાથી, તેમના શિષ્યો પણ દુઃખ તો કરતા હશે. શ્રી. મહર્ષિ એક સાદા માણસ હતા; આજની ભણતરની કલ્પનાને હિસાબે ભાગ્યે જ તેમને ભણેલા પણ કહેવાય. પરંતુ ધર્મ અને અધ્યાત્મ-જીવન ભણતરનો વિષય નથી. નાની વયે તે સાધના કેડે નીકળી પડ્યા હતા અને ઉત્કટ પ્રેમભક્તિથી તેમણે શાંતિ અને સ્વરૂપસ્થતા મેળવ્યાં હતાં, એમ એમના અનેક દર્શનાર્થીઓ અને ભક્તો પર છાપ પડી છે. દક્ષિણમાં આશ્રમ સ્થાપી ત્યાં તે સ્થિર રૂપે રહેતા. તે બહુ પ્રવાસયાત્રા કરતા હોય એમ જાણ્યું નથી. આશ્રમમાં જઈ હરકોઈ એમનાં દર્શન કરી શકતા હતા. સૌ સાથે તે વાતો કરતા અને બધા જોડે એક પંગતે જમતા. ગો-સેવા એમનો એક શોખ હતો સાંભળ્યું છે. સાદું નામસ્મરણ અને પ્રભુભજન એવો સંતોને લાધેલો સાદો આમ-માર્ગ તે ઉપદેશતા હતા. તેઓ ભજનો સ્તોત્રો પણ રચતા.

આવા પુરુષો પાછળ રહેનારા લોકો તેમના ઉપર સંપ્રદાય રચે એ એક આપણી જૂની ટેવ છે. આજનો જમાનો એ જાતની ભક્તિને પોષવા જેવો નથી. શ્રી. મહર્ષિના શિષ્યોએ આ સંભાળવું જોઈએ.

૨૦–૪–'૫૦

નિબંધ હરીફાઈ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪, ના મંત્રીએ નીચેની જાહેરાત પ્રસિદ્ધ કરવા મોકલી છે:—

"સ્વ૦ કરસનદાસ મૂળજી સ્મારક ભંડોળની યોજના મુજબ તમામ ગુજરાતી બોલતાં કૉલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને જાહેર નિમંત્રણ આપવામાં આવે છે કે, એમણે ગુજરાતી ભાષામાં "આપણી નવલકથાઓમાં પ્રતિબિંબિત થતું ગુજરાતનું સામાજિક જીવન" એ વિષય ઉપર એક નિબંધ ૫૦ ફૂલ્સકૅપ કાગળના કદનો લખી તા. ૩૦–૬–૧૯૫૦ સુધીમાં નીચેના સરનામે સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, જે કૉલેજમાં અને જે વર્ગમાં પોતે ભણતા હોય તેની વિગત, સર્ટિફિકેટ અને પોતાના સરનામા સાથે મોકલવો.

"વિદ્યાર્થીઓના એવી રીતના આવેલા નિબંધોમાંથી જેનો નિબંધ શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ નીમેલી ત્રણ વિદ્વાનોની સમિતિ પસંદ કરશે, તેને રૂ ૫૦) સુધીનું એક, તેમ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી એ જ રીતે જેનો નિબંધ પસંદ થશે તેને રૂ. ૫૦) સુધીનું એક, એમ બે ઇનામો આપવામાં આવશે. . .

"વિશેષ જરૂરી વિગત માટે (ઉપર જણાવેલા) સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નોંધ : આ હરીફાઈ ગુજરાતી બોલતી સઘળીયે કોમો માટે ખુલ્લી છે"

૨૦–૪–'૫૦

કાળાં બજાર અને મોતની સજા

વડી ધારાસભામાં અ૦ કે. ટી. શાહે એવો ઠરાવ આણેલો કે, કાળાબજારિયાને મોતની સજા કરવી જોઈએ ! ક્યાંક ભાષણ કરતાં ભાવોદ્રેકથી કદાચ આવું કહી નાખીએ એ જુદી વાત; બાકી ધારાસભામાં આ વાત પસાર કરાવવાની તો કોઈ ભાગ્યે આશા રાખે. એનો અર્થ એમ નથી કે, કાળાં બજાર ઓછાં તિરસ્કારપાત્ર છે. એને દાબવાની સફળ રીત મુસ્કેલ છે; અથવા જો પ્રજા ખરેખર ચાહે તો સાવ સહેલી છે.

આ અંગે મુંબઈના 'બોમ્બે ક્રૉનિકલે' એક વાત લખી તે સાવ સાચી છે કે, કાળાબજારિયાને સમાજ પ્રતિષ્ઠા આપે છે તે બંધ થાય તો બહુ ફેર પડે. સરકાર પણ જે લોકોને નોતરી કરીને પ્રતિષ્ઠા આપે છે તેમાં આ વાત જુએ છે? લોકો જેમની મોટાઈ માને છે, તેમાં કાળાં બજારના ધંધા કરનારા વકીલ વેપારી વગેરે અનેક જાતના લોકોનો વિચાર રાખે છે? એ ન થાય ત્યાં સુધી ઝાઝો ફેર નહીં પડે. અને તેથી બીજી રીતે કામ કરવું અઘરું થાય છે, તેનું કારણ પણ એ જ. જે સમાજમાં सर्वे गुणाः कांचनमाश्रयन्ते માનસૂત્ર બન્યું હોય ત્યાંનો આખો પુરુષાર્થ પછી મુખ્યત્વે એક જ બની જાય धनान्यर्जयध्वम् धनान्यर्जयध्वम् — યેનકેન પ્રકારેણ ધન કમાઓ; ત્યાં પછી કાળું શું કે ધોળું શું ? પણ તેથી સમાજ-હિતનું શું રંધાયું? એટલે મોતની સજા ફરમાવવી હોય તો કાળાંબજારિયાંના માન-આબરૂ અને મોભા મરતબાને તે ફરમાવવાથી કામ સરે. વ્યવસ્થિત સમાજ આમ જ પોતાની નીતિને માટે બંદોબસ્ત કરે છે.

૯–૪–'૫૦

અઘટિત દબાણને વશ થવાય?

બેત્રણ મિત્રો પાસેથી દોઢેક માસ ઉપર જાણવા મળેલી એક વાત હવે અમદાવાદમાં છાપે પણ ચડી છે. તે મને ચડાવવા જેવી નહિ લાગેલી, તેથી એ બાબતમાં થોડુંક ઘરમેળે જોઈ લઈ સંતોષ માનેલો. પરંતુ 'સંસ્કૃતિ'ના એપ્રિલ અંકમાં એ વિષે "આચાર્યશ્રીને બહુમાન?" મથાળે નોંધ વાંચીને લાગ્યું કે, ન્યાયને ખાતર પણ આ બાબતમાં કાંઈક લખવું જોઈએ.

મને મિત્રો પાસેથી ઊડતી વાત મળી તે ઉપરથી, તેને અંગે એક મિત્રને મેં ખાનગી ચિઠ્ઠી લખી કે,

"બેચાર જગાએથી સાંભળ્યું કે . . . ને નામે કાંઈક શિષ્યવૃત્તિ કે કશુંક કરવા માટે પ્રોફેસરોમાં ઉઘરાણું કરાય છે અને તેમાં દરેક પાસે એક માસનો પગાર માગવામાં આવે છે, અને પ્રોફેસરો કચવાઈને તે આપે છે, એવો કચવાટ ચાલે છે. આ ખરું છે? . . . ના શા અંગે આ સ્મારક—જો ખરી વાત હોય તો—વિચારાય છે? ખાનગી રૂપે આ પૂછું છું એમ માનશો."

સદરહુ મિત્રે અંગત રૂપે મને તરત લખ્યું કે,

"આશરે છએક વર્ષ ઉપર જ્યારે . . . . નિવૃત્ત થયા, ત્યારે તેમના વિદ્યાર્થીઓ, મિત્રો, શુભેચ્છકોએ ફંડ* શરૂ શરૂ કરેલું. તેના પૈસા વડોદરા, ભાવનગર, અમદાવાદ, મુંબઈ, કલકત્તા વગેરે સ્થળોએથી ઉઘરાવાય છે.

"ફંડનો ઉપયોગ ગુજરાતમાં કોઈ 'એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ' કે એવા શુભ કામ માટે કરવાનો છે. ફંડ મરજિયાત છે, એટલે જેને આપવું હોય તે આપે. દબાણથી ઉઘરાણું થતું હોય એમ મને ખબર નથી. જેને ન આપવું હોય તે ન આપે, એમાં કાંઈ વાંધો મને દેખાતો નથી."

આ પત્રવ્યવહાર તે મિત્રની પરવાનગીથી હવે હું અહીં ઉતારું છું. જેમને અંગે આ ચર્ચા છે તેમનું નામ મેં નથી આપ્યું, કેમ કે જે મુદ્દો પ્રસ્તુત છે તે જોતાં તે જરૂરીય નથી.

કોઈ પણ પ્રકારનું અઘટિત દબાણ ઉઘરાણામાં હોવું ન ઘટે, એ સૌ કોઈ કહેશે. પરંતુ આપણે

*આ નોંધ લખ્યા પછી આ ફંડની જાહેર અપીલ અમદાવાદના છાપામાં બહાર પડી છે. ૨૫–૪–'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણીએ છીએ કે, વ્યવહારમાં લોકો અમુક દબાણુ પોતે થઈને — ભય કે લોભ લાલસાથી — ભોગવે છે; અને વળી ઉઘરાવવા જનાર કોણુ છે તેના ઉપર પણુ રકમનો આધાર રહે છે. વ્યવહારના વણાટના તાણાવાણા આવા હોઈ, દોષ અમુક એકનો જ ન કાઢી શકાય.

પ્રસ્તુત કેસમાં દબાઈને મોટી રકમો આપનારાઓ હોય તો તે સામાન્ય માણુસો નથી; તેઓ વિદ્યાપ્રેમી, 'એકેડેમિક' સ્વાતંત્ર્યના અભિમાની એવા કૉલેજના પ્રોફેસરો છે, એમ કહેવાય છે. દબાણુ હોય તો તેઓ તેને વશ કેમ થયા, એ પણ પૂછવા જેવું છે. અને બધા જ વશ થયા છે કે થોડા? એવો ફેર હોય તો તે શાથી પડ્યો છે, એ પણુ જોવું જોઈએ. છેવટે જોતાં, 'સંસ્કૃતિ'માં કહેલું 'રોગ-ચિહ્ન' જો હોય તો તે પ્રોફેસરોની આવી દબાણુ-વશ રજામંદીમાંય રહેલું છે, એમ નહિ? અઘટિત દબાણુમાં તો દોષ છે એ ઉઘાડું છે. પરંતુ લોકશાહી સ્વતંત્રતા માટે જરૂરનું એ છે કે, તેના ભોગ બનતા લોકો તેને વશ ન થાય, કેમ કે ભય અને લાલચ પર ખેલી ખાતી અઘટિત દબાણુશક્તિનો આખરી આમ-ઇલાજ તો એ જ ગણાય.

૧૦–૪–'૫૦

'પ્રાદેશિક યુનિ૦નાં પ્રથમ ફળ'

ગયા અંકમાં આ જ મથાળાથી યુનિવર્સિટીઓને જે નાણાભીડ ઊભી થઈ તે તરફ ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર બાદ જે ખબરો મળે છે તે પરથી વળી વધુ ફળ જોવા મળે છે, જે સાવ અણધાર્યાં ન રહેવાય.

આ નવી યુનિવર્સિટીઓ સાથે ફરજિયાત જોડાણને માટે અમુક પ્રદેશ નિયત કરવામાં આવે છે; એ એની રચનાનો પાયો છે; અને તેથી તે "પ્રાદેશિક" કહેવાય છે. આમ પ્રાદેશિકતા અંકિત કરવામાં બે ખ્યાલ હતા એમ કહી શકાય—

૧. પ્રાદેશિક ભાષાના ઉત્કર્ષને માટે કામ કરી શકાય; એટલે કે, તેના માધ્યમ દ્વારા શિક્ષણુની જોગવાઈ કરવાનું બની શકે.

૨. ભાષાવાર પ્રાંતરચનાના રાજ્યવહીવટી પ્રશ્નમાં પહેલા પગથિયા તરીકે કામ દે.

પહેલો ઉદ્દેશ મૂળ હતો અને તે સારો હતો. પરંતુ ૧૯૪૨ પછી જયકર-સમિતિએ મહારાષ્ટ્ર માટે યુનિવર્સિટીનો વિચાર કર્યો તેમાં બીજો વિચાર આગળ કર્યો. (જુઓ શિ૦ સા૦ ના જુલાઈ–ઑગસ્ટ, '૪૯ના અંકમાં પાન ૨૧૦ ઉપર તે રિપોર્ટમાંથી આપેલો ઉતારો તથા તે અંગે વિવેચન.)

આ બંને ઉદ્દેશોમાંથી આજે શું થતું જોવા મળે છે તે હવે જોઈએ.

ગયા અંકની નોંધમાં એવી શુભાશા બતાવેલી કે, (આ નવી યુનિવર્સિટીઓ) 'હવે રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીના શિક્ષણમાં અને સ્વભાષાના માધ્યમના ઉત્કર્ષમાં મક્કમ ડગલે આગળ વધે.' એ અંગે પૂના યુનિવર્સિટીની છેલ્લી બેઠકમાં થયેલી ચર્ચા છાપામાં બહાર પડી છે, તે પરથી જણાય છે કે, તે સંસ્થામાં મરાઠી માધ્યમનો વિચાર સરખો રજૂ કરવામાં નાહકની મુશ્કેલીઓ નંખાયે છે. અને હિંદી ભાષાને આવકાર આપવા બાબતનું વલણુ તો મુંબઈ યુનિ૦ની સેનેટમાં જે થયું તે પરથીય કળી લેવાય. (જુઓ ગયા અંકની નોંધ – "બંધારણનું અપમાન?" પા. ૧૨૪)

બીજી બાબત પ્રાદેશિકતાની છે. આનાં ફળ વધારે ગંભીર આવે એવી બીક છે. અત્યારે સદ્ભાગ્યે ભાષાવાર પ્રાંતરચનાની આંતરપ્રાંતીય ખેંચાખેંચી શાંત પડી છે; ત્યાં યુનિવર્સિટીની આ પ્રાદેશિકતા તેને આડકતરી રીતે પ્રેરતી લાગે છે. અથવા કહો કે, પ્રાદેશિક યુનિવર્સિટી દ્વારા એ ઝઘડો પાછો ફૂટતો લાગે છે. જેમ કે, બેલગામની કૉલેજ અંગે કર્ણાટક ને પૂના યુનિવર્સિટી વચ્ચે ખેંચાખેંચી ચાલતી લાગે છે. વળી પૂના યુનિવર્સિટીએ ઠરાવ કર્યો છે કે, અમુક ભાગોને અમારી પ્રાદેશિક હકૂમતમાં મૂકો, જેમાં ડાંગનો પ્રદેશ મંગાયો છે.

પ્રાદેશિક યુનિવર્સિટીની આ જાતની કામગીરી ચિંતાજનક ગણાય.

૧૭–૪–'૫૦ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

આપણી શ્રેષ્ઠ નવલિકાઓ: સં૦ ગુલાબદાસ બ્રોકર; પ્ર૦ ધિ નેશનલ ઇન્ફર્મેશન એન્ડ પબ્લિકેશન્સ લિમિટેડ, મુંબઈ; કિં૦ રૂા. ૩-૮-૦; પૃ૦ ૨૦૮.

આ પુસ્તકમાં જુદા જુદા લેખકોની બાર વાર્તાઓનું સંપાદન આપણા નવલિકા સાહિત્યના અભ્યાસી શ્રી. ગુલાબદાસ બ્રોકરે કુશળતાપૂર્વક કર્યું છે. શ્રી. ગુલાબદાસ આપણા પ્રથમ પંક્તિના એક નવલિકાકાર છે. વળી એમનો ‘આપણા સાહિત્યની તેમ જ પરસાહિત્યની નવલિકાઓનો અભ્યાસ જેટલો વ્યાપક તેટલો જ ઊંડો છે.’ અને ‘કલાતત્ત્વની અને કલાસિદ્ધાંતોની એમની સૂઝ જેટલી સ્પષ્ટ અને સ્વચ્છ છે, તેટલી સત્યનિષ્ઠ’ છે. તેથી એમને હાથે થયેલું આ સંપાદન વૈવિધ્યનું ને કલાવૈભવનું સુંદર દર્શન કરાવે છે.

આ સંગ્રહમાં બાર વાર્તાઓ જ લેવામાં આવી છે. અવશ્ય આપણી નવલિકાનું સાહિત્ય એટલું સમૃદ્ધ તો છે કે આ કરતાં પણ મોટો સંગ્રહ થઈ શકે. તેથી જ એક રીતે જોતાં માત્ર બાર નવલિકાઓ અને તેયે શ્રેષ્ઠ નવલિકાઓ ચૂંટીને મલયાનિલથી શ્રી. ચૂનીલાલ મડિયા સુધીના આપણા નવલિકાકારોને સ્થાન આપી શકાય એ કાર્ય નાનુંસૂનું તો નથી જ. પરંતુ આવી મર્યાદા સ્વીકારીને પણ આપણા વિકસતા જતા ટૂંકીવાર્તા સાહિત્યનાં બધાંયે અંગોનું બની શકે એટલું પ્રતિનિધિત્વ ધરાવી શકે એવી વાર્તાઓનો સંગ્રહ કરવામાં શ્રી. ગુલાબદાસ સફળ થયા છે.

આ સંગ્રહમાં મલયાનિલની ‘ગોવાલણી’, કનૈયાલાલ મુનશીની ‘શામળશાહનો વિવાહ’, ધૂમકેતુની ‘રજપૂતાણી’ અને સ્નેહરશ્મિની ‘આંખ’ જેવી નવલિકાઓ જે સુવિખ્યાત થયેલી છે એને સ્થાન મળ્યું છે એ યોગ્ય છે. એમાં પણ સંપાદકને ઠીક ઠીક પરિશ્રમ પડ્યો તો હશે જ. પણ એમની ખરી શક્તિ તો બાકીની નવલિકાઓની પસંદગી કરવામાં દેખાઈ આવે છે. દ્વિરેફની ‘ખેમી’ કે ‘મુકુંદરાય’ કે ઊર્મિકાવ્ય સમી ‘જમુનાનું પૂર’ને લેવાને બદલે અનેક મહત્ત્વાકાંક્ષાઓ, વિજયની યોજનાઓ, તર્કોને મૂર્ત કરવા મથતા અને એના જ ભોગ બનેલા ‘બુદ્ધિવિજય’ને જ પસંદગી આપવામાં આવી. રાજેશ્વરનાં પુસ્તકો, જીવનકલ્પનાઓ, નવરચનાનાં તેનાં સ્વપ્નો ... એમાંથી પ્રેરણા લઈ જીવન ઘડવા મથતાં વીરમતી અને પ્રદ્યોતના ભાવિ લગ્નસુખને ન સાંખી શકનાર રાજેશ્વરનું આલેખન કરી માનવ મનની એક હીન બાજુને વ્યક્ત કરતી, ઝવેરચંદ મેઘાણીની ‘હું’ નવલિકાને આમાં સ્થાન આપ્યું. ઉમાશંકર જોષીની ‘ગુજરીની ગોદડી’માં નિર્મળ હૃદયોનાં સંવેદનોમાંથી જાગતું સંજીવન રૂપ સંગીતને પણ આમા વહેતું કર્યું છે. ત્યારે વહાલસોયા પિયરને છોડી સાસરે જતી શબુને રાક્ષસસમા સસરો અને એનો પતિ ગળું ટૂંપી મારી નાખી રેતીમાં દાટી ચાલતા થાય છે, તેનું ભીષણ અને કરુણચિત્ર આલેખી માનવમાં રહેલી પાશવતાને મૂર્ત કરતી, સુન્દરમની ‘માને ખોળે’ કરુણ ગાન સંભળાવે છે. પરપુરુષ સાથે વાત કરતી નિહાળી ‘अतिस्नेहः पापशङ्की’એ સૂત્રને તરત જ અમલમાં મૂકી, એને ખાતર ઘરબાર, સગાંવહાલાં બધું છોડીને એની સાથે રહેનાર આયેશાને તલ્લાક આપનાર ‘ગુલામદીન ગાડીવાળો’ પણ ગુલાબદાસની એક કૃતિ તરીકે આવે છે. પન્નાલાલ પટેલની ‘સુખદુઃખનાં સાથી’ માંનાં આંધળી જમના અને લૂલો ચમન ગરીબની દુનિયામાં પણ કાવ્યને સ્પંદતું કરે છે. કરસનદાસ માણેકની ‘માલિની’આજકાલનું શિક્ષણ પામતી કેટલીક છોકરીઓની મનઃસૃષ્ટિનું તાદૃશ આલેખન કરે છે. માલિનીને કયો રોગ હતો તેની ચોક્કસ માહિતી એક જ જણને હતી: વન વટાવી રહેલાં માલિનીનાં નાની કંકુડોશીને! માલિનીની શાળામાં ભણતો મૅટ્રિકનો વિદ્યાર્થી પ્રવીણના પ્રેમમાં પડેલી માલિનીને નિષ્ફળતા મળતાં આ રોગે દેખા દીધી. ત્યાર પછી મૅટ્રિકમાં આવી એટલે ત્રિવેદી માસ્તરના પ્રેમમાં પડી અને નિષ્ફળતા મળતાં એ રોગ ફરીને ઊમટી આવ્યો! પછી કૉલેજમાં ઇન્ટરમાં આવી એટલે કૉલેજના માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. જોશીના હાથમાં સપડાઈ ગઈ અને એકસો ને તેર દિવસો સુધી એ આનંદ લૂંટી શકી અને રજા પછી જુએ છે તો પ્રાધ્યાપક તો બીજીને પરણી ચૂક્યા હતા. અને રોગે પાછું દર્શન દીધું! આમ આ નવલિકા આજના ભણતરની એક દુઃખદ અને અધોગતિમૂલક બાજુનું દર્શન કરાવે છે. ચૂનીલાલ મડિયાની ‘કમાઉ દીકરો’માં લખુડો ગોવાળ ગલા શેઠના પાડાને પોતાને ત્યાં રાખે છે. પોતાનો જુવાન દીકરો રાણો કોગળિયાનો ભોગ થઈ મરી ગયો હતો તેનું આશ્વાસન પાડાના ઉછેરમાં લે છે અને ભવિષ્યમાં એ પાડો ‘કમાઉ’ દીકરાની ગરજ સારશે એ લોભે મોટો કરે છે. એમાં ગલા શેઠનો પણ સ્વાર્થ ભળે છે અને આખરે પાડો જ લખુડાનો જીવ લે છે એ આખો હૃદયદ્રાવક પ્રસંગ આલેખાય છે.

આ રીતે જોતાં આ સંગ્રહમાં માનવહૃદયની ધીરગંભીર કે લલિતમનોહર ઊર્મિનું કલામય આલેખન કરતી, ચિત્તના વિચારતંત્રને જગાડી અદૃષ્ટપૂર્વ ક્ષેત્રોમાં અનુભવયાત્રા કરાવતી નવલિકાઓ છે. એમાં કવિતાના માધુર્યનું દર્શન થાય છે, ને મર્મવેધી કટાક્ષની તેજીલી ધાર પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું બીજું ધ્યાન ખેંચે એવું લક્ષણ ગુલાબદાસ બ્રોકરે પ્રારંભમાં લખેલા બે લેખ છે: 'ટૂંકી વાર્તાનું કલાસ્વરૂપ' અને 'ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા.' આ બંને લેખમાં સંપાદકનો અનુભવરાશિ ઠલવાયેલો છે. ખરેખર એમના સર્વાંગીણ અભ્યાસના પરિપાક જેવો પહેલો લેખ આ સંગ્રહને વધુ શોભાસ્પદ બનાવે છે. અને બીજા લેખમાં સંપાદકે ગુજરાતી સાહિત્યમાં નવલિકાના ઇતિહાસની સુરેખ અને આછી રેખા દોરી અભ્યાસપૂર્ણ સમીક્ષા કરી છે.

ગુજરાત આ સંગ્રહને આવકારશે એ નિઃશંક છે.

— સુ૦ કં૦

ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો: લે૦ ડૉ૦ શંકરલાલ કવિ, પ્રકા૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પૃ. ૯૬, કિંમત ૦–૧૦–૦.

આ પુસ્તકમાં ૪૨ જાતનાં સ્થાવર–જંગમ ઝેરના તાત્કાલિક ઉપાયો આપવામાં આવ્યા છે. જોકે તે બધા જ ચોક્કસ અને અદ્યતન ઇલાજો નથી. લેખકે તે સંગ્રહવામાં સારી મહેનત કરેલી છે, જે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સર્પવિષના ઉપાયો માટે લેખકે ૨૫ પાન રોક્યાં છે. આખા પુસ્તકનો ચોથો ભાગ! મારે ખેદ સાથે પણ અત્યંત નમ્રતાપૂર્વક લેખકને તેમ જ વાચકોને જણાવવાની ફરજ પડે છે કે, એ ૨૫ પાનની લેખકની મહેનત ફૂટી પડી છે. આવા બધા જ ઇલાજો — અને હિંદમાં સર્પદંશ ઉપર વખણાઈ ગયેલી બધી વનસ્પતિઓને કસોટી પર ચડાવી જોતાં તે વ્યર્થ નીવડી છે. ચારે જાતના ઝેરી સાપોનો એકમાત્ર ચોક્કસ ઇલાજ 'સર્પવિષનાશક સીરમ' જ છે. એ છેલ્લામાં છેલ્લો ને સો ટકા સિદ્ધ ઉપાય છે.

સર્પવિષના તાત્કાલિક ઉપાયોમાં તો બંધન, ચૂસવું, બાળવું, કાપવું વગેરે છે. પછી પોટેશિયમ ઘસવાનું. આ તાત્કાલિક ઇલાજો. દવાઓ કરતાં આ ઇલાજો સ્થાનિક વિષને રક્તમાં જવું અટકાવી દે.

પ્રસ્તુત પુસ્તકમાં આપેલા સર્પવિષના ઇલાજો અચોક્કસ છે ને વ્યર્થ નીવડેલા છે, એટલે એમાંના એકને પણ સર્પવિષનો સિદ્ધ ઇલાજ ગણવાનું સાહસ કોઈ પણ માણસ ન કરે એ જ ઇષ્ટ છે.

વળી ચીતરો — Rusell's Viper પણ સાપ જ છે. તેને માટે અલગ પ્રકરણ પાડવાની કંઈ જ જરૂર નહોતી. ચીતરા સાથે જ ફૂરસા આવત. એ જરાયુજ કોટિના સર્પના ઝેરની અસર અને નાગકુળના (અંડજ) સર્પના ઝેરની અસર અલગ હોય છે. પણ તેમને માટેનું જે સંમિશ્ર સીરમ Polyvelant Serum આવે છે, તે ગમે તે પ્રકારના ઝેરી સાપ પર અટલ ઇલાજ નીવડે છે.

સર્પપ્રકરણમાં લેખકે કેટલીક વનસ્પતિઓનાં નામ આપ્યાં છે. દા. ત. કુલકમૂલ, કંરેરઆ, કરાબી વગેરે વનસ્પતિઓ તે કઈ તે સમજાતું નથી.

ત્યાર પછીના અફીણના વિષયમાં જો 'સ્ટમકપંપ'થી હોજરી ધોવાની વાતનો પણ ઉલ્લેખ કર્યો હોત તો સારું થાત. ગરમ પાણી પાઈ પાઈને કરાવેલી ઊલટીઓ પણ આવી ગરજ સારે. વળી ઝેરનું ઓસડ ઝેર પણ હોય છે. દા. ત. અફીણની અસર એટ્રોપિન દૂર કરી શકે, ઝેરકાચલાં કરી શકે; પાછલાં બેની અસર અફીણથી શમી શકે.

આમ લેખકને તેમ જ પ્રકાશકને અમારી વિનંતી છે કે, પ્રજાના હાથમાં ગમે તેવા ઇલાજોની યાદી નહીં પણ ચોક્કસ ને અદ્યતન ઇલાજો મૂકો કે જેથી તે તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકે.

પુસ્તકમાં અંતે પૃ. ૮૫થી આપેલા કોશમાં અશુદ્ધિઓ છે, તે દૂર કરવી જોઈએ. દા. ત. 'કંથેર' શબ્દ બરાબર નથી; 'કંથાર' જોઈએ. તેનું મરાઠી कुडकी નહિ. કુડકી કડુ માટેનો મરાઠી શબ્દ છે. કંથાર માટે મરાઠી કંથારી છે. કાકીડા માટે હિંદી ગિરગિર નહિ પણ ગિરગીટ હોવું જોઈએ. ભૂરું કોળું મૂળ કોણ્લા કરેલું છે, તે કોહલા જોઈએ. સાવરિયા ડિં નહીં પણ ડિંક જોઈએ. ગરમાળા માટે મ. વાણવા નહિ, પણ ખરું બાહવા છે તે જોઈએ. તાંદળજા માટે એકલો માઠ શબ્દ છે. કાંટાળા તાંદળજા માટે કાંટે માઠ છે. પૃષ્ઠીપર્ણીને ગુજરાતીમાં પણ પીઠવણ જ કહે છે. પહેલો સંસ્કૃત છે. પુંવાડને માટે મરાઠીમાં ટાડલા નહિ પણ ખરો ટાકળા શબ્દ છે. ખાખરા માટે મરુ પલાશ નહિ પણ પળશ શબ્દ જોઈએ.

આ બધી અચોક્કસતાઓ હવે પછીની આવૃત્તિમાં સુધરી જશે એવી અમે આશા રાખીએ છીએ.

શિ૦ શુ૦

ચરખા સંઘનો કાર્યક્રમ: પ્ર૦ મંત્રી, ગુજરાત ચરખા સંઘ, બારડોલી; કિં૦ આઠ આના; પૃ૦ ૪૦.

અખિલ ભારત ચરખા સંઘ તરફથી ચરખા સંઘના જુદા જુદા કાર્યક્રમો અને તેનાં સ્વરૂપ અંગે ટૂંકામાં સમગ્ર ખ્યાલ આપવાની દૃષ્ટિએ તૈયાર કરવામાં આવેલી આ પુસ્તિકા છે. સંઘની ગુજરાત શાખાએ તે ગુજરાતીમાં પ્રસિદ્ધ કરી છે. તેમાં સંઘની ચાલુ કાર્યરીતિનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તિકામાંથી સામાન્ય વાચકને ગ્રામસેવક અને લોકસેવક, સહયોગી સેવક અને સહયોગી સભ્ય, ખાદીસેવક અનેકાર્યકર્તા વગેરેના ભેદો ઝટ સમજાય તેવા નથી. તેમ બીજી વિગતો ઝટ ખ્યાલમાં આવે તેવી નથી. કાર્યકર્તાને માટે તે અધૂરી પડે અને સામાન્ય વાચકને બિનજરૂરી લાગે એવું ભેળસેળ આમાં થયું છે. તેને બદલે સામાન્ય વાચકને ખ્યાલમાં રાખીને સંઘનો કાર્યક્રમ રજૂ કર્યો હોય તો વધારે સારું. સંઘમાં કામ કરનાર સેવકની દૃષ્ટિએ નિયમોની પુસ્તિકા જુદી હોઈ શકે.

વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦
અર્પણની પ્રતિભા	૧-૮-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦
આત્મકથા	૨-૦-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦
આહાર અને પોષણ	૦-૧૦-૦
આંધળાનું ગાડું	૦-૪-૦
ઇન્દુને પત્રો	૧-૦-૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦
કન્યાને પત્રો	૧-૦-૦
કરંડિયો	છપાય છે
કાવ્યપરિચય – ભા. ૧	છપાય છે
કાવ્યપરિચય – ભા. ૨	૧-૮-૦
કુંવરબાઈનું મામેરું	૦-૧૦-૦
કેળવણીવિકાસ	છપાય છે
કેળવણીવિવેક	૧-૪-૦
કૌશિકાખ્યાન	૦-૩-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦
ખિસ્સાકોશ	૧-૦-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦
ગાંધીજી	૦-૭-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦
ગીતાધ્વનિ	૦-૬-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦
જમનાલાલજી	૦-૬-૦
જીવતા તહેવારો	૨-૦-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦
જીવનનું પરોઢ	૮-૦-૦
જોડણીકોશ	૧૨-૦-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	છપાય છે
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦
પ્રેમપન્થ – ૧, ૨, ૪	દરેકની ૦-૪-૦
બહેનોને	૦-૬-૦
બાપુની પ્રસાદી	૨-૦-૦
બાપુ — મારી મા	૦-૮-૦
બુદ્ધલીલા	૦-૧૨-૦
બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
બ્રહ્મદેશનો પ્રવાસ (નવી આવૃત્તિ)	છપાય છે
ભાઈ અને વેરી	૦-૮-૦
મધપૂડો	૧-૪-૦
મધુકર	૨-૦-૦
મલેરિયા	૦-૭-૦
મહાદેવભાઈની ડાયરી – ૧	૪-૮-૦
મહાદેવભાઈની ડાયરી – ૨	૫-૮-૦
મહાદેવભાઈની ડાયરી – ૩	૫-૦-૦
માનવી ખંડિયેરો	૨-૮-૦
મારી જીવનકથા — જવાહરલાલ	૬-૦-૦
મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
મારું ગામડું	૧-૪-૦
યંત્રની મર્યાદા	૧-૦-૦
રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૧૦-૦
રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થીપ્રવૃત્તિ	૦-૬-૦
વિદાય વેળાએ	૧-૦-૦
વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
વિરાજવહુ	૧-૪-૦
વિશ્વશાંતિ	૦-૪-૦
वैज्ञानिक शब्दसंग्रह	૬-૦-૦
શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
संकलिता भगवद्गीता	૧-૪-૦
સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
સંત ફ્રાન્સિસ	૦-૬-૦
સુદામાચરિત	૦-૧૦-૦
સુદામાના કેદારા	૦-૧-૬
સીતાહરણ	૧-૦-૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
સ્મરણયાત્રા	૨-૦-૦
હજરત મહંમદ અને ઇસ્લામ	૧-૦-૦
હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
હિંદની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦
હિંદુસ્તાની-ગુજરાતી કોશ	૪-૦-૦

નવજીવન કાર્યાલય પો. બૉ. ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બી૰ ૪૩૪૩

ગ્રામશિક્ષણ વિ૰ શહેરી શિક્ષણ

એક કેળવણીકાર લખે છે :

“જો તમે સાવધ નહિ રહો તો જોશો કે, શહેરોમાં દાખલ થઈ રહેલી પાયાની કેળવણી ગામડાંમાં દાખલ થઈ રહેલી કેળવણીના કરતાં જુદું જ સ્વરૂપ પકડશે. દા. ત. માતૃભાષાને ધક્કો પહોંચાડીને અંગ્રેજી દાખલ થશે અને પરિણામે એક જાતનું ગુમાન પોષાશે.”

મારે કબૂલ કરવું જોઈએ કે, મારી યોજના ગામડાંની પ્રજાની દૃષ્ટિએ ઘડાઈ છે. અને જ્યારે હું તે ખીલવી રહ્યો હતો ત્યારે મેં એમ કહ્યું હતું ખરું કે, શહેરોને તે લાગુ કરવામાં થોડાક ફેરફારો કરવા પડશે. આ ફેરફારોની કલ્પના શિક્ષણના માધ્યમ તરીકે જે ઉદ્યોગો પસંદ કરવાના તે પરત્વે જ માત્ર હતી. મને કદી ખ્યાલ નહોતો કે, પ્રાથમિક ધોરણોમાં અંગ્રેજીને સ્થાન આપવાનો ક્યાંયે પ્રયત્ન થશે. અને આ યોજના તો હજુ સુધી માત્ર પ્રાથમિક ધોરણોની જ કક્ષામાં રહી છે. અલબત્ત, આ પ્રાથમિક મર્યાદા અંગ્રેજી વિનાના મૅટ્રિકના ધોરણની બરોબર પહોંચવા જાય છે ખરી. આ પાયરીએથી બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ એમના સ્વાભાવિક વિકાસને ડામવા બરાબર અને કદાચ તેમનામાંની સ્વયંપ્રેરણાને મારી નાખવા બરાબર છે. ભાષા શીખવી એ મૂળે તો સ્મરણશક્તિ કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાને ભોગે જ તે શીખી શકે. હું તો માનું છું કે, ગામડાંના બાળકના જેટલું જ શહેરી બાળકને માટે પણ એ જરૂરી છે કે, તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિન્દુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે છે.

સેગાંવ, ૨–૯–’૩૯ ગાંધીજી

[‘હરિજનબંધુ’, તા. ૧૦–૯–’૩૯ માંથી]

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે — મણિભાઈ દેસાઈ

ગોપાલદાસ પટેલ — મગનભાઈ દેસાઈ (તંત્રી)

ઠાકોરભાઈ દેસાઈ — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)



વર્ષ ૧૦ — અંક ૫

મે — નવજીવન, અમદાવાદ — ૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

મે, ૧૯૫૨

વર્ષ ૧૦ અંક ૫

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
સંસ્કૃતિ અને ભોગૈશ્વર્ય	રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ	૧૨૯
ગ્રામઉદ્યોગો કેમ નાશ પામ્યા ?	કિશોરલાલ મશરૂવાળા	૧૩૧
ખેત-મજૂરની પ્રતિભા	મગનભાઈ દેસાઈ	૧૩૫
બે લિપિઓ	મ૦	૧૩૬
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૧૩૭
હિંદુ–મુસ્લિમ એકતામાં સંતોનો ફાળો	અંબેલાલ ગોપાળજી દેસાઈ	૧૪૧
રમતગમત ઉપર જુગાર	ગો૦	૧૪૪
વનસ્પતિશાસ્ત્રની પરિભાષા	બંસીલાલ ગાંધી	૧૪૬
પ્રાર્થના અને પાયાની કેળવણી	પ્રતાપરાય ઉપાધ્યાય	૧૪૭
સાદી વાત	મગનભાઈ દેસાઈ	૧૪૮
ત્રણ વરસનું તારણ	વિ૦	૧૪૯
નવું વાચન		
ચુપકી દાદ	ગિ૦ કિ૦	૧૫૧
શોધમાં	સુ૦ ક૦	૧૫૨
દેશ અને દુનિયા	શાં૦ ગાં૦	૧૫૪
માસિક વિવેચન		
સાવધાન	મ૦	૧૫૬
કૉન્ગ્રેસની શિસ્ત	મ૦	૧૫૬
દેશી રાજાઓ	મ૦	૧૫૬
શ્રી આંબેડકરના ઉદ્ગાર	મ૦	૧૫૭
રાઇફલની રમત	મ૦	૧૫૭
લોકશાહીનો પ્રાણ	મ૦	૧૫૮
ધર્મ અને રાજ્ય	મ૦	૧૫૮
જૂની ભાવનાનું ભૂત	મ૦	૧૫૮
મૂર્તિનું રૅશન બંધ	મ૦	૧૫૯
એસ. એસ. સી. અને મુંબઈ યુનિ૦	મ૦	૧૫૯
'ગ્રામરચના'	મ૦	૧૫૯
ફરજિયાત શિક્ષણમાં ખામોશ	મ૦	૧૫૯
નિબંધ હરીફાઈ	મ૦	૧૬૦
અધ્યાપકો માટે તાલીમ	મ૦	૧૬૦

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમોને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોએ પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ(૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (સર લાખાજીરાજ રોડ); પૂના (૨૯૯, સદાશિવ પેઠ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, ઓરડી નં. ૧, કૅનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન, યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકાશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના.

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

સર્વોદયનો સિદ્ધાંત : [સર્વોદયના સિદ્ધાંતની ચર્ચા કરતા ગાંધીજી, વિનોબા વગેરેના લેખો.] કિં. રૂ. ૦–૧૨–૦; ટપાલરવાનગી ૦–૩–૦.

Satyagraha in South Africa: By Gandhiji; Trans. Valji Govindji Desai (Second Revised Ed.) Price Rs. 4-0-0; Postage etc. 0-11-0.

Sarvodaya — Its Principles and Programme: Price Re. 1-0-0; Postage etc. 0-3-0.

The Political Philosophy of Mahatma Gandhi: By Gopinath Dhawan; (Second Revised Ed.) Price Rs. 6-0-0; Postage etc. 0-14-0.

सर्वोदयका सिद्धांत : क़ी. रु. ०–१२–०; डाकखर्च ०–३–०.

નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૧૦ – અંક ૫] અમદાવાદ [મે, ૧૯૫૧

સંસ્કૃતિ અને ભોગૈશ્વર્ય

આજે આપણી સામે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, આપણી જે ઐતિહાસિક નૈતિક ચેતના આપણા માનવજીવનની આજ લગી પ્રધાન સંચાલક રહી છે, તે આજની પરિસ્થિતિમાં આપણે માટે લાભદાયક છે કે નહિ. આપણા દેશમાં આ બાબતમાં બે વિચારસરણી પ્રચલિત છે, એ વાતનો ઇન્કાર કોઈ કરી શકે એમ નથી. કેટલાક લોકોની માન્યતા એવી છે કે, આજના ઉદ્યોગપ્રધાન યુગમાં મનુષ્યને અહિંસા, સેવા અને ત્યાગના પાઠ શીખવે એવી નૈતિક ચેતનાનું કંઈ વિશેષ મૂલ્ય નથી. વળી એમ પણ કહેવાય છે કે, આજની પ્રયોગાત્મક આર્થિક વ્યવસ્થામાં તો સ્વાર્થ સાધવાની તીવ્ર ભાવના, બીજાઓને ભોગે પોતે આગળ વધવાની અદમ્ય લાલસા, વગેરે ગુણોની અત્યંત જરૂર છે. ઔદ્યોગિક યુગની આ ઉદ્દંડ અહંભાવનાની સાથે આપણી ઐતિહાસિક નૈતિક ચેતનાના વિનમ્રતા અને વિનયના આદર્શોને આપણે સરખાવવા જોઈએ અને એ નક્કી કરવું જોઈએ કે, આપણે એ ઐતિહાસિક નૈતિક ચેતનાને ભારતના નવનિર્માણની પ્રધાન પ્રેરક શક્તિ બનાવીશું કે પછી આજની પાશ્ચાત્ય સંસ્કૃતિના ઉદ્દંડ અહમત્વને.

અહીં એક વસ્તુ કહી દેવી જોઈએ કે, આ ઉદ્દંડ અહમત્વને મહત્ત્વ આપવાને કારણે પાશ્ચાત્ય દેશોમાં વર્ગવિગ્રહના સિદ્ધાંતોનો તેમ જ હૃદયહીન આર્થિક અને રાજનૈતિક શોષણ તથા સામ્રાજ્યવાદનો ઉદય થયો છે. એ આદર્શના ફળરૂપે આજે મનુષ્યની કિંમત યંત્રનાં સાધનોથી વધારે અંકાતી નથી, અને માનવજીવનમાં પણ મત્સ્ય-ન્યાયને વધારે પ્રાધાન્ય અપાતું જાય છે. સંસ્કૃતિ અને સભ્યતાની પ્રગતિનો અનિવાર્ય માર્ગ કેવળ આ મત્સ્ય-ન્યાય છે કે પછી આપણી સમક્ષ આપણા ઋષિઓએ મૂકેલી નૈતિક ભાવના છે, એ આપણે નક્કી કરવાનું છે.

પાશ્ચાત્ય દેશોએ છેલ્લી સદીઓમાં વિજ્ઞાનમાં ભારે પ્રગતિ કરી છે અને ઉદ્યોગધંધાઓમાં અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે. આપણે આપણી જાતને અને આપણા દેશને તેનાથી અલગ રાખવા માગીએ તોપણ રાખી શકીએ એમ નથી; અને અલગ રાખવું ન તો જરૂરી છે ન તો ઇચ્છનીય છે. આપણે તો એ જોવાનું છે કે, તેમના ભયંકર પરિણામથી આપણને સુરક્ષિત રાખીને આપણે તેમનો ઉપયોગ આપણી રીતે કેમ કરી શકીએ અથવા તેમને આપણી સંસ્કૃતિને અનુકૂળ શી રીતે બનાવી શકીએ.

આ બાબતમાં આપણે બે વાતો તરફ ધ્યાન આપવાનું રહે છે. પહેલી વાત એ છે કે, હરેક પ્રકારની પ્રકૃતિજન્ય કે માનવકૃત આપત્તિઓ આવ્યા છતાં આપણા લોકોની સર્જનાત્મક શક્તિ ક્ષીણ થઈ નથી. આપણા દેશમાં સામ્રાજ્યો ઊભાં થયાં અને નાશ પામ્યાં; જુદા જુદા સંપ્રદાયોનું ઉત્થાન થયું અને પતન પણ થયું; આપણે પરદેશીઓના હુમલાઓના ભોગ બન્યા અને પદદલિત થયા. પ્રકૃતિએ અને માનવોએ અનેક વાર આપણા ઉપર મુસીબતના પહાડ ફેંક્યા; તોયે આપણે તે મુસીબતો સામે ઊભા રહ્યા, આપણી સંસ્કૃતિ ટકી રહી, અને આપણી સર્જનાત્મક શક્તિ પણ કાયમ રહી. આપણે આપણા માઠા દિવસોમાં પણ સંસારના ઇતિહાસમાં કોઈ પણ યુગમાં અત્યંત ઉચ્ચ આસનના અધિકારી બની શકે એવા મહર્ષિઓ અને કર્મયોગીઓ પેદા કરી શક્યા. આપણી ગુલામીમાં આપણે ગાંધીજી જેવા કર્મવીર ધર્મિષ્ઠ ક્રાંતિકારી, રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિ, અને શ્રી અરવિંદ તથા રમણ મહર્ષિ જેવા યોગીઓને પેદા કર્યા; અને એ જ દિવસોમાં જગત જેમને પ્રતિષ્ઠા આપે એવા ઉત્તમ વિદ્વાનો અને વિજ્ઞાનિકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદા કર્યા. જે પરિસ્થિતિઓમાં દુનિયાની પ્રખ્યાત જાતિઓ નાશ પામી તે પરિસ્થિતિઓમાં આપણી સંસ્કૃતિ જીવંત રહી એટલું જ નહિ, પણ આપણા આધ્યાત્મિક અને બૌદ્ધિક ગૌરવનેય જાળવી રાખ્યું. એનું કારણ આપણી સામૂહિક ચેતના છે, જે પહાડોથી પણ મજબૂત, સમુદ્રોથી પણ ગહન, અને આકાશથી પણ અધિક વ્યાપક એવા નૈતિક આધાર પર ઊભેલી છે. જે જાતિઓ નાશ પામી તેમની સામૂહિક ચેતના પિંજરના પંખી જેવી હતી. ભલે પિંજર સુંદર અને સોનાનું હોય, પરંતુ એ છેવટે પિંજર જ હતું. તેણે અજાણતાં જ તે જાતિની ચેતનાને એટલી દુર્બળ બનાવી દીધી કે, તે પિંજર બદલાતાં કે તૂટતાં તેમાં રહેલ ચેતના-પંખી અસહાય અને નિર્જીવ બની ગયું. પરંતુ આપણી સામુદાયિક ચેતનાએ, આપણી સંસ્કૃતિએ દેશ, જાતિ યા ભાષાનું બંધન કદાપિ સ્વીકાર્યું નથી. એ સર્વ તેની અભિવ્યક્તિનાં વિવિધ સાધનો અને માર્ગો અવશ્ય બન્યાં છે, પણ બંધનકર્તા થયાં નથી. ઊલટું આપણી સામુદાયિક ચેતના માનવતાની વૃદ્ધિ કરનારાં સૂત્રોની બનેલી છે. આપણે તેને આપણા જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં અને સ્વરૂપમાં અપનાવી શક્યા નથી એ વાત સાચી છે, અને ઘણું કરીને આપણા પતનનું કારણ પણ એ જ હતું કે, આપણે તેને આપણી રાતદિવસની જીવન-જ્યોતિ બનાવી શક્યા નહિ.

બીજી વિચારવા જેવી વાત એ છે કે, સંસ્કૃતિ અથવા સામુદાયિક ચેતના જ આપણા દેશનો પ્રાણ છે. આ નૈતિક ચેતનાના સૂત્રથી જ આપણાં શહેરો અને ગામડાંઓ, પ્રદેશો અને સંપ્રદાયો, જુદા જુદા વર્ગો અને જાતિઓ પરસ્પર સંકળાયેલાં છે. તેમનામાં જુદી જુદી ઘણી વિભિન્નતાઓની સાથે આ પ્રકારની એકતા પણ છે. આ વસ્તુને બરોબર સમજી ગયેલા હોવાથી બાપુએ બુદ્ધિજીવી વર્ગના નેતૃત્વ હેઠળ આમજનતાને ક્રાંતિ માટે તૈયાર કરવામાં આ નૈતિક ચેતનાનો જ આધાર લીધો હતો. અહિંસા, સેવા અને ત્યાગની વાતોથી આમજનતાનાં હૃદય આંદોલિત થઈ ગયાં, કારણ કે એ અહિંસા, સેવા અને ત્યાગ વડે જ તેમનાં હૃદય સદીઓથી પ્રભાવિત અને પ્રેરિત રહ્યાં હતાં. આમજનતાનાં હૃદયમાં ધબકતી ચેતનાને ક્રાંતિની શક્તિ બનાવવામાં જ બાપુની દૂરદર્શિતા હતી અને એમાં જ તેમની સફળતા હતી. જ્યારે સાંપ્રદાયિક ઉત્તેજનાથી આમજનતાના કેટલાક ભાગનું હૃદય પાગલ બની ગયું હતું, તે વખતે પણ એ નૈતિક ચેતનાની મદદથી જ બાપુ બિહાર અને દિલ્હીને કાબૂમાં રાખી શક્યા હતા. આજના ગતિમાન યુગમાં એ નૈતિક ચેતનાને આજને માટે પૂર્ણ અને ઉપયોગી બનાવવા સારુ તેમાં કયો ફેરફાર કરવો જોઈએ, એ વાત તમારે વિચારવાની છે. મારી માન્યતા પ્રમાણે તેનો આધાર વર્તમાન ગતિમાન સભ્યતાને અનુકૂળ જ છે. આજની ઔદ્યોગિક સભ્યતા દેશ, જાતિ કે ભાષા ઉપર ઊભેલી કોઈ દીવાલોને સહન કરી શકતી નથી, કારણ કે એ તેની પ્રગતિને બાધક છે. તે તો કેવળ માનવતાના આધાર પર જ ઊભી રહેવા ઇચ્છે છે. પાશ્ચાત્ય દેશોમાં આજે જે વિગ્રહનું વાતાવરણ છે તેનું કારણ એ છે કે, તેઓ પોતાની જૂની વિચાર-પરંપરા પ્રમાણે આ પ્રકારની દીવાલોને કાયમ રાખવા ઇચ્છે છે. તેથી તેમની ઔદ્યોગિક સભ્યતા એ જૂની પરંપરાની દીવાલોની અંદર શાંત રહીને પ્રગતિ કરી શકતી નથી. એ દીવાલો તૂટવી જોઈએ અને તેમના તૂટ્યા પછી જ આ ઔદ્યોગિક સભ્યતાનો પ્રવાહ અબાધ પરંતુ શાંત રીતે વહી શકશે. આપણી સંસ્કૃતિએ તો એ દીવાલોને કદાપિ મહત્ત્વ આપ્યું જ ન હતું. તેથી હું માનું છું કે, આજના બધા વિગ્રહો ઉત્પન્ન કરનારા અન્યાયો અને અત્યાચારોની પુનરાવૃત્તિ આપણા સમાજમાં કે દેશમાં કરવી ન હોય, તો આપણે આપણી આર્થિક વ્યવસ્થા નૈતિક ચેતના કે સંસ્કૃતિના આધાર પર જ રચવી જોઈએ. અર્થાત્ તેની પાછળ વૈયક્તિક લાભ અને ભોગની ભાવના પ્રધાન ન રહેતાં વૈયક્તિક ત્યાગ અને સામાજિક કલ્યાણની ભાવના જ પ્રધાન હોવી જોઈએ. અને આપણા દેશના પ્રત્યેક માણસે પોતાનો બધો આર્થિક વ્યાપાર આ જ ભાવનાથી પ્રેરાઈને કરવો જોઈએ. વૈયક્તિક સ્વાર્થ અને સ્વત્વ પર ભાર ન મૂકતાં વૈયક્તિક કર્તવ્ય તથા સેવાનિષ્ઠા પર ભાર મૂકવો જોઈએ અને આપણી પ્રત્યેક પ્રવૃત્તિને આ નૈતિક ચેતનાના ત્રાજવાથી તોળવી જોઈએ. કોઈ પણ કાર્યની પાછળ જે ભાવના ગર્ભિત હોય છે, તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો પ્રભાવ રહે છે. એક નાનકડા ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થશે. એક સંયુક્ત કુટુંબ છે. તેની દરેક વ્યક્તિ કુટુંબનાં બધાં માણસોને વધારેમાં વધારે સુખ કેવી રીતે આપી શકાય એવી કર્તવ્યભાવનાથી કામ કરે છે, અને પ્રત્યેક વ્યકિત પોતાની બધી શક્તિથી જેટલું ઉપાર્જન કરી શકાય તેટલું કરે છે. ધારો કે બધાંનું સામુદાયિક ઉપાર્જન અમુક રકમ જેટલું જ હોય, અને એનાથી વધારે ઊપજ કરવાની શક્તિ એ કુટુંબમાં ન હોય. વળી એ કુટુંબની પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના સુખને માટે વધારેમાં વધારે ઉપાર્જન કરવું જોઈએ એ ભાવનાથી કામ કરે તોયે વ્યક્તિઓનું એકત્રિત ઉપાર્જન, પહેલાંની સ્થિતિમાં કહ્યું છે, તેટલું જ થશે. વળી સામુદાયિક સંપત્તિ બંને પરિસ્થિતિઓમાં સરખી જ થશે અને તેની વહેંચણી કરવામાં આવે તો તે પ્રત્યેકને બરાબર સુખકર નીવડે એટલી મળશે. પરંતુ પહેલી સ્થિતિમાં સંઘર્ષનો કોઈ ભય નથી, કારણ કે એમાં કોઈ પણ વ્યક્તિ કેવળ પોતાને માટે જ કામ કરતી નથી; જ્યારે બીજી સ્થિતિમાં દરેક પોતપોતાને માટે કામ કરે છે, તેથી એમાં સંઘર્ષ અનિવાર્ય છે.

આપણે આપણી જાતને પહેલી સ્થિતિમાં લાવીએ એવો આપણી સંસ્કૃતિનો દાવો છે. દુનિયામાંથી સંઘર્ષને નાબૂદ કરવો હોય તો આ ભાવનાને જ આપણે સર્વમાન્ય કરવી પડશે. જ્યાં સુધી એ પ્રમાણે થાય નહિ ત્યાં સુધી સંઘર્ષ ચાલ્યા જ કરશે, — એ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે હોય કે દેશ દેશ વચ્ચે હોય. જો સંઘર્ષ ચાલ્યા કરશે તો મનુષ્યના હાથમાં વિજ્ઞાન જે અદ્ભુત અને અતુલ શક્તિ મૂકતું રહ્યું છે, તેનો ઉપયોગ એક વ્યક્તિ કે સમૂહના ઉત્કર્ષ અને બીજી વ્યક્તિ કે સમૂહના પતન માટે થતો રહેશે. તેથી આપણે આપણી સંસ્કૃતિની ભાવનાને જાગ્રત રાખવાની છે. અને તેને જાગ્રત રાખવા માટે અહિંસાત્મક ત્યાગભાવનાને પ્રોત્સાહિત કરે અને ભોગૈશ્વર્યની ભાવનાને દાબી રાખે એવાં સાધનોને પણ આપણા હાથમાં રાખવાં પડશે. નૈતિક અંકુશ વિના કોઈ પણ શક્તિ મનુષ્ય માટે હિતકર થતી નથી. એ નૈતિક અંકુશ આ ચેતના અથવા ભાવના જ આપી શકે છે. તે ભાવના જ શક્તિને પરિમિત તેમ જ તેના ઉપયોગને નિયંત્રિત કરી શકે છે.

[અખિલ ભારતીય સાંસ્કૃતિક
સંમેલનમાં આપેલા
ઉદ્‌ઘાટન ભાષણમાંથી] **રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ**

ગ્રામઉદ્યોગો કેમ નાશ પામ્યા?

શીલ (કચ્છ)થી શ્રી કાસમશાહ દર્દ લખે છે, તેનો સાર નીચે આપું છું:

"આટલો વખત હું આશ્રમમાં હતો, તેથી બીજા ઘણાઓની જેમ, એમ જ સમજતો હતો કે, પરદેશીઓની રાજનીતિ, યંત્રઉદ્યોગોની હરીફાઈ, તથા યંત્રોની ચીજો માટે વસ્તુના વાપરનારાઓના મોહને લીધે જ ગ્રામઉદ્યોગો નાશ પામ્યા. પોતાની માલિકીના કેટલાક ગ્રામઉદ્યોગો ખીલવી લીધા છે, તેથી કારીગરો લોકોને કેટલો ત્રાસ આપે છે તેનો તેમને ખ્યાલ નથી. પણ હવે જ્યારે ગામડામાં જઈને બેઠો છું અને જુદા જુદા ગ્રામઉદ્યોગો કરનારા કારીગરો અને ધંધાર્થીઓના સંપર્કમાં આવું છું, ત્યારે જુદી જ વસ્તુ જોઉં છું, અને એમ અનુમાન પર આવું છું કે, ગ્રામઉદ્યોગી કારીગરોના વિવિધ દોષો જ તેના નાશનું મુખ્ય કારણ છે. આ કારણોમાં તેમની અણઆવડત અને અણઘડતા છતાં સુધરવાની અનિચ્છા તથા બેપરવાઈ, પોતપોતાના પંચ અને રૂઢિના બળ ઉપર ગ્રાહકને કબજે રાખી બીજે ક્યાંય ન જવા દેવાની શક્તિ, તેને પરિણામે ગ્રાહકોને થતી કનડગત, છેતરપિંડી, ઢીલ વગેરે ઘણો મોટો ભાગ ભજવે છે. પોતાના ક્ષેત્રમાં તેઓ ગ્રાહક પર એટલો બધો ત્રાસ વર્તાવે છે કે, ગ્રાહકને તેમને વિષે સહાનુભૂતિ રહી શકે એમ નથી; જે માલ તેમની પાસેથી લીધા વિના છૂટકો જ નથી તેને લાચારીથી ખરીદે છે, અને તેથી જો યંત્રઉદ્યોગનો તેવો માલ આવવા માંડે તો તે તેમને સારો માલ, સગવડથી પ્રાપ્તિ, અને કારીગરોની કનડગતમાંથી મુક્તિ ત્રણે સામટાં આવી મળે છે.

"આના દાખલા આપું:

"કુંભાર, ઘાંચી, મોચી, ચમાર, ભરવાડ, સુથાર, લુહાર, પીંજારા વગેરે સૌ રાડો પાડે છે કે, તેમના ધંધા બરાબર ચાલતા નથી; પણ બીજી બાજુથી તેઓ ગામડાના લોકોને પોતાના કામકાજ અને વર્તાવથી અતિશય ત્રાસ આપે છે. કારીગર સારો માલ ન આપે, સમયસર ન આપે, તોયે લોકોને ફરજિયાત તેનો માલ લેવો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો ગ્રાહક બીજા આપનારની પાસે જાય તો તે બીજા આપનારની સાથે જઈને લડે છે, અને બીજો કારીગર પણ ખરીદનાર પહેલા કારીગરનો ગ્રાહક હોવાથી તેને માલ આપવા જ તૈયાર થતો નથી. વળી, તે બીજી ન્યાતનાને ધંધો શીખવે નહિ. તે પોતાના ગ્રાહકને પોતાનો ગરાસ સમજે છે અને પોતાના ઉદ્યોગધંધામાં તલમાત્ર સુધારો કરતો નથી.

“ભરવાડના ધણમાં આપણે જાનવર મૂક્યું હોય, તો તે દોહી લેતો હોય, વખતસર લાવતો લઈ જતો ન હોય, છતાં તેના સિવાય બીજાને ત્યા મોકલી શકાય નહિ.

“ચમાર બરાબર કોસ સાંધે નહિ, ગલ્લાં તલ્લાં કરે, તોયે બીજાને રાખી શકાય નહિ. તે બધા એકસંપ હોય.

“વણકર સૂતર ચોરી લે, મોં-માગ્યા પૈસા માગે, દાણા માગે અને છતાં સૂતર રઝળાવે એ જુદું.

“આખા ગામમાં એક-બે કુંભાર હોય. તેનાં ચૂલા, તાવડી, ચોરીનાં માટલાં વગેરે હજુ યંત્રમાં બનતાં નથી, તેથી તેમની પાસેથી જ તે લીધે છૂટકો. તે જલદી ફૂટી જાય એવાં હોય, છતાંય લેવાં પડે છે. પરંતુ જો યંત્રથી આ બનતા હોય તો લોકો તેમની કનડગતમાંથી મુક્ત થવા માટે કુંભારનેયે છેલ્લી સલામ કરે.

“મજૂરીથી દળનાર દળનારી, ચોખા ખાંડનારી, મસાલો કૂટનારી, કે કોઈ કામ પર રોકેલા મજૂર, જેને જુઓ તે કાં તો ચોરી લેશે, આળસ કરશે, બેપરવાઈથી માલ બગાડશે. કરાવનારને સંતોષ થાય એવું આપણું કામ હોવું જોઈએ એવું એને થતું જ નથી. આ બધા ત્રાસને કારણે જ લોકો કંટાળ્યા હશે અને યંત્રઉદ્યોગ આવતાં તેને આવકાર્યો હશે.

“ગ્રામઉદ્યોગો નાશ પામ્યા છે, છતાંયે જુનવાણી ધંધાર્થીઓ પોતાની રીતભાત સુધારી શકતા નથી. આ ધંધાદારીઓ સામે યંત્રો દાંતિયાં કાઢીને હજુ ઊભાં જ છે, તે છતાંયે પોતાને સુધારતા નથી; તો જો યંત્રો ચાલ્યાં જાય, તો આ ધંધાર્થીઓ લોકોની શી વલે કરે?

“યંત્રઉદ્યોગને કારણે ગ્રામઉદ્યોગો તૂટ્યા એમ દલીલો થાય છે. પણ યંત્રઉદ્યોગ આટલા જલદી વધ્યા શાથી? ધંધાર્થીઓનાં અજ્ઞાન, અણઆવડત, ગ્રાહક પ્રત્યેની બેદરકારી અને તેમના પ્રત્યે લોકોના અસંતોષથી ગ્રામઉદ્યોગ તૂટ્યા એમ કોઈ પ્રતિપાદન કરતું નથી, તેથી રહ્યાસહ્યા ઉદ્યોગો પાછળની કનડગત હજુ ધંધાર્થીઓએ ચાલુ રાખી છે.

“આપણે ગ્રામઉદ્યોગનો માલ વાપરવાનો આગ્રહ રાખ્યો છે, પણ ગામડાના કારીગરોને ચેતવ્યા નથી કે, તેમના ધંધા શાથી નાશ પામ્યા અને પામશે મને લાગે છે કે, આ વિષય પર ભાર મૂકવાની જરૂર છે. મારી ભૂલ થતી હોય તો સમજાવશો.”

શ્રી કાસમશાહ દર્દે કરેલી કારણોની ખોજ દેખીતી રીતે બરાબર કરેલી લાગશે. મધ્યમ વર્ગના તથા ગામડાંઓના બિનવસવાયા વર્ગના લોકો – ખેડૂતો, વેપારીઓ, તથા બીજા સાધનસંપન્ન વર્ગો – આ ફરિયાદને ટેકો આપશે. પણ આ સ્થિતિનાં મૂળ તપાસીશું તો જણાશે કે વસવાયા તથા મજૂર વર્ગમાં આ દોષો ઉત્પન્ન કરવાનું અશ્રેય સ્વતંત્ર અને બિનવસવાયા સાધનસંપન્ન લોકોને ઘટે છે.

પરાપૂર્વથી કારીગર અને મજૂર વર્ગને ઉજળિયાત અને ધણિયામા વર્ગના લોકોએ એક પ્રકારના ગુલામ તરીકે જ હમેશાં માન્યા છે અને રાખ્યા છે. હિંદુ સમાજમાં સામાન્ય રીતે વિધવાની જિવાઈનું જે ધોરણ રાખવામાં આવતું, તે જ જીવનનું ધોરણ કારીગર-મજૂરને માટે પૂરતું છે, એમ મનાતું આવ્યું હતું. એક જમાનામાં એવું જ મનાયેલું અને કોર્ટોના એવા ચુકાદાઓ પણ હતા કે, એકત્ર કુટુંબનો ધણી ગમે તેટલી મિલકત મૂકી ગયો હોય, તેની વિધવા એનું શરીર ટકી રહે તે કરતાં વધારે જિવાઈની હકદાર નથી. ધીમે ધીમે સહૃદય જનોએ એનો અર્થ વધારે ને વધારે ઉદાર કરવા માંડ્યો નહિ ત્યાં સુધી. વિધવા પ્રત્યે આપણી આ જ દૃષ્ટિ હતી. એ જ દૃષ્ટિ ‘ઉજળિયાત’ ગણાતા લોકોની કારીગર તથા મજૂર વર્ગ પ્રત્યે હતી. એમનાથી ઊજળા લોકોના જેવાં ઊજળાં કે પૂરાં કપડાં ન પહેરાય, દાગીના ન ઘલાય, વરઘોડે ન ચડાય, ઘોડા વગેરે વાહન પર ચડીને ઊજળા લોકો વચ્ચેથી જવાય નહિ. ધણિયામાનું બે વર્ષનું નાનું બાળક પોતાના દાદા-દાદીની ઉંમરના ડોસા-ડોસીને તું-તા કરી શકે, ગાળ દે કે મારે એમ પણ બને એને ખાવાને રોટલો ને સૂવાને ઓટલો હોય તો ઘણું થયું. એક ટાટનો ટુકડો અપાય અને ગમે ત્યાં પડી રહેવા ફરમાવાય. સદીઓ સુધી આ પરંપરામાં ઊછરેલા આ આપણા બંધુઓ છે. મુસલમાનોએ એમનો થોડે અંશે છુટકારો ઇસ્લામમાં વટલાવીને કર્યો. એ ધર્મે ગુલામને ધણિયામાની સાથે તેની થાળીમાંથી જમવાનો, મસ્જિદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની જોડાજોડ કે વહેલો આવ્યો હોય તો આગળ પણ બેસવાનો હક આપ્યો; ઓછામાં ઓછું ઘૂંટણ દેખાય નહિ એટલું નીચું વસ્ત્ર પહેરવાનું ફરજિયાત જેવું કર્યું. પણ એ છૂટ જે વટલે તેને જ થોડીઘણી મળી. અંગ્રેજી રાજ્યે એમને વસવાયાપણાનાં અને ફરજિયાત મજૂરીનાં બંધનોમાંથી મુક્ત કરી થોડે અંશે મુક્ત કર્યા. તેમને સ્વતંત્ર વ્યક્તિઓ તરીકે જીવવાનું, ધંધો કરવાનું, મજૂરી ઠરાવવાનું વગેરે થોડુંઘણું ક્ષેત્ર મોકળું કર્યું.

પણ જ્યારે ધણિયામાએ રાજીખુશીથી ગુલામને મુક્ત ન કર્યો હોય ત્યારે સાધન વિનાની સ્વતંત્રતાનાં પ્રથમ પરિણામો દેખાવમાં ગુલામી કરતાં વધારે દુઃખદાયક થાય છે. તેમ આ સ્વતંત્ર બનેલાં વસવાયા તથા મજૂરોનું પણ થયું. તેઓ કામ કરવા બંધાયેલા રહ્યા નહિ, અને ધણિયામા પરંપરાગત રિવાજ પ્રમાણે જે ખોરાક તથા સાધનો પૂરાં પાડતા તે આપવાને બંધાયેલા રહ્યા નહિ. કારીગર-મજૂરને પોતાનું ફોડી લેવાનું રહ્યું.

કુંભાર બળતણ ક્યાંથી લાવે ? ગધેડાને માટે ચારો ક્યાંથી લાવે ? સુથાર સારાં ઓજાર કેમ કરીને વસાવે ? ઘાંચી બળદ, ઘાણી, તેલીબિયાંનો જથ્થો વગેરે ક્યાંથી લાવે ? પોતાની કળામાં સુધારો કરવાનો તો બાજુએ રહ્યો, પણ જૂનાં સાધનો તૂટી-ફૂટી જાય, બળદ મરી જાય, સાળના ભાગ તૂટે, તો સુધારે કેમ અને નવાં શી રીતે ખરીદે ? સૌને લક્ષ્મીપતિને શરણે જવાનું રહ્યું. પણ આ માનવ-લક્ષ્મીપતિ કાંઈ ભક્તિથી કે ફળ-ફૂલ-પાંદડાથી રીઝનારો દેવ થોડો જ હતો ? એ તો વ્યાજથી, અને વ્યાજના વ્યાજથી, અને 'છપ્પન ને આઠ ઓંતેર, છૂટના મૂકયા બે, બાકી રહ્યા સિત્તેર' એવી રીતના હિસાબો ગણી ભોગ આરોગનારો રહ્યો. તેનો ભક્ત કદીયે બરકતને ક્યાંથી પામે ? ખેડૂતનીયે એવી જ દાનત થઈ.

આમ એકબીજા માટે સ્નેહની કાચી ગાંઠ હતી તે પણ તૂટી.

સધન અને ઊજળા વર્ગની જો દાનત બગડી તો કારીગર કે મજૂરની કયા નૈતિક બળ પર ઊંચી રહે ? પહેલાંયે એના ધંધામાં કોઈ ઉજળિયાત રસ લેતો નહિ, પંડિતો ચર્ચામાં ઘટ અને પટનું અને રસોડાના ધુમાડાનું બોલતાં ચાલતાં દૃષ્ટાંત આપી શકે, પણ ઘટ અને પટની જાત કેમ બગડે છે, રસોડામાંથી ધુમાડાનું દુઃખ કેમ કાઢી શકાય, તે તરફ દૃષ્ટિ દોડે નહિ, તો બુદ્ધિ તો ક્યાંથી જ દોડે ? તેઓ પ્રત્યેની જવાબદારીની ભાવના ઓછી થયા પછી તો એમની સ્થિતિ વધારે જ બગડી. આમાં નવાઈ શી ?

આપણી સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની આ મોટી ખામીઓ જ આપણી આ નીતિભ્રષ્ટતાને માટે જવાબદાર છે. મોક્ષમાર્ગમાં તેમ જ સંસારમાર્ગમાં આપણી વિચારસરણી સ્વાર્થપરાયણ છે. જે આપણે અધીન છે તેને આપણે આપણા જ સુખનું સાધન માની તાત્કાલિક લાભ માટે શોષણ કરીએ છીએ અને પછી ફેંકી દઈએ છીએ. ખાટલાના પાયા માટે જેટલી આપણને કાળજી હોય છે, તેટલી સ્ત્રીને માટે નથી હોતી. એની તરફથી ભોગની કે પૈસાની આશાં ગયા પછી તેને મારી નાખવાના નીચમાં નીચ ઉપાયો લઈ શકીએ છીએ; એના મંદવાડમાં કે ચિતા પર જ બીજી સ્ત્રીનું નક્કી કરી શકીએ છીએ; એ ભોગ્ય ગોગ ન લાગે કે પસંદ ન પડે તો તેની ઉપર બીજી પરણેતર કે રખાત લાવી શકીએ છીએ; એ અત્યાચારનો ભોગ થઈ હોય તોયે તેને હાંકી મૂકી શકીએ છીએ. આવો જ વ્યવહાર આપણો કુટુંબ, સમાજના બીજા વર્ગો, તથા નોકર ચાકર અને પાળેલાં જાનવરો પ્રત્યે હોય છે.

છતાં આપણે તો મોક્ષમાર્ગી રહ્યા! આપણો મોક્ષ અને જ્ઞાનમાર્ગ પણ એવો કે સમાજ પ્રત્યેની ભાવના અને ઋણબુદ્ધિનો નાશ કરે. આપણું બ્રહ્મજ્ઞાન આપણને ભગવાન બનાવે કે જીવન્મુક્ત બનાવે, પણ સમાજ અને સંસાર પ્રત્યેની કર્તવ્યદૃષ્ટિથી શીખવવાને બદલે, તે પ્રત્યે વિમુખ થતાં જ શીખવે છે. કાં તો એકાન્તસેવી, નિઃસ્પૃહી, નિરાગ્રહી, નિર્મળ, અપરિગ્રહી કરે, અથવા સમાજ પર ભારરૂપ બનાવે, અને મોક્ષ અને વિષયભોગ બન્નેના ઉપભોક્તા બનવાનો દંભી કીમિયો આપે. અને બધા ભોગો ભોગવવા છતાં સંસારને માયા, ભ્રમ, તથા સંસારમાં રહેલાઓને માયાજાળમાં ફસાયેલા, પામર દયાપાત્ર જીવો કહેવાનો તેને અધિકાર આપે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ આપણી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને સમાજ-ધર્મનો નાશ કરનારાં બન્યાં છે. આપણી વ્યક્તિનિષ્ઠા અને અંગત અહંકાર જ વધારનારાં થયાં છે. જો આપણામાં સમાજનિષ્ઠા હોત તો આપણે સારું અને સસ્તું જ્યાંથી મળ્યું ત્યાંથી લેવાના સગવડિયા હિસાબ-ને અર્થશાસ્ત્રનો અર્ક ન માની લીધો હોત. કારીગરોની કારીગરીમાં ઊણપ આવી છે તો કેમ આવી છે તે શોધી તેમનાં દુઃખોનું શોધન કર્યું હોત.

આ દૃષ્ટિએ આપણે ગ્રામોદ્યોગો અને ગામડાના કારીગરોને જોવાના છે. એ આપણા ગ્રામકુટુંબના માણસો છે. એમને સુધારવા આપણું કામ છે, કર્તવ્ય છે. આ દૃષ્ટિ કેવળ ટૂંકી બુદ્ધિના પોતાનું ધન અને સગવડ સંભાળનારની નથી. તેમ સંસારને મિથ્યા માનનાર ભાષાચતુર અને તર્કચતુર જ્ઞાનીની કે એકાન્તિક સંન્યાસીની નથી. પણ એ સંત દૃષ્ટિ છે. સંતોએ જોયું કે, જગતનું દુઃખ બે કારણથી છે: સામાન્ય સંસારી ખૂબ સ્વાર્થી અને પોતાનાં જ સુખભોગ શોધનારો છે. મા, બાપ, ભાઈ, બહેન, પતિ, પત્ની ગમે તે સંબંધમાં તે હોય, તે પોતાનો જ સ્વાર્થ જુએ છે. ઈશ્વર સિવાય નિર્બળ, નિર્ધનનું કોઈ આશ્વાસન આપવા પૂરતુંયે બેલી નથી. અને જ્ઞાનમાર્ગ નિવૃત્તિના સ્વમુખમાં સમાજ પ્રત્યેના કર્તવ્યને ભૂલી ગયો છે. તેથી તેમણે જીવ-માત્રની સેવા, તેનાં દુઃખનું નિવારણ, તેના શ્રમમાં સાથ, તેને જ્ઞાનનું દાન, તેને માટે પોતાનાં સુખ-સગવડનો ત્યાગ – એને સંતધર્મ અને સંસ્કૃતિનું લક્ષણ કર્યું. જન્મ–મરણમાંથી ગમે તેમ પોતાની મુક્તિ મેળવી લેવી એ ધ્યેય છોડ્યું.

"तुका म्हणे गर्भवासीं सुखें घालावें आम्हांसि"
(તુકારામ કહે છે કે ભલે મને ગર્ભવાસમાં નાખજો.)

ના હું ઇચ્છું સ્વર્ગ વા ઇહ ઋદ્ધિ,
ના હું ઇચ્છું જન્મ-મૃત્યુથી મુક્તિ;
હું તો ઇચ્છું સર્વ મારું સદાયે,
કો પ્રાણીના દુઃખનાશાર્થ થાયે.

સંતોએ પોતાના ભગવાનને પણ એમની જેમ જ બીજાનાં કામો કરવા માટે વારંવાર નવાં નવાં રૂપો ધારણ કરનારો અને જ્યાં ત્યાં મદદ માટે દોડી આવનારો કલ્પ્યો. ક્યાંક એ જનીને છાણાં થપાવવા અને દળણું દળાવવા દોડે; ક્યાંક કુંભારની ગફલતથી નિમાડામાં પડેલાં બિલાડીનાં બચ્ચાંને સંભાળવા પહોંચે; ક્યાંક તેની માટી ખૂંદવામાં મદદ કરે; ક્યાંક તેનું કરજ ચૂકવવા, કે વિવાહ-મામેરું કરવા હાજર થઈ જાય; સ્ત્રીની લાજ રાખવાનો પ્રશ્ન હોય તો વાહનની વાટ જોતો ન બેસે; ઘર પડતું હોય કે આગ લાગી હોય તો મોભને ઊંચકવા અને ઢોરને બચાવવા દોડ્યો હોય; ક્યાંક કોઢીની શુશ્રૂષા કરતો હોય, ક્યાંક દર્દીના પાટા-પિંડી કરતો હોય. પોતાના ભગવાનને વૈકુંઠ કે લક્ષ્મીનો ત્યાગ તો કરાવ્યો નહિ, પણ વૈકુંઠમાં રહેવાની એને માટે ફુરસદ જ ન રહી, અને લક્ષ્મીને પોતાની પાછળ ભટકવું પડે, અને કહે તેટલું પોટલામાંથી છોડી આપવું પડે એવો દીનબંધુ, પતિતપાવન અને અધમ-ઉદ્ધારક, અને એવા સેવાધર્મ દ્વારા જ રીઝનારો કલ્પ્યો.

આ વર્ગની ઉન્નતિ આ સંતધર્મના આચરણ દ્વારા જ શક્ય છે. એમની અવનતિનું કારણ આપણો સ્વાર્થી વ્યવહાર છે.

વર્ધા, ૮-૪-'૫૧ **કિશોરલાલ મશરૂવાળા**

તમારા રાષ્ટ્ર માટે પૂરા દિલથી પુરુષાર્થ કરવાનો સંકલ્પ કરો એટલે તમે ન કલ્પ્યાં હશે એવાં ફળો આવશે.

*

જે માણસ નિષ્કલંક સેવામય જીવન ગાળે છે, તેને આખું જગત પોતાનો માને છે.

*

પોતે જે સમાજમાં જન્મ્યો હોય તેની જવાબદારી ઉઠાવી લેવી એ જ ખરું વીરજીવન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેત-મજૂરની પ્રતિભા

ઇંગ્લૅન્ડના નામાંકિત પરદેશમંત્રી શ્રી અર્નેસ્ટ બેવિન થોડા દિવસ ઉપર ગુજરી ગયા. તે પહેલાં થોડા જ વખત પર તે, માંદગીને લઈને, પરદેશ ખાતાના મંત્રીપદેથી નિવૃત્ત થયા હતા. તે વખતે તે દેશના બધા રાજકીય પક્ષોએ પોતાનું દુ:ખ બતાવ્યું હતું; અને એમના સ્વર્ગવાસથી શોક પ્રગટ કર્યો છે. પરદેશમંત્રીના એમના કામથી તે દેશના બધા પક્ષો રાજી હતા, અને ચર્ચિલ જેવાએ પણ તેનાં મુક્ત કંઠે વખાણ કર્યાં હતાં; એટલું જ નહિ તેણે જ બેવિનને ૧૯૪૦માં બેવિનની શક્તિ અને કાબેલપણું જોઈને, પોતાની કૅબિનેટમાં મજૂર ખાતાના પ્રધાન તરીકે પસંદ કર્યા હતા. બ્રિટનના આ મહાન પરદેશમંત્રીની જીવનકથા જાણવા જેવી છે. ગાંધીજી જેને આજીવન ચાલનારું એવું પ્રૌઢ કે ઉત્તર-બુનિયાદી શિક્ષણ કહેતા અથવા તો સરદારસાહેબ જેને જીવનની વિદ્યાપીઠના ગ્રૅજ્યુએટનું શિક્ષણ કહેતા, તે શ્રી બેવિને મેળવ્યું હતું. યુનિવર્સિટી તો શું, સારી એવી હાઈસ્કૂલ પણ તેમણે દેખી નહોતી. એક સાદા સીધા ખેત-મજૂરમાંથી તે દુનિયાના એક પ્રખર પરદેશમંત્રીપદે પહોંચ્યા હતા. એમનું જીવન આપબળની એવી બોધ-ભરી કહાણી છે.

બેવિનના પિતા એક ખેત-મજૂર હતા. તેનો જન્મ ૧૮૮૧ના માર્ચની ૯મીએ વિલાયતના એક ગામડા-ગામમાં થયો હતો. જન્મ પહેલાં થોડા જ માસ ઉપર પિતા ગુજરી ગયા હતા. માતા ૭ વરસના નાના મૂકીને મરી ગઈ. ૧૧ વરસની ઉંમરે બેવિનને જગતની વિશાળ વિદ્યાપીઠમાં દાખલ થવાનું થયું. બે વરસ એણે પાસેના એક ખેતરમાં મજૂરીમાં કાઢ્યાં. ખેતરવાળો સોટી અને ગાળોથી કામ લેનારો કપરો માણસ હતો. એની બરદાસ કરે એવો બેવિન નહોતો. તે એ કામ છોડીને પાસેના બ્રિસ્ટલ શહેરમાં ભાગી ગયો. બેવિનના સ્વતંત્ર જીવન-વિકાસની કથા આ શહેરમાંથી શરૂ થાય છે.

બ્રિસ્ટલમાં પહેલું કામ એને વાસણ માંજનારનું મળ્યું. રોજની એક શિલિંગ મજૂરી મળતી. એમ કરતાં એને પહેલવહેલું કાંઈક સ્થિર કામ જે મળ્યું તે માલ ખેંચવાને માટેનો ઘોડાનો ખટારો હાંકવાનું. અઠ-વાડિયે ૧૫ શિલિંગનો રોજ હતો. ઉપરાંત માલ વેચાય તે ઉપર તેને થોડુંક કમિશન પણ આપવામાં આવતું. ત્યારે તેની ઉંમર ૧૫ વરસની હતી. આ કમાણી પર એ આગળ વધ્યો. એમાંથી એ ભણ્યો, દેશના પ્રશ્નો વિચાર કરતો થયો; અને પરણીને જાહેરજીવનમાં પણ ડોકિયું કરવા લાગ્યો.

પોતાના જેવા મજૂરોનાં મંડળોની સેવાથી તેણે જાહેર જીવન શરૂ કર્યું. બ્રિસ્ટલના બેકારોની મંડળીનો પ્રથમ મંત્રી બન્યો, અને તેમને કામ આપો એવી ચળવળ જગાવી. તે સારુ તેણે શહેરની સુધરાઈ પાસે ત્યાંના એક મોટા બાગમાં તળાવ ખોદવાનું કામ ઉઘાડાવ્યું. આ તળાવને ત્યારથી આજ સુધી ત્યાંના લોક 'બેવિન-તળાવ' જ કહે છે.

૧૯૧૮માં તે પાર્લમેન્ટમાં જવા ઊભો થયો, પણ હાર્યો. પણ પછી બે જ વરસમાં આખા દેશમાં તેની નામના ફેલાય એવું કામ એને હાથે થયું. ગોદી કામ-દારોના એક ઝઘડામાં તે મજૂર અદાલતમાં તેમના વતી વકીલ તરીકે ઊભો રહ્યો અને જીત્યો. આથી મજૂરોનાં મહાજનોમાં તેની કીર્તિ વધી, અને અનેક નાનાં મહાજનોએ મળીને તેના મંત્રીપદે એક મોટું મહાજન રચ્યું. અને ત્યારથી એક પ્રખર મજૂર મહાજન કાર્યકર્તા તરીકે તેની નામના આખા દેશમાં થઈ.

ઉપર જોયું કે, ૧૯૪૦થી એની પાર્લમેન્ટરી કારકિર્દી શરૂ થઈ. ચર્ચિલના રાષ્ટ્રીય પ્રધાનમંડળમાં તે મજૂર ખાતાનો પ્રધાન બન્યો. અને પછી ઍટલીની સાથે પરદેશમંત્રી બન્યો. તે તરીકે તેનું મોટું કામ એ હતું કે, સામ્યવાદ સામે પશ્ચિમ યુરોપને ટટાર ઊભો રહી શકે તેવો સધ્ધર કરવો. તે માટે તેણે અમેરિકા સાથે મળીને કામ લીધું અને તેમાં ઠીક ઠીક ફાવ્યો, એમ સૌ કબૂલ કરે છે.

આવી કારકિર્દીનો યશ બેવિનને વ્યક્તિગત તો છે જ. પરંતુ ઇંગ્લૅન્ડના પ્રજાશાહી લોકાચાર અને જબર-દસ્ત સમાજશિક્ષણતંત્રને પણ આભારી છે. બેવિનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથાક મહેનત, કામ કરવાની તમન્ના, તે માટે જરૂરી આવડત મેળવી લેવાની તત્પરતા, વગેરે ગુણો જો હોય, તો તે વડે લોકશાહી સમાજમાં કેવું શિક્ષણ, કેવી તાલીમ મેળવીને પોતાનો વિકાસ સાધી રાષ્ટ્રની સેવા કરી શકાય, તેના નમૂનારૂપ એવિનનું જીવન છે.

૧૯-૪-'૫૧ **મગનભાઈ દેસાઈ**

બે લિપિઓ

ગૂજરાત વિદ્યાપીઠ તરફથી મૌલાના હાલીનું 'ચુપકી દાદ' નામે હિંદી કાવ્ય નાગરી લિપિમાં બહાર પડયું છે, તે વિષે આ અંકમાં બીજી જગાએ વાચક જોશે. આ એક નવું પગલું છે, તે ધ્યાન પર નાંખવા જેવું છે. રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાની નાગરી ને ઉર્દૂ એ બે લિપિઓમાં લખાય છે, એ તો હકીકતી વાત છે. એનું સાહિત્ય એ બંને લિપિમાં મળે છે. પરદેશી રાજ્યની અસર તળે અને કોમી ખ્યાલોને લઈને, એ સાહિત્ય બે શૈલીમાં ફંટાઈ ગયું અને બે લિપિના સાધને તેમાં અનુકૂળતા કરી આપી. બાકી, કોમી ખ્યાલો વ્યાપક બન્યા નહોતા ત્યારે લોકો, પોતાના કામને હિસાબે, બંને લિપિ સહેજે જાણી લેતા. પણ ધીમે ધીમે એ વસ્તુ મટી ગઈ. આથી જે ભાષા કરોડો લોકોમાં ચાલતી હતી, તેણે પ્રાંતિક રૂપ પકડવા માંડયું અને સાહિત્યક્ષેત્રમાં હિંદી તથા ઉર્દૂ બે જુદી જુદી પ્રદેશ-ભાષાઓ જાણે ન હોય, એવું દેખાવા લાગ્યું. અને આગળ જઈને એ બે ભાષા હિંદુ ને મુસલમાન કોમની અલગ અલગ કોમી ભાષા હોય, તેવો ખ્યાલ પેદા થતો ગયો. જોકે વસ્તુસ્થિતિ તો એ હતી અને આજે તે જ ચાલુ છે કે, લાખો હિંદુઓની ભાષા ઉર્દૂ છે અને લાખો મુસલમાનો ઉર્દૂ જાણતા જ નથી. વળી ઉર્દૂ ભાષા પાકિસ્તાનની પણ નથી; તે ભાષા હિંદમાં જ પેદા થઈ અને હિંદમાં જ તે ચાલે છે, એ પણ યાદ રાખવા જેવી બીના છે. પરંતુ રાજકારણના કોમી ખ્યાલો અને ખેંચાખેંચીની અસર તેના એક ભાષાપ્રવાહ પર પણ પડી અને તેની બે ધારાઓ હોય એવો ખોટો ખ્યાલ લોકોમાં પડતો ગયો. હિંદની એકતામાં આથી ભાગલા પડયા. મુસ્લિમ લીગે ઉર્દૂને પોતાની 'રાષ્ટ્રીય' ભાષા કહેવા માંડી; હિંદીને હિંદુ લોકો કહેવા લાગ્યા. અને બંને પક્ષે બહિષ્કારનો ભાષાવાદ ચાલુ થયો. ઉર્દૂવાળા અરબી ફારસી શબ્દો નાંખવા લાગ્યા; હિંદીવાળા તેમને વીણી કાઢીને, આમ દૃષ્ટિએ જોતાં અઘરા લાગે તેવા સંસ્કૃત શબ્દો નાંખવા લાગ્યા. પરિણામ એવું દેખાવા લાગ્યું કે, ઇતિહાસે હિંદની એક રાષ્ટ્રભાષા બનવાને માટે જે ભાષા સરજેલી તે જાણે ગુજરાતી મરાઠી ઇ૦ પેઠે એક પ્રદેશ-ભાષા જ બની જશે કે શું? આ અવળી ગંગા થવા લાગી હતી તેને સવળી કરવાનું કામ ગાંધીજીએ રાષ્ટ્ર-ભાષા-પ્રચારની પોતાની પ્રવૃત્તિ મારફતે કર્યું. સૈકાં-જૂનો ઇતિહાસ વચ્ચે એક સદીમાં ડહોળાઈ ગયો હતો તે પાછો સરળ ચાલુ કરવા માટે તેમણે માગ કરી આપ્યો. પરંતુ એક સદીના કોમી ઇતિહાસનો કુસંસ્કાર બળવાન ન હોય, એ તો કેમ બને? તે સામે ઝૂઝતાં ગાંધીજી પડયા, પાકિસ્તાન થયું; એક ભાષાની બે લિપિ હતી તેમાંથી એક લિપિને રાજમાન્યતા મળી. છતાં એક વસ્તુ તો રહી જ કે, દેશની રાષ્ટ્રભાષા તો ગાંધીજી કહેતા હતા તે સ્વરૂપની એક લોકભાષા જ હોવી જોઈએ. અને ભારતના બંધારણમાં તેના વિકાસને માટેનું માર્ગ-દર્શન કરવામાં આવ્યું.

બેમાંથી એક લિપિને રાજમાન્ય કરી, એ વિષે ભાગ્યે કોઈએ બંધારણનો વિરોધ કર્યો છે. રાષ્ટ્રભાષાનું સ્વરૂપ ઉદાર અને સર્વશુભગ્રાહી વિકાસશીલ રહેવું જોઈએ અને તેમાં કોઈ કોમવાદ કે સંકુચિતતા ન હોવી જોઈએ, એ ઉઘાડું છે, એ એક સિદ્ધાંત છે. બે લિપિ હોવી જ જોઈએ, એવો સિદ્ધાંત નથી. કાળે કરીને બે લિપિમાંથી એક લિપિ પર પહોંચીશું અને તે લિપિ નાગરી હશે, એમ ગાંધીજીએ કહેલું એ સૌને ખબર છે. એ કાળ અણધાર્યો અને અણકલ્પેલી રીતે આવ્યો. આજે કોઈ વર્ગ એવો નથી જે એમ કહે છે કે, બંધારણની લિપિ-બાબતની કલમનો ફેર કરવો જોઈએ. એટલે બંને લિપિ હવે ફરજિયાત શીખવવાની રાખવી અઘરી વાત બની છે. પરંતુ, તેથી કાંઈ ઉર્દૂ લિપિમાં પડેલું સાહિત્ય ખોઈ ન શકાય. નહિ તો તો જે ઉદાર સ્વરૂપની રાષ્ટ્રીય હિંદી ઘડવી છે, તેમાં મહત્ત્વનો ફાળો આપી શકનારો પ્રવાહ બંધ થઈ જાય. આમ ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય તે માટે વિદ્યાપીઠે વિચાર કર્યો કે, ઉર્દૂમાં પડેલું ઉપયોગી હિંદી સાહિત્ય હવે નાગરીમાં ઊતરવું જોઈએ. તો શાળા-મહાશાળાઓ માટે અભ્યાસની યોગ્ય ચોપડીઓ પણ મળી શકશે અને હિંદીનો ઉચ્ચ અભ્યાસ કરનારા તેની વિવિધ શૈલી અને શક્તિનું પાન કરીને રાષ્ટ્રભાષાના સાચા વિકાસ માટે તૈયાર થઈ શકશે.

'ચુપકી દાદ' આવા વિચારથી બહાર પાડવામાં આવી છે. એ રીતે બીજું કામ પણ વિચારવાનું રાખ્યું છે.

૧૫-૪-'૫૧ મ૦

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી મનુબહેન ગાંધીની ડાયરીમાંથી હપતાવાર અપાતા હેવાલનો આગળનો હપતો આ છે. —મ૦]

તા. ૫-૧૦-૧૯૪૭
નવી દિલ્હી

નિયમ મુજબ પ્રાર્થના થઈ. બાપુજીએ ફરવા જતાં પહેલાં મોસંબીનો રસ અને ગ્લુકોઝ લીધાં હતાં.

૮-૩૦ વાગ્યે શાકનું સૂપ લીધું. અંદર જરાક નવસાદર નખાવ્યો. ૯-૩૫ હોરેસ એલેકઝાન્ડર આવ્યા. તેમની સાથે પડ્યા પડ્યા વાતો કરી. અને તે ગયા પછી ઊંઘ્યા. ૯-૪૫ વાગ્યે જાગ્યા. ૧૦ાા વાગ્યે કૃપાલાનીજી અને સુચેતાબહેન આવ્યાં. એમણે બહુ દુઃખિત મને કોંગ્રેસના સડાની વાતો કરી. બાપુજીએ કહ્યું, "હું અભ્યાસ કરી રહ્યો છું. તેથી બધું દબાવીને બેઠો છું. ક્યારે શું કરીશ તે નથી જાણતો," વરાળ લેતાં લેતાં બાપુજીએ જવાબ આપ્યો. ૧૧ વાગ્યે ગરમ માટી લીધી. ૧૨ વાગ્યે માટી કાઢી.

'હરિજન' માટે આજે લેખ લખાવ્યો. તેમાં બાપુજી પર મુબારકબાદીના તારો આવેલા છે, તેમાં એક તાર એવો હતો કે, "બાપુજી! આપ હમણાં હમણાંની પરિસ્થિતિથી નિરાશ થઈ ગયા છો, તો નિરાશ થવાનું કંઈ કારણ નથી. દુનિયામાં જે ગંભીર પરિસ્થિતિ થઈ રહી છે તેને અહિંસાને રસ્તે જ હરાવવા હિંદુસ્તાને મોટામાં મોટો હિસ્સો આપ્યો છે અને એટલા સારુ જ આપને પ્રભુએ આ દુનયામાં અવતાર આપ્યો છે." વ૦

આ તારનો ખૂબ જ મનનીય ઉલ્લેખ કરીને આજનો લેખ હતો. તેમાં હતું કે, "મારી માનસિક સ્થિતિને નિરાશા કહેવી તે ઠીક નથી. અને પ્રભુની યોજના મારી મારફતે જ સફળ થાય એમ માનવાનું મારે કંઈ જ કારણ નથી. એ મિથ્યા અભિમાન છે. એ યોજનાની સફળતા માટે યોગ્ય હોઉં તો અયોગ્ય પણ કેમ ન હોઈ શકું? પ્રભુનું મન જાણવાની કોઈને શક્તિ જ ઈશ્વરે નથી આપી. આપણે તો એક સમુદ્રમાં બિંદુમાત્ર છીએ.

"૧૨૫ વર્ષ જીવવાની મેં જેટલી ઉદ્ધતાઈથી જાહેરાત કરી હતી તેવી જ રીતે તે ઇચ્છા બદલવાની નમ્રતા આ કપરા સમયમાં મારે કરવી જોઈએ. એની પાછળ નિરાશા કે ખિન્નતા નથી, પણ લાચારી છે. આવી પરિસ્થિતિમાં કે જ્યાં આપણામાં ગાંડપણ, અને ગુંડાપણ આટલી હદ સુધી ઘૂસી ગયું છે, તેનો સાક્ષી મને ન બનાવ, એ જ હું ઈશ્વર પાસે માગું છું. છતાંય મારી હંમેશાં પ્રભુને માગણી છે કે, હે પ્રભો! તારી ઇચ્છાનું સામ્રાજ્ય આ પૃથ્વી પર પ્રવર્તો. અને જો એમાં એને મારો ખપ હશે તો જરૂર મને ૧૨૫ વર્ષ જિવાડશે.

"મનુષ્યથી તો એટલું જ થઈ શકે કે, તે પોતાના આદર્શને પહોંચવા મહેનત કરે. મારે વિષે હું એટલો દાવો કરી શકું છું કે, મારામાં જે કાંઈ શક્તિ છે તેનો સંપૂર્ણપણે ઉપયોગ મારા ધ્યેયની નજીક પહોંચવા કરી રહ્યો છું."

આ અંગ્રેજીમાં લેખ લખાવ્યો હતો, જેનો સારાંશ આ પ્રમાણેનો હતો.

૧૨ાા વાગ્યે સંતરાનો આઠ ઔંસ રસ અને ગ્લુકોઝ લીધું. ૨-૩૦ વાગ્યે અંગૂર ખાધી. રાઘવનજી અને તેમનાં પત્ની મળવા આવ્યાં. સુભાષબાબુની વાતો કરતાં તે લોકોની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

૩-૧૫ કેનેડાના હાઈ કમિશનર આવ્યા. ૪ વાગ્યે છાતી પર અને ગળા પર ગરમ માટી લીધી ૫ વાગ્યે ઉતારી. સૂપ અને એક સંતરું પાંચ વાગ્યા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધાં. કાંત્યું. થોડુંક લખ્યું. તાવ તો હતો જ. ૬ વાગ્યે પ્રાર્થનામાં ગયા.

આજે બાર નવા કામળા આવ્યા છે. બાપુજીની તબિયતના સમાચાર છાપાંમાં આવી જતાં તબિયતની પૂછપરછ કરતા તારો મળ્યા.

આજના પ્રાર્થનાપ્રવચનમાં સહુથી પહેલાં માંદગીના તારો આવ્યા તે વિષે વાત કહી કે, "મને થોડીક શરદી, ઉધરસ તાવ છે. પણ ફિકર કરવાનું જરાયે કારણ નથી. છાપાંઓમાં કોણે આ જાહેરાત આપી છે તે નથી જાણતો. પણ છાપાવાળાઓને વિનંતી છે કે આવા સમાચાર જાહેર કરવાથી કોઈને ફાયદો નથી."

પછી બાપુજીએ કહ્યું કે, એક ભાઈનો એક તાર આવ્યો છે. હમણાં જ અહીં આવતાં પહેલાં મેં વાંચ્યો. તેમાં છે કે, "જો હિંદુઓ અને શીખોએ જે કર્યું છે, જો આ રીતે બદલો ન લીધો હોત, તો તમે જીવતા ન હોત. તમે ભોળા છો, તમને બનાવી જાય છે." વ૦

બાપુજીએ તેનો જવાબ આપતાં કહ્યું, "હું આ કથનને નથી માનતો. માનો કે મુસલમાન કદાચ દગો પણ દે, તો 'દગો કોઈનો સગો નથી.' ૪ા કરોડ મુસલમાનને આપણે ડરી જઈને હઠાવીએ તો તે કાયરતાની વાત છે.

"મારી જિંદગી તો ઈશ્વરના હાથમાં છે. તેની ઇચ્છા વિના પાંદડુંય હાલી નથી શકતું. કોઈ કોઈની જિંદગી બચાવવા સમર્થ નથી, સિવાય પ્રભુ.

"ગામડાંમાં અસંખ્ય મુસલમાનોની વસ્તી છે. તે બધા આવા દગાખોર હશે તો ઇસ્લામ ધર્મનો આપોઆપ નાશ જ છે.

"ચર્ચિલ સાહેબનું આજનું ભાષણ મને ખૂંચ્યું છે. કેમ કે હું તો અંગ્રેજોનો વર્ષોથી દોસ્ત છું. ચર્ચિલ સાહેબ રાષ્ટ્રના કરતાં પોતાના પક્ષને આગળ લાવવાની દાનત રાખી રહ્યા છે. તેમને શી ખબર કે, હિંદુસ્તાન તો સાત લાખ ગામડાંમાં વસી રહ્યું છે! શું ભલા અને સારા લોકોને જ સ્વતંત્રતાનો હક્ક છે?

"બધા રાજદ્વારી પક્ષોની ઇચ્છાથી હિંદમાંથી બ્રિટિશ સલ્તનતનો અંત આવ્યો. આ ભવ્ય કામ થયું છે. ત્યારે આજે આટલા દિવસો પછી હવે તકરાર કરવાનું ચર્ચિલ સાહેબને શોભતું નથી.

"અમોને બ્રિટિશ સામ્રાજ્યમાં ખાલસા કરવાનું કામ કેવું બેવફાઈભરેલું છે તેનો ચર્ચિલ સાહેબે વિચાર કર્યો છે? હિંદને કેવી રીતે ગુલામ બનાવવામાં આવ્યું હતું તેનો કંઈ ખ્યાલ છે? પણ તે કાળી કથા મારે ફરીને અહીં નથી યાદ આપવી. ભલે સાત લાખ ગામડાં કદાચ પાગલ થઈ જાય, પણ આઝાદ રહે તેનો મને પારાવાર સંતોષ છે. હવે અંગ્રેજો આવી જ નથી શકવાના. દુનિયા નહિ આવવા દે. 'યુનો' છે ખરી, પણ હું તો એકલો હોઈશ તોપણ મક્કમતાથી કહીશ કે, ખબરદાર! હવે અમને કોઈ ગુલામ નહિ બનાવી શકે; નાશ કરી શકશે. આ મારી પ્રતિજ્ઞા છે. હું તો આજ છું અને કાલ નથી. આપણે ફરી ફરી વિચાર કરીએ, અને આપણી હેવાનિયત છોડીએ. પ્રભુ તમારી મારફત મારી પ્રતિજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરાવે. અને ચર્ચિલ સાહેબની અમંગળ આગાહીઓ ખોટી પડો."

પ્રાર્થના પછી બાપુજી અંદર ફર્યા. ગોપુની સાથે થોડીક વાર રમ્યા. બાળકો સાથે બાપુજી ખૂબ તાજા થઈ જાય છે. પછી ગરમ પાણીમાં પાંચ મિનિટ પગ બોળ્યા. પંડિતજી આવ્યા. ૦ાા કલાક તેઓ બેઠા. 'હરિજન' અંગેનું લખાણ તપાસ્યું. પ્રવચન તપાસ્યું. ૯ વાગ્યે પથારીમાં પડ્યા. પણ ઉધરસ સખત હતી. ૧૦ વાગ્યા સુધી બેસી જ રહ્યા. રાત બહુ સારી ન ગઈ.

તા. ૬-૧૦-'૪૭
નવી દિલ્હી

૩ા વાગ્યે પ્રાર્થના માટે જાગ્યા. આજે સુશીલાબહેનને પણ ૧૦૪° સુધી તાવ હતો. બાપુજીને પણ ખાંસી આવતી હતી. માંદગીનું વાતાવરણ થઈ ગયું છે.

પ્રાર્થના પછી ગરમ પાણી, મધ, અને બનફશા લીધા. નિયમ મુજબ પાંચ મિનિટ ગરમ પાણીમાં પગ બોળ્યા. મસાજ, એનિમા, compress સ્નાન વ. એ કલાક ચાલ્યું. નાહ્યા પછી શાકનું સૂપ અંદર લસણ, નવસાદર, અને હળદર નાખીને લીધું. ૧૨ વાગ્યે જમનાદાસભાઈ દ્વારકાદાસ આવ્યા. મૌનવાર છે એથી બધું શાંત છે. મુસલમાનભાઈઓ પણ મળી ગયા.

૧૧ વાગ્યે ગરમ માટી લીધી. ૧૨ વાગ્યે માટી કાઢી. ૧૨ાા વાગ્યે સંતરાંનો રસ લીધો. ૮ ઔંસ – અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ૮ ઔંસ ગરમ પાણી નાખ્યું. મુલાકાતો તો બહારની બંધ છે.

ગોવિંદ વલ્લભ પંતજી, સર પુરુષોત્તમદાસભાઈ, મણિબહેન, ગાડગિલજી, અનુગ્રહબાબુ, આ બધાં જોવા આવ્યાં હતાં. ૪ા વાગ્યે અંગૂર અને એક સંતરું બાપુજીએ લીધું. પછી કાંત્યું. ફરી ગરમ માટી પેટ પર તથા ગળા પર લીધી. સાંજે પા વાગ્યે કાઢી. પછી બાપુજીએ પ્રવચન લખ્યું. ઝીણો તાવ તો છે જ. સુશીલાબહેનને આખો દહાડો સખત તાવ હતો. બાપુજીને ઉધરસમાં હજુ ખાસ કશો સુધારો નથી.

આજના પ્રાર્થનાપ્રવચનમાં ખોરાકની જ મુખ્ય વાતો હતી. બાપુજીએ કહ્યું કે, "જો આપણે શ્રમ કરતાં શીખીએ અને આત્મશ્રદ્ધા રાખીએ તો આપણે પરદેશમાંથી અનાજ મંગાવવાની જરૂર જ ન પડે. આપણે ત્યાં વિશાળ જગ્યા છે. મોટી મોટી નદીઓ છે. અને એટલું જ આપણું પશુધન છે. જો આપણે જરાક વિચારીએ તો હું તો ત્યાં સુધી કહું છું કે, બહારની દુનિયામાં જ્યાં આજે અનાજનો તોટો છે ત્યાં જો આપણે આપણી આળસ ઓછી કરીએ, કામ કરતાં થઈ જઈએ, અને આપસ આપસમાં ઝગડીએ નહિ, તો આપણે અનાજની બાબતમાં બીજા દેશોને મદદ કરી શકીએ. આ કંઈ હું ગુમાનમાં કે વગર વિચાર્યે નથી કહેતો. આજે તો આ વિચારથી સાવ ઊલટી પરિસ્થિતિ છે. બીજાને મદદ કરવાની વાત તો બાજુમાં રહી, પણ બીજા દેશ પાસે અનાજની બાબતમાં કે કપડાની બાબતમાં ભીખ માગવી પડે એ ખરેખર શરમની વાત છે. અને પરદેશથી આપણને ફક્ત ત્રણ ટકા જ મદદ મળી શકે તેમ છે. આ રીતે આપણે બહારની મદદ માગવા બેસશું તો આપણે ઊંધે રસ્તે ચઢી જવાના. એક જ કેન્દ્રમાંથી અનાજની વ્યવસ્થાથી ઊલટાની વિષમ સ્થિતિ છે. જ્યાં જ્યાં ઊગી શકે ત્યાં ત્યાં એકેએક તસુમાં ખાદ્ય પદાર્થ ઉગાડવાની મોટી જરૂર છે. આપણાં ગામડાંના માણસો કઠોળ અને અનાજની ખેતી સારી રીતે કરી જાણે છે.

"તે ઉપરાંત જો ખાવામાં સંયમ પળાશે તો તેથી હિંદમાં ઘણા અનાજની બચત થશે. પણ પરિગ્રહ નહિ કરવાનો.

"જે ખેડૂતો અનાજ ઉત્પન્ન કરે છે તેઓ જો છૂટથી વહેંચે તો મને લાગે છે કે, કાળાબજારનોય અંત આવશે, સારો દાણો મળશે, અને આટલો પરિગ્રહ નહિ થાય.

"પ્રમુખ ટ્રુમેને રોટી ઓછી ખાવાની સલાહ આપી છે તે માટે તેમને મુબારકબાદી કે તેમણે માનવસેવા કરવાને માટે પોતાની પ્રજાને આવી સુંદર સલાહ આપી છે. અને તે પણ યુરોપને ખાતર.

"તો અહીં તો પોતાના જ હિતને ખાતર થોડોક સંયમ પાળવાનો છે. એટલે પ્રત્યેક હિંદી તન મન ધનથી થાય તેટલી અત્યારે પોતાના રાષ્ટ્રને માથે અનાજની કટોકટી આવી પડી છે ત્યારે વફાદારીપૂર્વક સેવા આપવાનો યશ ગુમાવશે નહિ. એવી આશા રાખું છું."

પ્રાર્થના પછી સમાજવાદી પક્ષના સભ્યો સાથે વાતો કરી. એકાંતમાં વાતો થઈ. પછી ગોપુ સાથે આજે પણ ખૂબ જ રમ્યા.

૮ાા વાગ્યે ડૉ. ભાર્ગવ અને ડૉ. પી. જી. ઢાંઢા આવ્યા. બાપુજીને પેનિસિલિન લેવા સમજાવવા લાગ્યા. બાપુજીએ એક જ વાત કહી અને તે રામનામની. "મારા હૃદયમાં રામનામ ઊતરી જાય તો હું બે જ દહાડામાં સાજો થઈશ. પણ હજુ એવું નથી. એટલી મારી ઢીલાશ, પણ પેનિસિલિન તો ન જ લઈ શકું. જેમ તમે સાયન્સના ખોળનારા છો તેમ હું રામનામનો ખોળનારો છું. જો એને ખોળી શકું તો ઠીક છે, નહિતર તે ખોળતો ખોળતો ચાલ્યો જઈશ.

"ભલે ત્રણ અઠવાડિયાં થાય. તેમાં મારી પણ પરીક્ષા થઈ રહેશે કે હું ક્યાં છું?"

૯ાા વાગ્યે બાપુજી પથારીમાં પડ્યા. બનફશા સૂતી વખતે લીધા. સૂતી વેળાએ ઉધરસ તો બહુ ચઢી હતી. પણ એકાદ કલાક પછી સહેજ ઠીક થઈ ગયું. રાત ઠીક ઠીક શાન્તિમાં ગઈ.

તા. ૭–૨૦–'૪૭

નવી દિલ્હી

૩ાા વાગ્યે રોજ પ્રમાણે ઊઠવાનું. દાતણપાણી અને પ્રાર્થના પછી બાપુજીએ કેટલુંક કામ કર્યું.

બાપુજી થોડીક વાર આડા પડ્યા. આરામ લીધો. ૬ વાગ્યે ફરતાં ફરતાં માંદગી અંગેની વાતો નીકળી. મેં બાપુજીને કહ્યું, ધારો કે કોઈનું હાડકું તૂટી ગયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, અને તે માણસ રામનામ લીધા કરે તો હાડકું આપોઆપ સંધાઈ જાય?

બાપુજી: "જો રામનામ હૃદયગત થઈ ગયું હોય અને હાડકું ન સંધાય તો પછી એને શી પરવા હોય પણ? એને તો રામ રાખે તેમ જ રહેવાનું છે. રામનામ ખોટું છે જ નહિ, એનો ઉપાસક ખોટો હોઈ શકે."

ફરીને સુશીલાબહેન માંદાં હતાં તેમને જોયાં. પાંચ મિનિટ નિયમ મુજબ ગરમ પાણીમાં પગ બોળ્યા. મસાજ, એનિમા, સ્નાનાદિ એક કલાક ચાલ્યું. ૮–૫૩ મૌલાના સાહેબ આવ્યા.

મૌલાના સાહેબ આવે ત્યારે સિગારેટ પીએ તેની રાખ નાખવા માટે રકાબી તેમની પાસે મૂકી દેવાની હોય. એ મૂકવાની હું ચૂકી ગઈ. પણ બાપુજી માંદા માંદા ઊભા થયા અને રકાબી મૂકી. હું સામેના બાથરૂમમાંથી નીકળી અને આ દૃશ્ય જોયું. મારી ભૂલ માટે અત્યંત શરમાઈ. મૌલાના સાહેબ તો આશ્ચર્યથી ઘડીભર કંઈ બોલી જ ન શક્યા. પછી બાપુને કહે: "આપે કેમ તકલીફ લીધી? આપની સેવા કરવાને બદલે અમે સેવા લઈએ છીએ."

બાપુજી હસતા હસતા કહે, "ક્યારેક મને પણ આમ કોઈકની સેવા કરવાનો મોકો મળે છે તો બહુ ગમે છે, એ તમે જાણો છો?"

આજથી બાપુજીએ દૂધવટી શરૂ કરી છે. ચાર ચાર ઔંસ દૂધ દર બે કલાકે લેશે. ૧૦–૧૨–૨–૪ વાગ્યા સુધી અને સાંજે પાંચ વાગ્યે બાફેલું શાક, સૂપ અને ૩ સંતરાં. આમ આજથી ખોરાકમાં રહ્યું. વચ્ચે ૧ વાગ્યે ગરમ માટી છાતી તથા ગળા ઉપર લીધી. અને પેટ ઉપર ઠંડી માટી. ૨ વાગ્યે માટી કાઢીને કાંત્યું. જવાહરલાલજી આવી ગયા. ૫ાા વાગ્યે નરહરિભાઈ તથા લક્ષ્મીદાસભાઈ આવ્યા.

નિયમ મુજબ ૬ વાગ્યે પ્રાર્થના થઈ. હમણાં માંદગી ચાલે છે એટલે મુલાકાત સાવ બંધ છે. બાપુજીની સેવામાં વખત વ્યતીત થાય છે. અમુક રોજના ઘરના માણસો સિવાય બહારની મુલાકાતો, ટપાલનું કામકાજ ઓછું કરી નાખ્યું છે.

આજની પ્રાર્થનાસભામાં બાપુજીને વધુ કામળા મળ્યા તે માટે પ્રજાને ધન્યવાદ આપ્યો. પછી કોંગ્રેસને સહૃદયથી વફાદાર રહેવાની વાત કરતાં બાપુજીએ કહ્યું, "પાકિસ્તાનમાં વસતા હિંદુઓની સલામતી નથી, તેમ હિંદુસ્તાનમાં વસતા મુસલમાનોની સલામતી નથી. બે ખોટા કામનો સરવાળો કર્યાથી એક સાચું કામ થોડું જ બનશે? અને બદલો લેવો હશે તો કાયદાથી હકૂમત લેશે. તમે વ્યક્તિગત બદલો ન લો. મારી તમને સલાહ છે કે, તમે તમારા ધર્મને, તમારા દેશને વફાદાર રહો. છેલ્લાં સાઠ વર્ષોથી કોંગ્રેસે સેવા કરી છે. તે જ તમારા પ્રધાનો છે. જો તેઓના પર વિશ્વાસ ન હોય તો તમે તેમને હઠાવી શકો છો. પણ તમે આવું વાહિયાત કામ ન કરો. ખોરાકની બાબતમાં મેં ગઈ કાલે કહ્યું હતું તે પર હું મક્કમ છું. તે કમિટીના નિષ્ણાતો ન માને તો જુદી વાત છે. પણ મારી ચોક્કસ માન્યતા છે કે, તેમ કરવાથી ૨૪ કલાકમાં ખોરાકનો પ્રશ્ન હલ થઈ જશે.

"ઘણા લોકોની મારી પાસે એવી ફરિયાદ આવી છે કે, પ્રધાનો બ્રિટિશ રાજ્યની માફક આપખુદી વર્તન ચલાવી રહ્યા છે. જોકે આ બાબતમાં પ્રધાનો સાથે મારે કોઈ જાતની મસલત નથી થઈ. પણ હું એટલું ચેતવણીરૂપે કહીશ કે, જો આ હકીકત કોઈ પણ પ્રધાનને માટે હોય તો તેણે ચેતીને પોતાની ભૂલ સુધારવી જોઈએ. અને જે બ્રિટિશ અમલની તમે જ ટીકા કરતા હતા તેમાં તમે ન ફસાતા. આ વિષે ખૂબ સાવચેત રહેજો. આટલી વાત મારી ઉપર જુદા જુદા પ્રાંતોમાંથી પત્રો મળ્યા છે તે પરથી કહું છું.

"પણ લોકોને કહું છું કે, તમારી સરકારને તમે વફાદાર રહો અને મજબૂત બનાવો. જવાહરલાલ એ તો ખરેખર આપણું સાચું અને અમૂલ્ય જવાહર છે. હું સનાતની હિંદુ કહેવડાવું છું કેમ કે મારો ધર્મ મને સર્વ ધર્મને આદર આપવાનું શીખવે છે. અને એ જ રામરાજ્યની ખૂબી છે. પણ હિંદ એકલા હિંદુઓનું જ છે એવી અપેક્ષા જો તમે સરદાર કે જવાહર પાસેથી રાખશો તો તે ફોગટ છે. અને તે રસ્તે હિંદુઓનો ખરેખર વિનાશ છે."

પ્રાર્થના પછી ડૉ. રામમનોહર લોહિયા અને અચ્યુત પટવર્ધન સાથે વાતો કરી. પ્રવચન તપાસ્યું. ૯–૫ વાગ્યે બનફશા લઈને સૂવાની તૈયારી કરી.

મનુબહેન ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુ-મુસ્લિમ એકતામાં સંતોનો ફાળો

દરેક દેશના ઇતિહાસમાં, ભિન્ન ભિન્ન જાતિઓ વચ્ચે થયેલાં ઘર્ષણોનો હેવાલ આપણને જોવાનો મળે છે. કેટલીક વાર આવાં ઘર્ષણોથી સભ્યતાનો વિકાસ થતો માલૂમ પડે છે. દરેક જાતિના આદર્શો જુદા જુદા હોવાથી અન્ને જાતિને એકબીજાની સંસ્કૃતિમાંથી કંઈક શીખવાનું મળે છે. આપણા ભારતના ઇતિહાસમાં પણ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓનું સંમેલન થયેલું જોવામાં આવે છે. પ્રાચીન વખતમાં ગોરા આર્યો સાથે આ દેશના કાળા વતનીઓનો મેળાપ થયો. ત્યાર પછી આર્યોનો મેળાપ દ્રાવિડ લોકો સાથે થયો. આર્યોની અને દ્રાવિડ લોકોની સંસ્કૃતિ એકબીજામાં સમાઈ ગઈ. પછી ભારતમાં ઇસ્લામી સંસ્કૃતિ આવી.

૧

ભારતમાં ગુપ્ત વંશ રાજ્ય કરતો હતો, તે વખતે અરબસ્તાનમાં એક જાતિ રહેતી હતી. તે જાતિના લોકો બહુ મજબૂત અને અભિમાની હતા. વેપાર કરીને અગર ખેતી કરીને એ જાતિ પોતાનું ગુજરાન ચલાવતી. એ જાતિના લોકો પથ્થરની મૂર્તિઓની પૂજા કરતા હતા. એ જાતિમાં હજરત મહંમદ પેગમ્બરનો (ઈ. સ. ૫૭૦માં) જન્મ થયો. તે જ્યારે મોટા થયા ત્યારે તેમણે પોતાની જાતિના લોકોને મૂર્તિપૂજા ન કરવા સમજાવ્યા. અને તેઓને એકમેકની સાથે સલાહસંપથી રહેવાની શિખામણ પણ આપી.

હિજરત પછીનાં સાત વર્ષોમાં તો આ સંદેશો આખા અરબસ્તાનમાં ફેલાઈ ગયો. આરબ મજબૂત અને લડાયક પ્રજા હતી, એટલે તેણે પોતાની માન્યતા બળજબરીથી નજીકના દેશો, જેવા કે સીરિયા, તુર્કી અને ઈરાનના લોકો પર લાદી. ધીમે ધીમે એ લોકોની સત્તા વધતી ચાલી. ચીનથી સ્પેન સુધી ઇસ્લામ ધર્મની હાક વાગી ગઈ. રશિયા, યુનાન, બાલ્કન, પોલેંડ, દક્ષિણ ઇટાલી, સિસીલી વગેરે અર્ધા યુરોપ ઉપર મુસલમાનોની સત્તા સ્થપાઈ હતી.

જે વખતે મુસલમાન લોકોને બીજા દેશોને જીતવાની ઇચ્છા થઈ, તે વખતથી જ તે લોકો પેગમ્બરના પવિત્ર સંદેશને ભૂલી ગયા. સાદી જિંદગી અને અંતઃકરણપૂર્વકની પ્રાર્થનાને બદલે તેઓના જીવનમાં મોજશોખ અને અત્યાચારે સ્થાન જમાવ્યું.

ભારતમાં જોકે ઈ. સ. ૧૧૯૩થી મુસલમાન અમલનો આરંભ થાય છે, છતાં પણ કેટલાયે મુસલમાન સાધકો અને ફકીરો આ હુમલાખોરો કરતાં પણ પહેલાં ભારતમાં આવ્યા હતા. તે વખતે બગદાદ વિદ્યાનું ધામ મનાતું હતું. ભારતના કેટલાયે વિદ્વાનો ખલીફાના દરબારમાં પણ જતા હતા. ઘણા સંસ્કૃત ગ્રંથોના અરબી ભાષામાં અનુવાદ પણ થયા હતા.

ઇસ્લામી સંપ્રદાયના લોકોએ ગેરમુસ્લિમ તરફ કેવી રીતનો વર્તાવ રાખવો જોઈએ, તે વિષેની શિખામણ આપતાં કુરાન કહે છે કે, “ વખતમાં જ ખુદા તમને અને તમારા ગેરમુસ્લિમ દુશ્મનોને દોસ્તીના બંધથી બાંધી દે એવો પૂરો સંભવ છે. ખુદા એવું કરવાને પૂરો સમર્થ છે. તે રહેમ કરવાવાળો રહીમ છે. જેમણે કદી તમારી સાથે ઝઘડો કર્યો નથી અથવા જેમણે તમને તમારા ઘરમાંથી હાંકી કાઢ્યા નથી, તેમની સાથે તમારે ન્યાય તેમ જ વિવેકથી વર્તવું. જે ન્યાયી છે તેમને ખુદા ચાહે છે.” (કુરાન, અધ્યાય ૭)

“ ગેરમુસ્લિમોનાં દેવદેવીઓ વિષે ભૂંડાં વચનો ન બોલશો, કેમ કે નહિ તો તે લોકો પણ તમારા અલ્લાને વિષે એવા જ બોલ બોલીને સામો જવાબ વાળશે.”

(કુરાન, અધ્યાય ૭)

પેગમ્બર સાહેબે એમ પણ કહ્યું છે કે, “ કોઈ મુસલમાન કોઈ ગેરમુસલમાન પર જુલમ ગુજારશે, તેને નુકસાન પહોંચાડશે, તેની ગુંજાશ બહારની ફરજો તેને માથે નાખશે, અગર તેની સંમતિ વિના તેની પાસેથી કોઈ ચીજ પડાવી લેશે, તો કયામતને દિવસે હું જાતે એ ગેરમુસ્લિમને પક્ષે રહી ખુદાની આગળ તે મુસલમાનની સામે ફરિયાદ રજૂ કરીશ.”

“ ગેરમુસ્લિમોને પોતાનાં બંદગીનાં સ્થાનોમાં પોતાની મરજી પડે તેમ કરવાની છૂટ રહેશે, એવા કોલથી હું તેમની સાથે બંધાયો છું. તેમની ગુંજાશ બહારની ફરજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે તેમને માથે નાખવી નથી. તેમના પરદેશના દુશ્મનોની સામે હું તેમનો બચાવ કરીશ. અને પોતાના ધર્મની બાબતોમાં તેમને પૂરેપૂરી સ્વતંત્રતા રહેશે."

"એક ગેરમુસ્લિમનું ખૂન મારા ખૂન જેવું જ છે. જે મુસલમાન એક બેગુના ગેરમુસ્લિમનું ખૂન રેડવાનો ગુનો કરે છે તે મારું ખૂન રેડવાનો જ ગુનો કરે છે." (હૈયુલ કુલુબ)

ગેરમુસ્લિમ તરફ ખરાબ વર્તાવ રાખનાર મુસલમાનને પહેલાંના જમાનામાં કેવી કડક સજા થતી તેનું વર્ણન 'તવારીખે અફઘાન' અને 'ઇસ્લામની તવારીખ'માં સરસ રીતે કરવામાં આવ્યું છે.

૨

શંકરાચાર્યના વખતમાં ભારતમાં ઇસ્લામે પ્રવેશ કરી લીધો હતો. રામાનુજ પછી થયેલા રામાનંદે પોતાના સંપ્રદાયમાં દરેક જ઼ાતિના લોકોને ભેળવ્યા. રામાનંદના શિષ્યો તથા અનુયાયીઓમાંના ઘણા મુસલમાનો પણ હતા. સંત કબીર તેમાંના એક હતા. હિંદુ-મુસ્લિમ ઐક્યના સૌથી પ્રથમ પ્રચારક કબીર હતા.

સંત કબીર પોતાનાં કાવ્યોમાં કહે છે કે, "અરે ભાઈ! બે ઈશ્વર ક્યાંથી આવ્યા? તને કોણે ભરમાવ્યો? અલ્લાહ અને રામ, કબીર અને કેશવ, હરિ અને હજરત એક જ સોનાનાં બનેલાં ઘરેણાં જેવા છે. તેમનામાં ભેદભાવ છે જ નહિ. માત્ર કહેવા સાંભળવા વ્યવહાર પૂરતાં તે બે નામો રાખ્યાં છે.

"જીવો પોતાના વાસ્તવિક રૂપમાં પણ બધા એક જ છે અને પ્રગટ રૂપમાં પણ બધા એકસરખા જ છે. કોઈને એવો ગર્વ નહિ હોવો જોઈએ કે હું હિંદુ છું કે મુસલમાન છું. આ હિંદુ મુસલમાનનો ભેદ જ ખોટો છે."

"હરિ પૂર્વમાં રહે છે, અને અલ્લાહ પશ્ચિમમાં? પણ કબીર કહે છે, તમારા દિલમાં શોધો, ત્યાં જ કરીમ અને ત્યાં જ રામ છે. કબીર અલ્લાહનો અને રામનો પુત્ર છે; તે જ કબીરનો ગુરુ અને પીર છે. હિંદુ અને તુર્કોની એક જ રાહ છે, જે સદ્‌ગુરુએ બતાવી છે. કબીર કહે છે, હે ભાઈ સંતો! રામ અને ખુદામાં કંઈ ભેદ નથી. હિંદુઓ રામ કહે છે અને મુસલમાનો રહીમ કહે છે. અંદર અંદર બન્ને લડી મરે છે; મર્મ તો કોઈ જાણતું નથી."

એમના પછી ગુરુ નાનક આવ્યા. એમનું જીવન પણ કબીરની જેમ જ પસાર થયું. એમણે પણ હિંદુ-મુસ્લિમ ઐક્યનો પ્રચાર કર્યો. ગુરુ નાનક પોતાનાં કાવ્યોમાં કહે છે, "હિંદુ તથા મુસલમાન બન્ને એક જ ખુદાના બંદા છે. એક રામનો અને બીજો રસૂલનો પક્ષ લઈને બન્ને બેઈમાન લડે છે. . . . આપણે હિંદુ પણ નથી અને મુસલમાન પણ નથી. આ બન્નેના મનમાં સેતાન બેઠેલો છે. ગુરુ નાનક કહે છે, હે અબ્દુર રહેમાન! સાંભળ; ઈશ્વર એક જ છે. મતમતાંતરોની હઠ છોડી દે તો જ એ એક ઈશ્વરને ઓળખી શકીશ."

"માર્ગ નથી હિંદુને સૂઝ્યો કે નથી મુસલમાનોને. બન્ને સાચા માર્ગથી ભૂલા પડ્યા છે. . . . બન્ને ઉપર સેતાને વિજય મેળવી લીધો છે. . . ."

આ બન્ને સંતો પછી પીપા, સેનાબાઈ, રહીદાસ ચમાર, વગેરે સંતો થયા હતા. તેમનો ઉપદેશ પણ કબીર અને નાનક જેવો જ હતો.

કબીરના વખતમાં થયેલા સંત દાદુનું નામ ઘણું પ્રખ્યાત છે. દાદુ કબીરજીના શિષ્ય હતા. એમણે પોતાનાં કાવ્યોમાં કહ્યું છે કે, દરેક દેહમાં આત્મા એક જ છે, પછી ભલે તે હિંદુ હો કે મુસલમાન. . . . હે અલ્લાહ! રામ મારો ભ્રમ ભાગી ગયો. હિંદુ અને મુસલમાનમાં કશો ભેદ નથી. દરેકમાં તું જ નજરે પડે છે. . . . બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો પંથ કયો છે? . . . મોહમ્મદનો દીન કયો છે? જિબરાઈલનો માર્ગ કયો છે? એક અલ્લાહ તેમનો પીર અને ગુરુ છે. તેના સિવાય બીજો કોઈ નથી. . . . હિંદુ અને મુસલમાન બંને ભાઈઓ હાથ અને પગ છે, બન્ને બે કાન છે, બન્ને ભાઈઓ બે આંખ સમાન છે."

એના પછી સંત મલૂકદાસનું નામ આવે છે. એ સંત અકબરના સમયમાં જન્મ્યા હતા. અને ૧૦૮ વર્ષની ઉંમરે ઔરંગઝેબના સમયમાં મૃત્યુ પામ્યા હતા. તેના મઠો નેપાળ અને કાબુલમાં પણ હતા.

મલૂકદાસે કહ્યું છે કે, "ક્યાં માળા અને ક્યાં તસબી! જાગો અને એને વિશ્વાસે ન રહો. કોણ કાફિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કોણ મલેચ્છ? સંધ્યા પણ તે જ અને નમાજ પણ તે જ. યમ કયાં છે? અને જિબ્રાઈલ કયાં છે? ખુદા પોતે જ કાજી છે. બીજો કોઈ હિસાબ રાખતું નથી. મલૂકદાસ, તું કેમ ભૂલમાં પડયો છે? રામ અને રહીમ એકનાં જ નામ છે."

ઔરંગઝેબના વખતમાં પ્રાણનાથ, ધરણીદાસ, જગજીવનદાસ વગેરે સંતોએ પણ આ પ્રકારનો જ ઉપદેશ આપ્યો હતો.

અઢારમી સદીમાં થયેલા પલટૂદાસે પણ આ રીતનો ઉપદેશ આપ્યો હતો. પલટૂદાસે એક પદમાં કહ્યું છે કે, "તેઓ કહે છે કે રામ પૂર્વમાં છે અને ખુદા પશ્ચિમમાં છે, તો પછી ઉત્તર અને દક્ષિણમાં કોણ રહે છે? ખુદા કયાં છે, અને કયાં નથી? હિંદુ અને મુસલમાન તોફાન કેમ ઊભું કરે છે? હિંદુ અને મુસલમાન લડે છે. અને બન્ને ધર્મો એકબીજાની વિરુદ્ધ થઈ જાય છે. દાસ પલટૂ કહે છે કે ખુદા બધામાં છે. તે હરગિજ વહેંચાયેલો નથી. એ જ સાચી વાત છે."

૩

પંદરમી સદીના અંતમાં બંગાળામાં ચૈતન્યનો જન્મ થયો હતો. એમના શિષ્યોમાં હિંદુ તથા મુસલમાન, ઉચ્ચ જાતિના લોકો તેમ જ નીચી જાતિના લોકો બધા જ ભળેલા હતા. રૂપ, સનાતન અને હરિ નામના એમના ત્રણ મુસલમાન શિષ્યો હતા. મહારાષ્ટ્રના સંતોમાં પણ કેટલાકોએ હિંદુ-મુસ્લિમ ઐક્ય માટેનો પ્રયાસ કર્યો હતો.

સંત નામદેવના અસંખ્ય શિષ્યો અને અનુયાયીઓમાં ઘણા હિંદુ અને મુસલમાનો હતા.

બહિરંભટ્ટ સત્યની શોધ કરવા માટે બે વાર હિંદુમાંથી મુસલમાન તથા મુસલમાનમાંથી હિંદુ થયો હતો. છેવટે તેણે કહ્યું હતુ કે, હું હિંદુ પણ નથી અને મુસલમાન પણ નથી.

દક્ષિણ તરફ શેખ મહમ્મદ નામનો એક મોટો ભક્ત થઈ ગયો હતો. તેના શિષ્યો રમજાનના રોજા પણ પાળે છે અને એકાદશી વ્રત પણ કરે છે. તેઓ મક્કાની હજ પણ કરે છે અને પંઢરપુરના મંદિરની યાત્રાએ પણ જાય છે.

સંત તુકારામે પણ હિંદુ મુસલમાનને એક કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે એક પદમાં કહ્યું છે કે, "હે વત્સ! અલ્લાહ જે ઇચ્છે છે એ જ થાય છે. તે બધાનો બનાવનાર અને બધાનો બાદશાહ છે. . . . હે બાબા! અલ્લાહનું વર્ણન કરો. બધા તેનાં રૂપો છે. તુકા કહે છે, જે માણસ આ વાત સમજે છે તે જ દરવેશ છે."

તુકારામ અને એકનાથ જેવા મહારાષ્ટ્રના સંતોના ઉપદેશથી દક્ષ્ખણના ઘણાક મુસલમાનો હિંદુ ધર્મને માન આપતા થયા હતા. હિંદુ સંતોની જોડે જે હિંદુ લેખકો ગ્રંથો લખતા તેમને કેટલાક મુસલમાનો મદદ પણ કરતા હતા.

હિંદી સાહિત્યની સેવા કરનાર કેટલાક મુસલમાન કવિઓએ પણ આ બાબતમાં ઠીક ઠીક રસ લીધો છે.

કવિ મલિક મુહમ્મદ જાયસીને કેટલાક હિંદુ તેમ જ મુસલમાનો પૂજતા હતા. એના શિષ્યો પણ ઘણા હતા. એણે પણ પોતાના કાર્ય મારફતે બતાવ્યું છે કે, ઈશ્વિર એક જ છે, અને હિંદુ મુસલમાન તેનાં સંતાનો છે.

એણે એક જગ્યાએ કહ્યું છે કે, "હિંદુ અને મુસલમાન દરેક પોતે પોતાના ધર્મમાં શ્રેષ્ઠ અને સુશીલ છે. એમાં મોટું કોણ અને નાનું કોણ? આ જુદાઈ શા માટે?"

અકબરનાં નવ રત્નોમાં ગણાતા અબુલ ફઝલે એક હિંદુ મંદિરમાં નીચે મુજબની લીટીઓ કોતરાવી હતી: "હે ઈશ્વિર! દરેક દેવમંદિરમાં મનુષ્ય તને જ શોધે છે. દરેક ભાષામાં મનુષ્ય તને જ પોકારે છે. વિશ્વબ્રહ્મવાદ પણ તું જ છે, અને મુસલમાન ધર્મ પણ તું જ છે. દરેક ધર્મ એક જ વાત કહે છે કે, તું એક છે. તું અદ્વિતીય છે. મુસલમાનો મસ્જિદમાં તારી પ્રાર્થના કરે છે અને ઈસાઈઓ ગિરજાઘરમાં તારે માટે ઘંટ વગાડે છે. એક દિવસ હું મસ્જિદમાં જાઉં છું અને એક દિવસ હું ગિરજાઘરમાં જાઉં છું. પણ દરેક મંદિરમાં હું તને જ શોધું છું. તારા શિષ્યોને માટે 'સત્ય' નવું પણ નથી અને જૂનું પણ નથી."

સૂરદાસ અને તુલસીદાસની અસર જેનાં કાવ્યોમાં જોવામાં આવે છે એ કવિ રહીમે પણ હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે પ્રયાસ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે પણ એક પદમાં કહ્યું છે કે, શ્રી રામનામ રૂપી નાવના શરણમાં જાઓ. કારણ કે એ જ આ ભવસાગરમાંથી પાર ઉતારશે. આ સંસારને તરવાનો બીજો કોઈ ઉપાય માલૂમ પડતો નથી.

મોગલ બાદશાહના કાળમાં વૈષ્ણવ સંપ્રદાયના ઘણા આચાર્યોએ ધાર્મિક વિરોધ હઠાવવાનો પ્રયત્ન કર્યો હતો. તે વખતે કેટલાએક મુસલમાનો શ્રીકૃષ્ણના ભક્તો થઈ ગયા હતા. તેઓમાં રસખાન એ એક જાણીતો ભક્ત કવિ છે. એણે પોતાના એક પદમાં કહ્યું છે કે, "દેવની પૂજા મેં છોડી દીધી છે. નમાજ પણ મને પસંદ નથી. કલમા કુરાન, પણ તજી દીધાં છે. હે કનૈયા! હું ફક્ત તારા જ ગુણો ગાઉં છું."

૪

જગદ્‌ગુરુ મહાત્મા ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ ઐક્ય સ્થાપવામાં જે ભાગ ભજવ્યો છે, તે તો આપણી આંખ આગળ તરવરી જ રહેલો છે. એમણે તો પોતાના સારા જીવનને એ કાર્ય માટે હોમી દીધું છે. અને સાથે સાથે આપણને હિંદુ-મુસ્લિમ ઐક્ય સ્થાપવાનો સુંદર માર્ગ પણ બતાવી દીધો છે.

મહાત્માજીના અનુયાયી સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન સાહેબ તથા સંતોની હરોળમાં મૂકી શકાય એવા બીજા નેતાઓએ પણ આ કાર્યને માટે પુષ્કળ મહેનત કરી છે.

સરહદના ગાંધી એક જગ્યાએ કહે છે કે, "દરેક ધર્મના આધારભૂત સિદ્ધાંતો એક જ છે. જો કે આચારના સ્થૂલ આકાર જુદા જુદા છે. કારણ કે જે ધર્મ જે ધરતી પર પ્રગટ થાય છે તે ધરતીની મહેક અને માધુર્ય મેળવે છે. એક સાદો દાખલો લઈએ. ઇસ્લામ અને હિંદુ ધર્મ બન્ને સ્વચ્છતા વિષે સંપૂર્ણ આગ્રહ રાખે છે. સ્વચ્છતાના સિદ્ધાંત વિષે એ બે ધર્મમાં ભેદ હોઈ જ ન શકે એ સ્પષ્ટ છે, પણ આચારનો ભેદ છે. મારું ચાલે તો હું કોઈનું ધર્માન્તર કરવાનો પ્રયત્ન જ ન કરું."

એમણે એમ પણ કહ્યું છે કે, "હું માથાં ગણીને મજહબની કિંમત આંકતો જ નથી. મજહબની કિંમત તો વર્તનમાં છે. ઇસ્લામ એટલે અમલ, ઇસ્લામ એટલે યકીન, ઇસ્લામ એટલે મુહબ્બત. અમલ, યકીન અને મુહબ્બત વિનાનો માણસ ભલે હોય, મુસલમાન નથી. એક જ અલ્લાહની બંદગી અને પાક કામો કોઈ પણ માણસને મોક્ષ આપવાને માટે બસ છે, એમ કુરાને શરીફમાં સાફ લખ્યું છે."

અંબેલાલ ગોપાળજી દેસાઈ

રમતગમત ઉપર જુગાર

તાજેતરમાં એશિયાની 'ઓલિમ્પિક' રમતો દિલ્હીના નવા અને આલેશાન ક્રીડાંગણ ઉપર ખેલાઈ ગઈ. તે પ્રસંગે વડા પ્રધાન શ્રી જવાહરલાલે રમતગમતની ભાવના વિષે સુંદર વિચારો રજૂ કર્યા હતા. પરંતુ આજકાલ એ રમતગમતો પણ જુગારીઓને શરતો લગાવવાનું ક્ષેત્ર બની ગઈ છે; અને ઘોડદોડ જેવી મરદાનગી ભરી 'રમતો' તો માત્ર જુગારની રમત તરીકે જ અસ્તિત્વ ધરાવે છે. ધનોપાસનાના પાછળ પડેલો આ જમાનો, આમ ધંધા-રોજગારનાં ક્ષેત્રોની બહાર રમતગમતનાં ક્ષેત્રોને પણ પોતાની ઝેરીલી ચુંગલમાં આવરતો જાય છે. તે વખતે જ ધનપ્રાપ્તિની દોડમાં આગળ રહેતા અમેરિકા દેશમાં રમતગમત ઉપર નવા જ પ્રકારની વિષજાળ વ્યાપી ગયાના સમાચાર મળ્યા છે. અમેરિકામાં 'બાસ્કેટ-બોલ' નામની રમત વધુ પ્રેક્ષક-પ્રિય છે; અને કેટલીક કૉલેજો આવક માટે તેમ જ કીર્તિ માટે પોતાના વિદ્યાર્થીઓને એ રમત માટે ખાસ તૈયાર કરે છે. કૉલેજો એવા વિદ્યાર્થીઓને ચોપડીઓ, ફી, રહેઠાણ અને ખીસાખર્ચીની ખાસ મદદ આપે છે, તથા અભ્યાસની બાબતમાં પણ તેમને ખાસ છૂટછાટો આપે છે. કેટલીક કૉલેજો તો ધંધાદારી ખેલાડીઓને પગાર આપીને રાખી લે છે, અને તેમને પોતાના રજિસ્ટર ઉપર વિદ્યાર્થી તરીકે નોંધે છે! પછી એ ખેલાડીઓ માત્ર કૉલેજો વચ્ચેની હરીફાઈઓમાં જ નહિ, પણ જાહેર હરીફાઈઓમાં પણ ઊતરે છે અને કૉલેજ માટે કીર્તિ તેમ જ પૈસા કમાઈ લાવે છે.

પરંતુ એ પ્રમાણે રમતગમતની વસ્તુને આવકના સાધન તરીકે વાપરવા જતાં તેની સજા પણ કૉલેજોને ભારોભાર મળી છે. ગયે વરસે એ મોટી રાષ્ટ્રીય હરીફાઈઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજેતા નીવડનારા સિટી કૉલેજના વિદ્યાર્થીઓની ટુકડી ફેબ્રુઆરીની ૧૭મી તારીખે રાત્રે ફિલાડેલ્ફિયાની ટૅમ્પલ યુનિવર્સિટીની ટુકડી ઉપર 'રેકર્ડ' સ્થાપનારો વિજય મેળવીને પાછી ફરતી હતી, તેવામાં જ ડિટેક્ટિવોએ તેમાંના ત્રણ મુખ્ય ખેલાડીઓ રોમન, વોરનર, અને રૉથને પકડી લીધા. સાથે સાથે જ સોલાઝો નામના એક ઝવેરીને પણ પકડવામાં આવ્યો. તે અઠંગ જુગારી તરીકે પંકાયેલો હતો. તેની સાથે એડી ગાર્ડ નામના લૉંગ-આઇલૅન્ડ યુનિવર્સિટીના સીનિયરને પકડવામાં આવ્યો. તે પણ ત્યાંની ટુકડીનો ભૂતપૂર્વ સભ્ય હતો. તે સોલાઝોના દલાલ તરીકે કામ કરતો હતો. તે ઉપરાંત ન્યૂયૉર્ક યુનિવર્સિટીના શૅફ નામના ખેલાડીને પણ પકડવામાં આવ્યો. તેણે પણ સોલાઝો માટે બીજા ખેલાડીને 'ખરીદવા' પ્રયત્ન કર્યો હતો.

૨૦ ડિટેક્ટિવો એક મહિનાથી આ કાવતરું પકડવા કામે લાગ્યા હતા. અને તેમને માટે ગોઠવવામાં આવેલા છટકાને માટે નક્કી કરેલા દિવસ કરતાં ચાર પાંચ દિવસ અગાઉ આ પગલું ભરવું પડ્યું હતું; કારણ કે એ અંગે કેટલીક બાનાઓ બહાર જાણીતી થઈ ગઈ હતી.

જુગાર આ પ્રમાણે ચાલતો હતો: ગયે વરસે ખૂબ પંકાયેલી ટુકડી આ વરસે પણ જીતશે એમ માનીને લોકો એ ટુકડીના વિજય ઉપર જ શરત લગાવે એ સ્વાભાવિક કહેવાય. પણ જો એ ટુકડીના કેટલાક ખેલાડીઓને ખરીદી શકાય, તો સામેની ટુકડીના વિજય ઉપર શરત લગાવનારાઓને ખાસો તડાકો પડે. સોલાઝોએ એ રીતે સિટી કૉલેજના આ ખેલાડીઓને ખરીદી લીધા. તે ખેલાડીઓ તેના કહ્યા પ્રમાણે અમુક હરીફાઈમાં જીતે અથવા અમુક પ્રમાણમાં હારે. તેમના વિજય ઉપર શરત જ ન રમાય એવું તો ન જ થવું જોઈએ, એટલે આવી વ્યવસ્થા કરવી જરૂરી હતી. એ દરેક હરીફાઈ દીઠ એ ખેલાડીઓને ચારથી પાંચ હજાર રૂપિયા જેટલી લાંચ મળતી.

આ લોકોને ગિરફતાર કર્યા પછી તેમની પુછપરછ ચાલતી હતી, તેવામાં જ ફેબ્રુઆરીની ૧૯મી તારીખે લૉંગ-આઇલૅન્ડ યુનિવર્સિટીની ટુકડીના બીજા ત્રણ ખેલાડીઓને પકડવામાં આવ્યા.

પછી તો જેમ જેમ અંકોડા સંધાતા ગયા, તેમ તેમ જુદી જુદી ટુકડીઓના કેટલાય ખેલાડીઓ પકડાવા લાગ્યા. આ આખી બીનાથી અમેરિકાની પ્રજા ચોંકી ઊઠી. અને 'ન્યૂયૉર્ક ટાઈમ્સે' ફેબ્રુઆરી ૨૦મીના એક અગ્રલેખમાં લખ્યું: "આપણે શું આ પરિસ્થિતિ વધુ વખત ચાલવા દઈશું, કે જેમાં જુવાન માણસો ભ્રષ્ટ બને છે અને કૉલેજના વ્યાયામવીરો જુગારીઓના શિકારનું ક્ષેત્ર બની રહે છે? દેશના જુવાનોને ભ્રષ્ટ કરતા આ જુગારીઓના પંજામાંથી આપણે ગમે તે રીતે છૂટવું જોઈએ. ધડો બેસે તેવી આકરી શિક્ષા કરીને જ આપણે નિઃશંક બની શકીએ કે, મજબૂત શરીરો અને મન ઘડવાનું તથા પ્રજાને સ્વચ્છ આમોદ-પ્રમોદ પૂરો પાડવાનું પોતાનું સાચું કામ કૉલેજોની કે ધંધેદારી રમતો યથાયોગ્ય બજાવશે."

આમોદપ્રમોદ તથા વ્યાયામનું ઉત્તમ સાધન બનતી રમતગમતો જ હજારો અને લાખો પ્રેક્ષકો માટે જુગારનું ક્ષેત્ર બની રહે, એ વસ્તુ પોતે જ ખરાબ છે; તેમાંયે જ્યારે ખેલાડીઓને પોતાને પોતાની સંસ્થા પ્રત્યે બેવફા નીવડી દગાબાજીથી પોતાની ટુકડીને પરાજયમાં ઘસડી જવા માટે લાંચ આપીને ભ્રષ્ટ કરવામાં આવે, ત્યારે તો હદ આવી ગઈ કહેવાય. પરંતુ, રમતગમતો માત્ર રમનારના આમોદપ્રમોદ તથા વ્યાયામનું સાધન મટીને લાખો નિષ્ક્રિય પ્રક્ષકો માટે કલાકો અને દિવસો સુધી તમાશાનું સાધન બનવા માંડે, ત્યારથી જ એ રમતગમતો અવળે માર્ગે વળી કહેવાય. પ્રેક્ષકોની હાજરીથી અને હરીફાઈઓથી ખેલાડીઓને વિશેષ જુસ્સો મળે છે એ વાત ખરી; પરંતુ હજારો લોકો પૈસા ખર્ચીને નવરા બેસી એ તમાશો જોવા આવે, ત્યારે તેમાંથી તેમને સહેજે જુગારની શરત વડે કમાણી ઊભી કરવાનુ મન થાય જ. શબ્દ-રચનાની હરીફાઈઓને પણ ભાષાજ્ઞાન વધારવાનું સાધન કહેવામાં આવે છે; પરંતુ હજારોની સંખ્યામાં પ્રવેશપત્રોની કિંમત ભરીને લોકો તેમાં જોડાય, ત્યારે તેમાં ભાષાજ્ઞાનની વૃદ્ધિ કરતાં કમાણીનું બીજું તત્ત્વ જ દાખલ થયું કહેવાય. અને આ ધનલોલુપ જમાનાની બલિહારી છે કે, ભાષાજ્ઞાનની વૃદ્ધિમાંથી પણ કમાણી ઊભી કરવાનો જુગાર ભાષાના સેવકો અને વિદ્વાનોને પણ કબૂલ છે.

— ગો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિશાસ્ત્રની પરિભાષા

[એપ્રિલ, ૧૯૫૧થી ચાલુ]

Nastic वितरागी; વનસ્પતિના અંગોની ચાલ (Movement)નો આ એક પ્રકાર છે: બીજા કેટલાક પ્રકાર નીચે મુજબ છે. Automatic स्वयंस्फूरित અગર आपचाल; Turgor तानजन्य; Stimulus उत्तेजित અગર प्रेरित; Tropic रागी; Tactic मुक्तरागी.

Natural selection नैसर्गिक विणामणी

Neck canal cell ग्रीवाकोष

Nectaries मधुवास

Netted जाळीदार

Neutor वंध्य

Nodes ग्रंथि, गांठ

Nuclear membrane केन्द्रकला

Nuclear Sap केन्द्ररस

Nuclear raticulum केन्द्रनाळ

Nucellus बीजदेह

Nucleolus उपकेन्द्र

Nucleus केन्द्र

Nucleus male — नर —

Nucleus Mega — मोटुं —

Nucleus Secondary — गौण

Nut फोफळुं, फोफळा फळ: એક જ બીજવાળું અને ફાટે નહિ તેવું સાદું ફળ તે फोफळुं કહેવાય.

Ocellus अक्षिका; પાન ઉપરના રંગવિહીન અને ક્વચિત્ પ્રકાશ પારખવાની શક્તિ ધરાવનારા કોષ.

Oospore अण्डस्पोर

Opposite संमुखो

Optimum सुरुचिर

Ovary अण्डाशय

Ovule बीजांड

Ovum अण्ड

Palea अन्तःपत्र (Ref:- Lodicules)

Palmate हाथियुं, पंजाकार – दार

Parachute mechanism छत्रयोजना

Parasite परजीवी (Ref:- Autotrophic)

Parietal चर्मवर्ती

Parrenial बहुवर्षायु, अनेकवर्षायु

Parthenogenesis कौमार्यजनन

Pedate कुकडपगुं; હાથિયાપાનમાંનાં કેટલાંકનો ઘાટ પક્ષીના પગના પંજા જેવો હોય છે. આવાં પાન कुकडपगां કહેવાય.

Pedicel દાંડી; પાન, ફળ, ફૂલ કે સ્પોરઘરની દાંડી માટે Pedicel શબ્દ વપરાય છે.

Peduncle ફૂલની દાંડી; આ શબ્દ ફૂલની દાંડી માટે જ વપરાય છે.

Peltate पगियुंपान; જે પાનની સપાટીની નીચે કિનારથી દૂર દાંડી લાગી હોય અને તેથી પગના ઘાટ જેવું દેખાતું પાન — જેમ કે અળવીનું પાન. આવાં પાન પગિયાપાન કહેવાય.

Periath वज्रमणि (Ref:- Achlamydeous)

Pericarp फलचर्म

Pericycle परिमंडल

Perigynous परिस्थित (Ref:- Hypogynous)

Petals पांखडी

Petiolar दांडीदार

Petiole पाननी दांडो

Phanerogams सपुष्प वनस्पति

Phase अवस्था

Phloem अधोवाहिनी

Photosynthesis तेजसमीकरण

Phylogeny विकासक्रमनो अितिहास

Phyllode दांडीपत्र

Phyloclad (Ref:- Cladode) कांडपत्र

Pinnate पांखियुं

Pistil नारीवास (Syn. Gynacium)

Pistillate flower नारीपुष्प

Pitchers कळशपर्ण

Pith गर

Pitted खाडावाळुं

Placenta वंधन, वंधक

Placentation वंधनपद्धति

Plasmolysis रसताण

Plastid प्लास्टीड (Ref:- Chromation)

Plumule बीजडूंख

Pollen पराग

Pollen flower नरपुष्प, परागपुष्प

Pollinium परागवुट्टी

Pollination परागदान

Cross — परपुष्पी —

Self — स्वपुष्पी —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Poly (સમાસમાં) विभक्त, बहु, छुटा

Polyandrous विभक्तकेसरो

Polygamous बहुलिङ्गी

Polymorphism बहुरूपता

Polysepalous विभक्तवज्रो

Porogamy मुखवर्ती गमन; (chalazogamy दींटवर्ती गमन, Mesogamy मध्यवर्ती गमन)

Prickles છાલશૂલ; કેટલાંક વૃક્ષોમાં છાલનો ભાગ बहिःक्षेपथी વૃદ્ધિ પામી કાંટા સર્જે છે. આ કાંટા તે છાલનું જ સર્જન હોઈ તે છાલશૂલ કહેવાય છે (દા. ત. લિંબોઈના કાંટા. કેટલાંક વૃક્ષમાં પાન ઉપર કાંટા આવે છે અગર તો પાન કે દીંટપત્ર કાંટામાં ફેરવાઈ જાય છે. એટલે કે કાંટા એ પર્ણ પાનનું જ સ્વરૂપ હોય છે. આવા પ્રકારના કાંટા પર્ણશૂલ (spine) કહેવાય. (દા. ત. દારૂડી અગર થુવેરના કાંટા). કેટલાંક વૃક્ષમાં कांड (stem)નો ભાગ अन्तःक्षेपथी વૃદ્ધિ પામી કાંટા સર્જે છે. આવા કાંટા कांडशूल (thorn) કહેવાય. (દા. ત. બાવળના કાંટા).

બંસીલાલ ગાંધી

પ્રાર્થના અને પાયાની કેળવણી

[હરિજન આશ્રમ, સાબરમતી, ના કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી પ્રતાપરાય ઉપાધ્યાયે તેમની સંસ્થાનો પરિચય આપતાં, સંસ્થામાં પ્રાર્થનાના કાર્યક્રમ વિષે પ્રથમ લખી મોકલ્યું છે, તેમાંથી નીચેનું ઉતાર્યું છે.]

આ સંસ્થામાં શિક્ષણનાં સાધનો તરીકે અમુક અમુક પ્રવૃત્તિઓને અપનાવી લીધી છે. આ અપનાવેલી પ્રવૃત્તિઓમાં પ્રાર્થના એક છે. આ પ્રવૃત્તિઓને જેમ તેમ યાંત્રિક રીતે જ માત્ર ન કરતાં તેના ઊંડાણમાં ઊતરીને કરીએ તો જ તે ફળદાયી નીવડે.

અમારી શાળામાં પ્રાર્થના હાલ ૨૦ મિનિટ અને અગાઉ ૩૦ મિનિટ થતી. આમાંથી ૧૫ મિનિટ જ પ્રાર્થના માટે વપરાતી. શરૂમાં એકાદ મિનિટ હું મંત્રોચ્ચાર કરું છું. આ મંત્રોચ્ચાર થાય ત્યાં સુધીમાં વાતાવરણમાં અભિમુખતા ને શાંતિ આવી જાય છે, બાળકોને 'શાંતિ રાખો' એમ કદી કહેવું પડ્યું નથી. 'સીધા બેસો' એમ પણ કહેવું પડતું નથી. પ્રાર્થનાના વાતાવરણની અવ્યક્ત અસર નીચે બાળકોને રાખવા ઉપરાંત પ્રત્યક્ષ ઉપદેશ કદી કર્યો જ નથી. પછી સમૂહમાં પ્રાર્થના અને ભજન. આમ સરવાળે આમાં પંદર મિનિટ જાય. પછીની પંદર મિનિટમાં વારાફરતી શિક્ષકો વાર્તા કહે છે.

આના પરિણામે વિદ્યાર્થીઓ માટે પ્રાર્થના રસિક બની અને શિક્ષકોનું જીવન પ્રત્યેનું વલણ વિચારવાળું થયું. લગભગ બધા જ શિક્ષકો જીવનને સાધનારૂપે વિચારવા લાગ્યા. આનું પરિણામ તેમનાં કામ પર થવા લાગ્યું.

વખત જતાં પ્રાર્થનામાં મૌન શાંતિનો પ્રયોગ શરૂ થયો. આજે બાળકો વીસથી પચીસ મિનિટ સંપૂર્ણ મૌનના અભ્યાસમાં ટેવાઈ ગયાં છે.

આ મૌનના પ્રયોગ વિષે પણ થોડું કહેવું ઇષ્ટ લાગે છે. મૌન વખતે બાળકો પર કશો આગ્રહ રાખવામાં આવતો નથી. તેઓએ ધ્યાન કરવું કે અમુક કરવું ને ન કરવું તે કંઈ પણ કહેવામાં આવતું નથી. તેઓ ખુલ્લી આંખે આમ તેમ જોતાં જોતાં શાંત બેસી રહે છે. કેટલાંક મોટાં છોકરાં ધ્યાનની ચેષ્ટા કરે છે, પણ તે વિષે કદી આગ્રહ રાખ્યો નથી.

આ મૌનના ગાળામાં એક પ્રગાઢ શાંતિનું વાતાવરણ જામે છે. આ શાંતિ એટલે માત્ર અવાજનો અભાવ જેવી નકારાત્મક નથી હોતી, પણ એક નક્કર સર્જનાત્મક દ્રવ્ય રૂપે જાણે કે અવતરે છે. તેની અસરમાં આબાલવૃદ્ધ આવે છે. એક પ્રકારની નિઃશબ્દતા બધાની પકડ લે છે.

અમારી શાળા એક પાયાની કેળવણીની શાળા છે. આ પાયાની કેળવણીનો પાયો પ્રાર્થના છે. પાયાનો ઉદ્યોગ કહું તોપણ પ્રાર્થના છે. આ પાયા પર જ પછીના કાર્યક્રમો વિકસ્યા છે એવો મારો અનુભવ છે.

ત્યાર પછીના કાર્યક્રમો વિષે હવે પછી ક્રમશઃ આપવા ધારું છું.

પ્રતાપરાય ઉપાધ્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદી વાત

ચારે બાજુ એક જ વાત સાંભળવા મળે છે — સરકાર અંકુશો મૂકી મૂકીને લોકોને ખાવા પીવા અને ઓઢવાની મૂળ વાતમાં શું કામ પજવણી કરે છે? કોઈ કહે છે, સરકાર ખોટું માની બેઠી છે કે અનાજ પૂરતું નથી. કોઈ કહે છે, કાપડ તો આપણે ઢગબંધ પરદેશ મોકલીએ છીએ, પછી તેની તાણ શું કામ?

સવાલ એવો છે કે જે દરેક જણને લાગેવળગે છે; એટલે પ્રજામાં કચવાટ થાય છે. અને રાજદ્વારી તકવાદીઓને તો ભાવતું હતું અને વૈદે કહ્યા જેવો લાગ મળે છે. અને આવા તકવાદીઓમાં હું સામ્યવાદીઓને પણ ગણી લઉં છું. પણ વિચારની એ બાજુ અહીં જવા દઈએ.

એક વસ્તુ તો સૌ કબૂલ કરશે કે, આટલું બધું બુમરાણ લોકો કરે, છતાં સરકારો અંકુશ-કે-નિયમન-નીતિ છોડતી નથી, છોડવા જાય તોયે છોડી શકતી નથી, એ દેખાડે છે કે, પ્રજાને તે નાહકની ગોદ કરવા જ માગે છે એમ નથી. ખાલી ગાળો ખાવામાં ને નિંદાવામાં એને શી મજા હોય? તેમાંય લોકશાહી બંધારણ પર રચાયેલી સરકાર શું કામ એવા ખોટા ધંધામાં પડે? એટલે, એમ તો ખરું કે, એની પાસે ગમે તેવું પણ કાંઈક પ્રજાહિત માનેલું કારણ હોય તો જ તે, નવી ચૂંટણી સામે આવે છે છતાં, આટલી ધૃતિ રાખીને વળગી શકે.

કારણ ઉઘાડું છે. અને તે અન્નની તંગી છે. ગયા રાજ્યમાં ૬૦–૭૦ કરોડનું કાપડ આપણા દેશમાં આવતું. નવા રાજ્યમાં એથી વધારે કિંમતનું અનાજ બે ચાર વરસથી આવતું થયું છે. એટલે કે, એ ન આવે તો ખૂબ તાણ પડે અને ભૂખમરો આવીને ઊભો રહે, એમ તો ખરું.

તંગી થવાનું એક કારણ હવે તો સૌને સમજાય એવું છે. બ્રહ્મદેશ અને પાકિસ્તાન છૂટાં પડવાથી ત્યાંથી આવતો દાણો બંધ થયો. બ્રહ્મદેશની દશા એવી થઈ કે જેથી તેની જોડે સખનો વેપારધંધો ન ચાલે; અને પાકિસ્તાન ભારતને વેરભાવે ભજતું થઈ ગયું. એટલે જે કંઈ આપણે ત્યાં થાય છે, તેમાંથી ગુજારો કરવાનો રહ્યો. એ તો થઈ ન શકે, કેમ કે તે પૂરતું નથી. એટલે તંગી પડે એ તો ઉઘાડું દેખાય છે.

આમ દાણાની ભીડ ઊભી થવાથી તેની માનસિક અસર પણ લોકો ઉપર થાય જ. એ અસર બે રીતે થાય છે — જેમની પાસે દાણો હોય તે સંઘરો કરે છે. 'વખત છે ને ના મળ્યો તો?' — તેથી તે વળી વધારે સંઘરે છે. બીજી બાજુ વેપારી દાણાભીડનો લાભ લેવા પોતાનાં ફાલતુ કે સંતાડી રાખેલાં કાળાં બજારનાં નાણાં રોકીને દાણા દબાવી શકે છે. આમ દુકાળમાં અધિક માસ થઈ ને ઊભો રહે છે.

એટલે દલીલ ખાતર એમ માનીએ કે, આંકડા ખોટા છે અને આખા દેશને દાણો થઈ રહે એટલો છે, છતાં ઉપરનાં માનસિક કારણોથી પણ તંગીની જ અસર ઊભી થાય છે. બીજી ચીજો પેઠે દાણો પણ વેપારવણજની સામાન્ય ચીજ બન્યો છે. અને આંતરરાષ્ટ્રીય બજારની અસર તળે હવે આવી ગયો છે, એ વસ્તુ પણ ભૂલવી ન જોઈએ.

આનો ઉપાય શો? જવાબ માટે અર્થશાસ્ત્રી પાસે જવાની જરૂર નથી, કેમ કે દરેકને તરત જડે એવો સાદો છે —

૧. ત્રેવડથી વાપરવું અને હોય તેટલું સૌએ મળીને વહેંચી લેવું જોઈએ;

૨. અને તેટલું- વધારે પેદા કરવા લાગી જવું જોઈએ;

૩. દરમિયાન જે બહારથી મળે તો લાવવા જોગવાઈ કરવી.

દરેક ઘરમાં આપણે ભીડ વખતે આમ જ કરીએ, અને એમ જ રાષ્ટ્રે પણ કરવાનું છે. ઘર નાનું ને રાષ્ટ્ર મોટું હોઈ તેના પ્રમાણમાં ફેર પડે. તેથી કરીને કામ અટપટું લાગે; અને ભૂલ થાય તોય પ્રમાણમાં જબરી મોટી લાગે. પરંતુ સાદી વાત તો બેઉમાં એકસરખી જ છે.

હવે જોઈએ તો સરકારની આખી નીતિ આ ત્રણ મોટી બાબતોમાં આવી જાય છે. આ ત્રણ બાબતો એવી છે કે એકલી પ્રજા ન કરી શકે; તેની સરકારોએ તેમાં સહકાર પૂરવો જોઈએ. અથવા એમ કહો કે, એ બાબતો સરકાર એકલીથી ન બની શકે; પ્રજાએ તેમાં સહકાર પૂરવો જોઈએ. એકલી સરકાર કે એકલી પ્રજા તેનો ઉકેલ ન આણી શકે; બંને જેટલા પ્રમાણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજીને સહકારથી વર્તે તેટલા પ્રમાણમાં ઉકેલ સારો અને સરળ આવે. અને એમાં જેટલી ઊણપ રહે તેટલું અંતેએ વેઠવાનું રહે. અને પ્રજા કાળાંબજારથી તથા સરકારી ખાતાં લાંચરુશવત અને વગવસીલાથી વર્તે, તેટલું પ્રજાનું હિત બગડે અને તેની રંજાડ વધે, એ પણ સ્પષ્ટ છે. અનાજના પ્રશ્નનો આ સાદી રીતે વિચાર કરવો જોઈએ.

૧૫–૩–'૫૧ મગનભાઈ દેસાઈ

ત્રણ વરસનું તારણ

[ગૂજરાત કુમાર મંદિરના પ્રયોગનું ટૂંકુ વિવરણ]

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, તરફથી પાયાની કેળવણીની પ્રાયોગિક શાળા તરીકે અમદાવાદમાં ગૂજરાત કુમાર મંદિર ચલાવવામાં આવે છે. તેની શરૂઆત સને ૧૯૩૯માં કરવામાં આવી હતી. વચ્ચે ૧૯૪૨માં સ્વરાજની લડતને કારણે તે બંધ પડ્યા પછી ૧૯૪૮ના જૂનથી તે ફરી ચાલુ કરવામાં આવ્યું છે. આ જૂનમાં તેને ત્રણ વરસ પૂરાં થશે.

કુમાર મંદિરનું કામ પાયાની કેળવણીના પ્રયોગ તરીકે યોજવામાં આવ્યું છે. એટલે કે, 'ઉદ્યોગ દ્વારા કેળવણી' આપવાની પદ્ધતિ તે દ્વારા શોધવાનો પ્રયત્ન કરવાનો ઇરાદો છે. શિક્ષણની આ પદ્ધતિમાં એક વાત તો સ્પષ્ટ છે કે, ઉદ્યોગ એવી રીતે થવો જોઈએ કે જેથી તેમાંથી કેળવણી મળી શકે. એટલે, ઉદ્યોગ બરોબર થવો જોઈએ; તે કરવાની રીત વિજ્ઞાનશુદ્ધ હોવી જોઈએ; દરેક રીત પાછળ રહેલું પ્રયોજન અને તેની સમજ વિદ્યાર્થીને પડવી જોઈએ. આમ ઉદ્યોગ શીખવાય તો તેમાંથી ઉત્તમ માલ પેદા થયા વગર ન રહે. એટલે તે દૃષ્ટિએ, ઉદ્યોગનું ઉત્પન્ન અને તેની ઉત્તમતા એ આ પ્રયોગની ઉપાડી કસોટી ગણાય. અને એ ઉદ્યોગ સમજપૂર્વક થાય, તેથી તેની સાથે સંકળાયેલી વિદ્યાઓ અનુબંધપૂર્વક શીખવામાં આવે. એમ કરવાથી તે વિદ્યાઓ શીખવવાની પદ્ધતિ પણ વિદ્યાર્થીને માટે સચોટ અને રસમય બને.

અહીં ઉદ્યોગનો અર્થ કેવળ હાથઉદ્યોગ ન લેવો, પણ શાળાની અનેક ક્રિયાઓ કે જે વિદ્યાર્થીને માટે જરૂરી હોય, તે બધી લેવી. એમાં સફાઈકામ, રમતગમત, સંઘ પ્રવૃત્તિ વગેરે પણ આવે. આ બધી પ્રવૃત્તિને સમજપૂર્વક કરવામાંથી જે તાલીમ મળે, તેને નાગરિકની પાયાની તાલીમ કહી શકાય. આ વિદ્યાલયનો પ્રયોગ આ સમજથી ચલાવવામાં આવે છે.

છેલ્લાં ત્રણ વરસ દરમિયાન તેમાં કેળવણીની દૃષ્ટિએ થયેલા અનુભવો અને પ્રયોગોનું તારણ નીચે મુજબ છે:

ઉદ્યોગ

૧. આ શાળામાં પાયાના ઉદ્યોગ તરીકે ખાદીવિદ્યા શીખવવામાં આવે છે. તેમાં વપરાતાં સાધનો બરાબર ફાવતાં નહોતાં. તેથી તેમાં પ્રયોગો કરીને તકલી-ઘોડી, તકલી-દુબટા ઘોડી અને અટેરણ નવેસર તૈયાર કરવામાં આવ્યાં. આ સાધનો હવે બીજી સંસ્થાઓ પણ વાપરે છે અને અનુકૂળ માલૂમ પડ્યાં છે. (તેની માહિતી માટે જુઓ શિ૦ સા૦ ૧૯૪૯ના નવેમ્બર માસનો અંક.)

૨. ૧૯૪૮–૪૯માં કાંતણ શીખવવાની શરૂઆત તકલીથી કરતા હતા. અનુભવે જણાયું કે, નાનાં બાળકોને તકલીથી કાંતણ શીખવવા કરતાં રેંટિયાથી શરૂઆત કરવી સારી છે. પરંતુ યરવડા-ચક્રમાં નાનાં બાળકો માટે એટલો ફેરફાર કરવાની જરૂર લાગી છે કે, નાના ચક્રને સ્થાને મોટું ચક્ર મૂકીને એક ચક્રથી કંતાવવું જોઈએ. આથી બાળકો કાંતણની શરૂઆત સરળતાથી કરી શકે છે, તેમના અવયવોને તે વધારે અનુકૂળ પડે છે; અને તકલી કરતાં રેંટિયા ઉપર વધારે કામ તો થાય છે જ.

પહેલા ધોરણમાં ૧૯૪૮–૪૯માં તકલી ઉપર સંયુક્ત કાંતણથી વિદ્યાર્થી દીઠ, આખા વરસને હિસાબે, કલાકના ૨ થી ૩ તાર સરેરાશ કંતાતા હતા. તેને બદલે ૧૯૫૦–૫૧માં કલાકના સરેરાશ ૧૦ તાર કંતાયા છે.

૩. વર્ગવ્યવસ્થા કરવાનું કામ બાળકોને સોંપવાનું રાખ્યું છે. તેઓ પોતાની મેળે સાધનો લે છે મૂકે છે અને કોઈ વખત શિક્ષક રજા ઉપર હોય તોપણ વર્ગનું કામ શાંતિથી ચલાવે છે. આ રીતે તેમને સ્વયંવ્યવસ્થા કરવાની તાલીમ મળે છે.

૪. વિદ્યાર્થીઓ શાળાનાં જુદાં જુદાં કામોની વ્યવસ્થા પોતાની મેળે કરે. તે માટે વિદ્યાર્થી મંડળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચવામાં આવ્યું છે અને રમત, રંજન, સફાઈ, પર્યટન, પુસ્તકાલય, પ્રાર્થના, ચર્ચા, ઉત્સવ વગેરે કામો માટે મંત્રીઓ ચૂંટવામાં આવે છે. તેઓ શિક્ષકોની દેખરેખ હેઠળ બધાં કામો સંભાળે છે અને માસિક સભામાં તે અંગે સવાલજવાબ પણ કરવામાં આવે છે. સફાઈ, પર્યટન જેવાં કામો ટુકડીઓ પાડીને કરવામાં આવે છે. તેમાં બાળકો પરસ્પર સહકારથી કામ કરે છે અને સામૂહિક જીવનની તાલીમ મેળવે છે.

૫. શાળાની સફાઈનું કામ બધું બાળકો અને શિક્ષકો સાથે મળીને કરી લે છે. જાજરૂ અને મુતરડીની સફાઈ પણ અવારનવાર કરવાનો કાર્યક્રમ રાખવામાં આવે છે, તેથી તે કામ પ્રત્યેની સૂગ ટળે છે અને પોતાની મેળે સ્વચ્છતા રાખતાં અને શરીરશ્રમ કરતાં શીખે છે.

૬. ઉદ્યોગમાં કયું કામ શા માટે કરવું તેની માહિતી આપવામાં આવે છે, એટલે બાળકો સમજપૂર્વક ક્રિયા કરવાનું શીખે છે.

૭. બાળકો પાસે પોતાના ઉદ્યોગકામની નોંધ રખાવવામાં આવે છે અને વર્ગશિક્ષક પણ તેની નોંધ રાખે છે. તે માટે જરૂરી પત્રકો તૈયાર કરવામાં આવ્યાં છે. તેના દાખલા, તેનું વિજ્ઞાન અને તેને લગતી માહિતી વર્ગમાં અપાય છે.

૮. રોજ સાંજે બાળકોને હુતુતુતુ, લંગડી અને ખોખો જેવી સાદી સામૂહિક રમતો રમાડવામાં આવે છે અને બીજી શાળાઓ અને સંસ્થાઓ સાથે અવારનવાર હરીફાઈઓ ગોઠવવામાં આવે છે. તેમાં હારેલા નિરાશ ન થાય અને જીતેલા ફુલાઈ ન જાય કે એકબીજા પ્રત્યે દ્વેષ ન કરે તે માટે બધાની મિશ્ર ટુકડીઓ છેવટે ભેગી રમે એવો કાર્યક્રમ રાખવામાં આવે છે અને બાળકો છેવટે નીચેનાં સૂત્રો પોકારે છે:

હાર્યું કોણ, હાર્યું કોણ? ઘેર બેઠા તે હારી ગયા.
જીત્યું કોણ, જીત્યું કોણ? રમનારા સૌ જીતી ગયા.
રાજી કોણ, રાજી કોણ? જોનારા સૌ રાજી થયા.

આની અસર એવી જણાય છે કે, બાળકો હરીફાઈમાં રમે છે પણ પરસ્પર દ્વેષ કરતાં નથી અને ભેગાં મળીને રમવાનો આનંદ મેળવે છે.

૯. બાળકો એક હસ્તલિખિત 'બાલપંખીડાં' ચલાવે છે. તેમાં બાળકોના જ લેખો પસંદ કરીને આપવામાં આવે છે. તેને ચિત્રો વગેરેથી સુશોભિત કરવામાં બાળકો રસ લે છે. તેથી તેમની લેખન અને કળાશક્તિને ઉત્તેજન મળે છે.

૧૦. દર અઠવાડિયે અડધો કલાક બાળકોનો રંજન-કાર્યક્રમ ગોઠવાય છે. તેથી તેમને નાટક વાર્તાલાપની તાલીમ સાથે આનંદ મળે છે અને તેમાંથી મોટા રંજન કાર્યક્રમો સહેજે ગોઠવી શકાય છે.

૧૧. વરસમાં એક વાર વાલી સંમેલન કરવામાં આવે છે. તે વખતે શાળાના કામકાજનો અહેવાલ રજૂ કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓના કામનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે. તે વખતે બાળકો સંવાદો વગેરેનો રંજન-કાર્યક્રમ પણ ગોઠવે છે. એ રીતે વાલીઓને વિદ્યાર્થીઓના કામનો ખ્યાલ આવે છે.

શિક્ષકો છૂટક છૂટક માબાપોને મળી તેમનો સંપર્ક સાધે છે. તેમનાં બાળકોના ગુણદોષ વિષે વાતો કરે છે અને શાળાના કામકાજ અંગે વાલીઓને શું કહેવું છે તે જાણી લે છે.

૧૨. શાળાના પુસ્તકાલયમાંથી જુદી જુદી શ્રેણીનાં બાળકોને વાંચવા લાયક પુસ્તકો કયાં છે તેની અનુભવ ઉપરથી વહેંચણી કરવામાં આવી છે.

૧૩. જુદા જુદા સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો વખતે તે અંગે બાળકોને કહેવામાં આવે છે અને તે પ્રસંગે ખાસ કાર્યક્રમો યોજવામાં આવે છે, જેથી તહેવારોનું અનિષ્ટ સ્વરૂપ દૂર થાય, કંઈક જ્ઞાન મળે અને ઉપયોગી કામ થાય.

૧૪. કોઈ ખાસ પ્રસંગોએ જાહેર ફાળા ઉઘરાવવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ પોતે મજૂરી કરીને ફૂલપાંખડી આપે અને પોતાની લાગણી દર્શાવે એવું યોજવામાં આવે છે. એ રીતે આસામ ધરતીકંપના ફાળામાં વિદ્યાર્થીઓએ સૂતર કાંતીને અને ખેતરમાં મજૂરી કરીને રૂ. ૨૯–૧૫–૦ આપ્યા હતા અને એકસો જેટલાં કપડાં નિરાધારો માટે ઉઘરાવ્યાં હતાં તથા પોતાના વાલીઓ પાસેથી રૂ. ૩૩–૧૧–૦નો રોકડ ફાળો મેળવ્યો હતો. આ રીતે જાતમજૂરી કરીને કે ચાલુ ખર્ચમાં કરકસર કરીને મદદ કરવાથી સંસ્કાર અને કેળવણીની દૃષ્ટિએ વધારે સારી અસર પડે છે અને આફતમાં આવી પડેલા પ્રત્યે સમભાવની લાગણી કેળવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૧૫. રવિવારે સામાન્ય રીતે નજીકનાં જોવા જેવાં સ્થળો જોવાનો અને પડોશનાં ગામડાંમાં જવાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તે અંગે આપવા જેવી માહિતી અગાઉથી વર્ગમાં અને સ્થળ ઉપર પણ અપાય છે. તે સ્થળે ગયા પછી વર્ગમાં તે વિષે વધુ વાત થાય છે અને મોટા વિદ્યાર્થીઓ તે ઉપર લખે છે.

૧૬. અવારનવાર વર્ગોની ઉજાણી રાખવામાં આવે છે. આગલી સાંજથી વિદ્યાર્થીઓ શાળાના સ્થાને આવી જાય અને પછી આખો દિવસ સફાઈ, કાંતણ, રમતો અને સંવાદો અને રસોઈ, ભોજન વગેરે ભેગાં મળીને કરે. છાત્રજીવનને અભાવે સમૂહજીવનની તાલીમ આપવા માટે આ કાર્યક્રમ ઉપયોગી જણાયો છે. છૂતાછૂતની લાગણી કાઢવામાં પણ તે મદદરૂપ થાય છે.

૧૭. શાળામાં એક ભીંતપત્ર રાખવામાં આવ્યું છે. તેમાં મોટા અક્ષરથી મહત્ત્વના બનાવો અંગે ટૂંકામાં લખવામાં આવે છે. તે બાળકો રસપૂર્વક વાંચે છે. દરેક શાળા માટે એવા એક ભીંતપત્રની વ્યવસ્થા ઉપયોગી લાગે છે.

૧૮. શરૂઆતમાં વર્ષને અંતે વાર્ષિક પરીક્ષા લેતા તેથી બાળકો ચાલુ દિવસોમાં અભ્યાસમાં પૂરતું ધ્યાન ન આપતા અને વર્ષને અંતે વધારેપડતી ચિંતા કરતા જણાયા હતા. એટલે દર અઠવાડિયે રીતસર મૌખિક લેખિત પરીક્ષા લેવાનું શરૂ કર્યું છે અને જેઓ ત્રીજા ભાગની પરીક્ષામાં પસાર થાય તેમને પાસ ગણવામાં આવે છે. તેમ છતાં જે બાળકો ખાસ કારણે ઉપરની કસોટીમાં ન આવ્યાં હોય તેમની પરીક્ષા લઈને લાયક જણાય તો ઉપર લેવામાં આવે છે. એ રીતે મોટા ભાગનાં બાળકોને વાર્ષિક પરીક્ષાની ચિંતામાંથી મુક્તિ મળે છે. ૧૯૫૦–૫૧માં કુલ ૨૪૦માંથી ૧૪૫ બાળકોને અઠવાડિક પરીક્ષાના પરિણામ ઉપરથી ઉપલી શ્રેણીમાં લેવામાં આવ્યાં હતાં, અને ૬૩ બાળકોની ફરી પરીક્ષા લઈને ઉપર લેવામાં આવ્યાં હતાં.

૧૯–૪–'૫૧ વિ૦

નવું વાચન

ચુપકી દાદ: મૌ૦ અલ્તાફ હુસેન હાલી. મૂળ ઉર્દૂ લિપિના આ હિંદી કાવ્યની નાગરીમાં આવૃત્તિ. અઘરા શબ્દોના અર્થો સહિત. સં૦ ગિરિરાજ કિશોર; પ્ર૦ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ; કિં. ત્રણ આના.

આ કાવ્યનો પરિચય આપતાં પોતાના નિવેદનમાં સંપાદક લખે છે:

સદીઓથી હિંદી ભાષા નાગરી અને ઉર્દૂ લિપિઓમાં લખાતી આવી છે. તેથી તેનું સાહિત્ય બન્ને લિપિઓમાં છે. ૧૮મા સૈકા પછી તેની બે અલગ શૈલીઓ થવા લાગી, જે આજે ઉર્દૂ અને હિંદી નામથી જાણીતી છે. તેથી ઉર્દૂને એક અલગ ભાષા કહેવી તે ઉચિત નથી.

આપણી બંધારણસભાએ હવે નિશ્ચય કર્યો છે કે, દેશની રાજભાષા 'હિન્દી' હોય અને તેની લિપિ નાગરી રહે. આ હિંદી તે ઉપર બતાવેલી હિંદી શૈલી નહિ, પરંતુ ઉત્તર હિંદમાં હિંદી-ઉર્દૂના મેળથી બનેલી જે એક ભાષા છે, તે છે. તેના વિકાસ માટે એ જરૂરી છે કે, ઉર્દૂ લિપિમાં હિંદીનું જે વિશાળ અને ઉપયોગી સાહિત્ય પડેલું છે, તેને વીણી કાઢીને નાગરી લિપિમાં લાવવામાં આવે, જેથી તેનો ઉપયોગ રાજભાષાની સમૃદ્ધિ અર્થે થઈ શકે. આ આશયથી મૌ૦ હાલીની 'ચુપકી દાદ' નાગરીમાં ઉતારવામાં આવે છે.

ભાષા અને ભાવના ખ્યાલથી મૌલાના અલ્તાફ હુસેન હાલીએ ઉર્દૂ કવિતામાં એક નવો ચીલો પાડ્યો અને ઉર્દૂ શાયરી—કવિતાનો સંબંધ આમ જનતા સાથે બાંધ્યો. આ બાબતનો ઉલ્લેખ જરા વિસ્તારથી આગળ કરવામાં આવે છે.

મૌલાના અલ્તાફ હુસેન હાલીનો જન્મ ઈ. સ. ૧૮૩૭માં થયો. ૭૭ વર્ષની ઉંમરે તેઓ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. 'હાલી' એમનું ઉપનામ છે. નાનપણમાં જ બાપની હૂંફ મળતી બંધ થઈ ગઈ. એમને ભણવા-ગણવાનો ઘણો શોખ. એમણે પોતાનો અભ્યાસ પહેલાં પાણીપતમાં અને પછી દિલ્હીમાં વધાર્યો. એમના ઉપર 'ગાલિબ'ની ભારે અસર હતી અને ગાલિબની સોબતથી જ એમને કવિતાનો નાદ લાગ્યો. કેટલોક સમય એમણે સરકારી નોકરી કરી અને કેટલોક સમય નિશાળમાં શિક્ષક પણ બન્યા. પણ તેમને નોકરી ફાવી નહિ. તેઓ ન્યાયપ્રિય અને સાધુ પ્રકૃતિના માણસ હતા. ધાર્મિક કટ્ટરતાનો તો એમનામાં છાંટોય નહોતો. કવિતામાં એમણે ભારે ખ્યાતિ પેદા કરી હતી. સરકારે શમ્સુલ ઉલમાનો ખિતાબ આપીને તેમનું સ્વાગત કર્યું.

હાલીના પહેલાં કાવ્યનું ક્ષેત્ર ખૂબ મર્યાદિત હતું. તેમાં કાં તો પ્રેમનો રાગ આલાપવામાં આવતો યા તો

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા મોટા માણસોનાં વખાણના ગઢ બાંધવામાં આવતા. જીવનની સમસ્યાઓ સાથે તેનો કોઈ સંબંધ નહોતો. કવિઓ એ વાત વિચારી પણ નહોતા શકતા કે, જીવનની સમસ્યાઓ પણ કાવ્યનો વિષય બની શકે છે. એક વાત ઠીક છે કે, નજીર અને ગાલિબ જેવા બેચાર કવિ એવા પાક્યા કે જેમણે જૂની ઘરેડને અખત્યાર ન કરી. પણ આ બધા કવિઓ અપવાદરૂપ હતા, અને નજીરને તો તેના સમવયસ્કોએ પૂરી રીતે કવિ ગણ્યો જ નહિ. પરિણામ એ આવ્યું કે, કાવ્ય એક કૃત્રિમ ચીજ બની ગઈ.

દક્ષિણમાં જે કાવ્ય 'દખની' ભાષામાં લખાયાં તે આમજનતાની જરૂરતોને પૂરી કરવા માટે નહિ પણ બાદશાહો અને અમીર-ઉમરાવોને ખુશ કરવા લખાયાં. તે બધા ફારસી સારી રીતે જાણતા હતા અને એમનામાંથી કેટલાક તો કવિ પણ હતા. તેથી દખની કવિતાનું છંદ-શાસ્ત્ર ફારસીનું છંદશાસ્ત્ર જ રહ્યું.

જે 'દીવાન' લઈને વલી દક્ષિણમાંથી દિલ્હી આવ્યો તેની ભાષા તો દખની હતી, પણ તેનું છંદશાસ્ત્ર ફારસી હતું. ફારસી જાણનારાઓને વલીનો દીવાન ખૂબ ગમી ગયો. તેમણે આના પહેલાં દેશની ભાષામાં ફારસી છંદ-શાસ્ત્ર પ્રમાણે ક્યારેય કાવ્ય જોયું નહોતું. તેમણે ફારસી છંદશાસ્ત્ર અનુસાર કવિતા લખવી શરૂ કરી. તેનું પરિણામ એ આવ્યું કે, હિંદીની બે શૈલીઓ થઈ ગઈ— એક તો જે વલીના આવતા પહેલાં હતી તે અને બીજી ફારસી છંદશાસ્ત્ર પ્રમાણેની.

બીજી શૈલી, જે ઉર્દૂના નામે પ્રખ્યાત છે તે મતરુકત (બહિષ્કાર)ના સિદ્ધાંતને કારણે ફારસી-અરબી શબ્દોથી એટલી ભરાઈ ગઈ કે તે લોકોની સમજની બહારની ચીજ થઈ ગઈ. અને ફારસી છંદશાસ્ત્રને લઈને કવિતામાં ઈરાનની ઉપમાઓ અને રૂપક એટલાં બધાં આવવા લાગ્યાં કે, કવિતા ફારસી ભણેલાઓની જ સમજની વસ્તુ બની ગઈ. આની અસર ગદ્ય ઉપર પણ પડી અને તે પણ આ જ રીતનું થઈ ગયું.

સર સૈયદ અહમદે જ્યારે આ હાલત જોઈ તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે અનુભવથી જોયું કે, જો સમાજની હાલત સુધારવી હોય તો ભાષા સરળ હોવી જોઈએ, જેથી લોકો ચોપડીઓ વાંચી શકે અને સમસ્યાઓને સમજી શકે. વળી કાવ્ય એવું હોવું જોઈએ કે જેનો સંબંધ જીવનની સમસ્યાઓ સાથે હોય. મહમ્મદ હુસેન 'આઝાદ' અને અલ્તાફ હુસેન 'હાલી'ને સૈયદ અહમદનો આ વિચાર પસંદ આવ્યો. બન્ને એમની સાથે થઈ ગયા. આઝાદનું ક્ષેત્ર ગદ્ય રહ્યું અને હાલીનું પદ્ય રહ્યું.

હાલીએ જૂના ઢંગની શાયરીને રામ રામ કર્યા. એનો સંબંધ જીવનની જીવતી-જાગતી વસ્તુઓ સાથે બાંધ્યો.

દેશની જાગૃતિ અને ઉન્નતિ માટે હાલીએ દેશપ્રેમ, ઐતિહાસિક ઘટનાઓ, પ્રાકૃતિક દૃશ્યો અને સામાજિક સમસ્યાઓને પોતાની કવિતાઓના વિષય તરીકે પસંદ કર્યાં અને કવિઓને એક નવો રસ્તો દેખાડ્યો. ભાષા પણ સરળ બનાવી, કે જેથી લોકો કાવ્યને સરળતાથી સમજી શકે.

તેમના સમયમાં સ્ત્રીઓનું સમાજમાં કાંઈ સ્થાન નહોતું. ઘરના ચાર ખૂણામાં તેમને ગોંધાઈ રહેવાનું હતું. બાળ-લગ્ન બહુ પ્રચલિત હતાં અને વિધવા થયા પછી ફરી લગ્ન કરવાની છૂટ નહોતી. ભણવા-ગણવાનો તો તેઓ ખ્યાલ જ કરી શકતી નહોતી. તેમની તકલીફો જોઈને હાલીએ 'મુનાજાતે બેવા' અને 'ચુપકી દાદ' રચીને સમાજનું ધ્યાન એમની મુસીબતો તરફ દોર્યું અને બતાવ્યું કે, જ્યાં સુધી સ્ત્રીઓની ઉન્નતિ નહિ થાય ત્યાં સુધી દેશ અને કોમની ઉન્નતિ નહિ થઈ શકે.

હિંદી ભાષાની ઉર્દૂ શૈલીની કવિતાને દેશ અને સમાજને માટે ઉપયોગી બનાવવાનું ભગીરથ કામ હાલીએ જ શરૂ કર્યું અને ઉર્દૂ શાયરી તેને માટે હંમેશાં તેમની આભારી રહેશે.

ગિ૦ કિ૦

શોધમાં: લે૦ સર રમણભાઈ નીલકંઠ; સંપાદક અને સંપૂરક: પ્રો. બિપિન ઝવેરી; પ્ર૦ એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; કિં. ૨-૦-૦; પૃ૦ ૧૧૨.

'ભદ્રંભદ્ર'કાર સ્વ૦ રમણભાઈ નીલકંઠની આ અધૂરી રહેલી કૃતિ ગુજરાતની જનતા આગળ રજૂ થાય છે એ આનંદની વાત છે. શ્રી રમણભાઈએ 'ભદ્રંભદ્ર' આપીને ગુજરાતને હસાવ્યું છે. એ એમનું ભરજુવાનીનું સર્જન હતું. એમાં એમણે કટાક્ષનો કોરડો જ વીંઝ્યો હતો. આજ લગી 'ભદ્રંભદ્ર' જેવી કટાક્ષયુક્ત કૃતિ આપણી પાસે હજી બીજી એકેય નથી. 'શોધમાં' એ કૃતિ એમની પરિપક્વ ઉંમરનું ફળ છે, એટલે આપણું લક્ષ ખેંચ્યા વિના રહે એમ નથી, અને એનું અનુશીલન ધ્યાનપૂર્વક કરવાનું મન થયા વિના ન રહે. પણ સાથે સાથે નવાઈ એ ઊપજે છે કે, પાંત્રીસ વર્ષ 'જ્ઞાનસુધા'ની ફાઈલમાં અધવચ અટકી દટાઈ ગયેલી લેખમાળા આજ સુધી કેમ પ્રસિદ્ધ થયા વિના રહી ગયેલી? શું એમાં એવું તત્ત્વ કોઈનીયે નજરે ન પડ્યું કે તે અધૂરું સર્જન પણ પ્રસિદ્ધ થાય? જે સર્જક 'ભદ્રંભદ્ર' જેવી કૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે એની બીજી હાસ્યકૃતિ શું એટલી મનોગમ્ય નથી ? કે પૂછી ‘શોધમાં’ના શોધકોની પેઠે આવી શોધ જેને ‘અસહ્ય’ થઈ પડે એવા સંપાદકની જરૂર હતી ? અને સુજ્ઞ સંપાદકે ‘જ્ઞાનસુધા’ની ફાઈલમાં દટાયેલી કૃતિની શોધ થતાં જ એને પ્રસિદ્ધ કરવા એકબે પ્રકાશકોને સૂચવ્યું. પણ રમણભાઈની એ અધૂરી કૃતિને પ્રગટ કરવાની એ લોકોએ ઇચ્છા પ્રદર્શિત કરી નહિ. એટલે સંપાદક સંપૂરક પણ બન્યા અને એ કૃતિને સંપૂર્ણ કરી છેવટે તે પ્રસિદ્ધ કરવા સફળ થયા ! પણ સંપાદકશ્રી પર ‘શોધમાં’ એ કૃતિની ભારે અસર થયેલી લાગે છે ! તેથી એમને થયું હશે, આ સંપૂર્ણ કરેલી કૃતિને વાચકો સમક્ષ ધરું તો ખરો. પરંતુ વાચકોએ પણ શોધ કરવી રહી કે કેટલો ભાગ રમણભાઈનો અને કેટલો ભાગ સંપાદકશ્રીનો. આ રીતે આ પ્રસિદ્ધ થયેલી કૃતિમાં લેડી વિદ્યાબહેને કે નિવેદનકારે ક્યાંય એનો ઉલ્લેખ કર્યો નથી. એની શોધ આપણે જ કરવી રહી. શું એ શોધ કરનારને ‘શ્રી શોધવર્ધક સભા’ તરફથી ‘શ્રીયુત્’ની માનભરેલી પદવી આપવામાં આવશે ? અસ્તુ.

આ ‘નૂતન ભદ્રંભદ્રોની નવીન કથા’નું વસ્તુ સંક્ષેપમાં આ પ્રમાણે છે: આ વાર્તાના નાયક ગોદડચંદ ‘શ્રી શોધવર્ધક સભા’ના પ્રમુખ છે. વાર્તાના આરંભમાં તે એવો ઠરાવ સભા સમક્ષ રજૂ કરે છે કે, એ સભાના સભ્યોએ ‘શોધ કરવી’. અને ‘જે સભાસદ કીમતી શોધ કરશે તેને ‘શ્રીયુત’ને બદલે ‘શ્રીયુત્’ની વધારે માન-ભરેલી પદવી આપવામાં આવશે.’ અને પછી નજીવી વસ્તુઓને મહત્ત્વ આપી ગોદડચંદ શોધ કરવાનાં સાહસોમાં પડે છે. વિચાર કરતા તે બહાર નીકળે છે અને વિચારની ધૂનમાં ગોલાઓના વરઘોડામાં ભેરવાઈ પડે છે. અહીં તેઓ શોધ કરે છે કે, તેઓ ‘પોતે’ છે અને એને માનાર્થે ‘શ્રી’ લગાડતાં તેઓ ‘પોતેશ્રી’ બને છે. ત્યારથી ગોદડચંદ પોતાને ‘પોતેશ્રી’ તરીકે ઓળખાવે છે. ત્યાર બાદ બીજા પ્રકરણમાં કોઈ શોધ કરવા મળશે એમ માની ‘વિના પગારે પ્રકાશક થવા ઇચ્છનાર ઉમેદવાર’ તરીકે પોતેશ્રી અને બીજા સભ્યો ‘અફવા સમાચાર’ની ઑફિસમાં જાય છે. ત્રીજા પ્રકરણમાં શોધ કરવાના હેતુથી બધા ‘શ્રીયુતો’ પ્રોક્સી ઉપર એક લિમિટેડ કંપનીની વાર્ષિક સભામાં જઈ ધમાલ મચાવે છે. ચોથા પ્રકરણમાં પોતેશ્રી ઉપર એક પત્ર આવે છે. તેમાં જણાવ્યું છે કે શ્રી જયસ્વરૂપની આજ્ઞાથી હિમાલય તેમના ઉપર ધસારો કરવાનો છે. બધા બીકના માર્યા હિમાલયની રાહ જોતા બેઠા હોય છે. ત્યાં એક મોટી ઉંમરનો — છોકરો સાક્ષરશ્રી હિમાલય-તેમની મુલાકાતે આવે છે અને તેમને એક ચર્ચાપત્રીની શોધ કરવા જણાવે છે. પાંચમા પ્રકરણમાં શ્રીયુતો એ બદનક્ષીભર્યો ચર્ચાપત્ર વાંચી આ ગેબી ચર્ચાપત્રીને શોધવાનાં સાધન જ્યાં રહસ્યો ઘણાં વ્યાપક હોય એવા દેશી રાજ્યમાં સહેલાઈથી મળી શકે એમ માની એક દેશી રાજ્યના એજન્સીના ગામમાં જાય છે. છઠ્ઠા પ્રકરણમાં તેઓ ગામમાં પધારે છે. જનતા તેમને કુતૂહલથી જુએ છે, ધર્મશાળા અને લાયબ્રેરીમાં ધમાલ મચે છે. એટલે જમાદાર તેમને નાયબ કારભારીને ઘેર લઈ જાય છે. ત્યાં કારભારીની છોકરી અકસ્માત્ આવી ચડી એ ચર્ચાપત્ર તેણે પોતે લખેલું છે એમ ખોટી રીતે જાહેર કરે છે, એટલે આ શોધથી ક્ષોભ અને વિસ્મયના માર્યા શ્રીયુતો ભાગી છૂટે છે ! છેવટે, આ શોધનું પરિણામ છાપવાનો પ્રયાસ શ્રીયુતો કરે છે, પણ કોઈ છાપનારું મળતું નથી. એટલે ‘અફવા સમાચાર’માં દસ રૂપિયાની રકમ આપી તેઓ એ શોધ છપાવે છે. તેથી શ્રીશોધવર્ધક સભાની ખ્યાતિ ચોમેર પ્રસરે છે અને બીજી શોધોનાં કામ માટે લોકો શ્રીશોધવર્ધક સભાનાં પગથિયાં ઘસવા લાગ્યા.

આ રીતે ‘શોધમાં’માં શ્રી રમણભાઈએ નજીવી વસ્તુઓનું સંશોધન કરવા પાછળ પોતાની શક્તિનો, સમયનો અને ધનનો વ્યય કરતા લોકો તરફ કટાક્ષ કર્યો છે. એમાં તે લેભાગુ તંત્રીઓ, કવિબુદ્બુદો અને દેશી રાજ્યો ઉપર વક્ર નજર ફેંકે છે. લેખક પ્રસંગ અને ખાસિયતોની વિચિત્રતામાંથી હાસ્ય — ઉપહાસ—પ્રકટ કરે છે. દરેક પાત્રની અમુક વિશિષ્ટતા છે. પણ અહીં કહેવું પડે છે કે, એમાં શબ્દોની રમતનો એટલો અતિરેક થઈ જાય છે કે ઉપહાસમાં તેથી ક્ષતિ થાય છે અને બધું એકધારું — monotonous અને નીરસ બની જાય છે. વળી એમની હાસ્ય ઉપજાવવાની એ રીત કદાચ તે વખતે મૌલિક લાગતી હોય, પણ આજે તો એ જૂના જમાનાની લાગે છે. જેમ કે, ગોદડચંદ ‘પોતેશ્રી’ એટલી બધી વાર વાપરે છે કે વાચક એથી ટેવાઈ જઈ હસી શકતો નથી અને વાંચીને એને કંટાળો પણ આવે. તદુપરાંત, દરેક શબ્દને ‘શ્રી’ લગાડી હાસ્ય ઉત્પન્ન કરવાનો પ્રયોગ પણ એટલો અસરકારક નથી. જેમ કે, ‘તમારોશ્રી ગઈશ્રી કાલનોશ્રી કાગળશ્રી પહોંચ્યોશ્રી છેશ્રી . . .’ વળી તે એકથી વધારે જાતનું વાણીવૈચિત્ર્ય બતાવે છે. તે વારંવાર નિષ્કારણ પર્યાયો વાપરે છે. પણ આજે એ રીત હાસ્ય ઉપજાવવા બહુ સફળ ગણાય નહિ. તેમ જ સંસ્કૃતપ્રધાન ભાષાનો પ્રયોગ પણ બહુ આકર્ષક લાગતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી કથાંમાં સૌથી રમૂજી પ્રસંગ તો 'પ્રકાશક' પ્રકરણમાં જ આવે છે. 'અફવા સમાચાર'નો તંત્રી વાક્યે વાક્યે 'સમજ પડી કેની' વાપરે છે. અને સીધોદોર કરવા એક 'દાંડિયો' ઉમેદવાર અસરકારક યુક્તિ વાપરે છે. એક ઉદાહરણ લઈએ :

જ્યારે તંત્રી ઉમેદવારોને વિચિત્ર રીતે પૂછે છે, 'અમારા પેપરના કાગળ ઘૂંટીને ચળકતા કરી શકશો?' ત્યારે પેલો ઉમેદવાર જવાબ આપે છે, 'અમે આ ખોખાં સળગાવીને પ્રકાશ કરી શકીશું. શું સમજ્યા? અથવા તો તમારું પેપર સળગાવીને પ્રકાશ કરી શકીશું શું સમજ્યા? આખા ગામમાં દેખાય તેવો પ્રકાશ કરતાં અમને આવડે છે. શું સમજ્યા?' આ આખો પ્રસંગ હાસ્ય ઉપજાવે એવો છે.

બીજા બધા પ્રસંગોમાં સહજતા જણાતી નથી. લેખક 'ભદ્રંભદ્ર'ની રીતિને અનુસરવા મથે છે, પણ એમાં એમને સફળતા મળતી નથી. તેથી 'ભદ્રંભદ્ર'માં સિદ્ધિ પામેલા રમણભાઈ આ કૃતિમાં આપણી જિજ્ઞાસાને સંતોષી શકતા નથી. પાત્રોનું પણ અસરકારક રીતે આલેખન થયું નથી. આખી કથા વાંચતાં એમાં પદે પદે આવતી વાણીવૈકલ્યથી અકળાઈને આપણને શેકસપિયરના 'હેમ્લેટ'નું પેલું વાક્ય યાદ આવ્યા વિના ન રહે :

"words, words, words!"

એકંદરે, હાસ્યરસને પ્રતિષ્ઠા અપાવનાર શ્રી. રમણભાઈનો એ દિશામાં વધુ પરિચય મેળવવા આ કૃતિ સહાયરૂપ થઈ પડે એમ છે.

સુ૦ ક૦

દેશ અને દુનિયા પુસ્તક પહેલું, બીજું અને ત્રીજું: લે૦ પોપટલાલ અંબાણી; પ્ર૦ હંસ પ્રકાશન, રાજકોટ; કિં. અનુક્રમે રૂ. ૧-૨-૦, ૧-૨-૦ અને ૧-૪-૦; પૃષ્ઠસંખ્યા અનુક્રમે ૧૭૨, ૧૯૪ અને ૨૧૧.

પ્રાથમિક શાળાઓનાં ઉપરનાં અને માધ્યમિક શાળાઓનાં પહેલાં ત્રણ ધોરણો માટે મુંબઈ સરકારના કેળવણી ખાતાએ તૈયાર કરેલા ભૂગોળવિદ્યાના નવા અભ્યાસક્રમની યોજના જીવનલક્ષી અને કેન્દ્રાનુસારી હોઈ, તે યોજનાનો હેતુ ધ્યાનમાં રાખી, આ પુસ્તકોની રચના કર્યાનું લેખક જણાવે છે. આ પુસ્તકોના પાઠો તૈયાર કરતી વખતે વિદ્યાર્થીની વયમર્યાદા, પાઠોનું સ્વરૂપ, તેની લંબાઈ અને શૈલી, વિચારપૂર્વક નક્કી કર્યાનો લેખકનો દાવો છે. વળી લેખક જણાવે છે તેમ, વિષયનિરૂપણ માટે આત્મકથા, પ્રવાસકથા કે સંવાદનું રૂપ રાખવામાં આવ્યું છે, અને દરેક દેશનું નિરૂપણ કરતી વખતે જે તે દેશના લોકજીવનને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. આ પુસ્તકોનાં ચિત્રો પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી સોમાલાલ શાહે તૈયાર કરેલાં છે. નવા અભ્યાસક્રમ મુજબ ત્રણે પુસ્તકોને દેશ, દુનિયા અને પૃથ્વી એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે.

ભૂગોળનાં આવાં પાઠ્યપુસ્તકોમાં જે તે પ્રદેશનાં સ્થળો ક્યાં આવેલાં છે તે, પ્રદેશની વસ્તી, પ્રદેશનાં શહેરો તથા દેશના રાજકીય વિભાગોની તદ્દન સામાન્ય એવી માહિતી હોવી જરૂરી ગણાય, પણ આ પુસ્તકોમાં એવું કંઈ જણાતું નથી. વળી જે તે પ્રદેશની નદીઓ તથા પર્વતો, તેનું ક્ષેત્રફળ વગેરેની પણ આગળ જણાવી તેવી જ એટલે કે સામાન્ય માહિતી હોવી જોઈએ જે આ પુસ્તકોમાં નથી. આવી ઊણપો ઉપરાંત બીજા પુસ્તકના બીજા વિભાગનાં પ્રકરણોનાં નામ જે તે દેશના વતનીના નામ ઉપરથી રાખ્યાં છે, તે પણ યોગ્ય નથી. છતાં એ પુસ્તકની અનુક્રમણિકામાં દેશના વતનીના નામ સાથે કૌંસમાં દેશનું નામ આપ્યું છે એટલું વળી સારું કર્યું કહેવાય. બાકી 'અભયશેખર', 'પનગેરન', 'નાગાસાન', કે 'હુકૂ' નામો ઉપરથી અનુક્રમે સિલોન, ઇન્ડોનેશિયા, જાપાન, કે પૂર્વ આફ્રિકા દેશોની વાત છે, એમ સમજાઈ જાય એ બને નહિ. પુસ્તકોની અંદરનાં સારાં ચિત્રો કેટલીક જગાએ ઉઠાવ બરાબર ન થયો હોવાને કારણે તે સારાં લાગતાં નથી.

પહેલા પુસ્તકમાં દુનિયાના તમામ ભૂખંડો અને મહાસાગરોએ પોતપોતાની વાત કહી છે [પૃ. ૧૩૫થી ૧૪૭]. અને બીજા પુસ્તકમાં શિરીષને સ્વપ્નામાં પૃથ્વીનો ગોળો આવી પોતાનું વર્ણન કહી જાય છે [પૃ. ૧૫૮થી ૧૬૩]. આવી રજૂઆતો કૃત્રિમ લાગે છે. આ ઉપરાંત કેટલીક રજૂઆતો જુદી રીતે થવી જોઈતી હતી એવી છે. કારણ કે તે નાના વિદ્યાર્થીઓના મગજ ઉપર અવળી અસર કરે એવી રીતે રજૂ થઈ છે. જેમ કે, 'પછી અમને ભોજન આપવામાં આવ્યું. તેમાં માંસ, ઈંડાંનો રસ, અને દૂધ હતાં' [પુ. ૧; પૃ. ૧૨૫]. 'હું [ઍટલેન્ટિક મહાસાગર] જગતની અર્ધ કરતાંયે વધારે નદીઓનો પતિ છું' [પુ. ૧; પૃ. ૧૪૪]; 'જે ભૂખંડ [દક્ષિણ ખંડ] મારી પાસે છે તે નદીઓ વગરનો છે, એટલે હું કોઈ નદોનો પતિ કેવી રીતે બની શકું?' [પુ. ૧; પૃ. ૧૪૬]; 'ઈરાની રમણીના ગાલો હમેશાં ગુલાબ સાથે હરીફાઈ કરે છે.' [પુ. ૨; પૃ. ૭૨]; 'જ્યાં ધરતીમાતા પેટપૂર ખાવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતી ન હોય, તેમ જ કમાણીનાં બીજાં સાધનો ન હોય ત્યાં લોકોને લૂંટફાટ પણ કરવી પડે' [પુ. ૨; પૃ. ૮૭] વગેરે. વળી કેટલીક વિગતો વધુ ચોકસાઈ બાદ રજૂ થવી જોઈતી હતી, એવી પણ છે. જેમ કે, 'વીર અમુંડસેન દક્ષિણ ધ્રુવ પહોંચ્યો તેના વળતે દિવસે વીર સ્કોટ આવ્યો.' આ વિગત [પુ. ૧; પૃ. ૧૪૨-૪૩] બરાબર નથી લાગતી, કારણ કે, તે બે વીરોના દક્ષિણ ધ્રુવ પહોંચવા વચ્ચે એક દિવસનું નહિ, પણ શ્રી મૂળશંકર ભટ્ટે તેમના 'મહાન મુસાફરો' નામના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે એક માસ અને બે દિવસનું અંતર હતું.

આ પુસ્તકોની હવે પછીની આવૃત્તિઓ વખતે વિચારવી ઘટે એવી ઉપર બતાવી તેવી કેટલીક સૂચનાઓનો ઉલ્લેખ કર્યા બાદ હવે આપણે આ પુસ્તકોની વિશેષતા તરફ વળીએ. આ પુસ્તકોમાં કેટલીક જગ્યાઓએ સરળ ભાષામાં કળામય વર્ણનો કરવાનો લેખકનો પ્રયત્ન જણાઈ આવે છે. જેમ કે, 'ગિરિનગર સરખું નૈરોબી', 'વેપારથી ધમધમતાં દારેસલામ, મોમ્બાસા અને ઝાંઝીબાર', 'પાણીથી ઊભરાતો યુગાન્ડા', 'મીઠા મહેરામણ સરખાં વિક્ટોરિયા અને ટાંગાનિકા' અને 'પશુઓનાં સંગ્રહસ્થાન સરખાં જંગલો', [પુ. ૨; પૃ. ૧૩૦]; 'એ બધામાંથી મસ્તક પૈર હિમનો મુગટ તો માત્ર હિમાલય જ ધરાવે છે' [પુ. ૩; પૃ. ૧૨]; 'બે હજાર માઈલમાં અરબી સમુદ્ર અને બંગાળાનો ઉપસાગર ભારતમાતાના ચરણ પખાળે છે' [પુ. ૩; પૃ. ૨૦–૨૧] વગેરે.

આ પુસ્તકોમાં આપેલી કેટલીક વિગતો નાના વિદ્યાર્થીઓને આશ્ચર્ય પમાડે અને વિચાર કરતા કરી મૂકે એવી છે. જેમ કે, 'અમારે ત્યાં [જાપાનમાં] રૂ કે ઊનની બિલકુલ પેદાશ નથી; સુતરાઉ અને ગરમ કાપડની સેંકડો મિલો છે' [પુ. ૨; પૃ. ૧૧૨]; 'કરોડો રૂપિયાની પેદાશ પરદેશીઓ ઉપાડી જાય છે. અમને [પૂર્વ આફ્રિકાના વતનીઓ] માત્ર મજૂરી જ મળે છે' [પુ. ૨; પૃ. ૧૩૦]; 'તેનાં [શાહમૃગનાં] એક રતલ પીંછાંની કિંમત એક હજાર રૂપિયા ઉપજે છે' [પુ. ૨; પૃ. ૧૩૪]; 'આપણા દેશની અળસીમાંથી માર્સેલ્સમાં બેલતેલ બનીને તે ભારતમાં આવે તેના કરતાં ભારતમાં જ બેલતેલ બનતું હોય તો કેટલો બધો લાભ થાય?' [પુ ૩; પૃ ૧૧૮] વગેરે.

નાના વિદ્યાર્થીઓને રસ પડે, તેમને દુનિયાનું અવનવું જાણવાનું મળે અને તેમની દૃષ્ટિએ દુનિયાનું દર્શન કરવાની તક મળે એવી ઝીણવટભરી રીતે ભેગી કરેલી કેટલીક માહિતી આ પુસ્તકોમાં જોવા મળે છે. જેમ કે, 'તમારે ત્યાં સોડા લેમનની બાટલીઓ મળે છે, તેમ અમારે ત્યાં [ઈરાનમાં] છાશની મળે છે' [પુ. ૨; પૃ. ૭૪]; 'અમે [અરબસ્તાનવાળા] જમ્યા પછી હાથ પાણીને બદલે રેતીથી સાફ કરી નાખીએ છીએ' [પુ ૨; પૃ. ૮૩]; 'દરેક મલય કુટુંબ પોતપોતાના ઘરમાં ખપપૂરતું કાપડ વણી લે છે' [પુ. ૨; પૃ. ૯૪] વગેરે.

બીજા પુસ્તકના જાપાન વિષેના પાઠનો અત્રે ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે. આ આખો પાઠ અનેક નવીનતાઓથી ભરપૂર છે. જાપાન દેશમાં પ્રત્યેક ઘરમાં રેશમના કીડા ઉછેરવામાં આવે છે એટલું જ નહિ પણ રેશમ કાંતીને તેને હાથસાળ ઉપર વણી લેવામાં પણ આવે છે. ત્યાંનાં મકાનોની દીવાલો, બત્તીનાં ફાનસો, છત્રીઓ, પાણી પીવાનાં ટંબલર, ચંપલો વગેરે કાગળનાં બનાવવામાં આવે છે. ત્યાંના લોકો હાથથી કે છરીકાંટાથી નહીં, પણ વાંસની પાતળી ચીપો વડે ખાય છે. તેમનાં ઘરોનું ફર્નિચર એટલે પરાળમાંથી બનાવેલી ચટાઈઓ. અનેક ગૃહઉદ્યોગોવાળા જાપાન દેશની આવી બધી વિગતો વિદ્યાર્થીને સારી અસર કરે તેવી છે.

આ ત્રણે પુસ્તકો તૈયાર કરવામાં લેખકે ઠીક ઠીક શ્રમ લીધેલો છે એ જણાઈ આવે છે. આ ત્રણે પુસ્તકો પૈકી બીજું પુસ્તક બાકીનાં બેના પ્રમાણમાં સારું છે. બીજા પુસ્તકના પહેલા વિભાગના દક્ષિણ ભારત વિષેના પાંચે પાઠોનું વર્ણન અને અંદર આપેલી માહિતી સારાં છે. જુદા જુદા દેશોનો પરિચય કરાવતો બીજા પુસ્તકનો બીજો વિભાગ સારો છે અને તેમાંયે વળી ઝીણવટપૂર્વકની રસિક માહિતીવાળો જાપાન વિષેનો પાઠ બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપે એવો છે. ત્રીજા પુસ્તકનો બીજો વિભાગ અને તેમાંયે વળી ફ્રાન્સ વિષેનો પાઠ પણ સારો છે.

સામાન્ય રીતે ભૂગોળનો વિષય શુષ્ક અને નીરસ ગણાય છે અને એ વિષય શીખતાં વિદ્યાર્થીઓ કંટાળે છે. આ પરિસ્થિતિને પલટી નાખવામાં આ પુસ્તકો યત્કિંચિત્ ફાળો આપશે એવી શ્રદ્ધા સાથે લેખકે આ પુસ્તકો વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યાં છે.

શાં૦ ગાં૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસિક વિવેચન

સાવધાન

ગાંધીજીના ગયા પછી દેશમાં નૈતિક ધારણ જાણે ધસડી પડયું, અને સરદારના જવાથી હવે સરકાર તથા કોંગ્રેસમાં વહીવટી ધારણ અને શિસ્ત પણ ધસડી પડશે કે શું, એમ કેટલાકને થાય છે.

અવતારી મહાપુરુષના ગયા પછી નૈતિક ધારણમાં ઉતાર આવતો દેખાય એ સમજાય એવું છે, કેમ કે મહાપુરુષો પોતાની નૈતિક અને આધ્યાત્મિક પ્રતિભા વડે, આખી પ્રજાને, તેના ગજા કરતાં વધારે ઊંચી લે છે. તે ધારણ દૂર થાય તેની સાથે આપોઆપ પ્રજા પાછી પોતાની જે નૈતિક સપાટી હોય, ત્યાં આવી રહે છે.

કાંઈક એમ જ સરદારશ્રીની શિસ્ત-સંગઠન-શક્તિ જવાથી દેશમાં બનશે એમ માનીને, કોંગ્રેસ અને દેશી રાજ્યોમાં 'દેડકાની પાંચશેરી' જેવા ઘાટ થાય એ ઢબે કેટલાક ચાલવા લાગ્યા દેખાય છે. દાખલા તરીકે આ૦ કૃપાલાનીનું દળ અને તેમને વાદે વાદે અમદાવાદ શહેરમાં કેટલાક લોકના નકલવેડા; દેશી રાજ્યોમાં આબુરોડની પ્રજા અને ગાયકવાડ તથા કેટલાક દેશી રાજાઓ. આ લક્ષણો દેશની આગેકૂચને માટે સારાં નથી, એમ સૌ કોઈ કહે છે. તો પછી તેમાંથી બચીને વર્તવાની તાકાત લોકોએ બતાવવી જોઈએ; તે આજે ઓછી છે, એ ભયંકર ચિહ્ન છે.

૨૩-૪-'૫૧

કોંન્ગ્રેસની શિસ્ત

આ૦ કૃપાલાનીએ કોંન્ગ્રેસીઓની શિસ્ત અંગે એક તાત્ત્વિક મુદ્દો ઊભો કર્યો છે. દિલ્હીમાં મળેલી ગઈ કાર્યવાહક સમિતિએ એક ઠરાવ કરીને કોંન્ગ્રેસ પક્ષના ધારાસભ્યો તથા કોંન્ગ્રેસ સમિતિઓના કારોબારી સભ્યો વિષે એક શિસ્તનો નિયમ જણાવ્યો છે. તેણે એમ કહ્યું કે, આ લોકોએ કોંન્ગ્રેસ કે તેની સરકારોની નીતિ વિષે ટીકાટિપ્પણી કરવી હોય તો તેનું યોગ્ય સ્થાન ધારાસભા પક્ષની કે કોંન્ગ્રેસ સમિતિની સભાઓ છે. જેઓ સામાન્ય રીતે એક નીતિવાળા છે એમ લોક માને, તેઓ જ્યારે જાહેરમાં ખદાખદી કરે, ત્યારે તેની અસર માઠી થાય, એ ઉઘાડું છે. આ વાત તો સૌ સ્વીકારે છે. પણ સવાલ એ છે કે, જો નીતિ તથા કામો વિષે દૃષ્ટિભેદ હોય કે મતભેદ હોય, તો શું? તેવે વખતે લઘુમતીમાં હોય તે શું કરે? આનો જવાબ બહુ અટપટો નથી: લઘુમતી પોતાનો મત ભલે ધરાવી રાખે, પરંતુ કાર્યમાં તો તેણે બહુમતીના ઠરાવો માન્ય કરીને વર્તવું જોઈએ. પણ આ૦ કૃપાલાનીએ સવાલ કર્યો છે તે આ નથી. તે કહે છે કે, જો કોંગ્રેસમાં બહુમતી ધરાવનારા લોકો ચૂંટણીમાં ભલતી રીતે ચૂંટાયા હોય, તો એમનું કેમ મનાય? તે વખતે કોંગ્રેસીએ પોતાના અંતરાત્માને પૂછીને વર્તવું જોઈએ. અંતરાત્માને પૂછીને ચાલવાનું તો દરેક માટે બધો વખત સારું જ છે. પણ અંતરાત્મા બીજાથી જુદી જ વાત કહે એવો કાંઈ નિયમ નથી. અને ગમે તેમ ચૂંટાયા હોય તેનો ઉપાય બંધારણમાં છે; તે રસ્તે કામ લેવું જોઈએ. ત્યાં આગળ અંતરાત્મા નથી આવતો. ગાંધીજીના જીવનમાંથી જોવા મળે છે કે, જ્યારે કોંગ્રેસે ૧૯૪૦માં અહિંસાની નીતિ છોડી, ત્યારે તે તેમાંથી દૂર ખસ્યા. ૧૯૩૬ પછી પણ તે દૂર ખસ્યા. પણ કોઈ કાળે તેમણે એવી રીતનું પગલું ન લીધું કે જેથી કોંન્ગ્રેસ નબળી પડે. આજે આ ઢબનું વર્તન નથી જોવાતું. આજે તો લોકોમાં જે ખોટોખરો અસંતોષ જોવા મળે છે, તેના વાયરાને જોરે તણાઈ જઈ, કેટલાક કોંગ્રેસને જ ઘા કરે છે. આમાં શિસ્ત નથી અને અંતરાત્માનો અવાજ પણ નથી, એમ જ કહેવું જોઈએ.

૨૪-૪-'૫૧

દેશી રાજાઓ

૧૯૪૭ પહેલાં ત્રણ બળ મુખ્યત્વે દેશમાં કામ કરતાં હતાં — ૧. અંગ્રેજ સરકાર, ૨. કોંન્ગ્રેસનું સ્વરાજબળ, ૩. દેશી રાજાઓ. તેમાંનું પહેલું બળ ખસવાની સાથે તેમને ટેકે જોરવાળા દેશી રાજાઓ ખખળી પડયા ને સરદાર પટેલે તે રાજ્યોનો ઘાટ ઉતારી લઈ હિંદમાં એક-રાજ્ય શક્ય બનાવ્યું. કોંન્ગ્રેસ-બળ એક જ રહ્યું — તે જ સરકાર અને તે જ પ્રજા. બંનેની તાકાત એક બની રહી. દેશી રાજાઓએ પાછું માથું ઊંચું કરવા માટે પોતાનું યુનિયન રચ્યું અને વડોદરાનો રાજા તેનો નેતા બન્યો. તેમનાં કયાં હિત સાચવવા આ સંગઠન હતું? એમનું જે કાંઈ હિત હતું તેનો ઉલ્લેખ બંધારણમાં છે; બીજું કશું કામકાજ તેમને ભાગે રહેતું નથી. પછી કયું હિત જોગવવા સંગઠન કર્યું? થોડા જ વખતમાં તે જણાઈ ગયું — તે પાછા રાજહક મળે તો તે લેવા તાકતા હતા. હિંદને સદ્ભાગ્યે આ વહેલું વેળાસર જણાઈ ગયું અને વડી સરકારે ચાંપતા ઉપાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ આ નાહક ઊભી થતી ગરબડને ટાઢી પાડી. તેણે ગાયકવાડને પદભ્રષ્ટ કરી તેનું સાલિયાણું બંધ કરીને કુંવરને આપ્યું. હિંદનો ઇતિહાસ જાણનારાને ખબર છે કે, આમ જ દેશી રાજાઓ અગાઉ વર્તતા ને દંડાતા. સ્વરાજ આવ્યે પણ આમ વર્તે, એ એમણે અત્યાર સુધી મેળવેલી દેશપ્રેમ અને વફાદારીની પ્રતિષ્ઠાને બટ્ટો લગાડે છે.

રાજાઓ દેશકાળ સમજીને વર્તે તો તેમની સામે ભારે તક અને બધી અનુકૂળતા છે. તેઓ બીજા નાગરિક કરતાં વધારે નથી, એ પહેલું માને; તેમને ઇલકાબો રાખવા દીધા છે, એ બંધારણના સમાનતાના મૂળહકમાં અપવાદ કર્યો છે, તેથી ભૂલ ન ખાય. સાલિયાણું ખાવું એ આગળની તેમની પ્રજા માટે સારું નથી, એમ ઇતિહાસ પણ કહે છે. આવી બેઠાખાઉ રીતથી તેમનાં તન, મન અને ધનને પણ લૂણો લાગશે. સામાજિક નાતજાતોની કુલીનતા પેઠે રાજાઓ સ્વરાજમાં રાજકીય કુલીનતા જેવું ન ઊભું કરે. વિલાયતના 'માન્ચેસ્ટર ગાર્ડિયન' પત્રે તેમને માટે લખ્યું તે સાચું છે કે, "હિંદી સરકારે વડોદરાના મહારાજા અંગે જે પગલું લીધું, તે પછી રાજાઓ તરફથી તેને 'વધુ તકલીફ' પહોંચે એમ લાગતું નથી. તે પત્રે એવું સૂચવ્યું કે, રાજાઓએ ચાલુ ઇતિહાસ-ક્ષેત્રમાંથી ધીમે ધીમે 'મીઠાશભેર' ખસતા જવું જોઈએ." (રૉઇટર પી. ટી. આઈ.ની તા. ૧૫–૪–'૫૧ની ખબર) તેઓ તેમની જ નાની આવૃત્તિરૂપ જાગીરદારો, જમીનદારો વગેરે જોડે મળીને કાંઈક કરવા તાકતા હશે, તો તેમાં તેમનેય હાનિ જ થશે. અને આ પ્રકારના વર્ગનું પ્રત્યાઘાતી બળ દેશમાં ફાસિઝમ પ્રેરશે એ જુદું.

૨૪-૪-'૫૧

શ્રી આંબેડકરના ઉદ્ગાર

છાપાંમાં એવી ખબર છે કે, દિલ્હીની એક સભામાં શ્રી આંબેડકરે એમ કહ્યું કે, હરિજનોની દશા અંગ્રેજી રાજ્યમાં હતી તેનાથી સ્વરાજમાં ખરાબ થઈ છે. અને એવો દાવો કરીને આ વાત કરી કે, તે પેલા રાજ્યમાં પણ સરકારમાં હતા ને અત્યારેય છે, તેથી બરોબર જાણે છે.

શ્રી આંબેડકર ત્યારે ગુલામ દેશના હતા, અત્યારે સ્વતંત્ર દેશના છે, એ ફરક એમને નહિ લાગતો હોય? રાજ્યનો પ્રકાર મળતર પરથી જ પરખાય છે? પરતંત્રતા અને સ્વતંત્રતાની સરખામણી હોતી હશે? ખેર. પણ વસ્તુતાએ પણ એમની વાત સાચી નથી. એ કાંઈક બીજા દુઃખના કે તેની કલ્પનાના માર્યા બોલ્યા હોય એવું લાગે છે. અને તે કાયદાશાસ્ત્રી છે; તેમને એ વિચાર નહિ આવ્યો હોય કે, એક જવાબદાર પ્રધાન તરીકે તેમનાથી આમ ન બોલી શકાય? શિસ્તના ભંગ કેવળ કૉંગ્રેસમાં, દેશી રાજાઓમાં જ નહિ, સરકારી પ્રધાનમંડળમાં પણ થવા લાગે છે કે શું? લોકો કહે છે, આ બધાનું કારણ આવતી ચૂંટણી છે. વાત વિચારવા જેવી છે. અત્યારે સોમનાથ મહાદેવની પ્રતિષ્ઠા થઈ રહી છે; પણ સૂક્ષ્મરૂપે હિંદના હૃદયમાં મતેશ્વર મહાદેવની જે પ્રતિષ્ઠા થઈ રહી છે, તે પણ નાનીસૂની નથી. ઘણી જાત જાતની વાતો જે થાય છે, તે બાહ્યતઃ બીજી લાગવા છતાં મૂળે તો મતેશ્વર મહાદેવને જ અર્ઘ્યપૂજારૂપે હોય, એમ બને.

૨૪-૪-'૫૧

રાઇફલની રમત

અમદાવાદમાં છેલ્લાં થોડાં વરસથી એક રાઇફલ મંડળ ચાલે છે. શ્રી. માવળંકર તેના પ્રમુખ છે. આ મંડળના એક કાર્યકર્તાએ હમણાં જાહેર વાતચીતમાં કહ્યું કે, રાઇફલ તો રમતગમતનુંય એક ઓજાર છે; અને જાહેર કર્યું કે, આવાં મંડળોનું એક અખિલ ભારતીય સંગઠન રચવા માટે થોડા વખતમાં દિલ્હીમાં વિચાર થશે ને તેમાં વડી સરકારના પ્રધાનો ભાગ લેશે ને પાર્લમેન્ટના સ્પીકર તેના પ્રમુખ બનશે.

ગાંધીજીએ આપણા દેશમાં અહિંસા વિષે અમુક વિચારપ્રણાલી જગવી છે. અને રમતગમત તથા રચનાકામો વિષે પણ અમુક ખ્યાલો આપ્યા છે. મને લાગે છે કે, રાઇફલને રમતનું સાધન કહેતી વખતે તે ભાઈના મનમાં એમ સૂચવવાનો ભાવ હશે કે, રાઇફલને હિંસાનું જ પ્રતીક ન માનતા; રાઇફલથી નિશાન તાકવાની મજા આવે છે. યુદ્ધ-કાળમાં તે નિશાન શત્રુના માથાનું બને; શાંતિ-કાળમાં પશુપક્ષીનો શિકાર તેનું નિશાન બને. સિપાઈને મન યુદ્ધ રમત હોય; કાંઈ નહિ તો તેય તેના કાર્યમાંથી આનંદ તો લે છે. માંસાહારીને પશુપક્ષીના શિકારમાં ખોરાકનો અને નિશાન-બાજીનો આનંદ છે. આપણે અહિંસા રાખવા માગીએ, તો ખાલી નિશાન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજી કરીએ. પણ તેથી રાઇફલ કોઈ રીતે ગેડી, બૅટ હૉકી-સ્ટિક જેવું સાધન નથી જ; તે શિકાર અને હિંસાનું જ પ્રતીક છે, એમાં શંકા નથી. સ્વરાજ આવતાં સ્વરક્ષા અને દેશરક્ષાને નામે એ સાધનની કિંમત વધે છે; તેને વધારવા અને પ્રતિષ્ઠા આપવા પ્રયત્નો થાય છે. અમુક દૃષ્ટિએ અને મર્યાદામાં આ ઠીક છે. પણ તેને મર્યાદા છે. અને ગાંધી સ્મારક નિધિના પ્રમુખ એને પોતાના નામની પ્રતિષ્ઠા આપે, ત્યારે કાંઈક અજુગતું અને અસંગત થતું લાગે છે. રાઇફલ-સંસ્કૃતિ, માનવ-સંસ્કૃતિની દૃષ્ટિએ જોતાં, જાળવીને કામ લેવા જેવી ચીજ છે.

૨૪-૪-'૫૧

લોકશાહીનો પ્રાણ

પી. ટી. આઈ. (રૉઇટર) એ ઇંગ્લૅન્ડથી એક નાનકડી ખબર એકેએક માસ પર અહીં મોકલેલી, તે આજેય સૌને કહેવા જેવી છે:

માર્કક્રૉસ (સસેક્સ)
ફેબ્રુઆરી ૨૭, '૫૧

"બ્રિટનના રક્ષણખાતાના પ્રધાન શ્રી ઇમેન્યુઅલ શિનવેલના ૩૨ વર્ષના પુત્ર શ્રી અર્નેસ્ટ શિનવેલનો આજે ૨૦૦૦ પાઉંડ દંડ અથવા તે ન ભરે તો ૩ માસની સજા થઈ. કારણ, તેમના સસેક્સના ખેતર પર સમારકામ અંગે બાંધકામ કરવાની સરકારી પરવાનગી હતી તેનાથી ૨૦૦૦ પાઉંડ વધારે ખર્ચ્યા હતા. અર્નેસ્ટ શિનવેલ જોડે બાંધકામ કરનાર પણ રજૂ થયો હતો. તેને ૧૦૦૦ પાઉંડ દંડ યા ૩ માસની સજા ફરમાવી હતી."

ન્યાયાસન આગળ સૌ સરખા હોવા જોઈએ, એનો કાંઈક અર્થ છે તે આવી ખબરો પરથી કાંઈક સમજાય છે. આપણે ત્યાં તો સમાનતા અંગેનો અર્થ જમીનદારોના પક્ષમાં અને ગણોતિયા ખેડૂતોની સામે બિહારમાં કરાયો! આપણે કેટલું બધું આગળ વધવાનું છે, તે આ પરથી જણાય છે.

૨૧-૪-'૫૧

ધર્મ અને રાજ્ય

આપણા દેશનું રાજ્ય બિનમજહબી હોવું જોઈએ, એ આદર્શ રાખવામાં આવ્યો છે. તેનો શો અર્થ થાય, એ ચર્ચાપાત્ર વસ્તુ છે. થોડાક દાખલા પરથી તેના અર્થની ઝાંખી મળી શકે.

હમણાં અમદાવાદમાં ગોવધ-વિરોધ માટે એક પ્રસંગ બન્યો. લોકો એ વખતે ખળભળ્યા. ઉપવાસ કરનારનાં દર્શને જનારાની પણ ભીડ થતી, એમ સાંભળ્યું. આની પાછળ ગોવધ વિરોધ ભાવનાની જુનવાણી પ્રેરણા મુખ્ય હતી. એ આખી વસ્તુ મજહબી ધોરણે અને તે કારણે નીપજી હતી. કેટલાક લોકે માંસાહારની દૃષ્ટિએ પણ આમાં ભાગ લીધો, કેમ કે અમુક લોકો પોતાના સંપ્રદાયથી માંસાહાર ત્યાજ્ય માને છે. આ દૃષ્ટિ અમુક તમુક ધર્મસંપ્રદાયની ગણાય.

બિનમજહબી રાજ્ય પણ પશુ-રક્ષામાં માને છે. યુરોપ અમેરિકાના માંસાહારી દેશો પોતાનાં ઢોરને ગમે તેમ રાખતા નથી; તેનો ઉછેર, ઉપયોગ, ઓલાદ, ઇ૦ બધું વિજ્ઞાનદૃષ્ટિથી તપાસે છે અને તે મુજબ સમાજમાં ઢોર રાખે છે અને તેનો વધ પણ કરે છે.

તીડ આવ્યાં ત્યારે તેને ના મારવાની વાત ઊપડી. આ પણ ધર્મના અમુક ખ્યાલથી હતું.

આ વિષે ટીકા કરતાં પં. નેહરુએ એક વ્યાખ્યાનમાં કહ્યું હતું, "લોકો કહે છે કે ગોવધ-બંધીનો કાયદો કરો. એ એમ કલ્પે છે કે, આવા નકારાત્મક પગલાથી જાણે દૂધ વધારે મળતું થશે! એથી તો ઊલટાં નબળાં ને માંદલાં ઢોરની સંખ્યા ખૂબ જ વધી જશે, એ તે લોકો નથી જોતા. આપણી સામે આવતા પ્રશ્નોને ભાવના ને લાગણીથી જોવા ને તેની પર ઉશ્કેરાઈ જવું એ સારું નથી. આપણે રચનાત્મક ઢબે પ્રશ્નો વિચારવા જોઈએ અને શું મૂળે ખોટું છે તે જોઈ કાઢવું જોઈએ."

૨૧-૪-'૫૧

જૂની ભાવનાનું ભૂત

ધર્મ અને રાજ્યનો વિચાર કરતી વખતે એક બીજો દાખલો પણ ટાંકવા જેવો છે:

રેવા જિલ્લાના રાજધર મોજાની એક બ્રાહ્મણ છોકરી તેના પતિ સાથે 'સતી' થઈ. બન્યું એમ કે, એક સ્ત્રી સતી થાય છે એ ખબર જાણી પોલીસ ત્યાં પહોંચ્યા. તે વખતે પેલી સ્ત્રી ચિતા પર ચડી ચૂકી હતી. પોલીસે તેને નીચે ઉતારી. આ ખબર જાણીને સેંકડો લોકો ગામમાંથી આવ્યા ને પોલીસ સામે થઈ ગયા. એક પોલીસને સખત વાગ્યું; બીજાને પણ માર્યા. અને પેલી સ્ત્રીને છોડાવીને લઈ જઈ પાછી તેને બળજોરીથી સતી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વાર જૂની થઈ ગયેલી ધર્મભાવના સૂતેલા સાપ જેમ વર્તે છે. એમાં ઝનૂનનું સત્ત્વ પણ સંતાયેલું રહે છે. આજે આપણા દેશમાં આ વસ્તુથી ખૂબ સાવચેત રહેવાનું છે. રાજકારણ ખેલવા અને મત મેળવવા માટે પણ આવી ભાવનાઓ ક્ષણિક લાભ કરે એવી હોય છે. આ લાભ લેનારા દેશને ડુબાડે છે અને તેઓ પણ છેવટે નથી જ ફાવતા.

૨૧-૪ '૫૧

મૂર્તિનું રેશન બંધ

કહે છે કે કાયદામાં દેવમૂર્તિ એક વ્યક્તિ મનાય છે અને એને નામે કેસમાં વિચાર થઈ શકે છે. આજે અનાજની માપબંધીના જમાનામાં, તે ખાતામાં પણ દેવમૂર્તિ રેશન-કાર્ડને પાત્ર ગણાય ખરી? સવાલ કદી ન ઊઠવા જેવો લાગે, પણ આજના વિચિત્ર જમાનામાં તે ઊઠ્યો છે. છાપાંમાં ખબર આવી છે કે, ઠાકોરજીના રાજભોગ ઇ૦ માટે દ્વારકામાં દર માસે લગભગ ૧૦૦ મણ અનાજ માપબંધીમાંથી નીકળતું. આ અનાજ કલેક્ટરે બંધ કર્યું છે અને પ્રજાને વિનંતી કરી છે કે તેથી દુઃખ ન લગાડવું. કોઈને ખાસ દુઃખ૦ થાય તો, મને લાગે છે કે, રાજભોગનાં પ્રસાદ-બજાર ચલાવનારા પૂજારીઓ વગેરેને થાય. આજના જમાનામાં તો દેવોનાં આભૂષણો પણ ચોરાવા લાગ્યાં છે, તો મૂર્તિને નામે જતું અનાજ બંધ થાય તેમાં શું? ભક્તો પોતાના અનાજમાંથી હવે ખરેખર ભગવાનને નૈવેદ ધરી શકશે. હવે રાજભોગ વગેરે માટે શું થાય છે તે ખબર નથી.

૨૩-૪-'૫૧

એસ. એસ. સી. અને મુંબઈ યુનિ૦

એસ.એસ.સી.બોર્ડની રચના કરી મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓ પાસેથી મૅટ્રિકની પરીક્ષા લેવાનું કામ તે બોર્ડને સરકારે સોંપ્યું, તે મુંબઈ યુનિ૦ને ગમ્યું નથી, એ તો સૌ કોઈ જાણે છે. એનો દસ્તાવેજી પુરાવો જોઈએ તો એ યુનિ૦ના પુનર્ગઠન માટે હમણાં જે તેની કમિટીનો રિપોર્ટ બહાર પડ્યો છે, તે જોઈ લેવો. આ વસ્તુ વડા પ્રધાન શ્રી ખેરે એક ચર્ચા દરમિયાન કહી, તે પર એ યુનિ૦ છંછેડાઈ પડી લાગે છે, અને એટલે સુધી કે તેની સિન્ડિકેટે એ વિષે ઠરાવ કર્યો અને શ્રી ખેરનો ઉલ્લેખ બરોબર નથી એવો વિરોધ દર્શાવ્યો. સૌને જાણીતી વાતમાં આવું પ્રકરણ શું કામ થયું તે સમજાતું નથી; કદાચ સ્થાનિક રંગરાગનાં કારણો હશે, જેમાં ન પડીએ.

૨૪-૧-'૫૧

'ગ્રામરચના'

ખેડા જિલ્લાનાં લોકલ બોર્ડ, સ્કૂલબોર્ડ, ગ્રામ-વિકાસ મંડળ તથા સહકારી મંડળ — એ ચારે મળીને આ નામથી પોતાનું મુખપત્ર ગયા મહિનાથી બહાર પાડવાનું શરૂ કર્યું છે. સ્કૂલ બોર્ડના ચૅરમૅન શ્રી દેસાઈભાઈ પટેલ તેના સંપાદક છે અને એમની સાથે તંત્રી-મંડળમાં શ્રી ત્રિભુવનદાસ પટેલ, શ્રી રાવજીભાઈ ના૦ પટેલ, તથા શ્રી માધવલાલ ભા૦ શાહ છે. પત્રનો ઉદ્દેશ ઉપરતી ચાર ગ્રામ-કલ્યાણ માટેની સંસ્થાનો અને તેનાં કામોનો પરિચય આપવાનો છે. ઉપરાંત તે સમગ્ર ગ્રામસેવાના પ્રશ્નોનું અધ્યયન કરશે. અલબત્ત, મુખ્યત્વે તે પોતાના જિલ્લાના સવાલોનો વિચાર કરશે; પરંતુ તેમાં ગાંધીજીએ બતાવેલી ગ્રામસેવાની વ્યાપક દૃષ્ટિ રાખવાનો પ્રયત્ન હશે. આમ આ માસિક પત્રિકા ખેડા જિલ્લાની પ્રજાને ઉપયોગી માહિતી આપનાર નીવડશે એવી આશા છે. પત્રને તેના કામમાં પૂરી સફળતા મળો. હિંદનો પ્રશ્ન ગામડાંમાંથી ઊકલી શકે એમ છે, એ દહાડે દહાડે વળી વધુ સ્પષ્ટ થાય છે. એ કામમાં આ પત્રિકા પોતાનો ફાળો આપે, એ ઇચ્છાની સાથે તેને આવકાર આપીએ છીએ.

૨[illegible]-૪-'૫૧

ફરજિયાત શિક્ષણમાં ખામોશ

મુંબઈ સરકારે ઈ. સ. ૧૯૪૭થી મફત ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી અને વરસે વરસે આગળ વધીને અત્યારે એટલે આવી છે કે, ૧૦૦૦થી વધુ વસ્તીવાળાં ગામોમાં ૭ થી ૧૧ ઉંમરનાં બધાં બાળકો ફરજિયાત નિશાળે લાવવામાં આવ્યાં. તેથી આગળ પગલું એ લેવાનું હતું કે ૬ વર્ષનાં બાળકોથી એ લાગુ કરવું. પરંતુ નાણાંભીડને લઈને મોકૂફ રાખ્યું છે. ઉપરાંત બાળકોને નિશાળમાં લાવવા માટે હાજરી અમલદારોની કામચલાઉ મોટી ફોજ રાખેલી, તે પણ હવે વિખેરી નાખી છે.

૧૯૪૭માં હાથ ધરેલી નીતિને પહોંચી વળવામાં ગજા ઉપરવટનું લાગતાં સરકારે સમજભેર ખામોશી બતાવી, એ સારું કર્યું. હવે વ્યવસ્થિત યોજનાભેર એ બધું પાકું સુઘડ ગોઠવી લેવું જોઈએ. સંખ્યાનું કદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટું થયું, પણ શિક્ષણના ગુણ તરફ તથા શિક્ષણ માટેની સાધનસામગ્રી ને મકાન ઇ૦ની જોગવાઈ તરફ ધ્યાન આપવાનું હવે વધવું જોઈએ. શિક્ષણખાતું પાઠ્યપુસ્તકોની અને એવી ફાલતુ બાબતોમાં ફૂંટાઈ જવા કરતાં આ પહેલી ધ્યાન-પાત્ર બાબતોમાં વળે તો સારું. શિક્ષણમાં ગુણ વધારવા પાયાની કેળવણી હાથ ધરી છે; તેને અવકાશ મળે એ જરૂરી છે. તેને માટે અનુકૂળ વાતાવરણ સરકારી ખાતાએ હજી ઊભું કરવાનું બાકી છે. આ બાબતમાં આચાર અને વિચારમાં મેળ અને પ્રામાણિક શ્રદ્ધા વધવાં જોઈએ. તો મુંબઈ રાજ્ય દેશની શિક્ષણીય પુનર્ઘટનામાં પોતાની આગેવાની સાચવી શકે.

આ બાબતમાં વિચારવા જેવા અનેક પ્રશ્નો છે, તે વિષે હવે પછી જોઈશું.

૨૪-૪-'૫૧

નિબંધ હરીફાઈ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી નીચેની ખબર જાહેર કરવા માટે મળી છે:

"સ્વ૦ કરસનદાસ મૂળજી સ્મારક ભંડોળની યોજના મુજબ તમામ ગુજરાતી બોલતાં કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને જાહેર નિમંત્રણ આપવામાં આવે છે કે, એમણે ગુજરાતી ભાષામાં 'ગુજરાતી સાહિત્યમાં લગ્નભાવના' એ વિષય ઉપર એક નિબંધ ૫૦ ફૂલ્સકૅપ કાગળના કદનો લખી તા. ૩૦-૬-'૫૧ સુધીમાં નીચેના સરનામે સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, જે કૉલેજમાં અને જે વર્ગમાં પોતે ભણતાં હોય તેની વિગત, સર્ટિફિકેટ અને પોતાના સરનામા સાથે મોકલવો.

"વિદ્યાર્થીઓના એવી રીતના આવેલા નિબંધમાંથી જેનો નિબંધ શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ નીમેલી ત્રણ વિદ્વાનોની સમિતિ પસંદ કરશે તેને રૂ. ૫૦ સુધીનું એક, તેમ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી એ જ રીતે જેનો નિબંધ પસંદ થશે તેને રૂ. ૫૦ સુધીનું એક, એમ બે ઇનામો આપવામાં આવશે. એ બે નિબંધોમાંથી જેનો નિબંધ વધુ પસંદ કરવા યોગ્ય હશે, તેનો નિબંધ બુધવાર તા. ૨૫-૭-'૫૧ ની જાહેર સભામાં વાંચવામાં આવશે. પસંદ થયેલા નિબંધો પ્રગટ કરવાનો માલિકીહક શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો રહેશે. વિશેષ જરૂરી વિગત માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે. મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબઈ-૪."

૨૩-૪-'૫૧

અધ્યાપકો માટે તાલીમ

સુરત કૉલેજના અ૦ જયસુખ શાહ એક ખબર લખી મોકલે છે અને જણાવે છે કે, આ હેવાલ 'નેચર' નં. ૪૨૪૪, માર્ચ ૩, ૧૯૫૧ માં છપાયેલી ટૂંકી નોંધ ઉપરથી છે. અને એ ખબર આપી તે ઇચ્છા વ્યક્ત કરે છે કે, ગુજરાત યુનિવર્સિટી આવું સંમેલન આપણે ત્યાં ગોઠવે તો લાભ થાય. તે હેવાલ આ પ્રમાણે છે:

"કૅનેડાની યુનિવર્સિટીઓની રાષ્ટ્રીય સભાએ આવો કાર્યક્રમ ગયા વર્ષના જૂન માસમાં પણ કરેલો. આ ઉનાળામાં પણ તેવો જ કાર્યક્રમ યુનિવર્સિટીઓના અધ્યાપકો માટે યોજવામાં આવેલો. તેમાં કેટલાક વિષયો ઉપર વિવેચનો કરવામાં આવેલાં. તે વિષયોની વિગત નીચે પ્રમાણે હતી. અવાજના ઉપર કાબૂ, વિદ્યાર્થીઓને કરવાનાં વિવેચનો માટેની નોંધ લેવી, વિદ્યાર્થીઓની લખેલી નોંધો, પાઠ્યપુસ્તકોનો ઉપયોગ, પરીક્ષા માટે પ્રશ્નપત્રો કાઢવા તથા તેના ઉત્તરપત્રોની તપાસણી વગેરે. તદુપરાંત આવેલા અધ્યાપકોએ પણ અંદર અંદર ચર્ચાઓ તથા વિવેચનો કરેલાં. દરેક અધ્યાપકે બીજા અધ્યાપકો સમક્ષ ચાર વિવેચનો કરેલાં. તેના વિષયો ભિન્ન ભિન્ન હતા. કેટલાક પોતાના વિષય અંગેના તો કેટલાક પ્રૌઢશિક્ષણને ઉપયોગી થાય તેવા હતા. વળી તેમાંના કેટલાક 'રેડિયો ટૉક' પણ હતા. દરેક અધ્યાપકનું વિવેચન 'ટેપ મશીન' ઉપર ઉતારી લેવામાં આવતું, જેથી તે અધ્યાપક પોતે કેવું અને કેવી રીતે બોલે છે તે ફરીથી તે રેકર્ડ ઉપરથી સાંભળી શકે. અને આમ પોતાના ભાષણે બીજા સાંભળનારાઓને કેવી અસર કરી હશે તે પણ વિચારી શકે. તથા પોતાના અવાજ અંગે પણ તેને ખ્યાલ આવી શકે. વળી અન્ય અધ્યાપકો બોલેલા અધ્યાપકના વિષય ઉપર તરત જ ટીકા કરતા અને આમ ચર્ચાઓ થવાથી એકબીજાની પાસેથી શીખવાનું ઘણું મળ્યું. આ કાર્યક્રમથી નવાઈ પમાડે એવું તો એ જણાયું કે, કેટલાક અધ્યાપકોની વિવેચનો કરવાની ખામીઓ તરત જ સુધરી ગઈ અને અંદર અંદરની ચર્ચાઓમાં વિષયની છણાવટની રીતમાં ફેરફાર થઈ ગયો. આખાયે કાર્યક્રમનું વાતાવરણ સંપૂર્ણ આનંદી તથા મૈત્રીભર્યું હતું."

૧૭-૪-'૫૧ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં કેટલાંક શાળોપયોગી પુસ્તકો

અચલાયતન	૧-૦-૦
અપંગની પ્રતિભા	૧-૮-૦
અર્થશાસ્ત્રની પરિભાષા	૦-૧૪-૦
આત્મકથા	૨-૦-૦
સંક્ષિપ્ત આત્મકથા	૧-૦-૦
આત્મરચના અથવા આશ્રમી કેળવણી	૪-૮-૦
આરોગ્યની ચાવી	૦-૧૦-૦
આહાર અને પોષણ-૧	૦-૧૦-૦
આહાર અને પોષણ-૨	૦-૧૨-૦
આંધળાનું ગાડું	૦-૪-૦
ઇંદુને પત્રો	૧-૦-૦
ઉર્દૂ લિપિ શિક્ષિકા	૦-૧૦-૦
ઊધઈનું જીવન	૧-૦-૦
ઓતરાતી દીવાલો	૦-૧૨-૦
કન્યાને પત્રો	૧-૦-૦
કરંડિયો	૧-૪-૦
કાવ્યપરિચય – ભા. ૧	૧-૮-૦
કાવ્યપરિચય – ભા. ૨	૧-૮-૦
કુંવરબાઈનું મામેરું	૧-૦-૦
કેળવણીવિકાસ	૧-૪-૦
કેળવણીવિવેક	૧-૪-૦
કૌશિકાખ્યાન	૧-૩-૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	૧-૪-૦
ખિસ્સાકોશ	૧-૦-૦
ખેડૂતનો શિકારી	૦-૬-૦
ગાંધીજી	૦-૭-૦
ગાંધીજીની સાધના	૨-૪-૦
ગીતાધ્વનિ	૦-૬-૦
ગ્રામસેવાના દસ કાર્યક્રમો	૧-૦-૦
જમનાલાલજી	૦-૬-૦
જીવતા તહેવારો	૨-૦-૦
જીવન દ્વારા શિક્ષણ	૧-૮-૦
જીવનનું પરોઢ	૮-૦-૦
જોડણીકોશ	૧૨-૦-૦
ત્રણ વાર્તાઓ	૧-૪-૦
દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ	૩-૦-૦
પ્રહ્લાદ નાટક તથા સહનવીરનાં ગીતો	૦-૧૦-૦
પ્રાકૃતિક ભૂગોળ	૦-૧૨-૦
પ્રાચીન સાહિત્ય	૧-૦-૦
પ્રેમપન્થ – ૧, ૨, ૪	દરેકની ૦-૪-૦
બહેનોને	૦-૬-૦
બાપુની પ્રસાદી	૨-૦-૦
બાપુ — મારી મા	૦-૮-૦
બુદ્ધલીલા	૦-૧૨-૦
બે ખુદાઈ ખિદમતગાર	૦-૧૨-૦
બ્રહ્મદેશનો પ્રવાસ	૦-૧૦-૦
ભાઈ અને બેની	૦-૮-૦
મધપૂડો	૧-૪-૦
મલેરિયા	૦-૭-૦
મહાદેવભાઈની ડાયરી – ૧	૪-૮-૦
મહાદેવભાઈની ડાયરી – ૨	૫-૮-૦
મહાદેવભાઈની ડાયરી – ૩	૫-૦-૦
મહાદેવભાઈની ડાયરી – ૪	૩-૦-૦
માનવી ખંડિયેરો	૨-૮-૦
મારી જીવનકથા — જવાહરલાલ નેહરુ	૬-૦-૦
મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ	૮-૦-૦
મારું ગામડું	૧-૪-૦
યંત્રની મર્યાદા	૧-૦-૦
રચનાત્મક કાર્યક્રમ — કેટલીક સૂચનાઓ	૦-૩-૦
રચનાત્મક કાર્યક્રમ — તેનું રહસ્ય અને સ્થાન	૦-૫-૦
રાષ્ટ્રભાષાનો સવાલ	૦-૭-૦
રાષ્ટ્રીય મહાસભા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ	૦-૬-૦
વિદાય વેળાએ	૧-૦-૦
વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	૦-૬-૦
વિરાજવહુ	૧-૪-૦
વિશ્વશાંતિ	૦-૪-૦
वैज्ञानिक शब्दसंग्रह	૬-૦-૦
શિક્ષણ અને સંસ્કૃતિ	૧-૪-૦
શ્રાદ્ધના તેર દિવસ	૦-૭-૦
શ્રી નેત્રમણિભાઈને	૦-૧૪-૦
संकलिता भगवद्गीता	૧-૪-૦
સંક્ષિપ્ત કરણઘેલો	૧-૦-૦
સંત ફ્રાન્સિસ	૦-૬-૦
સુદામાચરિત	૧-૦-૦
સુદામાના કેદારા	૦-૧-૬
સીતાહરણ	૧-૦-૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	૧-૮-૦
સ્મરણયાત્રા	૨-૦-૦
હજરત મહમદ અને ઇસ્લામ	૧-૦-૦
હિમાલયનો પ્રવાસ	૧-૮-૦
હિંદની અંગ્રેજ વેપારશાહી	૪-૦-૦
હિંદુસ્તાની-ગુજરાતી કોશ	૪-૦-૦

નવજીવન કાર્યાલય, પો. બૉ. ૧૦૫, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બી૦ ૪૩૪૩

સાચી રાષ્ટ્રીય કેળવણીનો આદર્શ

[રાધાકૃષ્ણન કમિશનના એક સભ્ય, અમેરિકાના જાણીતા કેળવણીકાર શ્રી આર્થર ઈ. મૉરગન કૃત 'ગ્રામ-વિદ્યાપીઠ' નિબંધમાંથી નીચેનું છે. આ ચોપડી વિદ્યાપીઠ તરફથી થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.]

જે લોકોના અભિપ્રાયથી આપણે જુદા પડતા હોઈએ અને સંભવતઃ જેઓ આપણા કરતાં સત્યની વધારે નજીક હોય, તેવાઓ સાથે કામ કરવાની ના પાડવી એનો અર્થ હિંમત નથી. સત્ય અને સુમેળની નમ્ર શોધના પ્રતીક તરીકે માણસમાં સહકાર વૃત્તિ અને સમાધાન વૃત્તિ હોવી જોઈએ. સત્તા સામે ઝૂકી જવું અથવા વિજેતાના પક્ષમાં ઊભા રહેવાની ચાલબાજી, એ વિપરીત વસ્તુઓ છે. ગ્રામ-કેળવણી શરૂઆતથી તે અંત સુધી નિરભિમાની હિંમતની કેળવણી બની રહેવી જોઈએ.

પ્રચલિત વ્યર્થતા અને હતાશાની વૃત્તિને દૂર કરવા પ્રયત્ન કરવો, એ શરૂઆતનાં વર્ષોથી માંડીને અનુસ્નાતક કક્ષા સુધીની ગ્રામ-કેળવણીનું એક મુખ્ય કર્તવ્ય બની રહેવું જોઈએ. હિંદુસ્તાનના વિકાસને કોઈ મર્યાદા જો હોય, તો તે પોતે પોતાને માટે શાની અપેક્ષા રાખે છે એ વિષેના ખ્યાલની જ છે. આધુનિક જગત તેમ જ હિંદમાં જીવન એવું અટપટું બની ગયું છે કે, કોઈ પણ માણસ બરાબર પૃથક્કરણ કરી કોઈ ચોક્કસ માર્ગ ચીંધી શકે નહીં. હિંદનું ભાવિ કોઈ બાહ્ય સંજોગો ઉપર નહીં અવલંબે, પરંતુ તેના પોતાના પ્રજાજનોની ભાવના ઉપર અવલંબશે. શ્રદ્ધા, આશા, સદ્‌ભાવ અને હિંમત એ ગુણો પોતે જ ઘટનાઓને ઘડનારાં પ્રબળ કારણો છે.

'આપણે જેવા હોઈએ છીએ તેવું જ આપણે પસંદ કરીએ છીએ અને આપણે જેવું ચાહીએ છીએ તેવા આપણે બનીએ છીએ.' મોટા મોટા પેટ્રોલના કૂવાઓ જડવા અથવા અણુશક્તિ માટેના કાચા માલની ખાણો જડવી, તેના કરતાં પણ લોકોમાં ઉપરના ગુણો જાગ્રત થવા એ ગ્રામ-કેળવણીની દૃષ્ટિએ વિશેષ કીમતી બક્ષિસરૂપ કે દેશના ભાવિમાં એક અગત્યના કારણરૂપ નીવડે.

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

સંપાદકમંડળ

જુગતરામ દવે
ગોપાલદાસ પટેલ
ઠાકોરભાઈ દેસાઈ
મણિભાઈ દેસાઈ
મગનભાઈ દેસાઈ (તંત્રી)
જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

વર્ષ ૯ અંક ૨

ફેબ્રુઆરી નવજીવન, અમદાવાદ ૧૯૫૦

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

ફેબ્રુઆરી, ૧૯૫૦

વર્ષ ૯ — અંક ૨

અનુક્રમણિકા

વિષય	લેખક	પૃષ્ઠ
ભગવાનને ભૂલ્યા છીએ	કિ૦ ઘ૦ મશરૂવાળા	૩૩
મુંબઈ સરકારને વિનંતી	મગનભાઈ દેસાઈ	૩૭
શું ચર્મચક્ષુ નહિ સત્ય પેખે?	વિ૦ વિ૦ ભટ્ટ	૩૮
મારા કાકાનાં સ્મરણો — ૨	નારાયણ દેસાઈ	૩૯
પ્રાયશ્ચિત્ત	મુકુલભાઈ	૪૧
સમાજ અને વ્યક્તિ	વિજયશંકર મંછારામ ભટ્ટ	૪૩
દિલ્હીમાં ગાંધીજી	મનુબહેન ગાંધી	૪૫
સો વર્ષ ઉપર	મ૦	૪૭
વનસ્પતિશાસ્ત્રની પરિભાષા	બંસીલાલ ગાંધી	૪૯
શિક્ષણ અને વહેવાર	હીરાલાલ છોટાલાલ બક્ષી	૫૦
તંદુરસ્તીનું વહેણ	ઝવેરભાઈ પટેલ	૫૧
આ પ્રગતિ છે?	ગો૦	૫૩
તંગી અને નૈસર્ગિક ધર્મ	ગો૦	૫[illegible]
સ્વાધ્યાય	મગનભાઈ દેસાઈ	૫૬
નવું વાચન —		
સરિતાથી સાગર	મુ૦ ૬૦	
ગુજરાતની લોકમાતાઓ	મુ૦ ૬૦	૫૮
હિંદપર્યટન	શાં૦ શાં૦	[illegible]
માસિક વિવેચન		
પ્રજાસત્તાકનો ઉદય	મ૦	
હિંદ અને અમેરિકા	મ૦	
ગરીબ અને અંગ્રેજી	મ૦	
ફાવેલા અને અંગ્રેજી	મ૦	૬૩
વાચનમાળા પ્રકરણ પત્યું	મ૦	૬૩
મૅટ્રિક ટ્રેઇન્ડ પ્રાથમિક શિક્ષકો	મ૦	૬૪
રાષ્ટ્રભાષા પ્રચારકોને	મ૦	૬૪
સૌરાષ્ટ્રમાં 'રાષ્ટ્રભાષા' પ્રચાર	મ૦	૬૪
શાળાઓ માટે શિબિરવર્ગ	મ૦	૬૪

હિંદુસ્તાન... શિક્ષા રાખે છે ... જીવન ... કાર્ય ...

સૂચના

આ માસિક દર મહિનાની પહેલી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહકનંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે. એ પહેલાં ટપાલ ખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમોને તુરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

ગ્રાહકોએ પત્રવહેવાર કરતી વખતે પોતાનો ગ્રાહકનંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

ગ્રાહકો પોતાનું લવાજમ નવજીવન કાર્યાલયની શાખાઓમાં મુંબઈ (૧૩૦, પ્રિન્સેસ સ્ટ્રીટ); સુરત (કણપીઠ બજાર); રાજકોટ (સર લાખાજીરાજ રોડ); પૂના (૨૯૯, સદાશિવ પેઠ); દિલ્હી (યુ. એસ. કૉમ્યુનિકેશન થિયેટર બિલ્ડિંગ, ઓરડી નં. ૧, કૉનૉટ સરકસ, નવી દિલ્હી); ઇંદોર (ગાંધી-ભવન યશવંત રોડ) અને વડોદરા (કોઠી સામે, રાવપુરા) ભરી શકશે.

લવાજમના દર

દેશમાં રૂ. ૪); પરદેશમાં રૂ. ૬) અથવા શિ. દસ; છૂટક નકલ આઠ આના

વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય
નવજીવન કાર્યાલય,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

અમારાં નવાં પ્રકાશનો

મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ: અનુ૦ પ્રભુદાસ ગાંધી; કિં. રૂ. ૮–૦–૦; વેચાણવેરો અને ટપાલરવાનગી ૧–૦–૦.

જીવનદૃષ્ટિ: લે૦ વિનોબા ભાવે; અનુ૦ પાંડુરંગ ગણેશ દેશપાંડે; કિં. રૂ. ૧–૧૨–૦; ટપાલરવાનગી ૦–૪–૦.

બાપુના પત્રો — ૧: આશ્રમની બહેનોને: સંપા૦ કાકા કાલેલકર; કિં. રૂ. ૧–૦–૦; ટપાલરવાનગી ૦–૩–૦

કેળવણીવિવેક: લે૦ કિશોરલાલ મશરૂવાળા; કિં. રૂ. ૧–૪–૦; ટપાલરવાનગી ૦–૩–૦.

सरदार पटेलके भाषण: संपा० नरहरि परीख, उत्तमचंद शाह; अनु० रामनारायण चौधरी; की. रु. ५–०–० डाकखर्च ०–१२–०.

खुराककी कमी और खेती: ले० गांधीजी; अनु० रामनारायण चौधरी; की. रु. २–८–०; डाकखर्च ०–८–०.

Non-Violence in Peace & War Vol. II: By Gandhiji: Price Rs. 5–0–0; Postage etc. 0–13–0

નવજીવન પ્રકાશન મંદિર,
પો. બૉક્સ ૧૦૫, **અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ અને સાહિત્ય

सा विद्या या विमुक्तये

વર્ષ ૯–અંક ૨] અમદાવાદ [ફેબ્રુઆરી

ભગવાનને ભૂલ્યા છીએ

[૩૦મી જાનેવારીના રોજ ગયે વરસે નાગપુર રેડિયો પરથી કરેલી વાતચીતને સુધારી વધારીને હિંદીમાં લખેલા લેખ પરથી આ ઉતાર્યું છે.]

પૂ. બાપુજી વિષે કાંઈ બોલવું કે લખવું એ મારે માટે મુશ્કેલ વાત છે. કલમ નથી ચલાવી શકતો; મારા ભાવોને શબ્દોમાં ઠીક રીતે નથી ઉતારી શકતો. છતાં કાંઈક વાતો કરવાનો મને મોકો અપાયો છે,



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તે ટાળી નથી શકતો. દિલમાં વાતો તો બહુ ભરેલી છે, અને ઇચ્છા પણ છે કે કાંઈક આપની આગળ મૂકું અને મારું દિલ પણ હલકું કરું.

પહેલાં તો એ શબ્દ એવાં આપણાં ભાઈબહેનોને કહેવા માગું છું, કે જેમણે પૂ. બાપુજીને પોતાના જીવનના આધાર માન્યા હતા, અને જેઓ આજ સુધી એમના વિયોગથી એવા તો દુ:ખી રહે છે કે તેમની યાદ આવતાં જ આંખોમાંથી આંસુ નીકળી પડે છે અને એમના વગર જીવન ફીકું અને અનાથ જેવું લાગે છે. એવાં ભાઈબહેનોને હું જાણું છું; જાણે આજે જ તે ખબર જાણી હોય અને દુ:ખ થાય એવું દુ:ખ તેમને લાગે છે. ૧૯૪૮માં તે દિવસે પાંચ વાગ્યે આખી દુનિયા શોકસાગરમાં ગરક થઈ ગઈ હતી, તે જ ચિત્ર અને ભાવ આજે એમના દિલ પર સવાર થઈ જાય છે. એવાંને દિલાસાની જરૂર છે. . . . એમના દુ:ખથી મને દુ:ખ થાય છે; અને હું શું કરું કે જેથી તેમને કાંઈક આશા ને શ્રદ્ધા દઈ શકું એ વિચાર કરું છું. કેમ કે હું માનું છું કે, જેઓ પોતાને બાપુના નજીકના સાથી માને છે, જેમને બાપુજીએ પોતાની પાસે વધારે રાખ્યા, જેમના પર તેમણે વધારે મહેનત લીધી, વધારે પ્રેમ વરસાવ્યો અને આધાર આપ્યો, તેઓ એ પ્રેમ તથા આધાર તથા સહવાસને યાદ કરીને કેવળ આંસુ ઢાળતા રહે અને નિરાશા પ્રગટ કરતા રહે, એ એમને માટે ઠીક નથી. બલ્કે, બીજાથી એમની તો વધારે ફરજ છે કે, તેઓ બાપુનાં કામોને આગળ વધારે અને જે કામ કરતાં કરતાં તેમણે પોતાનો જાન આપી દીધો તેને ઠીક રીતે પૂરું કરે અને એને જ ખાતે પોતાનું જીવન સોંપી દે.

મેં આપમાંથી કેટલાય પાસેથી સાંભળ્યું છે કે પત્રો મને મળ્યા છે કે, અમારા બાપુ ગયા, હવે અમારું કોણ? બાપુ હોત તો આ કરત, તે કરત; અમે એમની પાસે આમ જઈ શકતા હતા કે તેમ લખી શકતા હતા; હવે અમે નિરાધાર થઈ ગયા! સારાં વહાલાં ભાઈબહેનો, હું આપને વિનંતી કરું છું કે, આવો નિરાધારપણાનો ભાવ તદ્દન છોડી દો. તે ભાવ કોઈને શોભાવે એવો નથી, અને બાપુ પાસે તાલીમ પામેલાં તેમનાં બાળકોને માટે તો બિલકુલ ઘટિત નથી. ખૂબ નમ્રતાપૂર્વક હું તમને એક સવાલ પૂછું છું—બાપુ બેશક આપણા જીવનના આધાર હતા; પરંતુ બાપુના જીવનનોય એક આધાર હતો એ તમને ખબર નથી? એ આધાર એમને રસ્તો બતાવતો હતો, દિલને મજબૂત કરતો હતો, અને એમનામાં આશા અને વિશ્વાસ પૂરતો હતો. એ સાચું કે બાપુ આપણાથી દૂર ગયા છે. પણ બાપુના પણ જીવનનો જે આધાર હતો તે તો મોજૂદ છે, એ વિચાર કરો. જો તેનો આશરો લેવા ઇચ્છીએ તો તે આપવાને માટે હમેશ તૈયાર છે. બાપુને પાસે રાખવા ચાહીએ તોય હમેશ તો તેમને નજીક ન જ રાખી શકત. પરંતુ એમનોય જે આધાર હતો, તેને બેપરવાઈથી દૂર કરવા ઇચ્છીએ તો જ તે દૂર થાય છે, નહિ તો તે આપણી પાસે જ છે. પાસે રહી તે આપણને હિંમત દેવા ચાહે છે, મજબૂત કરવા ચાહે છે, આશાભર્યા બનાવવા ચાહે છે, અને સુખી કરવા ચાહે છે.

મહંમદ સાહેબની એક વાત છે: એક વાર પોતાના સાથી જોડે તે જતા હતા. એમની પાછળ દુશ્મન પડ્યા હતા. સાથીએ મહંમદ સાહેબને કહ્યું, આપણે ફક્ત બે જ છીએ ને દુશ્મન તો બહુ છે! હજરત મહંમદે કહ્યું, ના ભાઈ, આપણી જોડે એક વધુ સાથી પણ છે અને તેની તાકાત એ બધા દુશ્મનોથી વધારે છે

એમ જ કહું છું કે, જે બાપુનો પણ આશરો હતો તે, આપણે ઇચ્છીએ તો, આપણોય થઈ શકે છે ને તે આપણને મદદ અને બળ આપી શકે.

આપણે એ મદદને જ મોટી માનવી જોઈએ અને, તેના જોર પર રહેવું જોઈએ. અને સૌ ભાઈબહેનોને હું એ જ વાત કહેવા માગું છું: ચાહે તેઓ હિંદુસ્તાનમાં, પાકિસ્તાનમાં કે દૂરના દેશોમાં રહેતાં હોય.

મેં ઘણી વાર સાંભળ્યું કે વાંચ્યું છે કે, આપણે આઝાદી મેળવી, પણ તેણે આપણને સુખમાં નહિ પણ મુસીબતોમાં ધકેલી દીધા. આઝાદી જેવી સારી વસ્તુ એમ કેમ કરે, એનો હું વિચાર કરું છું. અંગ્રેજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા તેથી આપણને કમજોર માની કોઈ દુશ્મને આપણા પર હુમલો તો નથી કર્યો. એટલું જ નહિ, કેટલાંક વરસ પર અંગ્રેજી રાજ્ય વખતે આપણો દેશ દેવાદાર ગણાતો તે મટી જઈ ઊલટો લેણદાર થઈ ગયો. નાનાં નાનાં અનેક રાજ્યો હોવાથી કમજોર બનવાનો ડર હતો, તે બધાં પણ એકમેકમાં મળીને મોટા મોટા પ્રાંતો બની ગયાં. છતાં આપણે મુસીબતમાં પડ્યા છીએ એના મૂળમાં કંઈ ખરાબી છે?

વિચાર કરો કે, દુનિયામાં આટલી બધી વિદ્યા વધી, વિજ્ઞાન વધ્યું, સુખ સગવડનાં સાધનો બન્યાં ને વધ્યાં કે જે પહેલાં મોટા મોટા બાદશાહો પાસે પણ હતાં નહિ; આમ છતાં આપણો દેશ જ નહિ, લગભગ આખી દુનિયા ભૂખમરો, મુસીબત, ખૂનરેજી વગેરેથી કેમ લોથપોથ થઈ ગઈ છે? આમ કેમ થયું? ચીન, બ્રહ્મદેશ, ઇંડોનેશિયા, પૅલેસ્ટાઈન અને યુરોપ—ક્યાંય લોકોને સુખ નથી, આરામ નથી, મનમાં શાંતિ નથી! એવી તે કઈ વસ્તુ મનુષ્યે છોડી દીધી કે જેના વિના સુખ પણ દુઃખનું કારણ બની જાય છે, અને જે હોય તો દુઃખ અને મરણ પણ સુખશાંતિ દેનારાં થઈ જાય છે? જોઈએ તો જણાશે કે, સુખ દેનારી બધી વસ્તુઓની આપણે મદદ લીધી છે. ઉદ્યોગ, હુન્નરકળા, વિજ્ઞાન, વીજળી, વિમાન, તાર, ટપાલ, રેડિયો, અણુશક્તિ, જાત જાતની દવાઓ, વાઢકાપ વગેરે શું શું આપણે સુખી થવા માટે નથી બનાવ્યું? બધું બનાવ્યું, શોધ્યું; પણ એક અસલ ચીજ છોડી, અને તે છે સચ્ચાઈ, પ્રેમ, અહિંસા, નેકનિયત, ભલમનસાઈ, સંયમ, ભાઈચારો અને માણસાઈ. આ બધા માટે એક શબ્દ વાપરીએ તો કહેવાય કે, આપણે બધુંય રાખ્યું, પણ ભગવાનને છોડી દીધો. એક મોટું મકાન બનાવવા નીકળ્યા; ઈંટ પર ઈંટ ને પથ્થર પર પથ્થર મૂક્યા, પણ વચ્ચે ચૂનો પાથરવાની જાણે પરવા ન કરી. આપણી જાત જાતની ફિલસૂફીઓ ને ઇતિહાસ ને વિજ્ઞાને આપણને એમ સમજાવ્યું કે, ભગવાન તો એક મોટો ભ્રમ છે, વહેમ છે; એ છે એનો કશો પુરાવો દુનિયામાં દેખાતો નથી; અને એની જરૂર જ કશી લાગતી નથી. બલ્કે એનામાં વિશ્વાસ તો અફીણનું કામ કરે છે, માણસને સુસ્ત કરી દે છે, કે પછી સાંપ્રદાયિક ઝઘડામાં નાખી દે છે. ભગવાન પરના વિશ્વાસને દિલમાંથી દૂર કરવો એમાં જ આપણે પુરુષાર્થ માન્યો છે.

પરંતુ ભગવાનને દુનિયામાંથી કાઢવાની કોશિશ કરવામાં આપણે એ ન જોયું કે, તેની જગા સેતાને લઈ લીધી! ભગવાન તો એક નાનો સંકેત છે; બધી જાતના ઉમદા ગુણોનો તે વાચક છે. માણસની માણસાઈ, સચ્ચાઈ, ભલાઈ, નેકનિયત, પ્રેમ, ક્ષમા, ઉદારતા વગેરે સારા ગુણો તથા ઉમદા બળને થોડામાં સૂચવવાને માટે ૐ, ઈશ્વર, અલ્લા, ગૉડ વગેરે એક નાનકડો બોલ છે.

એ જુઓ કે, જેમ જેમ બાપુ ઉંમરમાં વધતા ગયા તેમ તેમ ઈશ્વરમાં વિશ્વાસ અને એનો આશરો લેવાની વૃત્તિ એમનાં વધતાં ગયાં. અને તે એટલે સુધી કે, નિસર્ગોપચાર કે કુદરતી ઇલાજમાં એમને જે ભારે શ્રદ્ધા અને રસ હતાં, તે કુદરતી ઇલાજ કેવળ રામનામ પર આવીને રહ્યો. ઉધરસ ને શરદી પોતાની દૂર કરવા માટે પણ રામનામ સિવાય બીજા કશા પર એમને વિશ્વાસ ન રહ્યો.

અને જેમ જેમ એમનો ઈશ્વર પર વિશ્વાસ વધતો ગયો, તેમ તેમ એમનો સત્ય, અહિંસા, સંયમ, ત્યાગ, સૌ માટે સમાનભાવ, વગેરે ગુણો પર પણ વિશ્વાસ વધી ગયો અને તે બિલકુલ નીડર થતા ગયા. સત્ય અને ન્યાયને માટે આખી દુનિયાની સામે એકલા ઊભા રહેવાની એમણે તાકાત મેળવી.

એટલે, મારી સૌને આનો વિચાર કરવાની વિનંતી છે. જ્યાં સુધી આપણે ફરીથી ભગવાનને, એટલે કે સચ્ચાઈ, નેકી, પ્રેમ, સંયમ વગેરેને આપણા દિલમાં સંઘરવાનું નક્કી નહિ કરીએ — હૃદયમંદિરમાં ને દુનિયાના વ્યવહારમાં ફરી એની સ્થાપના નહીં કરીએ, ત્યાં સુધી આપણે સુખી નહીં થઈ શકીએ, આપણી મુસીબતો ઓછી નહીં થાય. આ વાત મનમાં પાકી સમજી લઈએ તો આજથી આપણે માટે સુખનો માર્ગ ખુલ્લો થઈ શકે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચીસ વર્ષ પછી એ કરીશું તો ત્યારથી એમ થશે. ફરીથી આપણે જ્યારે અદબ અને આદરની સાથે આપણા જીવનમાં, દુનિયાદારીના બધા વહેવારમાં ઈશ્વરની સ્થાપના કરીશું, ત્યારે જ સુખી થઈ શકીશું અને દુનિયાને સુખી થયેલી જોઈ શકીશું.

આજની તારીખનું નામ સર્વોદય-દિન રાખવામાં આવ્યું છે. ગાંધીજીની આશાઓ શી હતી તે બતાવવા માટે સર્વોદય સમાજની કલ્પના પણ રાખવામાં આવી છે. મેં કૉંગ્રેસ, સમાજવાદી પક્ષ, લોકસેવક સંઘ, સર્વોદય સમાજ, વગેરે સર્વ સંસ્થાઓનાં ધ્યેયો જોયાં છે. બધામાં બહુ ઓછો ફરક જણાય છે. બધાનો મત છે કે, હિંદમાં નાતજાત, ધર્મ, પ્રાંત, ભાષા વગેરેથી પર અને સામાજિક, આર્થિક, રાજકીય સમાનતા લાવનારો એવો એક સમાજ રચવામાં આવે; અને એ કરવાને માટે સત્ય અને અહિંસા અથવા તો ન્યાય અને શાંતિનાં સાધનો પર જોર દેવામાં આવે. અને એને માટે રચનાકાર્યો પર જોર દેવાનું પણ સૌને મંજૂર છે. તો પછી એ બધા અલગ અલગ પક્ષ બન્યા છે અને સાથે મળીને કામ કરી નથી શકતા, એનું કારણ શું છે?

એ ખોળતાં મને એ જ મળે છે કે જે હું ઉપર કહી ચૂક્યો. આપણે ગાડી આગળ ને ઘોડો પાછળ રાખ્યો છે. એટલે કે, માણસનાં બધાં કામોનું, તેની બધી સંસ્થાઓનું અસલ ધ્યેય એ હોવું જોઈએ કે, આપણે માનવવ્યવહારમાં તથા સંસ્થાઓમાં સત્ય, પ્રેમ, સંયમ, ન્યાય સ્થાપીએ — ટૂંકમાં ભગવાનની સ્થાપના કરીએ, એને સાક્ષી બનાવીએ, બાપુના શબ્દોમાં 'રામરાજ્ય'ની સ્થાપના કરીએ, — આ આપણે વિચાર્યું નથી. અને આ કરવાને માટે, નાતજાત, ધર્મ, ગરીબ તવંગર વગેરે ભેદોથી મુક્ત સમાજ સ્થાપવો એ જરૂરી છે, તેથી એ આપણું બીજું કામ છે; અને વિવિધ રચનાકાર્યો અને રાજદારી કારોબાર એ બેની મદદમાં આપણાં સાધન કે ઓજાર છે.

એ પ્રમાણે, વર્ગરહિત સમાજ સ્થાપવો એ આપણું પ્રથમ ધ્યેય નથી અને સત્ય-અહિંસા તેનું સાધન નથી, પરંતુ સત્ય-અહિંસા વગેરેની પ્રતિષ્ઠા જગતમાં કરવી એ આપણું અસલ ધ્યેય આપણે સમજીએ અને તેનો ઉપાય વર્ગરહિત સમાજની સ્થાપનાને માનીએ, તો જ આપણી સર્વોદયની કલ્પના સફળ થઈ શકે છે. સમાજનું રૂપ કેવું હોવું જોઈએ તેની કલ્પના દરેક જમાનામાં ફરતી રહી શકે છે. તેને માટે કેવાં રચનાકાર્યો હોવાં જોઈએ તેમાં પણ વારંવાર ફેરફાર થવો સંભવિત છે. પરંતુ આજે કે હજાર વર્ષ પછી પણ, સુખી સમાજ બનાવવાને માટે, મનુષ્યમાં સત્ય, ન્યાય, અહિંસા, પ્રેમ, સંયમ, મેળ વગેરેની પ્રતિષ્ઠા અને સ્થિરતા એકસરખી કાયમ રહે એ જરૂરી રહેશે. એક જમાના માટે સત્ય-અહિંસાનાં સાધન પર જોર દેવું જરૂરી હોય, પણ બીજો જમાનો એવો પણ આવી શકે કે જ્યારે તેની જરૂર ન રહે, એવું બની નથી શકતું.

આ મારો મત તમને જો ગમતો હોય, તો મારી સર્વ દેશભાઈઓને વિનંતી છે કે, આપણે સૌ એ જ કામને મહત્ત્વનું સમજીએ કે, આપણાં બધાં કામોમાં — ખાનગી કે સાર્વજનિક, દુનિયાદારીનાં કે ધાર્મિક — દરેક કામમાં ભગવાનને સાક્ષી રાખીને ચાલવાનો સંકલ્પ કરીએ. ઈશ્વરને જો વચમાં રાખીશું તો આપણાં દુઃખ પણ સુખ થઈ જશે; નહિ તો સુખ પણ દુઃખ થતાં રહેશે.

विपदो नैव विपदः
संपदो नैव संपदः ।
विपद् विस्मरणं विष्णोः
संपद् नारायण स्मृतिः ॥

આપત્તિ આપત્તિ નથી ને સંપત્તિ સંપત્તિ નથી. ભગવાનને ભૂલવો એ જ આપત્તિ છે અને તેને યાદ રાખવો એ જ સંપત્તિ છે.

આ સદ્બુદ્ધિ આપણને સૌને મળો જેથી જગતમાં સર્વોદય સ્થપાય.

(હિંદી પરથી) કિ૦ ઘ૦ મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ સરકારને વિનંતી

મુંબઈ સરકારે તા. ૨૨-૧૨-'૪૯નો જી. આર. નં. ૭૯૦૦ બહાર પાડીને જણાવ્યું છે કે, અંગ્રેજી પાછું ૭મા ધોરણમાં વિકલ્પે દાખલ કરવામાં આવશે. તેમાં મથાળે જણાવ્યું છે કે, એ ઠરાવ "માધ્યમિક શાળાઓમાંથી અંગ્રેજી કાઢવા વિષે" છે. પરંતુ તે ઠરાવ જોતાં જણાય છે કે, પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી દાખલ કરવાનું એમાંથી તો સધાય છે; અને માધ્યમિક શાળાઓમાંથી અંગ્રેજી કાઢવાનું જે નક્કી થયેલું છે તેમાં સુધારો કરીને તે શાળાઓમાં પણ ૭મા વર્ષમાં પાછું દાખલ કરવામાં આવે છે.

સરકારે આવો ઠરાવ કરવામાં ભારે ભૂલ કરી છે; અને એમનો એ ઠરાવ જોતાં પણ સ્પષ્ટ થાય છે કે, એવો ઠરાવ કરવાની જરૂર નહોતી; બીજી રીતે તે ઠરાવ કરવા પાછળનો પોતાનો મુદ્દો તે સાધી શકત અને પોતે સ્વીકારેલી નીતિ છોડ્યા વગર.

ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે, સરકારે ઈ. સ. ૧૯૪૮માં નક્કી કરેલી નીતિ મુજબ '૪૮માં ૫મા ધોરણમાં, '૪૯માં ૬ઠ્ઠામાં, અને આ સાલ માર્ચથી ૭મા ધોરણમાં અંગ્રેજી શીખવવાનું બંધ કરવાનું હતું. તે પ્રમાણે ૫, ૬ ધોરણોમાં અત્યાર સુધી બંધ થયું છે. પણ ૭મામાં જે બંધ કરવાનું હતું, તે આ ઠરાવથી રોકવામાં આવ્યું છે અને એવું કહેવામાં આવ્યું છે કે, ૧૯૫૦માં ૭મા ધોરણમાં અંગ્રેજી બંધ કરવાને બદલે ત્યાં વૈકલ્પિક વિષય તરીકે તે ચાલુ રાખવું, એટલે ખરું જોતાં તો, માધ્યમિક શાળાઓમાંથી કાઢેલા અંગ્રેજીને દાખલ કરવાની વાત આ થઈ એમ જ નહિ?

એ ઠરાવમાં બીજી એક વસ્તુ એમ કહી છે કે, સ્કૂલ બોર્ડની પ્રાથમિક શાળાઓના ૭મા ધોરણમાં ભણતાં ૧૫ બાળકો પણ જો વિકલ્પે અંગ્રેજી ભણવાની માગણી કરે, તો બોર્ડે તે માટે જોગવાઈ કરવી જોઈશે.

અત્યાર સુધી એવું હતું કે, સ્કૂલ બોર્ડો પોતાની શાળાઓનાં ૫, ૬, ૭ ધોરણો સાથે વધારેનો અંગ્રેજી વિષય શીખવવા ઇચ્છે તો જોગવાઈ કરી શકતાં હતાં, તે તેમને માટે ફરજરૂપ ન હતું. સરકારે ૧૯૪૮થી અંગ્રેજી શિક્ષણ બંધ કરવા માંડ્યું, એટલે બોર્ડોએ ખોલેલા આવા અંગ્રેજી વર્ગો ૫, ૬ ધોરણોમાંથી બંધ કર્યા અને આ વરસે ૭મામાંથી બંધ કરશે. તેમને હવે આ નવો ઠરાવ એમ કહે છે કે, તમારે ૭મા ધોરણમાં ફરજિયાત અંગ્રેજીની સવડ આપવી જોઈશે, — ૧૫ વિદ્યાર્થી માગે એટલે! આની મતલબ એ થઈ કે, પ્રાથમિક શાળાઓમાં જ્યાં મરજિયાત હતું ત્યાં ફરજિયાત અંગ્રેજી દાખલ કરવાનું કહેવામાં આવ્યું!

આ ઠરાવથી પાયાની કેળવણી ઉપર શી અસર થશે તેનો વિચાર કરાયો લાગતો નથી. સરકારે આખા પ્રાંતમાં આ પદ્ધતિ દાખલ કરવાનું જાહેર કર્યું છે. ૭ વર્ષની પાયાની કેળવણી પ્રતિષ્ઠિત કરવી હોય તો તેનાં ૭ વર્ષમાં તેને અંગ્રેજીની હરીફાઈમાં નહિ નાખવી જોઈએ. એ ખ્યાલથી જ મુખ્યત્વે મુંબઈ સરકારે ૧૯૪૮માં અંગ્રેજી કાઢવાનો ઠરાવ જાહેર કર્યો હતો; અને બીજાં પણ એટલાં જ મહત્ત્વનાં કારણો હતાં. એ કારણો આજે પણ છે જ. એટલે આ ઠરાવથી રાષ્ટ્રના શિક્ષણની પુનર્ઘટનાને નાહકનો ફટકો પડ્યો છે. સરકારે જે કારણે આ ઠરાવ કરવાનો વિચાર કર્યો, તે કારણ જોતાં પણ એ આ ફટકો મારવાની આફતમાંથી બચી શકત અને પોતાનો ઉદ્દેશ સાધી શકત. આ વસ્તુ સદરહુ ઠરાવ પરથી જ સ્પષ્ટ થાય છે.

સાતમા ધોરણમાં અંગ્રેજી વિકલ્પે ન લેનાર વિદ્યાર્થી અને વિકલ્પે લેનાર વિદ્યાર્થી બંને ૮મા ધોરણમાં ચડે ત્યારે અંગ્રેજી બેઉને માટે ચાલુ થાય. પણ ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ શરૂ જ કરવાની દશામાં હશે ને કેટલાકે ૭મા ધોરણમાં કાંઈક કરી લીધું હશે. આનું શું કરવું? તે માટે ઠરાવમાં એમ જોગવાઈ જણાવી છે કે, ૭મામાં અંગ્રેજી ન લેનારા વિદ્યાર્થીઓ તે લેનારા તેના વર્ગના બીજા વિદ્યાર્થીઓ સાથે અંગ્રેજી વિષયમાં થઈ શકે, તે માટે, ૮મા વર્ષમાં ખાસ 'કોચિંગ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાં માટે સવડ કરવી; અને તેને માટે થતા ખર્ચમાં સરકાર મદદ આપશે.

એટલે સવાલ સહેજે ઊઠે છે કે, જો ૮મા વર્ષમાં ખાસ વર્ગથી તમારો અંગ્રેજી વિષેનો હેતુ સરે એમ છે, તો એમ જ કરવું જોઈએ અને ૭ મામાં વિકલ્પે પણ દાખલ કરવાની લપમાં શું કામ પડવું? આટલો સુધારો સદરહુ ઠરાવમાં કરવાનું સહેલું અને સરળ પણ છે: એવો ખુલાસો બહાર પડવામાં આવે કે, સરકાર પોતાની નીતિ પર કાયમ છે; એટલે ૭મા ધોરણમાં અંગ્રેજી દાખલ નહિં કરે, પણ ૮મા ધોરણમાં વિશેષ કામ કરવા માટે અંગ્રેજી વર્ગો ખાસ વધારે ચલાવવા સૂચના કરશે; તેનું ખર્ચ પણ આપશે.

આ બાબતમાં સરકારે એક લાંબો વિચાર પણ કરવા જેવો છે. તે અત્યારે જ અમલમાં લઈ શકાય નહિ. અત્યારે તો ઉપર કહેલી રીતે આપોઆપ રસ્તો નીકળે છે. પણ આ અંગ્રેજી વિષે વિચાર કરીએ જ છીએ, તો સાથે સાથે એ ધ્યાન પર લેવા જેવો છે એમ માનીને તે ટૂંકમાં કહું છું.

સરકારે આજે પ્રાથમિક શિક્ષણમાંથી બાળવર્ગ કાઢી નાખ્યો છે. તેથી પ્રાથમિક શિક્ષણમાં ભણતરનાં ૮ને બદલે ૭ વર્ષ થઈ ગયાં છે. આની અસર તો થવાની જ. ૭ વર્ષ બાદ તૈયાર થનાર વિદ્યાર્થીની કાંઈક તૈયારી ઓછી જ હશે. એટલે છેવટે તે અસર મૅટ્રિક અને કૉલેજપ્રવેશ સુધી પહોંચશે. તે દૂર કરવા એસ. એસ. સી. બોર્ડ તેની માધ્યમિક શાળાન્ત પરીક્ષા માટે કૉલેજપ્રવેશના અભ્યાસ સારુ એક વર્ષ વધારી શકે; તો બધુંય કામ વધારે થઈ શકે.

તો આજે મૅટ્રિક ધોરણ ઊતરી ગયું છે તે સુધારી શકાય; યુનિવર્સિટીને વધારે સારા વિદ્યાર્થી મળતા થાય; અને પ્રાથમિક પાયાનું શિક્ષણ ૭ વર્ષ માટે તો અંગ્રેજીની દખલ વગરનું નિર્મળ રાખી ખીલવી શકાય.

સરકારના આ ઠરાવથી સૌથી ચિંતાજનક વસ્તુ જે બની છે તે એ છે કે, એક વાર પોતે જ કરેલી વિચારપૂત અને સિદ્ધાંતશુદ્ધ નીતિને બે વર્ષ ચલાવ્યા બાદ ફેરવવાથી, લોકો આ તેની ડામાડોળતાથી અશ્રદ્ધાળુ બની જાય છે. તે ભારે ભયાનક છે. આ વસ્તુ પણ સરકારે ધ્યાન પર લેવી જ જોઈએ. અને પોતાના પાયાની કેળવણીના પ્રયોગને પણ સંભાળવો જોઈએ. સરકાર આ વિષે વિચાર કરે એવી નમ્ર વિનંતી છે.

૨૦–૧–'૫૦ **મગનભાઈ દેસાઈ**

શું ચર્મચક્ષુ નહિ સત્ય પેખે?

કારુણ્યની મૂર્તિ સમાં શું ગીતો
હમેશ મારે સુણવાં રહ્યાં કે?
વાજિંત્ર આ વિશ્વ તણું સદૈવ,
શું કાઢશે તે ધ્વનિઓ કરુણ?
બુદ્‌બુદ સમાંયે સુખ આ અમારાં,
સંવેદના સાગર ઉપરે શું?
કે વીજ જેવા ચમકાર એના,
સંતાપનાં વાદળ ઘોરમાં શું?
કારુણ્યનાં ગાન ન હોય એ તો,
કરુણ ના તે ધ્વનિ નિત્ય કાઢે;
બુદ્‌બુદ તણો તો ભ્રમ છે નકીય,
ક્ષણિક ના તે વીજળી કદીય.
કરુણા ભરેલાં ગીત સર્વ એ શું?
સંવાદી સૂરો નિત શું સુણાતા?
પ્રસન્નતા મૂર્તિ મહોદધિ શું?
શું મેઘનું આંતર તત્ત્વ વીજ?
આ વિશ્વનો શું ન ઉકેલ કાંઈ?
'નેતિ'ની આગે ન શું જ્ઞાન જાય?
આશ્ચર્યવત્ તે શું સદૈવ રહેશે?
શું ચર્મચક્ષુ નહિ સત્ય પેખે?

વિ૰ વિ૰ ભટ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા કાકાનાં સ્મરણો—૨

[ગયા અંકથી ચાલુ]

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી છોડયું ત્યાર સુધીમાં બારડોલી અને પૂના સિવાય એક મહિનાથી વધારે હું કાકા સાથે રહ્યો નથી. ત્યાર પછી પણ કેટલાંય વર્ષો સુધી એ જ હાલત. કાકા ઘણોખરો વખત કાં જેલમાં કાં રેલમાં રહેતા. કાકા ગોળમેજી પરિષદ વખતે બાપુ સાથે વિલાયત ગયા ત્યાર સુધી મને કાગળ લખતાં આવડતું નહિ, એટલે એમની સાથે પત્રમૈત્રી તો મારી ઠેઠ હરિજન આશ્રમ સ્થપાયા પછી જ થઈ.

કાકા વિલાયત ગયા ત્યારે એમને વળાવવા હું સ્ટીમર પર ગયેલો. મોટી માનવમેદનીની વચ્ચેથી અમારી 'કાર' બંદર પર આવી. અનેક જગાએ ટિકિટ બતાવી અમે અંદર પહોંચ્યા. બંદર પરથી સ્ટીમર સુધી જવાનો રસ્તો ધક્કામુક્કી કરી કાઢી લેવાનો હતો. કાકાએ મને ખભા પર બેસાડી લીધો. એક તો પોતે ઊંચા, તેમાં મને ખભે ચડાવેલો! એટલે બધા વચ્ચે અમે તરી આવતા હતા. કેટલાક લોકો અમારી તરફ આંગળી ચીંધી વિનોદ પણ કરતા હતા. પરંતુ સ્ટીમરના કપ્તાને જ્યારે બાપુને ઊંચકી લીધા ત્યારે મને લાગ્યું હશે કે, આપણે સારા સાથમાં છીએ! હું પહેલી જ વાર સ્ટીમર જોતો હતો એવું ભાન મારા કરતાં કાકાને વધારે હતું. એટલે સ્ટીમર પરની ભીડ, સામાન ગોઠવવાની ધમાલ અને બાપુની બરાબર સગવડ થઈ કે નહિ તેની ચિંતા હોવા છતાં, કાકા થોડા સમયમાં જ મને સ્ટીમરનો ઘણો ભાગ બતાવી વળ્યા, અને બધા ભાગો વિષે ઠીક ઠીક સમજાવી પણ દીધું. પણ આખો સમય મને આપે તે પાલવે તેમ નહોતું. તેથી એક ઠેકાણે ઓછી ભીડમાં મને ઊભો રાખી. તેઓ પોતાનો સામાન જોવા ગયા. એટલામાં પહેલું ભૂંગળું વાગ્યું. હું ગભરાયો, ક્યાંક સ્ટીમર ઊપડી તો નહિ જાય ને! વિલાયતની સહેલ કરી આવવાનો વિચાર મને ન આવ્યો, કારણ કે બાને મૂકીને જવાની મારામાં હિંમત નહોતી. હું ગાભરો બનીને રોવા લાગ્યો. એટલામાં દેવદાસકાકા ત્યાં આવી ચડયા અને એમણે મારી ભીડ ભાંગી. સ્ટીમરમાંથી ઊતરું, તે પહેલાં તો સ્ટીમરનાં ત્રણ વાર ભૂંગળાં બોલવા વિષે કાકાએ મને જ્ઞાન આપી દીધું હતું.

સ્ટીમર અદૃશ્ય થઈ ત્યાં સુધી કાકા અમારી તરફ જોઈ રૂમાલ ફરકાવતા હતા. મને કોઈકે ઊંચકી લીધો હતો, એટલે હું પણ હાથ હલાવી શકતો હતો. મને તો તે દિવસે કાકાને વળાવ્યાનો અફસોસ નહોતો. એ તો કાંઈ નવાઈની વાત નહોતી. સ્ટીમર જોયાનો આનંદ જ હતો. બા તરફ વળીને જોઉં છું તો સરદાર તેને વિનોદમાં કહેતા હતા: 'હવે ક્યાં સુધી એ બાજુ જોયા કરશો, એ તો ગયા!'

* * *

બાપુ દાંડીયાત્રા જેવી જ રાસયાત્રા યોજી રહ્યા હતા. ખેડા જિલ્લાના રાસ ગામમાં કેટલાય લોકોનાં ઘરબાર સરકારે જપ્ત કર્યાં હતાં. બાપુએ વિચાર્યું કે, ખેડૂતો ઘરબાર વિનાના થાય અને આશ્રમના લોકો મકાનમાં રહે એ યોગ્ય નહિ, એટલે બધા આશ્રમવાસીઓ પાસે આશ્રમનો ત્યાગ કરવાનો સંકલ્પ કરાવ્યો.

એક દિવસ હું ક્યાંક રમવા ગયો હતો. એટલામાં બાપુએ આશ્રમની બધી બહેનોની સભા બોલાવી. હું ઘેર પાછો આવ્યો ત્યારે ખબર પડી કે, બાપુએ ઘણીખરી બહેનો પાસે જેલમાં જવાની કબૂલાત લઈ લીધી હતી. મારે માટે બાને છોડીને રહેવાનો આ પહેલો પ્રસંગ હતો.

મેં તેને પૂછયું: 'મારી રજા વિના તું જેલમાં જવાનું કબૂલ કેમ કરી આવી?' પણ મારા પ્રશ્નથી કાંઈ ઓછું જ વળવાનું હતું! વચન અપાઈ ચૂકયું હતું. એને તોડવાનું તો હું પણ નહોતો કહેતો. મારો પ્રશ્ન તો એ હતો કે વચન જ કેમ આપ્યું.

અમારે ક્યાં કહેવું તે પ્રશ્ન આવીને ઊભો રહ્યો. બા અને કાકા હતાં ત્યારે ધરતી કાંઈ ફિકર નહોતી. એ લોકો માટે તો સરકારે જેલ-મહેલ બનાવી જ રાખ્યા હતા, પણ બાબો ક્યાં રહે? આશ્રમનાં ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષથી મોટાં અને સોળ વર્ષથી નાનાં બધાં બાળકો વિષે આ ચિંતા હતી. કેટલાંક સોળની આસપાસનાં હતાં તે તો સહેજ મોટાં દેખાઈને સત્યાગ્રહમાં ભળી જવા ઉત્સુક હતાં. પણ અમે આઠ વર્ષનાં તો તે યુક્તિ પણ અજમાવી શકીએ તેમ નહોતાં. અમારા શિક્ષણનો પ્રશ્ન પણ મોટેરાઓમાં ખૂબ ચર્ચાયો હશે. અમારા ઘરના નિયમ પ્રમાણે મને પણ પોતાનો મત પ્રગટ કરવાની છૂટ હતી અને સામાન્ય રીતે મારા મતનું યથાયોગ્ય વજન પણ પડતું. મને મારાં માસી બહુ વહાલાં, અને વળી એમને ત્યાં મોટીબા (બાની બા) પણ રહે, એટલે મેં તો કહ્યું કે, મારે વલસાડ રહેવું છે. બા પણ આ વિચાર સાથે સંમત હતી. પણ કાકા માનતા નહોતા. એમની આગળ આ પ્રશ્ન સિદ્ધાન્તનો પ્રશ્ન હતો. એમણે કહ્યું: 'આશ્રમનાં બીજાં બાળકો કરતાં બાબાને મારાથી જુદો કેમ મુકાય? એ કાંઈ તેમના કરતાં જુદો છે? જે. છોકરાંઓની કાંઈ સગવડ થઈ શકે એમ નથી તેમનું શું? એવાં એક જગાએ રહે અને આપણાં બીજી જગાએ રહે. એ કેવી રીતે ચાલે?' ઉપરાંત અમારા ભણતરની ચિંતા તો વલસાડ મોકલવાથી બિલકુલ ટળતી નહોતી. વલસાડમાં તો મારે સરકારી શાળામાં ભણવું પડે. એ કેમ કરી પોસાય? કાકા અમને પાઠકકાકા (શ્રી રામનારાયણ વિ. પાઠક) ને ત્યાં રાખવાની ગોઠવણ કરવા માગતા હતા. કાકા બા અને તેમની ખૂબ જૂની મૈત્રી હતી એ સાચું, પણ મારે એમના ઘર સાથે પરિચય જ નહોતો એમ કહું તો ચાલે. અત્યારે વિચારું છું કે, પાછળથી જ્યાં રહેવાનું થયું એના કરતાં પાઠકકાકાને ત્યાં રહેવાનું થયું હોત તો કદાચ સાહિત્યના ઊંડા સંસ્કાર અમારામાં પડ્યા હોત. પણ તે વખતે સાવ નવા પ્રદેશમાં રહેવા જેટલો હું બહાદુર નહોતો. ઘર જોવા બા સાથે ગયો તો ખરો, પણ પછી એના ખોળામાંથી ઊઠું જ શાનો? તોપણ પાછળથી કાકા અને પાઠકકાકાના અતિશય આગ્રહને લીધે આનંદી બહેન, મોહન અને મારે એક રાત ત્યાં ગાળવી પડી. આખી રાત અમે ત્રણે જણ રડ્યાં. આમ રડવાનો આ મારો પહેલો જ અનુભવ હતો. કોઈ મારે ને રડવું અને આ રડવામાં કાંઈક પ્રકારભેદ છે એ મને ત્યારે જ સમજાયું. બાપુ ત્યારે શેઠ રણછોડલાલ શોધનને ત્યાં હતા. બીજે દિવસે સવારે અમે ત્યાં પહોંચ્યા અને પોતાનું બયાન એમની આગળ પેશ કર્યું. અલબત્ત, મેં તો મારી મુખ્ય દલીલ તરીકે રુદન જ અજમાવેલું. પણ આનંદીબહેન અને કાંઈક અંશે મોહનની સમતોલ દલીલોને લીધે અમારી અરજનું વજન પડ્યું. આખરે અમને દશ છોકરાંઓને મજૂર મહાજનના હરિજન કન્યા છાત્રાલયમાં મૂકવાનો નિર્ણય થયો. એ જગા જોયા પછી જ એ નિર્ણય પર મહોર મારવાનું અમે કહ્યું હતું.

અમારું રડવું જોઈને કાકાને પણ રડવું આવતું હતું. આંખમાં આંસુ હોવા છતાં અમને છાના રહેવા સમજાવતા કાકાનું દૃશ્ય હજુ મારી નજર સામે તરે છે. પણ સિદ્ધાન્તની બાબતમાં કાકા દૃઢ હતા. એમની સિદ્ધાન્ત વિષેની મક્કમતા અને અમારા પરના પ્રેમની પરસ્પરવિરોધી દેખાતી લાગણીઓ હમણાં હું સમજી શકું છું. ત્યારે તો એ બધું વિચારવાની ફુરસદ રડવામાંથી ક્યાં મળતી હતી?

મજૂર મહાજનના છાત્રાલયમાં અમને બે ત્રણ મોટરકારમાં બેસાડી લઈ ગયા, એ પણ એની પસંદગીનું એક કારણ હશે. ત્યાં અમારે માટે જુદા જુદા રંગના રબરના દડા મૂકી રાખ્યા હતા. અમે તો જતાંની સાથે એ રમવા જ મંડ્યા. અને કાકા અને બાનો વિરહ તો ઠેઠ રાત્રે સાલ્યો.

આ છાત્રાલયમાં પહેલું એક અઠવાડિયું તો દિવસે રમવામાં અને રાત્રે રડવામાં ગયું. પાંચમે કે છઠ્ઠે દિવસે મેં કાકાને એક કાગળ લખ્યો. એમાં એક વાક્ય કાંઈક એવા મતલબનું લખી નાખ્યું હતું કે, મેં ગયા જન્મમાં એવાં તે કયાં પાપ કર્યાં હશે કે મારાં માબાપ બન્ને જેલમાં અને હું બીજાને ત્યાં રહીને ઝૂર્યા કરું? ખરેખર, તે વખતે હું ઝૂરતો જ હતો. આ પત્ર વાંચીને કાકાને અત્યંત દુઃખ થયું. એ રડ્યા. એમણે એ કાગળ બાને મોકલ્યો. બા પણ દુઃખી થઈ. પછી મારી ઉપર એમનો જે કાગળ આવ્યો તે તો દુર્ભાગ્યે મેં એમના ઘણાખરા પત્રોનું કર્યું છે તેમ ખોઈ નાખ્યો છે. પણ એનો ધ્વનિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા હતા કે, તારી પાસેથી આવા પત્રની આશા નહોતી રાખી. ગયા જન્મમાં તો આપણે કેટલાંયે પુણ્યો કર્યાં હશે કે આપણને ત્રણેને આપણા દેશ ખાતર આટલી તપસ્યા કરવાની સોનેરી તક સાંપડી. જેમ મને તું હોંશે જેલમાં જવા દેતો હતો તેમ બાને પણ તારે જવા દેવી જોઈએ. તને દુઃખ થાય એ સ્વાભાવિક છે, પણ મારે ખાતર અને દેશને ખાતર તું આટલું સહન ન કરે?

આ કાગળ મળ્યો તે પહેલાં તો હું શાંત થઈ ચૂક્યો હતો. એનો જવાબ મેં બહાદુરીભરેલો આપ્યો. કાકાએ મારા આ બન્ને કાગળો ઘણા વખત સુધી સંઘરી મૂક્યા હતા.

ચાલુ]

નારાયણ દેસાઈ

પ્રાયશ્ચિત્ત

'જગજનો!
રિબાવી સંતોનાં હૃદય, કુરબાનીની પછીથી
તમે ગાશો ગાથા; રમત ક્રૂર એવી શીદ રમો?
ન કાં પહેલેથી તો હૃદય પરખો સંતજનનાં?'

બાપુની આ બીજી પુણ્યતિથિને મંગળદિને સ્મરણ કરતાં ઉપરની પંક્તિઓ મનમાં ગૂંજી ઊઠે છે. હજાર વરસે જગતમાં જન્મે એવા મહાપુરુષ આપણી ભૂમિમાં અવતર્યા, પણ આપણે નિદ્રાજડ અને અબુધ જનો એમની લોકોત્તર પ્રતિભાને સમજી શક્યા નહીં. વરસોથી આપણામાં ઘર કરી બેઠેલી નબળાઈઓ, સંકુચિતતા અને ધર્માંધતા એ વિશાળતાને જીરવી શકી નહીં અને અંતે એમનું બલિદાન લઈને તૃપ્ત થઈ!

આજે વિચાર કરતાં એ ભૂતકાળ આંખ સામે તરી આવે છે. પરતંત્રતામાંથી મુક્તિ અપાવનાર બાપુ જ આપણને અકારા થઈ પડ્યા!

એની હત્યાને આગલે દિવસે, ૨૯મીએ સાંજની પ્રાર્થના વેળા બાપુએ કાઢેલા ઉદ્‌ગારોનું આજે સ્મરણ કરતાં માથું શરમથી નીચું નમી જાય છે.

પ્રાર્થના પછી, બાપુજી સરહદ પ્રાંતના બન્નુ શહેરમાંથી નીકળી આવેલા નિરાશ્રિતોના પ્રતિનિધિઓ સાથે એમની થયેલી વાતચીતનો ઉલ્લેખ કરતાં કહે છે:

"એક ભાઈએ મને કહ્યું, 'તમે બહુ ખરાબી કરી છે. શું એવી ને એવી ખરાબી કરવાનું ચાલુ રાખશો? એથી તો બહેતર છે કે અહીંથી તમે ચાલ્યા જાઓ. મોટા મહાત્મા છો તેથી શું થયું? અમારું કામ તો બગાડ્યાં કરો છો! અમને તમે છોડી દો, અમને ભૂલી જાઓ. અહીંથી ભાગી જાઓ.'

"મેં પૂછ્યું કે પણ હું ક્યાં જાઉં! તો તે ભાઈ કહે, 'હિમાલય જઈ બેસો.'"

બાપુજી આગળ જતાં કહે છે, "એ ભાઈએ મને ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું. કોઈ ગાળો સાથે લખે છે, તો કોઈ મને વિવેકથી લખે છે કે, 'અમારો કેડો છોડો. ભલે અમે દોજખમાં પડીએ. તમને અમારી શી પડી છે? તમે હવે જાઓ.' પણ કોઈના કહેવાથી મારાથી કેમ ભાગી જવાય? કોઈના કહેવાથી હું સેવક નથી બન્યો અને કોઈના કહેવાથી હું સેવક મટી નથી શકતો. ઈશ્વરની ઇચ્છાથી હું જેવો છું તેવો બન્યો છું. તેને જે કરવું હશે તે કરશે. તેને ગમે તો મારી શકે. મારી સમજ પ્રમાણે હું ઈશ્વરની વાત માનીને ચાલું છું. હું હિમાલય કેમ નથી જતો? હા, ત્યાં રહેવાનું મને ગમે. એવું પણ નથી કે ત્યાં મને ખાવાપીવાનું ને પહેરવાઓઢવાનું નહીં મળે. ત્યાં જવાથી શાંતિ પણ મળે. પણ હું અશાંતિમાંથી શાંતિ શોધું છું; અથવા એ અશાંતિની આગમાં બળી મરવા માગું છું. મારો હિમાલય અહીં જ છે, તમે બધા હિમાલય જાઓ તો મનેયે સાથે લઈ જજો!"

બાપુ તીવ્ર મનોમંથન અનુભવતા હતા. તેમને બધે અંધકાર છવાયેલો દેખાતો હતો. જાણે મૃત્યુના ભણકારા આખા વાતાવરણમાં અથડાતા હોય એમ લાગતું હતું. ૨૯મીને રાતે બાપુએ સૂવા જતા પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક બેચેની અનુભવતાં મનુબહેનને આ પંક્તિઓ સંભળાવી :

"આશ્ચર્યભર્યું દિસે ખરે જગત આ . . . .
તેમાં હશે ક્યાં સુધી આ રમત રમવાની મારે?"

બાપુએ લખેલા છેલ્લા પત્રમાં પણ બાપુ મૃત્યુની જ ફિલસૂફી સમજાવે છે:

"...मृत्यु मित्र सच्चा है. हमारा अज्ञान हमको दुःख देता है. आत्मा तो कल थी, आज है, भविष्यमें रहेगी. शरीरको जाना ही है. सुलोचना अपने दोष लेकर गई, गुण रख गई है. उसे हम न भूलें. फर्ज अदा करनेमें और सावधान बनो."

વળી અવસાનના થોડા કલાક અગાઉ કોલંબિયા બ્રોડકાસ્ટિંગ સિસ્ટિમનાં ખાસ ખબરપત્રી શ્રીમતી માર્ગરેટ બર્ક બ્હાઈનને મુલાકાત આપતાં બાપુએ કહેલું :

"જગતમાં જે ભયંકર બનાવો બની રહ્યા છે તેથી આવી અંધકારમય પરિસ્થિતિમાં હું જીવવા ઇચ્છતો નથી. મેં સવાસો વરસ જીવવાની આશા જ પડતી મેલી છે."

આમ ચારે પાસથી વિષમ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી અને બધે વિસંવાદિતા પ્રસરેલી હતી. આવી દુઃસ્થિતિમાં બાપુજી આપણી પાસેથી ચાલ્યા જાય એમાં આપણે કોને દોષ દઈએ? આપણે જ જાતે પોષેલી, પંપાળેલી અને અપનાવેલી સંકુચિતતામાં બંધાઈ રહ્યા, હૃદયની વિશાળતા કેળવી શક્યા નહીં અને બધે દ્વેષભાવ જ ફેલાવ્યો. આપણામાં રહેલાં દુરિતો સામે ઝઘડવાને બદલે આપણે સત્યને અને પ્રેમને કચડવા લાગ્યા. આવા અંધકારમાં પણ બાપુજીએ આપણને સત્ય પ્રતિ દોરવા સતત પ્રયત્ન કર્યો. વેરનો બદલો વેર નહીં પણ પ્રેમ છે, એમ પદે પદે કહ્યા કર્યું. પણ બધા ભાન ભૂલ્યા હતા. જેમ જેમ બાપુજી સત્ય અને પ્રેમને વધારે વહેવારમાં ઉતારતા ગયા તેમ તેમ આપણો વિચારપ્રવાહ એ ગુણોની વિરુદ્ધ વહેવા લાગ્યો. આપણામાંના ઘણાને એમ લાગવા માડ્યું કે, પ્રેમ અને સત્ય એ નકામી વસ્તુઓ છે અને તેમનું મહત્ત્વ વધવા દેવું ન જોઈએ. ખલીલ જિબ્રાનનું એક વચન છે :

"જો તમે અને હું નર્યું સત્ય અને કેવળ સત્ય જ પાંચ મિનિટ સુધી કહીશું તો આપણા સઘળા મિત્રો આપણને છોડી જશે; જો દશ મિનિટ સુધી, તો આપણને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે; જો પંદર મિનિટ સુધી, તો આપણને ફાંસીએ ચડાવશે."

સુક્રતુ અને ભગવાન ઈશુની એ જ સ્થિતિ થઈ હતી. બાપુજીનું પણ બલિદાન લેવામાં આવ્યું. બાપુજીએ જાણે આપણાં પાપોનું જ પ્રાયશ્ચિત્ત કર્યું. હવે આપણને અંદરથી એવી પ્રતીતિ થવા લાગી છે કે, આ મહત્પાપમાંથી હવે કેમ છૂટવું? પ્રાયશ્ચિત્ત કર્યા વિના હવે છૂટકો નથી. બાપુની પુણ્યતિથિ આ વાતનું સ્મરણ કરાવે છે અને એ દિવસ આપણા પ્રાયશ્ચિત્તનો જ દિવસ બને છે. આ વાતનું ભાન થતાં ગુરુદેવના શબ્દો યાદ આવે છે :

"એકબીજાને તેઓ પૂછે છે, 'કોણ આપણને માર્ગ બતાવશે?'
પૂર્વદેશનો વૃદ્ધ બોલ્યો,
'આપણે જેને માર્યો છે તે જ બતાવશે.'
સૌ કોઈ નિરુત્તર અને નતશિર રહે છે. વૃદ્ધ ફરી બોલ્યો,
'સંશયના માર્યા,
આપણે તેનો અસ્વીકાર કર્યો,
ક્રોધના માર્યા આપણે તેની હત્યા કરી;
હવે પ્રેમપૂર્વક આપણે તેનો સ્વીકાર કરીશું,—
કેમ જે, મૃત્યુ દ્વારા તે આપણાં સૌના
જીવનમાં સંજીવિત થયો છે :
તે જ મહા મૃત્યુંજય છે'"! ('શિશુતીર્થ'માંથી)

આપણે પણ પ્રાયશ્ચિત્ત કરી વિશુદ્ધ થઈએ અને બાપુના જીવનકાર્યને સમજવા અને જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ બનીએ એવી પ્રભુને પ્રાર્થના.

મુકુલભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ અને વ્યક્તિ

અગાઉ એક લેખમાં* આપણે સંયુક્ત રાષ્ટ્રોના સામાજિક દફતરના ખાતા તરફથી બાળકો અને યુવાનોની હિતસંભાળ વિષે એક રિપોર્ટનો ઉલ્લેખ કરી તેમાંથી સંગત ઉતારો ટાંકચો હતો. આ લેખમાં તે પ્રશ્નનો થોડોક વધુ વિચાર કરીએ.

નવેમ્બર માસના અખંડાનંદમાં 'છેલ્લા દસકામાં અમદાવાદ', એ મથાળે શ્રી ઉમાશંકર લખે છે: "એક મોટા વેપારીએ એક વાર ઊંડી વેદના સાથે કહેલા શબ્દો હું કદી ભૂલી શકચો નથી. એ કહે, 'બીજું તો ઠીક, પણ અમારાં નાનાં નાનાં છોકરાં આજે એમ સમજી ગયાં છે કે, પૈસો આ રીતે મેળવાય અને આ રીતે ન મેળવાય, એવા વિચારો કરવાના હોય જ નહિ. અમારા બાપદાદાએ એ ભેદ અમારા મનમાં ઠસાવ્યો હતો. અમે એ ભેદ અમારાં બાળકોના મનમાંથી ભૂંસી નાખ્યો. એમનું શું થશે?' એ પ્રશ્ન જ અમારે માટે મોટો છે"

આ જ ભાવના ઉદ્ગારો મેં જુદા જુદા ધંધામાં પડેલા માણસો તરફથી સાંભળ્યા છે. આવી કબૂલાત એકલા વેપારમાં પડેલા ગૃહસ્થો તરફથી નથી, પરંતુ દાક્તરો, વકીલો, ધર્માચાર્યો વગેરે કહેવાતા આગળપડતા ગૃહસ્થોના દિલમાં પણ આ જ પ્રકારની વિશાદ અને ભયની લાગણી રમી રહી છે.

આપણા જમાનાએ સંસ્કારનું જે દેવાળું કાઢ્યું છે તેમાંથી પાછા વળવું લગભગ અશકચ બની ગયું છે; કારણ કે, આ પીઢ અને દુનિયાના અનુભવી ગૃહસ્થો જ્યારે પોતાનાં પુત્રપુત્રીઓને નીતિને માર્ગે ચાલવાનો ઉપદેશ આપે છે, ત્યારે તે ઉપદેશ તેમને ગળે ઊતરતો નથી એટલું જ નહિ, પણ પડદા પાછળથી આવાં નીતિવચનોની ઠેકડી કરવાનું તેઓ ઇષ્ટ માને છે. સમજુ માબાપોએ આ ભયસ્થાનનું પારખું કરી લીધું છે. પણ હાથનાં કર્યાં હૈયે વાગ્યા જેવું થવાથી એ કહે છે: "આપણી આજુબાજુની હવા જ બગડી ગઈ છે; વાતાવરણ કલુષિત થઈ ગયું છે; નીતિઅનીતિના ભેદ ભૂંસાઈ ગયા છે. આ પરિસ્થિતિમાં નીતિપરાયણ વડીલોની હાલત પણ બૂરી બની છે, તો અમારું અને અમારાં બાળકોનું શું થશે? દૂષિત વાતાવરણથી એ શું નહિ ખરડાય?"

આનો ઉપાય સાદો અને સીધો છે. નીતિ-અનીતિના જે ભેદ ભૂંસી નાખ્યા છે તેને ફરીથી સ્થાપવા અને વ્યક્તિસુધારણા ઉપર વધુ ધ્યાન આપવું. વાતાવરણમાં ફેરફાર કરવો હશે તો વ્યક્તિએ સુધરવું પડશે. વ્યક્તિએ સુધરવું હશે તો આપણા સડેલા સમાજનો ઉત્કર્ષ સાધે એવા નીતિઅનીતિના ભેદ ઊગતી પ્રજામાં ઠસાવવા પડશે. પરંતુ વસ્તુ-સ્થિતિ એવી છે કે, આધુનિક વિચારસરણી આપણને આ પુનરુત્થાનને માર્ગે લઈ જાય એવો ઝાઝો સંભવ જણાતો નથી; કારણ કે, નવી પ્રજાએ સમૂહમાં જ અવનતિને માર્ગે જવાનું ઇષ્ટ માન્યું છે. આ લખી રહ્યો છું ત્યારે મને અમેરિકાથી મારો પુત્ર લખે છે: "શ્રી. . . . . ની તબિયત કથળી ગઈ છે અને મરણોન્મુખ હાલતમાં છે તે જાણ્યું. એ ભાઈને સાજા થાય ત્યારે પૂછજો કે ખાવાની ચીજોના જુદા જુદા પ્રયોગો ના કર્યા હોય તો શું બગડી જાય? બ્રાહ્મણભાઈને બીજો ખોરાક સદે? પણ ચાલો જવા દો એ વાત. આધુનિક સંસ્કારપ્રેમીઓને એ પાદરીવેડા જેવું લાગશે. આહારવિહારમાં નિયમ જાળવવાનું એકલું ગીતામાં જ નથી લખ્યું; આધુનિક દાક્તરી વિદ્યા પણ તેમ જ કહે છે"

આ કાગળનો ધ્વનિ સ્પષ્ટ છે. કેટલાક યુવકો સમૂહમાં માંસાહારી બનવાનું ઇષ્ટ માને છે; કેટલાક સમૂહમાં દારૂ પીવાનું પણ ઇષ્ટ માને છે; અને કેટલાક આના આનુષંગિક રંગરાગ અને ચેન-ચાળામાં જીવન છિન્નભિન્ન કરવાનું જરૂરી ગણે છે. प्रवृत्तिरेषा भूतानां એવું મનુસ્મૃતિનું આશ્વાસન આ ગૃહસ્થોને મળ્યું છે.

૧૯૪૭ની સાલમાં અમારી જ્ઞાતિની પરિષદ ઉમરેઠ સંતરામ મંદિરમાં મળેલી તે પ્રસંગે મારે

* જુઓ 'શિક્ષણ અને સાહિત્ય': જૂન ૧૯૪૯, પા. ૧૭૭, ૧૭૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાને પડેલી એક વાત આ સ્થળે કહેવાનું હું રોકી શકતો નથી. રાતના દસેક વાગ્યે વિષયવિચારિણી સભાની બેઠક ચાલતી હતી. એકીસામટી ચારે દિશામાંથી અવાજોની આપ-લે થતી હતી. નિયંત્રણ જેવું કાંઈ જ નહોતું. આથી કંટાળી મારા એક સંબંધી સાથે હું દૂર મંદિરના ખુલ્લા ચોગાનમાં જઈ બેઠો. અમારી નજીકમાં જ કેટલાક યુવકો ટોળે મળી આનંદ કરતા હતા, તેમાંના એક કહેવાતા કુલીન નબીરાની વાણી સંભળાઈ: "અરે શું કહું ? મારા બાપાજી મનુસ્મૃતિ વેચાતી લઈ આવ્યા. એમાં શું વાંચવા જેવું હશે એમ ધારતો હતો, પણ નીકળ્યું કંઈક જુદું જ ! એમાં ચોખ્ખું ને ચટ લખ્યું છે કે, માંસભક્ષણ, મદ્યપાન અને મૈથુનમાં કાંઈ દોષ નથી. મને તો આ ખૂબ ગમી ગયું, એટલે મેં બાપાજીની બીજી ચોપડીઓ ઉથલાવવા માંડી. મહાભારતમાં પણ સ્ત્રીપુરુષના આડા વહેવારની અનેક વાતો આવે છે. બંદા તો ખુશ થઈ ગયા. આપણે તો કરતા હો સો કીજિયે." * બંદાના મિત્રોએ આ પ્રસ્તાવ તાળીના ગડગડાટથી વધાવી લીધો.

આધુનિક વિચારસરણીનું સુંદર બયાન શ્રી રાધાકૃષ્ણને એમના પુસ્તક हिन्दु जीवनदर्शनમાં આપ્યું છે. એ લખે છે: "મોટા ભાગના છૂટા-છેડાના કિસ્સા આજની જીવનપદ્ધતિને આભારી છે. આપણે બધાયે ખૂબ ઉતાવળમાં છીએ. આપણે એકબીજાને ઓળખવાનો સમય પણ મેળવી શકતા નથી. વ્યક્તિસ્વાતંત્ર્યને નામે આપણે શિસ્ત ભૂલ્યા છીએ અને વિકાસનું નામ આપી આપણે વિલાસને પોષી રહ્યા છીએ. પાપવૃત્તિ જગજૂની છે, પણ આજના જમાનામાં આપણે એની પૂજા આરંભી છે." આનું પરિણામ શ્રી રાધાકૃષ્ણનને મતે એ આવ્યું છે કે, લોકનું પરિણીત જીવન છિન્નભિન્ન બની ગયું છે અને સ્ત્રીપુરુષો યથેચ્છ મુક્તવિહારમાં માનતાં થયાં છે. યુક્ત આહારવિહારની વાત કરવી તે આજના જમાનામાં પછાત ગણાવા જેવું છે.

આ બધાના મૂળમાં જે વાત છે તે ઘણી જ સચોટ રીતે અમદાવાદી વેપારીએ કહી છે. સંપત્તિ ઉપાર્જન કરવામાં નીતિઅનીતિના ભેદ ભૂંસી નાખવામાં આવે તેનાં કેવાં દૂરગામી પરિણામો માનવની વિવિધ પ્રવૃત્તિઓમાં આવે છે તે આપણે ઉપર વિચાર્યું. આપણાં શાસ્ત્રોએ તો બીજી બધી બાબતના શૌચ એટલે પવિત્રતા કરતાં આ બાબતમાં પવિત્રતાની અગત્ય જૂના સમયથી પારખી છે અને તેથી જ અર્થશૌચ — સીધે રસ્તે, પ્રામાણિકપણે, ન્યાયી રીતે ધનસંપત્તિ ઉપાર્જન કરવા ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

આ મૂળભૂત વિચારનું વિવરણ મનુસ્મૃતિએ (અ૦ ૪થો, શ્લો. ૧૭૦થી ૧૭૪) જરા વિસ્તારથી કર્યું છે: "જે માણસ અધાર્મિક છે, જેનું ધન જૂઠાણાનું છે, અને જે નિત્ય હિંસામાં ખૂંપેલો રહે છે, તે આ લોકમાં સુખ પામતો નથી. પાપી અધર્મીઓની જોતજોતામાં અવળી દશા થાય છે એમ વિચારીને, ધર્મથી દુઃખ આવતું હોય તોપણ, અધર્મમાં મન પરોવવું નહિ. પૃથ્વીમાં રોપેલું બીજ જેમ તુરત જ ફળ આપતું નથી, તેમ જગતમાં અધર્માચરણ પણ તેજ વખતે ફળ આપતું નથી. પરંતુ બીજ જેમ ધીરે ધીરે વધીને ફાલે છે અને પછી ફળ આપે છે, તેમ અધર્મ પણ ધીરે ધીરે વૃદ્ધિ પામીને અધર્મ કરનારનાં મૂળિયાંને કાપી નાખે છે. કરેલો અધર્મ જો કર્તાને ફળ ન આપે તો તેના પુત્રોને આપે છે; અને પુત્રોને ન આપે તો પૌત્રોને આપે; પરંતુ તે નિષ્ફળ જતો જ નથી. અધર્મ કરનારો પુરુષ તે વખતે કદાચ ધનાદિ સંપત્તિ મેળવે છે, સુખો જુએ છે અને શત્રુઓને જીતે છે, પણ છેવટે તો તે સમૂળો એટલે પરિવાર સહિત નાશ પામે છે."

વિજયશંકર મંછારામ ભટ્ટ

* કહેવાની જરૂર નથી કે, બંદાની ભાષાને મેં જરા શિષ્ટ સ્વરૂપ આપ્યું છે. મૂળ ભાષા ગ્રામ્ય અને અશ્લીલ હોવા છતાં માનસશાસ્ત્રના અભ્યાસીને મનોહારી લાગવાનો સંભવ છે. આ ભાઈનું સાચું માનસ એ ભાષા દ્વારા જ વ્યક્ત થાય છે. વિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિલ્હીમાં ગાંધીજી

[શ્રી. મનુબહેન ગાંધીની ડાયરી]

(ગયા અંકથી આગળ ચાલુ)

બિરલા હાઉસ, નવી દિલ્હી
તા. ૨૩-૯-'૪૭ મંગળ

રોજની જેમ ૩ાા વાગ્યે પ્રાર્થના વગેરેનો ક્રમ ચાલ્યો. પ્રાર્થના પછી બાપુજી પોતાના (લખવાના) કામે ચડતા પહેલાં વરંડામાંથી ઓરડામાં ગયા ત્યારે કહે, "કાલના માફીપત્રથી તમને કેવો ઉમદા પાઠ મળ્યો, એનો વિચાર કરજો. હવે તો મારી ખાતરી છે કે આવી ભૂલો કદી નહીં કરો. અને માણસ ભૂલ તો કરે જ. પણ જો આમ સુધારતો થઈ જાય તો પછી એ કદી ભૂલ ન કરી શકે. મેં જ સોનાનું કડું ચોર્યું હતું ને ? પણ મને એ ખૂંચ્યું અને જ્યારે મેં મારા બાપ પાસે માફી માગી ત્યારે જ હું હળવો થઈ શક્યો. એટલે તમારે એ (જો સાચા હૃદયથી માફી માગી હોય તો,) એનું દુઃખ યાદ કરી કરીને રડવાનું નથી, પણ એના ઉપર મંથન કરતાં શીખશો, તો ખૂબ આગળ વધશો."

આટલું કહી પોતે લખવાના કામ પર ચડ્યાં. ગરમ પાણી અને મધ પીધું અને જરા આડા પડ્યા કે છ વાગ્યા. ફરવા ઊઠ્યા. ફર્યા પછી માલિશ સ્નાન વગેરે. આઠ વાગ્યા. આઠ વાગ્યે જવાહરલાલજી, સરદાર અને મૌલાનાસાહેબ આવ્યા. ૧૧ વાગ્યા સુધી વાતો ચાલી. પછી ઘનશ્યામદાસજી બિરલા આવ્યા. એમની સાથે ઘણી મહત્ત્વની વાતો કરી.

૧૨ાા વાગ્યે માટી લઈ આડા પડ્યા. એક વાગ્યે માટી કાઢી. આજે મુલાકાતીઓ બહુ ઓછા હતા. રાવળપિંડીના થોડાક ભાઈઓ આવ્યા હતા. એ લોકોને પણ બાપુએ એક જ વાત કરી, 'દેશ ડૂબશે, હિંદુસ્તાન ડૂબશે, જો બંને ગુંડા રહીશું તો. પણ આપણે શરીફ બનીએ તો બધું કુશળ જ છે '

૨ વાગ્યે આચાર્ય કૃપાલાનીજી આવ્યા. સિંધની હાલતનું ભયંકર બયાન સંભળાવ્યું. ઝીણાસાહેબ સાથે વાત થઈ તો કહે છે, "અમે શરીફ જ છીએ. છાપાના ખબર ખોટા આવે છે." આવા માણસને શું કહેવાય ? સુચેતાબહેને પણ આ જ વાત કરી. બાપુજી બધું સાંભળી રહ્યા હતા.

આજની પ્રાર્થનામાં અમારું ગઈ કાલનું માફીપત્ર છાપામાં નહોતું આવ્યું એટલે બાપુએ જ જાહેર કર્યું :—

"ગઈ કાલે સાંજે પ્રાર્થનાસભાની આગળ મનુ આભાએ જે માફીપત્ર વાંચી સંભળાવ્યું હતું તે તમારામાંના ઘણાખરાએ સાંભળ્યું હશે. રવિવારની સાંજની પ્રાર્થનામાં એ બંને જણાં ભજન ગાતાં હતાં, ત્યારે કંઈ બસૂરું થયું અને બંને જણાં પોતાનું હસવું રોકી ન શક્યાં. આથી મને ઊંડું દુઃખ થયું. પાછળથી આ ભૂલને માટે બંનેએ મારી માફી માગી. જોકે માફી માગવાની જરૂર ન હતી. કેમ કે મને કંઈ તેમના પર રોષ ન હતો. મારી જાત પર ગુસ્સો આવ્યો કે, હું એમને પ્રાર્થના શી ચીજ છે તે હજુ સુધી નથી સમજાવી શક્યો ? એ બંનેએ માફી માગી પોતાનો પશ્ચાત્તાપ કર્યો, એથી મારું દુઃખ કંઈક હળવું બન્યું. મેં તેમને જાહેરમાં માફી માગવાનું સૂચવ્યું. બંનેએ હર્ષથી મારી સલાહ સ્વીકારી. હું એવું માનનારો છું કે, ભૂલ સાચા હૃદયથી સમજી શક્યા હોઈએ તો એનો જાહેરમાં એકરાર કરવાથી ભૂલ કરનાર શુદ્ધ બને છે, અને ભૂલ કરનાર ફરી વાર એવી ભૂલ નથી કરતો — 'ચોકન્ના' — જાગ્રત રહેવાય છે. અને સમાજ પાસે માફી માગી, તો એ નિમિત્તે પ્રાર્થના કેવી બુલંદ ચીજ છે એનું પણ એમાં બધાને ભાન થયું. આવી સરલતાથી આ નાની છોકરીઓ પ્રાર્થના કરે છે તો તમે એમ કહો કે એમાં કુરાન શું કામ પઢે ? અરે, મુસલમાને શીખોને માર્યા હોય એમાં કુરાન શરીફ થોડું જ ગુનેગાર છે ? એક ભગવાનનો ભક્ત હોય અને કદાચ એ પાપી બની જાય તો શું આપણામાંથી કોઈ ભગવાનનું નામ ન લે ?

"આજે વર્કિંગ કમિટી હતી એટલે ક્યાંય બહાર તો ન જઈ શક્યો. પણ થોડાક રાવળપિંડીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો આવ્યા હતા. પિંડી તો હિંદુ, શીખે બનાવી છે. જુમામસ્જિદ, તાજમહાલ મુસલમાન બાદશાહોએ બનાવ્યાં તો શું એ બધું ભસ્મીભૂત કરીશું?.

"જો તમે બધા અહીં શાંત થઈ જશો તો મારે પાકિસ્તાન જવું જ છે. હું લાહોર કે કરાંચી પોલીસની મદદ નથી માગવા જવાનો. મને કોઈ મારી નાખશે તો હું તો ખુશ થઈશ. હું તો એક જ પાઠ દેવાનો કે, મરી જાઓ, પણ પોતાનું ઘર ન છોડો, કોઈના વશમાં ન થાઓ. ભક્ત ધ્રુવે શું કર્યું? કેટલો નાનો બાળ? બાકી તો આ દાવાનળમાં એક માણસથી જેટલો શક્ય એટલો પ્રયત્ન કરી રહ્યો છું."

પ્રાર્થના પછી બાપુજી ફરવા ગયા. રાજકુમારી બહેન આવેલાં. ફરીને પ્રવચન સુધાર્યું અને પંડિતજી સાથે એક કલાક વાત કરી ૧૦ વાગ્યે સૂતા.

બિરલા હાઉસ, નવી દિલ્હી
તા. ૨૪-૯-'૪૭ બુધ

૩ા વાગ્યે રોજની જેમ પ્રાર્થના. પ્રાર્થના પછી ટપાલ સાંભળી અને મધ ગરમ પાણી રોજની જેમ પીને થોડોક આરામ લીધો. ફરતી વખતે જલદી ઊઠવા ઉપર વાત નીકળી. બાપુ કહે, "જો ૩ા વાગ્યે ન ઊઠું તો મારા કામને હું ન પહોંચી શકું. એક જમાનામાં દિલ્હીમાં એવી તો કડકડતી ઠંડી પડી હતી કે મારા અંગૂઠાનો નખ કાળો થઈ ગયો. ડૉ. અનસારીને તો એમ જ થઈ ગયું કે આ નખ કાપવો પડશે. ફળફૂલ પણ બળી ગયાં હતાં. છતાંયે હું તો બરાબર ૪ના ટકોરે ઊઠ્યો, અને મારું કામ કર્યું. દક્ષિણ આફ્રિકામાં તો અમે કૅમ્પમાં રહેતા. મોટો કાફલો હતો, પણ વ્યવસ્થા એવી સુંદર હતી કે દરેકે-દરેક પોતપોતાનું કામ કરતા. ત્યાં હું એક વખત એવો તો હરી ગયો હતો કે મને સ્ટ્રેચરમાં લઈ ગયા અને સગડી પાસે મૂક્યો ત્યારે જીવ આવ્યો."

મસાજ સ્નાન બાદ આઠ વાગ્યે પ્રફુલ્લ ઘોષ સાથે ખાનગી વાતો કરી. ૯-૫૦ હૉરેસ ઍલેક્ઝાંડર અને બીજા ભાઈઓ આવ્યા. પછી થોડી વાર આરામ કર્યો. ત્યાં ૧૦ મિનિટ બાદ જામસાહેબ આવ્યા. એમણે કાઠિયાવાડની વાતો કરી. બધા રાજાઓને એક થવાની વાત છેડી.

બાપુ — જો કાઠિયાવાડમાં લડાઈ આવશે તો હું તો બધા રાજાઓનો જ વાંક કાઢવાનો છું.

જામસાહેબ — પણ અમારા હાથમાં હથિયાર ક્યાં? ૧૫મી પહેલાં તો અમે ઓરમાયા હતા ને? (હસાહસ)

બાપુ — જો પ્રજાને રાજા પોતાની સાથે રાખે તો એકલું જૂનાગઢ શું કરવાનું છે? જો એક પણ રાજા એવો દાખલો બેસાડે કે પ્રજાના ટ્રસ્ટી બની રહે તો યાવચ્ચંદ્રદિવાકરૌ કરી શકે. રાજા હા હા બહુ કરે છે, પણ હૃદયથી કરે છે કે કેમ તેની મને શંકા છે. જો પ્રજા તમારા હાથમાં આવશે તો જૂનાગઢ તો તમારા હાથમાં જ છે. જે માણસ ચોખ્ખો છે તેની પાસે ખાનગી શું? હિંદુસ્તાનમાં નબળામાં નબળું અંગ રાજાઓ છે. પણ સરદારની ચતુરાઈથી બધા રાજાઓ આવી ગયા છે. પણ કાઠિયાવાડના બધા રાજાઓએ સંપથી રહેવું જોઈએ. એટલે જ કાઠિયાવાડ એકમની હું વર્ષોથી વાત કરું છું. કાઠિયાવાડની રેલ્વે બેહાલ પડી છે. ભાવનગર, જામનગર, મોરબી, પોરબંદરની જુદી જુદી રેલ્વે છે, અને ત્રીજા વર્ગમાં તો બત્તી જ શાની હોય! એટલે જ 'બાપુની ગાડી' એવું ઉપનામ આ રેલવેને મળ્યું ને? (હસાહસ) હું શામળદાસ કૉલેજમાં ભણતો ત્યારે પણ આ જ હાલ હતા. એટલે આ તો કેવળ ઉદાહરણ જ છે. એક તંત્ર, એક ટંકશાળ, અને એ ઐક્યમાં પ્રજા સાથે હોય તો સરદાર ના ન જ પાડે. કાઠિયાવાડમાં ઘણી શક્તિ છે."

છેવટમાં આશ્રિતોને લીધે વાતાવરણ તંગ બન્યાની જામસાહેબે વાત કરી. પણ એકંદરે શાંતિ રહી શકી છે. ઊઠતાં ઊઠતાં બાપુ કહે, "મેં જે કહ્યું છે તે યાદ રાખજો."

જામસાહેબ — હું વચન આપું છું કે, મને યા મારા રાજ્યને ફાયદો થાય કે નુકસાન થાય, પણ અમારા માટે જે પૉલિસી થશે તે જ ગ્રહણ કરીશ.

બપોરના ૩થી ૫ વર્કિંગ કમિટી ચાલી. વર્કિંગ કમિટીમાં જ બાપુએ દૂધ ફળ લીધાં, અને પછી પ્રાર્થનામાં ગયા. પ્રાર્થનામાં ભજનનો ઉલ્લેખ કર્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, "આપણું હિંદુસ્તાનનું નાવ પણ એક તૂટીફૂટી નાવડી છે. અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે, તું પાર ઉતાર. આજે 'લડકે લિયા પાકિસ્તાન' એમ નારા ફેલાવી ફેલાવીને કોમી વેરભાવમાં વધારો કરીએ છીએ. લડીને પાકિસ્તાન થયું એમ કોણ કહેવાનું છે? કૉંગ્રેસે હોંશથી હા પાડી, તો પાકિસ્તાન થયું. આપણી લડાઈ નિઃશસ્ત્ર હતી. મુસલમાનોએ માન્યું કે, હવે અમારું રાજ્ય થઈ ગયું છે, કાપો મારો. પછી શીખોએ, હિંદુઓએ વેર લીધું. કેટલાય સિંધીઓ સિંધથી ભાગે છે. મને કોઈ જબરજસ્તીથી કલમો પઢાવે તો હું તો કોઈ દહાડોય ન પઢું. હું મારા શોખથી ગમે તે પઢું. પણ કોઈ કહે કે, આ ફાતેહા પઢ નહિતર મારી નાખીશ, તો હું એમ જ કહેવાનો કે, મને મારી નાખો. હું ભલે મુઠ્ઠી હાડકાંનો હોઉં, પણ મારું હૃદય વિશાળ છે."

ત્યાર પછી જૂનાગઢની વાત કરી કે જૂનાગઢમાં પ્રજા હિંદુ છે. વળી તે હિંદુસ્તાનમાં જ આવવા માગે છે, તો જબરજસ્તીથી પ્રજાની ઉપરવટ થઈને કેમ પાકિસ્તાનમાં લઈ જવાય? હા, પ્રજા કહે કે, અમારે પાકિસ્તાન જવું છે તો ખુશીથી જાય. એનું નામ પ્રજાસત્તાક રાજ્ય. નહિતર ૧૫મીથી પ્રજા કોનાથી આઝાદ થઈ? અંગ્રેજથી જ થઈ ને? પણ એ તો એક કહેવત પ્રમાણે ઓલામાંથી ચૂલામાં પડ્યાં, એકથી રિબાતા હતા ત્યાં બીજામાં પડ્યા! અને આજે આપણે લડીશું તો દુનિયાની બીજી તાકાત ફરી આપણને ખાઈ જશે. હું તો એ કહેતો કહેતો મરીશ.

આપણે વેર લેવાની વાત છોડીએ. કોઈ મુસલમાન એવફા નીવડે તો હકૂમતને કહીએ. હકૂમત સજા કરશે."

પ્રાર્થના પછી ફર્યા. ફરીને રામમનોહર લોહિયા સાથે વાતો કરી. સરદાર સાથે વાતો. પ્રવચન તપાસ્યું અને ૧૦ વાગ્યે બાપુજી પથારીમાં પડ્યા.

—ચાલુ] **મનુબહેન ગાંધી**

સો વર્ષ ઉપર

થોડા વખતથી મુંબઈના 'ટાઇમ્સ ઑફ ઈંડિયા' પત્રે એક મજેદાર વાનગી આપવાની શરૂ કરી છે. તે પત્રને સો વર્ષ થઈ ગયાં, એટલે રોજ ૧૦૦ વર્ષ પર, જે તે તારીખે બહાર પડેલા તેના જૂના અંકમાંથી કાંઈક એ ઉતારે છે. એની પસંદગી જો બરોબર કરવામાં આવે, તો તેમાં ઇતિહાસ-રસની સાથે ૧૦૦ વર્ષ પછીની વર્તમાન પ્રસ્તુતતાનો ચટકો પણ લગાડી શકાય. આવા કેટલાક ઉતારા વાનગી રૂપે નીચે આપું છું.

૧

પંજાબ જિતાયા પછી અંગ્રેજોને હિંદમાં વ્યવસ્થિત રાજ્ય સ્થાપવાની શરૂઆત કરવાની થઈ. તેમણે નહેરો ખોદાવવાનું શરૂ કર્યું; પણ પછી અટકી ગયા અને રેલવે બાંધવામાં ગબડી ગયા, એ વળી બીજી વાત. આ કાળની ટાઇમ્સની ખબર નીચે ઉતારી છે:

નવેમ્બર ૩, ૧૮૪૯

"ખેતી માટે નહેરો — યોજવામાં આવેલી કે ખોદાવી શરૂ થયેલી નહેરોમાં ગંગાની નહેર મોટામાં મોટી છે. સાડા બાર લાખ પાઉન્ડ એના ખર્ચનો અંદાજ છે. લંબાઈ ૯૦૦ માઈલ છે; ને તે બધામાં વહાણ ફરી શકશે. ૫૫ લાખ એકર જમીનને તે પાઈ શકશે, અને ચાર લાખ પાઉન્ડ મહેસૂલ તે આપશે. લૉર્ડ ઑકલૅન્ડની કારકિર્દીમાં તે શરૂ થઈ. સારાં એવાં અનેક કામો પેઠે આ કામ એલનબરોના વખતમાં બાજુ પર ફેંકાયું, લૉર્ડ હાર્ડિંજે પાછું ચલાવ્યું. અને લૉર્ડ ડેલહાઉસીએ કહ્યું કે, સરકારને સારામાં સારી મદદ કરે એવા આ કામમાં કોઈ વિઘ્ન આડે આવવા દેવામાં નહીં આવે, જોકે તે વખતે સખત નાણાભીડ હતી. . . ."

યોજનાઓ કરવી અને તેનો અમલ કરવો એ જુદી વસ્તુ છે, એ પણ નોંધવા જેવું છે.

૨

બીજો ઉતારો છે તે આનાથી વધારે મજાનો છે. તે આપણી પ્રજા નોકરી ને અમલદારી વિષે શું સમજીને ચાલે છે તે બાબતમાં છે. આજે પણ એ દશામાંથી આપણે નીકળી ગયા છીએ એમ કહી શકાય ખરું? આપણા લોકમાં ઘર કરી બેઠેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગીરદારી ને રાજાશાહીના ખોટા ખ્યાલો એની જડમાં રહેલા છે. એમાંથી નીકળવું જોઈએ એ સ્પષ્ટ છે. નીચેનો ઉતારો આરસીરૂપ બને છે —

નવેમ્બર ૭, ૧૮૪૯

"સરકારી નોકરી કે અમલદારી અંગે જે પગાર અને હક મોભો વગેરે મળે છે, તેને હિંદુસ્તાનમાં તે પેટે કરેલા કામ કે બજાવેલી ફરજનું મહેનતાણું નથી મનાતું; પરંતુ સદ્‌ભાગ્યે જિંદગીમાં સારી રીતે ગોઠવાઈ ગયા, તે પદ કે નિમણૂકની સાથે મળતી વિશેષતા જેવું મનાય છે. પદના અધિકારી થવાથી કોઈને નોકરીમાં નીમીને કે બીજી રીતે ખટાવવાનો હક મળે છે, તે રાજ્યના ફાયદાને સારુ વાપરવાનો ટ્રસ્ટ છે એમ નહિ, પણ મિત્રોના લાભને માટે વાપરવા સારુ ઉપરથી મળતું વિશેષ છે, એમ મનાય છે. આ ભ્રમ ઊંચામાં ઊંચાથી માંડીને નીચામાં નીચા બધામાં અને બધા વર્ગોમાં પ્રવર્તે છે."

૩

અત્યારે આપણે ત્યાં રૂની તંગીની બૂમો પડે છે. ખરું જોતાં એ બૂમ અર્ધી સાચી છે; તે માત્ર ઊંચી જાતના રૂની બૂમ જ છે. બાકી સામાન્ય ટૂંકા રેસાનું રૂ તો આપણે ત્યાં બહુ છે. પણ તેને મિલો વાપરતી નથી, કેમ કે તેથી નફો ઓછો ઊતરે છે.

આ બૂમ જૂની છે. ઇસ્ટ ઇંડિયા કંપનીના જમાનામાં અંગ્રેજો એ બૂમ પાડતા, પણ જુદે કારણે. તે વિષે નીચેની નોંધ કહેશે. અને આપણા દેશના લોકસ્વભાવ વિષે પણ એમાં એક ટીકા છે, તે પણ બોધક લાગે છે.

ઑક્ટોબર ૩૧, ૧૮૪૯

दक्षिण हिंदमां रूनी खेतीना प्रयोगो

"૧૮૪૯ને અંતે અમારે ઇસ્ટ ઇંડિયા કંપનીનાં નાણાંનો દુર્વ્યય, રૂની પેદાશ અંગે ઇંગ્લન્ડ અમેરિકાથી સ્વતંત્ર બને તે સારુ અજમાવેલી વિજ્ઞાનયોજનાઓની નિષ્ફળતા, હિંદના મજૂરની હતી તેવી ને તેવી દશા, અને માન્ચેસ્ટરના ઉદ્યોગવાળાઓની આશાઓ ફોક થતાં તેમનો પાકો અસંતોષ . . . આ અમારે નોંધવાનું છે . . .

"હિંદના લોકોને યંત્રો પ્રત્યે અટળ સૂગ છે, અને તેઓ ટોળામાં ભેગા થઈ કામ કરવા તૈયાર નથી. તે સ્વભાવે નરમ-અને માને એવો આજ્ઞાળુ છે, અને એના ઉપર સીધી દેખરેખ હોય તો જ આજ્ઞા માનીને વર્તે છે. કપાસની ખેતીમાં કાંઈક કરી શકાય તો તે પૂર્વે તમારે આખા ખેડૂતવર્ગની બધી ટેવોમાં ધરમૂળથી પલટો કરવો જોઈશે; અને વખતની કિંમત છે એમ તેન લાગે એવું કરવું પડશે. તેમની જરૂરિયાતોની સંખ્યામાં તમારે વધારો કરવો જોઈશે; અને તેમના ઉપર નીચેના સૂત્રની અસર છે તે દૂર કરવી પડશે; તે સૂત્ર એમને એમ શીખવે છે કે, 'દોડવા કરતાં ચાલવું ભલું, અને ચાલવા કરતાં બેસવું ભલું, અને બેમાંનું એક કરવા કરતાં ઊંઘવું એ ઉત્તમ.'"

૪

આજે આવકવેરા-ચોરી એક મોટી પંચાત થઈ છે. કાળાં બજાર પેઠે તેને 'ધોળી' ચોરી કહીએ તો ચાલે. તેમાંથી શી રીતે બચી શકાય?

વળી અત્યારે કેટલાક લોકો જાણ્યેઅજાણ્યે પોતે સતા થઈને કહે છે કે, આપણી નીતિ બહુ ઊતરી ગઈ છે!

પણ નીચેની ટાઇમ્સની સો વર્ષ પરની નોંધ એમાં ઠીક વિચારપ્રેરક બનશે. તેમાંની મુંડકાવેરાની સૂચના ઠીક રમૂજી છે; તેમાં ચોરીની બારી તો ન રહે!

૧૩ ઑક્ટોબર, ૧૮૪૯

"હિંદની સરકારી આવકનો વિચાર કરતાં એક વાત સૌને દેખાય છે તે એ કે, તે બધી જ એક જ વર્ગ પાસેથી મળે છે — ખેડૂતવર્ગ. બીજા બે વર્ગો — પૈસાદાર વેપારીઓ અને આમ-પ્રજા — કાંઈ જ આપતા નથી. આ ભૂલ દૂર કરવા ઘણી વાર બે રસ્તા બતાવાય છે — આવકવેરો અને મુંડકાવેરો. જમીન સિવાયના સાધને થતી આવક પર વેરો લેવામાં ન્યાય છે એમાં શંકા નથી. પણ તે એકઠો કેવી રીતે કરવો? હિંદીની આવકનો ચોક્કસ આંકડો એની સંમતિ સિવાય મેળવવો લગભગ અશક્ય છે; અને વેરો આકારાવવા માટે કદી કોઈ એ સંમતિ આપે નહિ. બીજો રસ્તા સામે વજનદાર મત પડેલા છે; છતાં અમે હિંમતથી કહેવા માગીએ છીએ કે, મુંડકાવેરો જેવો અવહેવારુ લાગે છે તેવો એ નથી."

છૂટકતૂટક જોવા મળેલી ને સંઘરેલી આ સો વરસ પરની વાતો કેવી મજેદાર છે! ગુજરાતી જૂનાં છાપાંએ, આ પત્રની પેઠે, પોતાની આવી વાનગી જોઈ કાઢીને વાચકોને પીરસવા જેવી ગણાય.

૧૦-૧૧-'૪૯ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વનસ્પતિશાસ્ત્રની પરિભાષા

[જાન્યુઆરી ૧૯૫૦ના અંકથી ચાલુ]

Deciduous खरतल; ખરી પડે એવાં.

Decompound बहुधा – संयुक्त

Decumbent पार्श्वरोही

Decurrent अधोगामी

Decussate चौसार; દાંડી કે કાંડ ઉપર પત્ર બેસવાની આ એક પદ્ધતિ છે. તેમાં કાંડને ચાર બાજુએ એક બીજાથી કાટખૂણે પાન બેસે છે. એટલે દાંડીની ચાર બાજુ પાનની હાર લાગી રહે છે. કાંડ ઉપર પાન બેસવાની આ પદ્ધતિને चौसार पद्धति (Decussate arrangement) કહેવામાં આવે છે.

Dehiscent स्फोटक; फाटकणां; પાકે ત્યારે ફાટનારાં ફળ.

Dentate दांताळु

Dermatogen चर्ममण्डल; જ્યારે વનસ્પતિદેહનો કોઈ પણ ભાગ વધે છે ત્યારે તે વધનારા ભાગમાં રહેલા वर्धनशील कोष (Meristemic cells) સતેજ થઈને વિભાજિત થવા માંડે છે. વિભાજનથી અનેક બનેલા તે કોષો ત્રણ मण्डल (Zones)માં વહેંચાઈ જાય છે. આ ત્રણ मण्डलને आदिमण्डल (Histogens) કહેવામાં આવે છે. आदिमण्डलમાંનું છેક બહારની બાજુનું મંડલ તે चर्ममण्डल (Dermatogen) કહેવાય છે; છેક અંદરનું મંડલ તે मध्यमण्डल (Plerome) કહેવાય છે; અને તેને વીંટળાયેલું ચર્મમંડલની અંદરનું ત્રીજું મંડલ તે परिमण्डल (Periblem) કહેવાય છે.

(To) Devolve अपक्रमवुं

Devolution अपक्रान्ति

Diadelphous बेगुच्छी; ફૂલમાં પુંકેસરના કેસર ઘણી વાર જોડાઈ જઈ તેની નાની સરખી ભારી થાય છે. બધા કેસરની આવી એક જ ભારી થઈ હોય તો તે પુંકેસર एकगुच्छो (Monoadelphous) કહેવાય. જો જોડાયેલાં કેસરો બે ભારીમાં વહેંચાયેલાં હોય તે પુંકેસર बेगुच्छी (Diadelphous) કહેવાય. જો ચોંટેલાં પુંકેસરો બે કરતાં વધારે ભારીમાં વહેંચાયેલાં હોય તો તેવી સ્થિતિ अनेकगुच्छी (Polyadelphous) કહેવાય. પુંકેસરો જોડાયેલાં હોવાની સ્થિતિને गुच्छादारी (Adelphous Condition) કહેવાય.

Diamorphy स्वरूपद्वयी; એક જ છોડ ઉપર અગર એક જ જાતના જુદા જુદા છોડ ઉપર બેઠેલા ફૂલમાં પુંકેસર અને સ્ત્રીકેસર જુદાં જુદાં રૂપે આવેલાં હોય એવું કેટલીક વાર જોવા મળે છે. એક ફૂલમાં પુંકેસર નાનાં અને સ્ત્રીકેસર મોટાં હોય છે, અને બીજા ફૂલમાં પુંકેસર મોટાં અને સ્ત્રીકેસર નાનાં હોય છે. કીટપતંગ દ્વારા પરાગિત થતાં કેટલાંક ફૂલમાં ફળવા માટે આવી રચના બહુ જ અગત્યની છે અને તે ફૂલો બે સ્વરૂપનાં હોવાથી એ રચના स्वरूपद्वयी (Diamorphy)ના નામે ઓળખાય છે.

Diandrous द्विपुंकेसरी; બે છૂટાં પુંકેસરો હોય એવું.

Diatropism लंबवृत्ति

Dichlamydous बेवडां वज्रमणिवाळुं; જે ફૂલમાં ફૂલમણિ અને વજ બંને હોય તેવું ફૂલ બેવડાં વજમણિવાળું ફૂલ (Dichlamydous અગર Diplochlamydous) કહેવાય છે. જો ફૂલમાં વજ અને ફૂલમણિ બે ન હોય પણ એ બેમાંથી એક જ હોય, તો તેવું ફૂલ एकवडां वज्रमणिवाळुं (Haplochlamydous અગર તો Monochlamydous) કહેવાય.

Dichoygamy भिन्नपाक; કેટલાંક ફૂલમાં પુંકેસર અને સ્ત્રીકેસર બંને હોય છે. પરંતુ એક જ ફૂલનાં પુંકેસરથી તે જ ફૂલનાં સ્ત્રીકેસરને ફળતું અટકાવવા માટે કુદરતી યોજના એવી હોય છે કે તે બંને એક સાથે પાકે નહીં. સ્ત્રીકેસર પકવ થયાં હોય ત્યારે તે જ ફૂલનાં પુંકેસર કાચાં હોય; તેથી તે પકવ સ્ત્રીકેસર બીજા ફૂલના પરાગથી જ ફળી શકે. કેટલાંક ફૂલમાં પુંકેસર પહેલાં પાકે છે અને સ્ત્રીકેસર કાચાં હોય છે. સ્ત્રીકેસર પાકે ત્યાં સુધીમાં તો તે જ ફૂલનો પરાગ પવન વાટે ક્યાંય તણાઈ ગયો હોય. પુષ્પ સ્વપરાગિત થઈને ફળે નહિ તે માટે જુદા જુદા સમયે પુંકેસર અને સ્ત્રીકેસર પાકવાની પદ્ધતિ भिन्नपाकને નામે ઓળખાય છે. જે ફૂલમાં પુંકેસર વહેલાં પાકે તે ફૂલ प्रथमपरागी (Protandrous) કહેવાય છે. જે ફૂલમાં સ્ત્રીકેસર વહેલાં પાકે તે ફૂલ अन्त्यपरागी (Protogynous) કહેવાય છે. प्रथमपरागो અને अन्त्यपरागी શબ્દો નામ તરીકે પણ વાપરી શકાય અને તેના અર્થ અનુક્રમે Protandry અને Protogyny થાય.

Dichotomy द्विगुणो शाखापद्धति (Ref :- Branching).

Diclinous एकलिङ्गी फूल

Dicotyledon द्विदल वनस्पति

Dioecious एकलिङ्गी छोड; કેટલાક છોડ ઉપર ફક્ત નરફૂલો જ હોય છે અને તે જ જાતના બીજા છોડ ઉપર ફક્ત નારીફૂલો જ હોય છે. આમ જે છોડ ઉપર એક જ જાતિનાં ફૂલ બેસે તેવા છોડ एकलिङ्गी (Dioecious)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડ કહેવાય. જો એક જ છોડ ઉપર નર અને નારી જાતનાં એમ બંને પ્રકારનાં ફૂલ બેસતાં હોય તો તે છોડ बेलिङ्गो छोड (Monoecious) કહેવાય. જો એક જ જાતનાં ત્રણ છોડ ઉપર, એકમાં ફક્ત નરફૂલ જ બેસે, બીજામાં માત્ર નારીફૂલ અને ત્રીજામાં નર અને નારી એમ બંને જાતનાં ફૂલ બેસે તે છોડ विभक्तलिङ्गी छोड (Trioecious) કહેવાય. જો એક જ છોડ ઉપર નરફૂલ, નારીફૂલ તેમ જ ઉભયલિંગી ફૂલ એમ ત્રણે જાતનાં ફૂલ બેસતાં હોય તો તેવો છોડ सर्वलिङ्गी छोड (Polygamous) કહેવાય.

Diploid पूर्णसूत्री वि०; અપક્વ જાતીય કોષમાં રહેલા રંગસૂત્રો (Chromosomes)ની સામાન્ય સંખ્યા હોય તેવું. પક્વ જાતીય કોષમાં તેથી અડધી સંખ્યામાં રંગસૂત્રો હોય છે તેથી તે अर्धसूत्री वि० (Haploid) કહેવાય. Triploid માટે सार्धसूत्री અને Polyploid માટે अनेकसूत्री શબ્દો વાપરી શકાય.

Diploid cell पूर्णसूत्री कोष

Diploid Condition पूर्णसूत्रता

Disc चक्रति; कर्णिका

Dominant प्रभावी; બહાર તરી આવતું જોરદાર લક્ષણ. તેથી ઊલટું તે निष्प्रभावी (Recessive)

Duramen (Heartwood) मध्यकाष्ठ; (Cf :- Sapwood रसवाही काष्ठ)

Drupe अष्ठिफल; પ્રત્યેક ફળનું ઢાંકણ તે फलचर्म (Pericarp) કહેવાય. फलचर्मના ત્રણ વિભાગ હોય છે. બહારનો વિભાગ તે बहारनुं फलचर्म અગર તો बाह्यफलचर्म (epicarp), વચલો વિભાગ તે वचलुं फलचर्म કે मध्य फलचर्म (Meso–carp) અને છેક અંદરનો વિભાગ તે अंदरनुं फलचर्म કે अन्तः फलचर्म (endo-carp) કહેવાય. જે ફળમાં अन्तः फलचर्म કઠણ બની ગયેલું હોય તે ફળ अष्ठिफल (Drupe) કહેવાય.

— ચાલુ]

બંસીલાલ ગાંધી

શિક્ષણ અને વહેવાર

અનેક રીતે માણસ પ્રગતિ કરે છે. અનુભવ, વડીલોની શીખ, મુસાફરી, સારી સોબત, વગેરે પ્રગતિ કરવાના જુદા જુદા રસ્તાઓ છે. આ સઘળામાં કેળવણી એક મુખ્ય રસ્તો છે. ગ્રીસ દેશના એક તત્ત્વજ્ઞાની પાઇથાગોરસે કહ્યું હતું કે, “A trained intellect is the chorus of divinity.” (કેળવાયેલી બુદ્ધિ એ પ્રભુતાનું ગાન છે.) બીજી એક કહેવત છે કે, “Knowledge is Power” (જ્ઞાન એ શક્તિ છે.) આ કથનો સાચાં છે. કેળવાયેલા માણસ પાસે એક એવું બળ છે કે જે વડે એ પોતાનું ધારેલું કાર્ય પાર પાડી શકે છે. અને માણસની બુદ્ધિને સાચી રીતે કેળવવામાં આવી હોય તો એ મનુષ્ય પ્રભુની પ્રતિકૃતિરૂપ બનતો જાય છે. એટલે કેળવણી આજ ગમે તે કારણથી અળખામણી થઈ પડી હોય છતાં મનુષ્યની પ્રગતિનું મુખ્ય સાધન છે.

તમે કદાચ પૂછશો કે, આપણી સ્કૂલો અને કૉલેજોમાં આપણે જે શીખીએ છીએ તેનો વહેવારિક ઉપયોગ શો? જે વિષયો શીખી ભૂલી જ જવાના હોય અને જીવનમાં જે ઉપયોગના જ ન હોય એ વિષયો પાછળ વખત વ્યતીત કરવો એ શું એક પ્રકારનું ગાંડપણ નથી? હા, એ વાત સાચી છે કે, અત્યારની કેળવણીમાં ઘણી ઊણપ છે, અને તેથી એ સુધારવા આપણે પ્રયત્ન કરવો જોઈએ. પણ આજની કેળવણીમાં દોષ છે એમ કહી એના ગુણ તરફ પીઠ ફેરવવી એ ન્યાય નથી. કાંટાને લીધે આપણે ગુલાબના રોપાને ઉખેડી નાખતા નથી. ફળનો રસ ચૂસી લઈ એની છાલ આપણે ફેંકી દઈએ છીએ; અનુભવના પ્રસંગો ભૂલી જઈ એનો પાઠ આપણે મગજમાં સંગ્રહી રાખીએ છીએ; એમ શીખેલા વિષયોની શુષ્ક વિગતો ભલે આપણે વીસરી જઈએ, છતાં એમાંથી નીપજેલી શક્તિ આપણે સંગ્રહી રાખીએ છીએ. અને જીવનમાં એ જ શક્તિ આપણને પ્રગતિને શિખરે લઈ જાય છે. શાળાઓમાં શીખવાતા વિષયો ભલે “વહેવારિક ઉપયોગિતાવાળા” નહિ હોય, પણ એમાંથી મનની જે શક્તિ ખીલે છે, તે દ્વારા એકાગ્રતાનું જે બળ આપણે કેળવી શકીએ છીએ, એ તો જીવનના ક્ષેત્રમાં ઉપયોગી છે જ ને? અને કેળવણીથી એકાગ્રતા કે માનસિક શક્તિ પ્રાપ્ત થતી હોય તો “કેળવણીની વહેવારિક ઉપયોગિતા” નથી, એ કહેવાનો અર્થ શો છે તે સમજાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જ કેળવણીથી જો આપણે પ્રગતિ કરી શકતા હોઈએ, આપણી દૃષ્ટિ વિશાળ બનતી હોય, આપણું જીવન ઊર્ધ્વગામી બનતું હોય, તો કેળવણીની કિંમત મહાન છે, અને તે સૌને માટે સ્ત્રી-પુરુષ ઉભયને માટે 'રોટલી' કરતાંય વધારે જરૂરની છે.

રાજપીપળા **હીરાલાલ છોટાલાલ બક્ષી**

તંદુરસ્તીનું વર્તુલ

[આહારશાસ્ત્રની સમજ આપતી સંવાદમાળાનો આગળનો મણકો]

રમા — બા, કાલે આપણે સાબરમતી આશ્રમમાં ગાયો જોઈ એવી ગાયો આપણા ગામમાં તો કોઈ દહાડો નથી જોઈ. કેટલી ઊંચી ને દેખાવડી હતી! દૂધ તો ભેંસના જેટલું દીધું. ને ખાંડ વગર તે પીધું તોય કેટલું મીઠું લાગ્યું! અને અહીં ધૂળીબાઈ ગાયનું દૂધ લાવે છે તે તો પાણી જેવું ને ફીકું લાગે છે. એ બધો ગાયોના ખોરાકનો ફરક હશે?

બા — ખોરાકનો ફરક તો ખરો જ. પણ ગાયોની જાતમાં પણ ફરક છે. આશ્રમની કાંકરેજી ગાયો છે તે આપણી અહીંની ગાયો કરતાં વધારે જાતવાન હોય છે. પાટણ કડી પાસેના કાંકરેજ પ્રદેશમાં પેદા થતી હોવાથી તે કાંકરેજી ગાય કહેવાય છે.

રમા — બા, કાંકરેજ પ્રદેશના જેવી ગાયો આપણે ત્યાં કેમ પેદા નહીં થતી હોય?

બા — એવા ખાસ ખાસ વિભાગોમાં જ સારાં જાનવર પેદા થાય છે. ગીરનારમાં ગીર ગાય, કાંકરેજમાં કાંકરેજી, મહારાષ્ટ્રમાં કૃષ્ણાકાંઠે ખિલાર, એ પ્રસિદ્ધ જાતની ગાયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે, તે વિભાગોમાં જે ઘાસ પેદા થાય છે તે ઘણું જ મીઠું ને પોષણવાળું હોય છે. એ ઘાસ ઉપર નભતાં જાનવર કદાવર અને જાતવાન બને છે.

ગૌતમ — કાકી, એ ઘાસનાં બી આપણે ત્યાં લાવીને વાવીએ તો?

ડાહીબહેન — બાબા, એ તો જમીનના ગુણ. એ બી આપણે ત્યાં વાવીએ તોય ત્યાંના જેવું ઘાસ ન થાય. ત્યાંની જમીનમાં જે કસ છે તે અહીંની જમીનમાં નથી. અરે, આપણા વિભાગની જ વાત લોને. કેમ રમા, આપણે નવાગામ મામાને ઘેર ગયાં હતાં ત્યારે મામાને ત્યાંનો ભાત કેટલો મીઠો લાગતો હતો? અને એ જ જાતની ડાંગરનો ભાત નવાગામના માસ્તરને ત્યાં ખાધો તેમાં સ્વાદ ઓછો હતો. મામાના ખેતરના વગાની જમીનમાં એવો ગુણ છે.

રમા — જમીન ઉપર એટલો બધો આધાર રહેતો હશે?

બા — એટલો જ નહિ, એથી વધારે આધાર રહે છે. છેવટે તો અનાજને જમીનમાંથી જ કસ કે પોષણ ચૂસવાનું હોય છે,. ને કૂવામાં હોય તો હવાડામાં આવે ને? કસવાળી જમીનમાં કસવાળું અનાજ પાકે અને કસ વગરની જમીનમાં કસ વગરનું. એટલું જ નહિ, કસ વગરની જમીનમાં રોગનાં જંતુ પણ ઘણાં એકઠાં થાય છે. કસવાળી જમીન રોગનાં જંતુઓના હુમલાને પાછો ભગાડી શકે છે, ત્યારે નબળી જમીન એ હુમલાને તાબે થઈ જાય છે, તેનો સામનો કરવાની તેમાં તાકાત નથી હોતી. નબળી ગાયને બગાઈઓ ઘણી વળગે, એ તો કુદરતનો કાયદો જ છે. એવી નબળી જમીનમાં જંતુઓ પાકને કાં તો ખાઈ નાખે છે અથવા તો બગાડી નાખે છે. એવું બગડેલું અનાજ ખાવાથી માણસની તંદુરસ્તી પણ બગડે છે.

રમા — એટલે એમ જ કહોને કે, જમીન સાજી તો આપણે સાજાં ને જમીન માંદી તો આપણે માંદાં.

બા — વાતનો ખરો મર્મ સમજી તું, રમા. જમીનની તન્દુરસ્તી, જાનવરની તન્દુરસ્તી, માણસની તન્દુરસ્તી, એવી જુદી જુદી તન્દુરસ્તી જેવી ગોઠવણ કુદરતમાં છે જ નહીં. કુદરતમાં તન્દુરસ્તી એક ને અખંડ છે. અથવા કહો કે તન્દુરસ્તીનું એક વર્તુલ છે. એથી પણ વધારે સીધી રીતે કહેવું હોય તો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહો કે, તન્દુરસ્તી એ પોષણનાં દ્રવ્યોનું ગોળાકાર પરિભ્રમણ છે. જમીનમાંથી ઘાસમાં કે અનાજમાં, ઘાસમાંથી જાનવરમાં, અનાજમાંથી ને જાનવરમાંથી માણસમાં, ને છેવટે ઘાસ, જાનવર તથા માણસમાંથી જમીનમાં, એમ પોષણનાં દ્રવ્યોનું પરિભ્રમણ ચાલ્યા જ કરે છે. જ્યાં દ્રવ્યોએ પોતાની ધરી છોડી કે આગળ એટલી ખોટ પડી જ છે. એટલે આપણી તન્દુરસ્તીનો આધાર જેમ જમીન પર છે તેમ જમીનની તન્દુરસ્તીનો આધાર આપણા ઉપર છે. જે દ્રવ્યો જમીનમાં જવાં જોઈએ તેમને પરિભ્રમણ કરતાં રોકી જમીનમાં ન જવા દઈએ, તો જમીનની તન્દુરસ્તી બગડે જ ને છેવટે તેનું પરિણામ પાછું આપણે જ ભોગવવું પડે.

રમા — તેં જે સારા ઘાસના પ્રદેશો ગણાવ્યા ત્યાંના લોકો દ્રવ્યોના પરિભ્રમણને નથી રોકતા ને બાકીના પ્રદેશમાં બહુ રોકે છે કે શું?

બા — સારા ઘાસવાળા પ્રદેશોની જમીન ગુણવાળી હોવાનું કારણ માણસ કરતાં કુદરતી પરિસ્થિતિ છે. એક કારણ તો જમીનનું પોતાનું બંધારણ. તેમાં મૂળથી જ પોષક દ્રવ્યો પૂરતા પ્રમાણમાં હોવાનો સંભવ છે. વધારામાં દર વર્ષે નદીનો કાંપ કે પર્વત પરથી માટી ધોવાઈ ને એ પ્રદેશમાં પથરાયા કરે છે. બાકીના પ્રદેશોમાં આવી કુદરતી સગવડ ન હોય ને લોકો દ્રવ્યોનું પરિભ્રમણ રોકતા હોય તો જમીનનો કસ ઘટતો જાય.

ગૌતમ — કાકી, પરિભ્રમણ રોકવું એટલે ખાતર ન નાખવું એ જ ને?

ડાહીબહેન — હા, પણ ખાતરનો અર્થ ઢોરનું ખાતર એટલો જ નહીં. ઢોરનું છાણમૂતર એ તો અનેકમાંથી એક જાતનું ખાતર છે. હાડકાં, રાખ, ઘરનો ને ગામનો કચરો, પાંદડાં ને મનુષ્યનાં મળમૂતર તથા ખોળ, એમ જાત જાતની વસ્તુઓને સડાવવાથી ઉમદા ખાતર તૈયાર થાય છે. એ બધી વસ્તુઓ પર જમીનનો હક છે ને તે તેને પહોંચાડવી જોઈએ. જેટલાં પ્રમાણમાં એ ન પહોંચે તેટલા પ્રમાણમાં જમીનની તન્દુરસ્તી બગડે. આપણા દેશમાં જમીનની તન્દુરસ્તી દુનિયાના ઘણા દેશો કરતાં ઘણી બગડી ગઈ છે. ચીન જાપાનના લોકો દ્રવ્યોનું પરિભ્રમણ બરાબર જાળવે છે, તેથી ત્યાંની જમીનમાં અહીં કરતાં ત્રણ ગણું પાકે છે. વળી જમીન પર એક મોટો ઘસારો પણ રહ્યા કરે છે. ઊંચીનીચી હોવાને કારણે ઘણાંય ખેતરોની જમીન ધોવાઈ જાય છે. એક બાજુ ખાતર નાખો ને બીજી બાજુ જમીન ધોવાવા દો, તો ખાતર ન નાખ્યા બરાબર જ છે. તો પછી ખાતર નાખ્યા સિવાય જમીન ધોવાયા કરે તેનું તો પૂછવું જ શું? આમ આપણા લોકોની તન્દુરસ્તી સુધારવાની દૃષ્ટિએ જમીનનું ધોવાણ રોકવું ને તેમાં ખાતરો દ્વારા પોષણનાં દ્રવ્યો પહોંચાડ્યા કરવાં એ બહુ મહત્ત્વનો સવાલ છે.

રમા — પણ બા, એ કહે કે, આપણી જમીનમાં ખૂબ ખાતર નાખીએ ને સારા પ્રદેશના ઘાસનાં બી વાવીએ તો ત્યાંના જેવું ઘાસ અહીં થાય કે નહિ?

બા — સમજી ગઈ તારી મતલબ. તારી દાનત સારી ગાય તરફ છે. ઘાસને સારું બનાવનારાં તો બે જ વાનાં છે. જમીનનો કસ ને બી. ખાતર નાખવાથી જમીનનો કસ વધે છે એ ખરું, પણ તે પહેલાં જમીનનું બંધારણ તપાસવું જોઈએ. બંધારણમાં જે દ્રવ્યોની ઊણપ દેખાય તે દ્રવ્યોવાળાં ખાતર નાખવાથી જમીનની ઊણપ પુરાઈ જાય. માટીની તપાસ કરી એવી ઊણપો ઓળખવાની કળા વિજ્ઞાને આજે હસ્તગત કરી છે. ને તેને અનુરૂપ ખાતર પણ તે બતાવી શકે છે. આવી શાસ્ત્રીય ઢબે કામ લેવામાં આવે તો જરૂર પોષણવાળું ઘાસ અહીં પણ પેદા થાય. પછી જેમ જમીન અને બીનો મેળ બેસવાથી સારું ઘાસ પેદા થાય છે, તેમ સારું ઘાસ ને જાતવાન ગાય એ બે વાનાં ભેગાં કરો એટલે તારી મનોકામના પૂરી થાય ને આશ્રમના જેવી ગાયો તું અહીં જોતી થઈ જાય. આબોહવાના ફરકને કારણે કદાચ તે પ્રદેશની ને અહીંની ગાયોમાં થોડોઘણો ફરક રહે, પણ તે મહત્ત્વનો નહિ હોય.

— ચાલુ]

ઝવેરભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રગતિ છે?

ઈ. સ. ૧૯૨૭માં અમેરિકાથી યુરોપ સુધી 'અટક્યા વગરની' પહેલવહેલી હવાઈ મુસાફરી કરનાર સુપ્રસિદ્ધ વિમાની શ્રી૦ ચાર્લ્સ એ. લિંડબર્ગને અમેરિકાની વિમાની પ્રગતિમાં 'કાયમી' ફાળો આપવા બદલ એનાયત કરવામાં આવેલી ટ્રોફીનો સ્વીકાર કરતી વખતે તા. ૧૭મી ડિસેંબર '૪૯ના રોજ પોતે આપેલા ભાષણમાં તેણે જણાવ્યું :

"અંગત રીતે મને ખાતરી થઈ છે કે, માણસ માટે આપણે જે હૂંફાળા ઓરડાનું વાતાવરણ સરજી રહ્યા છીએ તેમાં તે અચોક્સ મુદ્દત સુધી ખીલી શકશે નહીં. હું એમ માનું છું કે, હંમેશને માટે તેણે એક જાત તરીકે કાયમ રહેવું હોય, તો તેણે વિજ્ઞાનની સાથે સાથે જીવનના બીજા ગુણો સરખા જ વિકસાવવા જોઈશે. જેવા કે, મનના ગુણો ઉપરાંત શરીર અને આત્માના ગુણો. પરંતુ પોતે જે ધરતી ઉપર જન્મ્યો છે, તે ધરતીના સ્પર્શમાંથી તે જો પોતાને યંત્રવિજ્ઞાન અને મોજશોખનાં સાધનો દ્વારા વધુ ને વધુ અલગ પડવા દેશે, તો એ ગુણો તે હરગિજ ખીલવી શકશે નહિ.

"આપણે એ સમજવું જોઈએ કે, પ્રજ્ઞા અને વિવેકશક્તિ પણ મન જેટલાં જ શરીર ઉપર આધાર રાખે છે. આ કારણે જ હું કહું છું કે, વિમાન મારામાં વિરોધી લાગણીઓ પ્રેરે છે. તે જેટલું આપણી પ્રગતિનું પ્રતીક છે, તેટલું જ તે આપણે પાછળ મૂકેલા જીવન-ધર્મોનું પણ પ્રતીક છે; અને આપણે તાત્ત્વિક અર્થમાં સફળ નીવડવું હોય તો તે ધર્મો આપણે પાછા મેળવવા જ પડશે.

"અલબત એ ગુણો આપણે ઘડિયાળનો કાંટો પાછો ફેરવીને કે બીજી કોઈ ક્રાંતિકારક રીતે પાછા નહિ મેળવી શકીએ. મારું માનવું છે કે, એમ કરવા માટે આપણે આપણાં ધોરણોનું મૂલ્યાંકન જ નવેસર કરવું પડશે તથા માણસના ચારિત્રને, માણસે ઉપજાવેલી વસ્તુઓની કિંમત કરતાં ઊંચું સ્થાન આપવું પડશે. આપણે જો અંતે સફળ નીવડવું હશે, તો આપણી વૈજ્ઞાનિક સિદ્ધિઓનું મૂલ્ય માણસ ઉપર તેમની થતી અસરો વડે આંકવું પડશે."

વિજ્ઞાન અને યંત્રવિદ્યાની મોટી ગંજાવર ચીજો જોઈ, પ્રાકૃત મનમાં પ્રથમ દૃષ્ટિએ અદ્ભુતતાનો અહોભાવ જન્મે છે. એ જાતનું પ્રાકૃત ભોળપણ આપણે ત્યાં છે; કારણ કે, આપણે હજુ એ બાબતમાં ગોરાઓના નવા ચેલા છીએ. પ્રગતિને મૂલવવાનાં આ બાહ્ય સ્થૂલ ધોરણો આપણે દરેક બાબતમાં લાગુ પાડવા લાગ્યા છીએ. યુનિવર્સિટી જેવી વસ્તુનું મૂલ્ય પણ આપણે સંખ્યા, મકાન, ભભકો, વૈભવ ઇત્યાદિથી જ આંકી શકીએ છીએ. મોટાં કારખાનાં ને તેની ધમાચકડી વગેરે તો આપણને પ્રગતિ અને આબાદી લાગે જ છે.

સોવિયેટ રશિયા કે જેની આ બાબતની દોડ પણ હજુ નવી નવી ગણાય, ત્યાં પણ એ જ જાતનો ભાવ પ્રવર્તે છે. ત્યાંની પરિસ્થિતિનું અનુભવપૂર્વકનું મૂલ્યાંકન કરતા એક નવા પુસ્તક 'લૉસ્ટ ઇલ્યુઝન' (— 'ભાંગેલો ભરમ') * માં આ બાબતના જે ઉદ્ગારો છે, તે આપણે પણ ધ્યાનમાં લેવા જેવા હોઈ અહીં ઉતાર્યા છે:—

"મોસ્કોમાં જે પરદેશી મુલાકાતીઓને હું મળી, તેઓ તો ક્રાંતિ બાદ રશિયામાં જે નવાં કારખાનાં અને વિદ્યુતોત્પાદક કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં હતાં, તેટલાથી જ પ્રસન્ન થતા હતા. તેઓને સોવિયેટ યંત્રોદ્યોગીકરણની આ બાહ્ય સ્થૂલ નિશાનીઓની સામાજિક કિંમત કે ઉપયોગિતા વિચારવામાં રસ જ ન હતો.

"છતાં રશિયાના લોકોની દૃષ્ટિએ વિચારીએ તો બહુ વખણાયેલ 'યંત્રોદ્યોગના મોરચા ઉપરની અમાનુષી સિદ્ધિઓ'નો અર્થ તેમને માટે કષ્ટ, પૂરતા પોષણનો અભાવ, અને વધારેપડતો શ્રમ જ થતો હતો. આ બધી ગંજાવર ઇમારતો તેમની

---

* લે૦ ફ્રેડા ઊટલે: પ્રકા૦ જ્યાર્જ ઍલન ઍન્ડ અન્વીન લિ૦, લંડન, ૧૯૪૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરિયાતોને જરા પણ સંતોષતી ન હતી તથા કદી સંતોષશે પણ નહિ.

"રશિયાએ ઉપાડેલી 'પંચવર્ષીય યોજના'ના કરુણ ફારસનું દૃષ્ટાંત એક ખેડૂત બાઈની ટીકામાં આપણને જોવા મળે છે. તેણે રશિયામાં પહેલવહેલું ટ્રેક્ટર જોયું ત્યારે તે ખિન્નતાપૂર્વક અને લોલુપતાભરી નજરે બોલી ઊઠી, 'આટલા લોખંડમાંથી કેટલી બધી ઢગલાબંધ ખીલીઓ બની શકી હોત!'

"લોકોને અન્ન, વસ્ત્ર, જોડા, મકાન અને આજીવિકા કમાવા માટે સામાન્ય ઓજારો જોઈતાં હતાં; તેને બદલે તેમને વેઢે ગણાય તેટલાં મોટાં મોટાં કારખાનાંના રૂપમાં ઘંટીનો પથરો ગળે બાંધવામાં આવ્યો. એ કારખાનાં કાં તો વધુ યંત્રો આયાત કરવા માટે ચલણી નાણું મેળવવા પરદેશ નિકાસ કરવાની વસ્તુઓ બનાવતાં, અથવા તો સોવિયેટ રાજ્યનું રક્ષણ કરવા અસ્ત્ર-શસ્ત્ર તૈયાર કરતાં. લોકોનું રક્ષણ કરવા માટે નહિ જ; કારણ કે તેમને તો શબ્દશઃ 'પોતાની બેડીઓ સિવાય કશું ગુમાવવાનું જ રહ્યું ન હતું.'

"એક મે-દિવસના ઉત્સવ વખતે હું મૉસ્કોમાં નીકળેલા સરઘસમાં ચાલતી હતી. તે વખતે મારી જોડમાં ઑસ્ટ્રિયાનો એક સામ્યવાદી હતો. તેણે વિમાની તરીકે લાલ લશ્કરમાં નોકરી કરી હતી. હું હજુ બધા પ્રસંગોએ મારી જીભ બંધ રાખતાં શીખી ન હતી; તેથી 'સોવિયેટોના રાજમહેલ'ના પાયાઓ પાસે થઈને પસાર થતી વખતે હું બોલી ઊઠી કે, આને બદલે પ્રથમ તો કામગારો માટેનાં મકાનો બાંધવા માંડ્યા હોત તો વધારે સારું થાત.

"પેલાએ કહ્યું, 'અરે! તમે જાણતાં નથી કે, આ તો એશિયાવાસી લોકો છે? તેઓ રાજસત્તાને શિરોમાન્ય કરે તે માટે રાજસત્તાની તાકાત અને ભભકની સ્થૂલ સાબિતી વડે તેમને આંજી નાખવા માટે આવા મહેલો બનાવવા જ જોઈએ. લોકોને રહેવા માટે સુઘડ ઘરો આપવા કરતાં, રાજ્યતંત્રની દૃઢતા માટે આ વસ્તુની ઘણી વધારે અગત્ય છે.'

"રશિયાના લોકોને મન સમાજવાદનો અર્થ શો થઈ રહ્યો છે તેના દૃષ્ટાંત તરીકે મૉસ્કોમાં કહેવાતો એક ટુચકો બસ થશે. કૉમ્યુનિસ્ટ પાર્ટીનો એક પ્રચારક ગામડામાં ગયો અને ત્યાં ભેગા થયેલા ખેડૂતો આગળ સમાજવાદે ખડી કરેલી ઇમારતોની અદ્ભુતતાનો ભભકભર્યો અહેવાલ આપવા લાગ્યો. તેણે પોતાનું ભાષણ પૂરું કર્યું એટલે ઘરડા ખેડૂતોમાંનો એક ઊભો થઈને કહેવા લાગ્યો:

'બિરાદર, ખરેખર એ બધું અજાયબીભર્યું લાગે છે ખરું; પરંતુ અમારા આ પહેરવેશ તરફ જરા જુઓ — ચીંથરા સિવાય કશું પહેરવાનું રહ્યું નથી, અને ગામની દુકાનમાં કશું ખરીદવાનું નથી.'

"જવાબમાં પેલો કૉમ્યુનિસ્ટ ગુસ્સાથી અને તુચ્છતાપૂર્વક ત્રાડી ઊઠ્યો: 'લૂગડાં માટે આ બધી પોકો શાની પાડો છો? આફ્રિકા અને દક્ષિણ સમુદ્ર તરફના પ્રદેશો જેવાં સ્થળોએ તો લોકોને કાંઈ જ પહેરવા મળતું નથી.'

"પેલો ખેડૂત માથું ખંજવાળતો વિચારમાં પડી જઈને બોલ્યો: 'ત્યારે તો તે લોકોને સમાજવાદ બહુ પહેલેથી મળ્યો હોવો જોઈએ.'

"જાણ્યે અજાણ્યે એવું મનાવા લાગ્યું છે કે, મૂડીવાદી દેશોમાં સૌથી આગળ વધેલો અમેરિકા દેશ જગતમાં સૌથી ઊંચાં મકાનોવાળો છે. હવે રશિયા જો સૌથી મોટાં કારખાનાં બાંધી શકે, તો તે દેશ પણ કોઈ પ્રકારે શ્રેષ્ઠ સાબિત થયો કહેવાય. પ્રગતિ અને ભભકાનો આ એશિયાવાસી ખ્યાલ સોવિયેટ સંઘના કેટલાક અમેરિકન પ્રશંસકોએ પણ સ્વીકારી લીધો છે.

"રશિયા જેવા પછાત દેશમાં, યંત્રોદ્યોગની બાબતમાં આગળ વધેલા દેશોની મૂડી વિના આટલાં જલદી આવડાં ગંજાવર રાક્ષસી વિદ્યુતોત્પાદક કેન્દ્રો, નહેરો, રસ્તાઓ અને કારખાનાંઓ બાંધવાં હોય તો તે સમગ્ર પ્રજાની મજૂરી ગુલામીની રીતે બળાત્કારે મેળવ્યા વિના શક્ય જ ન બને. ઇજિપ્તના પિરામિડો પણ ગુલામોની મજૂરી વિના બાંધી શકાયા ન હોત; તે જ વસ્તુ રશિયાના 'પંચવર્ષીય રાક્ષસોના બાંધકામો'ની બાબતમાં પણ સાચી છે."

ગ્રો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંગી અંગે નાગરિક ધર્મ

ન્યૂયૉર્ક ટાઇમ્સના તા. ૧૬-૧૨-'૪૯ના અગ્રલેખમાંથી નીચેનો ઉતારો છે :—

"તમે જો સારા નાગરિક અને સારા પડોશી હશો તો આજે પાણીની ચકલીથી દૂર રહેશો. પાણીની આ 'રજા' પાળવા માટે સરકારે સૂચવેલી કેટલીક રીતોથી ભલે પોતાની મેળે બહુ પાણી બચી નહીં શકે. પરંતુ અત્યારે આપણે એ હદે પહોંચ્યા છીએ કે થોડોક બચાવ પણ કીમતી થઈ પડે તેમ છે. અને પૈસો પૈસો બચાવવા માટેની પેટીની પેઠે કરકસરની ટેવ પાડવામાં એની અસર અગત્યની છે. આજે હજામતો બંધ હોવાથી, દાઢી ફૂટેલા ચહેરાઓથી ભરેલા શહેરનો ભીષણ દેખાવ જ કદાચ આપણને આવશ્યક પાણી બચાવવાની ફરજમાં પ્રેરશે; નહીં તો પછી એથી પણ આકરાં પગલાં લેવાં રહેશે. સવારના નાસ્તાથી માંડીને બધાં વાસણો ભેગાં જ કરવા માંડો; અને તમારો પતિ ઘેર પાછો આવશે ત્યારે તમને તે ઢગલો પતવવામાં મદદ કરશે. નળ તરફ જ્યારે જ્યારે તમે વળો, ત્યારે તમારી જાતને પૂછજો : આ જળજાત્રા જરૂરી છે ખરી? આજે પાણીને ન અડચા તે બદલ આજથી એક મહિના બાદ તમે ખરેખર રાજી થશો. પાણીની તંગી ગંભીર છે. તમારાથી બનતું કરી છૂટો."

અમેરિકાના પ્રથમ પંક્તિના દૈનિકમાં પ્રથમ અગ્રલેખ તરીકે ઉપરનો ફકરો જોઈ આપણે તો નવાઈ પામી જઈએ. આજે આપણા અમદાવાદ શહેરમાં પાણીની તંગી એટલી જ તીવ્ર છે અને હજુ વધે એની બીક છે. એવે વખતે એક દિવસ હજામત નહીં કરવાની અને ન નાહવાની જાહેરાત સુધરાઈ તરફથી કરવામાં આવે, તો કૉંગ્રેસ સરકારના માથા ઉપલા રહ્યાસહ્યા વાળ પણ ખરી પડે તેટલી ગાળો એને માથે વરસે! પરંતુ એ વાત છોડી, ન્યૂયૉર્ક શહેરની પાણીની કટોકટી તથા તેને પહોંચી વળવા લેવામાં આવેલા ઉપાયો જ અત્યારે આપણે જરા સમજી લઈએ.

ન્યૂયૉર્ક શહેરના પાણીના ખજાનાની ગુંજાશ ૨૫૩ અબજ ગૅલનની છે. ૧૯૪૮ના ડિસેંબર માસમાં તેમાં ૧૨૮ અબજ ગૅલન પાણી હતું. પણ આ વર્ષે તે તારીખે તેમાં ૮૭ અબજ ગૅલન પાણી જ રહેલું હતું. પહેલાં તો સરકારે રોજના વીસ કરોડ ગૅલન પાણી બચાવવાની નાગરિકોને હાકલ કરી; અને તે અનુસાર લોકોએ રોજનું સત્તર કરોડ ગૅલન જેટલું પાણી ઓછું વાપરવા માંડ્યું. પણ પછી તો પાણીની કટોકટી એવી વધતી ગઈ કે રોજના ત્રીસ કરોડ ગૅલન પાણી બચાવવું જ જોઈએ. સરકારે ગણતરી કરી લીધી કે, અગત્યનો વપરાશ ચાલુ રહે તોપણ લોકો રોજના ચાળીસ કરોડ ગૅલન જેટલું પાણી બચાવી શકે.

સરકારે ૧૬મી ડિસેંબરનો દિવસ હજામત અને નાહવાનો અણોજો પાળવાનું ઠરાવ્યું. તે ઉપરાંત પાણી બચાવવાના બીજા પણ માર્ગો જનતાને સૂચવવામાં આવ્યા; જેમ કે, સવારથી બધાં વાસણો ભેગાં કરી સામટાં સાંજે ધોવા લેવાં; કપડાં પણ નાનાં-મોટાં એક વખતે જ ધોવા લેવાં; રાખ, ડૂચા, કકડા વગેરે ગટરમાં વહેવડાવી કાઢવા પાણી ન વાપરવું; નળ બરાબર બંધ કરવો; દૂધ કે બીજી ગરમ ચીજો ઠંડી કરવા તેમનાં વાસણને બીજા મોટા વાસણમાં પાણી ભરીને ન મૂકવાં; હાથમોં ધોવા પાણી ભરેલો લોટો વાપરવો, પણ નળ ન ખોલવો; ઇત્યાદિ.

આ હાકલ પડતાં તરત જ વેપારી કે ધંધેદારી મહાજનોના આગેવાનો, શાળાઓના અધ્યક્ષો, હૉટલવાળાઓ, સલૂનવાળાઓ વગેરેએ સહકાર આપવાના ઠરાવો કર્યા. લૉજવાળાઓએ પોતાના ઘરાકોને હજામત કે નાહવાની 'રજા' પાડવાની ખબર આપતાં પાટિયાં લટકાવી દીધાં; શાળાઓમાં કસરત બાદ નાહવા માટેના ફુવારાઓના નળો કાપી નાખવામાં આવ્યા; અને મોટરો ધોવાનો ધંધો કરનારાઓએ પોતાના ધંધાને પહોંચનારો ધોકો વિચારવા પોતાના વકીલને કમિશનરની મુલાકાતે મોકલવાનું નક્કી કરીને પણ આ બંધી પાળવાનું તો ઠરાવ્યું જ.

વસ્તુઓની તંગીઓ દરેક સમાજમાં ગમે ત્યારે ઊભી થયા જ કરે છે. તેમાંની કોઈ કોઈ તંગી ભલે હરામખોર કાળાબજારિયાએ, સંઘરાખોર પડોશીએ, કે અણઘડ અધિકારીએ ઊભી કરી હોય એમ બને; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે બધી તંગીના મૂળમાં ઓછું ઉત્પાદન કે ઓછી ઉત્પત્તિ જ હોય છે. ત્યાર પછી એનો લાભ-ગેરલાભ લેવા ઇચ્છનારી જનતા અને તેમાંથી સૌને બચાવવા ઇચ્છતા સત્તાવાળાઓ વચ્ચે ગજગ્રાહ શરૂ થાય છે. તેમાં એ સત્તાવાળાઓ પણ પોતા તરફથી થોડુંક ઉમેરતા-વધારતા હશે. પરંતુ પાણીની તંગી એ કંઈ માનવકૃત તંગી નથી. તોપણ માનવ ધારે તો સહેજ કરકસરથી, ચીવટથી, અને તકલીફથી તે તંગી હળવી કરવામાં ઘણે અંશે ફાવી શકે. આવે વખતે એકબીજાને, સૌને, કે કોઈને દોષ દેવામાં પડવાને બદલે સ્વ-રાજ ભોગવનારા નાગરિકો કાંઈ અમલી ઉપાયો હાથ લેવા બેસી જાય, તો એ તંગી પણ હળવી બને; અને તે તંગીનો લાભ-ગેરલાભ લેવા ઇચ્છનારાઓનાં મોં પણ સાચે જ કાળાં થાય.

ગો૦

સ્વાધ્યાય

[સંપ્રજ્ઞાનનું અધ્યાત્મ]

ડિસેમ્બર અંકમાં આપણે જોયું કે, ચિત્ત વડે આપણને જે બોધ અથવા સંપ્રજ્ઞાન થાય છે તેની પ્રક્રિયાને પૃથક્ કરી જોઈએ તો તેમાં ચાર ચોખ્ખા ભાગ કે પગથિયાં બતાવી શકાય:—

૧. વસ્તુ કે પદાર્થનું રૂપ બરોબર ગ્રહણ થવું તે. આને માટે શાસ્ત્રીય શબ્દ **वितर्क** છે.

૨. વસ્તુ કે પદાર્થનું બાહ્ય રૂપ અવગત થાય, એટલે અંતઃકરણનું અંદરનું કાર્ય થાય છે; અને તેનો પ્રકાર જોઈએ તો '**वितर्क**'થી તે નોખો પાડવા જેવો વિશેષ છે. તેનો શાસ્ત્રીય શબ્દ '**विचार**' છે.

૩. આમ વિતર્ક-વિચારથી મળી રહેતા સંપ્રજ્ઞાનથી ચિત્તની તે તે પદાર્થવિષયક બનેલી વૃત્તિ શમે છે; અને વૃત્તિ શમે તેની સાથે **आनंद** જન્મે છે. દરેક સંપ્રજ્ઞાનના અનુભવમાં આ પણ એક અંશ રહેલો હોય છે.

૪. અને આ બધું સંપ્રજ્ઞાન મને થયું, એ ભાવ પણ જાગે છે; સામાન્ય રીતે આવું ભાન ન થાય એમ બને જ નહિ. સંપ્રજ્ઞાનમાં આ પણ એક તેનું નોંધપાત્ર અંગ છે. તેનો શાસ્ત્રીય શબ્દ '**अस्मिता**' છે.

યોગવિદ્યા જે વસ્તુની ચર્ચા કરવા માગે છે, તે સમજાવવા માટે તેને સંપ્રજ્ઞાનનાં આવાં ચાર સ્પષ્ટ અંગો બતાવવાં જરૂરી છે. યુરોપીય માનસશાસ્ત્ર પણ સંપ્રજ્ઞાનનું પૃથક્કરણ કરે છે; તેની અહીં સરખામણીમાં ન ઊતરીએ. પરંતુ સંપ્રજ્ઞાન થવાની પ્રક્રિયા ઊંડામાં ઊંડે ઊતરીને તપાસીએ તો તેમાં સ્પષ્ટ દેખાતાં વિતર્ક તથા વિચાર અંગો ઉપરાંત આનંદ તથા અસ્મિતા પણ નોંધવાં જોઈએ, એ ધ્યાનમાં લેવાનું છે.

આ ચારે અંગો દરેક સંપ્રજ્ઞાનમાં હોય છે; એમ બને કે, તે ઓછાંવત્તાં ખ્યાલમાં આવે. યોગશક્તિથી, એટલે કે એકાગ્રતા અથવા અભિમત ધ્યાન વડે કામ કરીએ તો, આ ચાર અંગો વિલક્ષણ રૂપે જોવા મળે. દા. ત. એક વિજ્ઞાનીનું કામકાજ લો. તે વિતર્ક-યોગ કરે છે એમ કહેવાય. તે અમુક કોઈ પદાર્થ તપાસવાને માટે લે છે. એમાં તે સંપ્રજ્ઞાનના **वितर्क** અંગ પર વિશેષ જોર આપે છે. અગાઉ જાણેલી વસ્તુઓની સાથે તુલના તથા તેના કરતાં જોવા મળતા વ્યતિરેક કે વિશેષતા જોતાં જોતાં, વિજ્ઞાની છેવટે, પોતે તપાસવા લીધેલા પદાર્થનું સંપ્રજ્ઞાન મેળવે છે; તે શોધી કાઢે છે કે, એ પદાર્થનું લક્ષણ શું છે. આવી શોધ થાય ત્યારે તેને આનંદ થાય છે; તે મોટો શોધક કહેવાય છે.

આમ વિજ્ઞાનીનું મુખ્ય ક્ષેત્ર વિતર્ક પર એકાગ્રતાથી લાગવામાં રહેલું છે. વિચાર, આનંદ, અસ્મિતા ત્યાં ગૌણ રહે છે. એના વ્યવસાયને **वितर्क-समाधि** કહી શકાય.

એવી જ રીતે સૂક્ષ્મ એવા વિચાર અંગે વિશેષતા રાખીને કામ કરનારનો દાખલો જોઈએ તો સમાજ-વિજ્ઞાન પર એકાગ્ર થનાર સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, રાજકારણી વગેરે. તેઓ માનવ ભાવો પર એકાગ્ર થઈને એક કોઈ વિચાર પર કે સિદ્ધાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર પહોંચવા મથે છે. અને એવી વિચાર-સમાધિ દ્વારા જગતને કોઈક નવો વિચાર સ્પષ્ટ કરી બતાવે છે.

કાવ્ય અને કલાના ક્ષેત્રમાં કામ કરતાં માનસ મુખ્યત્વે સંપ્રજ્ઞાનના આનંદ-અંશ પર એકાગ્ર થાય છે. વિતર્ક, વિચારનો અનુભવ થતાં, તેમાંથી નીપજતા કે નીતરી રહેતા આનંદ પર તેઓ સમાહિત બને છે. એમના મનોવ્યાપારને आनंद-समाधि કહી શકાય.

તેવી જ अस्मिता-समाधि પણ જોવામાં આવે છે. જેમ કે હિટલર, હિરણ્યકશિપુ જેવા ईश्वरोऽहम्, कोऽन्योऽस्ति सदृशो मया — એમ માનનારા લોકો. દરેક પોતાના સંપ્રજ્ઞાનમાં આવા લોકો તેના અસ્મિતા અંશ પર સીધા જાય છે.

આ પ્રમાણે સંપ્રજ્ઞાનનું પૃથક્કરણ કરીને યોગકાર તેના માનસશાસ્ત્રની પાર રહેલા તેના અધ્યાત્મ ભણી આંગળી ચીંધવા માગે છે. તે કહે છે, સંપ્રજ્ઞાનનાં આ ચાર પગથિયાંની પાર એક ગતિ રહેલી છે, કે જે સંપ્રજ્ઞાનના મૂળ કારણને જોવું એ છે. આ ચારને ક્રમે ક્રમે જે બોધ કે સંપ્રજ્ઞાન થાય છે, તે ખરેખર શાનો છે? એ બોધ આત્મતત્ત્વનો છે. પરંતુ આપણે અજ્ઞાની જીવો પહેલાં ચાર પગથિયાંના કોઈ ને કોઈના અનુભવમાં તે જોઈ નથી શકતા. બાકી તો એ આત્મતત્ત્વ કે અમૃતતત્વ તો प्रतिबोधविदित (કેન ઉપનિષદ-૨-૪) છે: દરેક સંપ્રજ્ઞાન એની જ સાક્ષી પૂરે છે, એને જ બતાવે છે. દરેક સંપ્રજ્ઞાનની પૂર્ણાહુતિ પ્રત્યક્ચેતનનાં દર્શન થાય એમાં થવી જોઈએ. કારણ કે, કામક્રોધ આદિના આવરણમાં થતા સંપ્રજ્ઞાનની પેલે પાર એ રહેલું છે. સંપ્રજ્ઞાન મેળવનારી બુદ્ધિ કે ચિત્તશક્તિની પાર એ આત્મા રહેલો છે. (જુઓ ગીતા ૩-૪૨) સંપ્રજ્ઞાનમાત્રનું આ અધ્યાત્મ છે. દરેક બોધમાં કે કાર્યમાં એ પ્રત્યક્ષ થાય એને કબીરજીએ પોતાના એક ભજનમાં सहज-समाधि કહી છે:—

साधो सहज समाध भली ॥
गुरु प्रताप जा दिनसे जागी,
दिन दिन अधिक चली ॥ १ ॥
जहँ जहँ डोलौं सो परिकरमा,
जो कछु करौं सो सेवा,
जब सोवौं तब करौं दंडवत,
पूजौं और न देवा ॥ २ ॥
कहौं सो नाम, सुनौं सो सुमिरन,
खावैं पियौं सो पूजा,
गिरह उजाड़ एक सम लेखौं
भाव मिटावौं दूजा ॥ ३ ॥

* * *

सबद निरन्तरसे मन लागा
मलिन वासना त्यागी,
ऊठत बैठत कबहुँ न छूटै
ऐसी तारी लागी ॥ ४ ॥
कह कबीर यह उनमनि रहनी
सो परगट करि गाई ।
दुःख सुखसे कोई परे परमपद
तेहि पद रहा समाई ॥

શંકરાચાર્યે એમના શિવમાનસપૂજા સ્તોત્રમાં એને પ્રભુનું પરમ નૈવેદ્ય કહ્યું છે:—

आत्मा त्वं, गिरिजा मतिः,
सहचराः प्राणाः, शरीरं गृहं,
पूजा ते विषयोपभोगरचना,
निद्रा समाधिस्थितिः ॥
संचारः पदयोः प्रदक्षिणविधिः,
स्तोत्राणि सर्वा गिरो —
यद् यत् कर्म करोमि तत् तदखिलं
शंभो तवाराधनम् ॥

મારો આત્મા તમે છો, મારી બુદ્ધિ તે ગિરિજા, મારા પ્રાણો તે તમારા સહચરો, મારું શરીર તે તમારું મંદિર; મારી વિષયોપભોગરચના તે તમારી પૂજા; મારી નિદ્રા તે સમાધિસ્થિતિ; મારા પગનું ચાલવું તે તમારી પ્રદક્ષિણા, મારી બધી વાણી તે તમારાં સ્તોત્રો – એમ જે જે કર્મ હું કરું છું તે બધું, હે શંભુ! તમારી જ આરાધના છે.

સંપ્રજ્ઞાનમાત્ર આ રીતે ब्रह्मकर्मसमाधि (ગીતા ૪-૨૪) છે; એમાં તેનું અધ્યાત્મ રહેલું છે.

૧૨-૧-'૫૦ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું વાચન

સરિતાથી સાગર (દાંડીકૂચની નવલ) : લે૦ શિવશંકર પ્રા૦ શુકલ; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કિં. રૂ૦ ૪–૦–૦; પૃ૦ ૨૮૦.

બાપુજીના જીવનકાળમાં અભૂતપૂર્વ બનેલા પ્રસંગોમાં બાપુની 'દાંડીકૂચ' અતિમહત્ત્વને સ્થાને છે. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે બાપુએ આરંભેલી એ યાત્રા લાખો માણસોની આશાની જ્યોતિસમી બની હતી. ઇતિહાસે કદી આવો પ્રસંગ જોયો ન હતો. ભગવાન બુદ્ધના 'મહાભિનિષ્ક્રમણ'નું સ્મરણ કરાવે એવું એ ભવ્ય પ્રસ્થાન હતું. બાપુએ આરંભેલી દાંડીયાત્રા ખરેખર પ્રેરણાદાયી હતી. કેટલાયે કવિઓને કાવ્ય લખવાની પ્રેરણા મળી. પણ પુસ્તકાકારે આ પ્રસંગનું નિરૂપણાત્મક સ્વરૂપ પહેલી વાર 'સરિતાથી સાગર'માં મળે છે.

લેખકે આખા પ્રસંગનું સીધું વર્ણન કર્યું નથી. પણ આખા પ્રસંગને પ્રવાહિત અને રસપ્રદ કરવા માટે ગણુ, કેકી અને આંચાવ એ ત્રણ કાલ્પનિક પાત્રો સર્જ્યાં છે. તે ત્રણે જણ દાંડીયાત્રામાં સક્રિય ભાગ લેતા નથી પણ પ્રેક્ષક તરીકે આવે છે. જેમ રેડિયો ઉપર મૅચ જેવા પ્રસંગનું વર્ણન કરવામાં આવે છે, તેમ આ લોકો પણ આ યાત્રાને રસપૂર્વક નિહાળી કહેતા જનારા નિવેદકો જેવા છે. વચ્ચે વચ્ચે તેઓ એકબીજા સાથે ચર્ચા પણ કરે છે. તેથી લેખકે સ્વીકારેલી નિવેદનની પદ્ધતિ એકધારી થઈ નીરસ બની જતી નથી. વળી લેખકે કેટલાક પ્રસંગો કલ્પનાથી રંગ્યા છે. 'વાઈસરૉયનું સ્વપ્ન', 'ગોળમેજિયાઓની ગોળમાલ', '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ' એ પ્રસંગો આ કૂચની અસર હિંદ સરકાર, ગોળમેજીના સભ્યો અને બ્રિટનની સરકાર પર કેવી થઈ હશે એ બતાવવા કલ્પેલા છે.

હવે એના સ્વરૂપ (form) વિષે. પુસ્તકની ઓળખાણ પૃષ્ઠ પર આ પ્રમાણે આપવામાં આવી છે: 'સરિતાથી સાગર (દાંડીયાત્રાની નવલકથા)'. એટલે પ્રથમ દર્શને વાચક એને 'નવલકથા' તરીકે માની લે. પણ આખું પુસ્તક વાંચતાં એમાં નવલનું તત્ત્વ જોઈએ એવું જળવાયેલું નથી, એવી પ્રતીતિ થાય છે. તેથી પુસ્તકની આપેલી ઓળખાણ યથાર્થ જણાતી નથી. અવશ્ય 'વાઈસરૉયનું સ્વપ્ન' ઇત્યાદિ ઉપર દર્શાવેલા પ્રસંગોમાં નવલકથા જેવું લાગે છે, પણ આખા પુસ્તકને સમગ્ર રીતે જોતાં એની ગણના કેટલી? તેથી આ પુસ્તક નથી યથાતથ હકીકત (fact) કે નથી નવલકથા (fiction) એમ આપણને લાગે છે. આ શંકા મારી સામે આવી ઊભી હતી જ. પણ લેખક સાથે થયેલી મારી વાતચીતમાં લેખકે જણાવ્યું કે, "મેં એને 'નવલ' તરીકે ઓળખાવી જ નથી. પ્રકાશકે એવું છાપ્યું છે. મેં તો આખા પ્રસંગને બે તત્ત્વોની વચ્ચેથી વહેતો કર્યો છે." એમની આ વાત પરથી ઉપરની શંકાનું નિવારણ થાય છે.

બીજી વાત એ કે, લેખક વચ્ચે વચ્ચે કાવ્યપંક્તિઓ, શ્લોકો છૂટથી વેરતા જાય છે, તેમ જ નરગિસનું પાત્ર વચ્ચે ડોકિયાં કરે છે. તેથી આ ભવ્ય પ્રસંગનું ગાંભીર્ય બરાબર જળવાતું નથી, તેમ જ વાર્તાનો વેગ પણ ધીરો પડે છે.

પુસ્તકને અંતે લેખકે બે પરિશિષ્ટો આપ્યાં છે. એકમાં 'ગાંધીસેનાના સૈનિકો'નો ટૂંકો પરિચય આપ્યો છે અને બીજામાં 'દાંડીકૂચ દરમિયાન પડાવનાં સ્થળોની યાદી' આપી છે. એ બંને વાચકને ઉપયોગી થાય એવાં છે.

પુસ્તકનું નામ કાવ્યાત્મક છે, મુખપૃષ્ઠ પણ આકર્ષક છે. એકંદરે આ પુસ્તક વાચકોને ગમે એવું છે.

ગુજરાતની લોકમાતાઓ : લે૦ શિવશંકર પ્રા૦ શુકલ; પ્ર૦ કમલ પ્રકાશન મંદિર, અમદાવાદ; કિં. રૂ. ૨–૪–૦; પૃ૦ ૧૫૨.

કવિ નાનાલાલે ગુજરાતની નદીઓ વિષે ઉદ્‌ગાર કાઢ્યા છે: "ગુજરાતની નદીઓ ગુજરાતની મહાવિભૂતિઓ છે. દેશની દોલત અને વેરાનનું નંદનવન એ સરજે છે. . . . યુગયુગાંતરથી અમૃતઝરણી, મહાવનોની, ગુજરાતની એ લીલી પાંખ, સદાકાળ ત્યાં હરિયાળી હસે છે." આમ ગુજરાતની લોકમાતાઓ પ્રત્યે આપણને સહજભાવે ભક્તિભાવ સ્ફુરે જ.

પ્રવાસી કાકાસાહેબે 'લોકમાતા' લખી હિંદુસ્તાનની નદીઓને શ્રદ્ધાની અંજલિ અર્પણ કરી. પણ ગુજરાતમાં વસતા કાકાસાહેબે ગુજરાતની એકેય નદીનું વર્ણન ન કર્યું, આશ્રમ પાસેથી વહેતી સાબરમતીનું ય નિરૂપણ ન કર્યું, ત્યારે સૌને આશ્ચર્ય થયેલું. અને જ્યાં જ્યાં 'લોકમાતા' વિષે ચર્ચા થતી ત્યાં પ્રશ્ન પુછાતો જ: "કાકાસાહેબ, તમે ગુજરાતની નદીઓનું વર્ણન કાં ન કર્યું?" કાકાસાહેબ ઉત્તર આપતા: "ગુર્જરી ગિરામાં ગુજરાતની નદીઓનું માહાત્મ્ય ગાવાનો અધિકાર કોઈ ભાગ્યશાળી અને ભાગ્યશાળી ગુજરાતીનો જ છે."

અને છેવટે શ્રી શિવશંકરભાઈએ 'ગુજરાતની લોકમાતાઓ' કાકાસાહેબના 'આશીર્વચન' સાથે ગુજરાતને ચરણે ધરી. શ્રી. શિવશંકરભાઈને પણ કાકાસાહેબની પેઠે જ રખડવામાં આનંદ માણવાની ટેવ છે. 'નદીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પહાડો સાથે નિકટનો પરિચય કેળવી એમણે પોતાની લાગણીઓ સૂક્ષ્મવેદી બનાવી છે.'

'ગુજરાતની લોકમાતાઓ' વાંચતાં શ્રી૰ કાકાસાહેબની 'લોકમાતા' તરફ વળવાનું સહેજે મન થાય છે, અને 'લોકમાતા'ને દૃષ્ટિ સમીપ રાખી એનું મૂલ્યાંકન કરવાની વૃત્તિ જાગે છે. શ્રી શિવશંકરભાઈ કાકાસાહેબના એક વખતના શિષ્ય જ છે અને એમની શૈલી પર કાકાસાહેબની અસર તો છે જ. પણ હજી કાકાસાહેબની લેખિનીમાં જે પદે પદે 'કાવ્ય' વહેતું હોય છે એવું આમાં નથી પણ બીજી રીતે એમાં લોકકથાઓ, લોકગીતો અને લોકોક્તિઓ જ્યાં ત્યાં વેરાયેલી છે. તેથી નદીઓનો ઇતિહાસ જાણવા તે મદદરૂપ થઈ પડે છે. કાકાસાહેબમાં સંવેદનશીલતા અને ઊંડી દૃષ્ટિ સહજ છે. જ્યારે શિવશંકરભાઈને કેળવવી પડે છે. તેથી ઘણે સ્થળે શિવશંકરભાઈ જાણે કાકાસાહેબનું અનુકરણ કરતા હોય એમ લાગે છે; એમાં હૃદયોર્મિઓનો સ્વયંસિદ્ધ પ્રવાહ વહેતો હોવો જોઈએ તે લાગતો નથી. વળી શ્રી શિવશંકરભાઈનો અવતરણો આપવાનો મોહ એમના કથનની ગતિશીલતાની આડે આવે છે. ઉદાહરણ તરીકે 'કુંવારકા સરસ્વતી' લો. શરૂઆતમાં જ ચાર અવતરણો મૂક્યાં. પછી વચ્ચે જ્યાં ત્યાં અવતરણો છે જ. તેથી કાકાસાહેબની 'લોકમાતા'માં એકધારો પ્રવાહ વહે છે અને એમાં આપણે પણ ઘસડાઈએ છીએ, તેમ 'ગુજરાતની લોકમાતાઓ'માં થતું નથી. અવશ્ય 'ગુજરાતની લોકમાતાઓ' માટે શ્રી શિવશંકરભાઈએ કરેલા પરિશ્રમનો સારો ખ્યાલ આવે છે.

શ્રી૰ કાકાસાહેબ અને શિવશંકરભાઈમાં એક બીજો ભેદ પણ જણાય છે. કાકાસાહેબની 'લોકમાતા' વાંચતાં આપણને થાય છે કે, એમને પ્રવાસ એ મુખ્ય પ્રયોજન છે અને એના ફળરૂપ 'લોકમાતા' એ અનાયાસે થયેલો પરિપાક છે. જ્યારે શ્રી શિવશંકરભાઈની 'ગુજરાતની લોકમાતાઓ' વાંચતાં એવી પ્રતીતિ થાય છે કે, પહેલી એમની સમીપ એ વૃત્તિ છે કે મારે નદીઓ વિષે લખવું છે અને એના ફળરૂપે પ્રવાસ છે. તેથી એમણે કરેલું નદીઓનું દર્શન સંવેદનશીલ ન બનતાં સંશોધનશીલ બને છે.

એકંદરે 'ગુજરાતની લોકમાતાઓ'ના વાચનથી 'ગુજરાતનાં સ્ત્રી-પુરુષોનાં હૃદયમાં માતૃભૂમિ પ્રત્યે પ્રેમાદરની સાત્ત્વિક ભક્તિ જાગે' એવી શ્રી૰ કાકાસાહેબે આશીર્વચનમાં કરેલી પ્રાર્થના ફળિત થયેલી લાગ્યા વિના રહેતી નથી. લેખકે આ કૃતિમાં ગુજરાતની માત્ર 'બાર જ નદીઓ' આપી છે. તેથી લેખક બીજી નદીઓને પણ શબ્દબદ્ધ કરે એવી આશા વ્યક્ત કર્યા વિના રહેવાતું નથી.

સુ૰ ક૰

હિંદપર્યટન : લેખક-પ્રકાશક વીરજી ગંગાજર માહેશ્વર. મુલુંડ; કિં. રૂ. ૩-૦-૦; પૃષ્ઠ ૩૫૮+૨૨.

'સેલ્સમેન', 'ટ્રાવેલિંગ એજન્ટ' અને 'એસ્ટેટ દલાલ' તરીકે હિંદના એકથી વધુ પ્રાંતોમાં ફરવાનું થતાં લેખક કહે છે કે, વિશાળ દેશપર્યટનની 'ઝંખના' થઈ આવી. આમ આઠ-નવ વર્ષોમાં કટકે કટકે પૂરા કરેલા આ પ્રવાસનાં ૩૩૬ સ્થળોનું વર્ણન લેખકે આ પુસ્તકમાં આપ્યું છે.

ગુજરાતીમાં પ્રવાસસાહિત્ય ઓછું હોવાને લીધે તેવા સાહિત્યમાં ઉમેરો કરતું આ પુસ્તક લખવા બદલ લેખકને અભિનંદન આપવાનું મન સ્વાભાવિક રીતે થાય થાય. પણ આખું પુસ્તક જોઈ ગયા પછી તેમ કરતાં મન પાછું પડે છે. પુસ્તકમાં આપેલાં ૩૩૬ સ્થળોનાં વર્ણનો પૈકી કેટલાંય સ્થળોનાં વર્ણનો તો બિલકુલ બિનજરૂરી છે. શોરાનુર [પાનું ૯૩]. કાનકોન [પાનું ૧૪૨], દાપોલી [પાનું ૧૬૬], અને દ્રોણાચલમ [પાનું ૧૯૬] વગેરેનાં વર્ણનો આ બિનજરૂરીપણાના દાખલા છે. આનાથી ઊલટું વિગતવાર માહિતીની જરૂરિયાતવાળાં સ્થળોનાં વર્ણનો વધારેપડતા ટૂંકાણમાં પતાવ્યા છે. ભગવાન શ્રી. રમણમહર્ષિનાં આશ્રમથી પ્રસિદ્ધ થયેલું તિરુવન્નમલાઈ, ચાર મુખ્ય ધામો પૈકીનું રામેશ્વર, અને અનુપમ કુદરતી સૌંદર્યવાળું કન્યાકુમારી જેવાં સ્થળોનાં વર્ણનો એક એક પાનામાં પૂરાં થાય છે. વળી બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી જમનોત્રી અને હિમાલયના એવા બીજા પ્રદેશોનાં દર્શન કરાવવામાં તો લેખક બિલકુલ નિષ્ફળ ગયા છે એમ કહેવું જોઈએ. આ સ્થળોની વિગતવાર માહિતી અને ઝીણી ઝીણી વિગતો આપવાને બદલે રસ્તે આવતાં સ્થળોની યાદી આપીને જ લેખકે સંતોષ માન્યો છે.

આવું બધું હોવાથી આ પુસ્તક ન કહેવાય ભૂગોળનું કે ન કહેવાય પ્રવાસનું. વર્ણનો એકધારાં નથી. કોઈ એક સ્થળની સડકોનું વર્ણન, બીજા સ્થળનો ટૂંકો ઇતિહાસ, ત્રીજાની આછી ભૂગોળ, તો ચોથાનું કશું જ નહિ, એ રીતે વર્ણનો ચાલ્યાં જાય છે. વર્ણનો બધાં અરસિક થયાં છે એટલું જ નહિ, પણ સ્થળોની માહિતીની નોંધ પાછળ કોઈ ખાસ હેતુ પણ વિશિષ્ટ રૂપે જણાઈ આવતો નથી. રસ્તામાં આવતી ત્રણેક દુકાનો પર ચા, પાન ખાઈ [પાનું ૨૪૯] વગેરે જેવી નકામી વિગતો ઘણી જગાએ નજરે પડે છે. જુદાં જુદાં વર્ણનોમાં પોતાને જ વચ્ચે રાખવાનો જરા અભિમાની ગણાય એવો પ્રયત્ન પણ દેખાયા વિના રહેતો નથી. દેશની સ્થિતિ જોવાનો કે પોતાના ભક્ત માનસને સંતોષવાનો કે દેશના ઇતિહાસ-ભૂગોળ જોવાનો કે એવો બીજો કોઈ હેતુ આ પ્રવાસ પાછળ હોય એમ જણાતું નથી. આમ હોવાથી જ ઘણાં બિનજરૂરી સ્થળો અને બિનજરૂરી વિગતોને આ પુસ્તકમાં સ્થાન મળ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રૂફની કેટલીક ભૂલો ખૂબ જ વિચિત્ર લાગે છે. પુસ્તકનાં આગળનાં પાનાંમાં આપેલાં ચાર પાનાંના શુદ્ધિપત્રકમાં બતાવ્યા ઉપરાંત બીજી પણ કેટલીક ભૂલો જોવા મળે છે. ગુજરાતનું વર્ણન કરતાં આણંદ, કપડવંજ વગેરે સ્થળોની વસ્તીના આંકડા જોતાં એવી કેટલીક માહિતી બરાબર તપાસ કર્યા વિના સ્વીકારી લીધેલી લાગે છે. આવાં પુસ્તકોમાં વધુ ચિત્રો હોય તે જરૂરી ગણાય. ફક્ત ચાર જ ચિત્રો ત્રણસો એંશી પાનાંમાં જોવા મળે છે. આ ચાર ચિત્રો પૈકી બે ચિત્રો લેખકનાં ધર્મપત્ની અને તેમનાં કુલવધૂનાં અને બીજાં બે લેખકનાં પોતાનાં છે. દેશદર્શન કરાવી શકે એવું એકે ચિત્ર આખા પુસ્તકમાં નથી.

આખું પુસ્તક વાંચીને દેશદર્શન કરવાની ઇચ્છા કે તમન્ના થઈ આવતી નથી. જરૂરી અને બિનજરૂરી એવાં દરેક સ્થળની એવી જ માહિતી ગમે તેમ નોંધેલી જણાય છે. આવું બધું હોવા છતાં પુસ્તકમાંથી કેટલીક વિગતો વાચકને પહેલવહેલી જાણવા મળે એવી પણ છે. બધાં સ્થળોમાં 'શ્રીનગર'નું વર્ણન પ્રમાણમાં ઠીક ગણી શકાય એવું લાગે છે. આ પુસ્તક ફરી છપાવવાનું થાય તો લેખક તે સારી પેઠે સુધારશે એવી આશા રાખવી જોઈએ.

૧૦-૧-'૫૦ **શાં૦ ગાં૦**

માસિક વિવેચન

પ્રજાસત્તાકનો ઉદય

આ પત્ર વાચકના હાથમાં પહોંચશે ત્યારે ભારત પ્રજાસત્તાકની સ્થાપના અને તેના સરનશીન તરીકે ભારતના એક અગ્રસેવકની વરણી થઈ ગઈ હશે. આ દિવસ આપણા પ્રજાજીવનને માટે અપૂર્વ છે; એનો આનંદ અનેરો છે. જેઓ ઈ. સ. ૧૯૨૦થી હિંદ-સ્વાતંત્ર્યને માટે તન મન ને ધનથી લડતા રહ્યા છે, તેઓના જીવનની તો ધન્યઘડી પાકી એમ તેમને લાગશે.

કહેવાય છે કે, હિંદમાં સંઘ, પ્રજાતંત્ર, પ્રજાસત્તાક વગેરે વસ્તુ અજાણી નથી; બુદ્ધકાળનાં સંઘો તથા ગણરાજ્યો અને તેમની સભાવ્યવસ્થા વગેરે જુઓ.* પુરાતત્ત્વની એક હકીકત તરીકે એ ભલે મનાય; પરંતુ એ વસ્તુ અને તેની ભાવના અને તેના સંસ્કારો વચ્ચેના ઇતિહાસનાં વહેણમાં વહી ગયાં છે, અને તેને બદલે ઊંચનીચભાવ, અસ્પૃશ્યતા, નાતજાતની વાડાબંધી, રાજાશાહીની આપખુદી અને કજિયાકુસંપ. વગેરે અનેક કુભાવનાઓ જાગી છે અને તેમણે આપણા પ્રજાદેહમાં ઘર કર્યું છે, એની ના પાડી શકાય એમ નથી. અને પ્રાચીન ગણરાજ્ય એ કેવડું નાનું! કેવું સાદું! ત્યારનું જગત પણ જુદું જ. એટલે ભારત આજે હવે નવું પાનું ફેરવે છે, એમ સમજવું એ જ સાચી અને સીધી સરળ વાત ગણાય. આપણે પ્રજાતંત્રની ભાવના કેળવવાની છે, એ જ ખરું કામ છે, એમ માનીને ચાલવું જોઈએ. તેને બદલે પ્રાચીન ગૌરવવાદી બની ખાલી મગરૂરી કેળવવામાં ભારે ભૂલ છે.

* જુઓ શ્રી. આંબેડકરે ત્રીજા વાચનનું કામ પૂરું થયે બંધારણસભામાં કરેલું વ્યાખ્યાન.

છાપાં કહે છે કે, શ્રી. રાજેન્દ્રપ્રસાદને ભારત સંઘના પ્રથમ પ્રમુખ કે સંઘપતિ બનવાનું માન મળશે. જ્યાં પૂર્વે બૌદ્ધ સંઘ અને ગણરાજ્ય હતાં, તે 'વિહાર' ભૂમિના તે છે; આ એક સંજોગનું કાવ્ય જરૂર યાદ કરીને રાચીએ. પરંતુ આપણી સામે પડેલી હકીકત તો એ છે કે, એ જ ભૂમિમાં ગાંધીજીએ પોતાના અમોઘ શસ્ત્ર સત્યાગ્રહનો પહેલો પાઠ આપ્યો; અને ત્યાં જ તેમણે સૌથી પછાત એવા રાંક ખેડૂતની સેવા દ્વારા સર્વોદયના આદર્શને પણ શીખવ્યો. શ્રી. રાજેન્દ્રબાબુ એ પ્રાંતના પ્રતિનિધિ છે; હિંદ-સ્વરાજના એ શરૂ શરૂના દિવસોમાં ગાંધીજી જોડે રહી તાલીમ પામેલા છે. એમને પ્રથમ સંઘપતિ તરીકે પસંદ કરે તો તેમાં ભારત સંઘ-સભાની પોતાની પણ શોભા છે. હિંદની સંસ્કૃતિ અને સુજનતાના, તેની માનવતા અને મૃદુતાના એ ઉત્તમ પ્રતિનિધિ છે. હિંદની હવે પછીની સંઘયાત્રાના સંઘવી તરીકે પ્રભુ આપણા સંઘપતિને હરહમેશ સહાય હો. ભારતની એ અમર કલ્યાણ-યાત્રાનો તાર અતૂટ રહો.

૧૭-૧-'૫૦

હિંદ અને અમેરિકા

અમેરિકાના એક હિંદી વિદ્યાર્થી-મિત્રને મેં પૂછેલા છૂટક પ્રશ્નોનો તેમણે જવાબ મોકલ્યો છે. મારા પ્રશ્નો તો સહજ સામાન્ય હતા; હું તે વિષે ભૂલી પણ ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા કહું તો ચાલે. તેના ઉત્તરો આવ્યા તે બહોળા સમુદાયનેય રસ પડે એવા છે; તેથી તેમાંનો સારભાગ ઉતારું છું. પત્ર અમેરિકાથી ૧૮-૧૨-'૪૯ના રોજ લખેલો છે.

"તમારા પત્રમાં તમે અમુક પ્રશ્નો ઉઠાવ્યા છે. તે વિષે થોડુંક લખું. કાશ્મીર અંગે અત્રે કશો અભિપ્રાય જ નથી એમ કહું તો ચાલે. કોઈક વાર કોઈ રડચોખડચો આદમી પેપરમાં એકાદો કાગળ લખે તો તે છપાય. પણ પેપરની અથવા પ્રજાની કોઈ ચોક્કસ નીતિ આ પ્રશ્ન અંગે જોવા જાણવા મને તો મળી નથી. આપણે ત્યાં રહ્યા રહ્યા એમ માનીએ કે, અમેરિકામાં પ્રજામત ખૂબ કેળવાયેલો છે. પણ આ લોકો તો અત્યારે પોતાના દેશઘેલા એટલા બધા બની ગયા છે કે, તેઓને બીજા દેશોમાં શું ચાલે છે તેની ખાસ પરવા નથી; અને તેમાંયે ખાસ કરીને હિંદ વિષે તો નહિ જ. હજી બે વર્ષ પહેલાં તો હિંદ પરાધીન હતું અને તેથી આ લોકો માનતા કે, તે તો બ્રિટનને હવાલે છે, તેથી હિંદની બાબતમાં આ લોકોને ઝાઝો રસ નહિ. પણ ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી પછી ધીરે ધીરે અત્રે હિંદ વિષે રસ વધતો ચાલ્યો. ખાસ કરીને અમેરિકન સરકારનો. આ ઉનાળામાં મારો એક મિત્ર જે મારી સાથે ભણે છે તે થોડાક વખત માટે "સ્ટેટ ખાતામાં" નોકરી કરતો હતો. તે કહેતો હતો કે, હિંદ વિષે અમે અત્યારે ખૂબ રસ લઈ રહ્યા છીએ. તેઓનું હિંદમાં જે એલચીખાતું છે તેને તેઓના લંડન અને મોસ્કોના એલચીખાતાની કક્ષાએ તેઓ મૂકે છે. આ ઉપરથી સમજાશે કે, અમેરિકન સરકાર હિંદમાં કેટલો રસ લે છે. તેથી હું તો એમ કહું કે, અત્રેની સરકાર ઇચ્છે છે કે કાશ્મીર પ્રશ્ન વહેલો ઊકલી જાય તો સારું. પણ કોણ ઉકેલે, કેવી રીતે ઉકેલાય વગેરે પ્રશ્નો આ લોકોને ઊઠતા નથી. અત્રે કહેવાતા ભણેલા લોકોને પણ કાશ્મીર અંગે શો મુદ્દો છે તેનો ખ્યાલ નથી. અમારા જેવા કેટલાક મિત્રોની મંડળીમાં આ પ્રશ્ન અંગે ચોખવટ કરીએ અને તેઓની જે માન્યતા બંધાય તેટલું જ. જેમ લાલ લશ્કર ચીનમાં આગળ વધે છે, ઇન્ડોનેશિયામાં જેમ ભય વધતો જાય છે, તેમ અત્રેની સરકારની ઇચ્છા કાશ્મીર પ્રશ્ન-પતાવટ માટે વધુ તીવ્ર બને છે. પણ તેનો અર્થ એવો તો નહિ જ કે તેઓ પાકિસ્તાન ઉપર કોઈ જાતનું દબાણ લાવે.

"અત્રેની પ્રજાને મન યુ. એસ. એ. અને યુ. એન. બંને એક જ છે. તેઓ તો એમ જ માને છે કે, લેક સકસેસમાં જે બધું ચાલી રહ્યું છે તે અમેરિકા જ ચલાવે છે. આ દેશ સર્વોપરી બન્યાનો આ લોકોને અત્યારે ખ્યાલ છે. તેઓ એટલું તો જરૂર સમજે છે કે, ત્યાં જે ચાલી રહ્યું છે તે બધું જ બરાબર છે અથવા તે બધામાં તેઓને શ્રદ્ધા છે તેવું તો નથી. ખાસ કરીને તેઓનું રશિયા સાથેનું વર્તન તથા સંબંધ. ૧૯૪૫માં જે ઉપેક્ષા આ દેશ રશિયા સામે દાખવતો હતો તે હવે ધીરે ધીરે શત્રુતામાં પરિણમે છે. હરેક ચર્ચા, પ્રશ્ન, વાતચીત — દરેકમાં આ શત્રુતાનું વર્તન આપણને જોવા મળી આવે. અરે! વર્ગોમાં ચર્ચા થતી હોય તેમાંય રશિયાનો પ્રશ્ન આવવાનો. હજી બે મહિના પહેલાં જ્યારે આ દેશ પાસે અણુશક્તિ પેદા કરવા વિષેની માહિતી હતી ત્યારે તેઓ બડાશ મારતા હતા. એક દિવસે તેઓએ જાણ્યું કે રશિયા પાસે પણ આ માહિતી છે, ત્યારે તે દિવસે દરેક છાપાંઓમાં મોટી લીટીઓ સાથે આ સમાચાર છપાયેલા; દરેક જણ આ વિષે જ વાતો કરે. અને કાંઈક ગભરાટનો ખ્યાલ તે વખતે તેઓમાં પેદા થયેલો જણાયો. અત્રે દરેક બાબતમાં રશિયા સાથે સરસાઈ થતી જોવા મળે, અને તેઓ કરતાં પોતે ચડે તે તેઓની માન્યતા છે.

"નેહરુના અત્રે આવવાની બાબતમાં મારો વ્યક્તિગત અભિપ્રાય બીજાઓ કરતાં જુદો છે. આ લોકોને મન તો જેમ મદારી એક પછી એક ખેલ કરે તેવું છે. નેહરુના આવતા પહેલાં ઇઝરાયેલના વડા પ્રધાન અત્રે આવેલા. પછી નેહરુ આવ્યા. ત્યાર બાદ ઈરાનનો રાજા આવ્યો. અને આવતી વસંત ઋતુમાં પાકિસ્તાનના વડા પ્રધાન આવવાના છે. થોડાક દિવસો પહેલાં અત્રે પેપરોમાં એવો ઇશારો હતો કે, બીજા દેશોમાંથી પ્રતિનિધિઓ અત્રે મોટી આશાઓ સાથે આવે છે. અને જ્યારે તેઓ તે આશાઓ સંતોષી શકતા નથી ત્યારે જતાં જતાં ખૂબ નિરાશ બને છે. ભવિષ્યમાં આવું ના બને તેથી એવું સૂચન કરવામાં આવેલું કે, આપણા સ્ટેટ ખાતાએ તે દેશના (જે પ્રતિનિધિ અત્રે આવવાનો હોય તેના) પ્રધાનમંડળ સાથે સંપર્ક સાધવો, મદદ અંગેની શરૂમાં જ ચોખવટ કરી લેવી, અને પછી તે પ્રતિનિધિ અત્રે આવે, તો તેને નિરાશ થવાનો વખત નહીં આવે. તેથી, ટૂંકમાં, આ લોકો તો એમ જ માને છે કે, બીજા દેશોના પ્રતિનિધિઓ અત્રે હાથ લાંબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

1R698

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા આવે છે. નેહરુની બાબતમાં પણ સૌ કોઈની આવી જ માન્યતા હતી. પણ જ્યારે તેમણે પોતાના અત્રેના નિવાસ દરમિયાન એક હરફ પણ મદદ અંગે ઉચ્ચાર્યો નહીં, ત્યારે આ લોકોને નેહરુ જરા વિચિત્ર વ્યક્તિ લાગ્યા. અને તુરત જ નેહરુને આ લોકો બીજી દૃષ્ટિએ જોવા લાગ્યા. તેઓ કહે છે કે, નેહરુ તો એકેય "બ્લૉક"માં જવા ઇચ્છતા નથી. તે વલણ અત્યારની ઘડીએ બરાબર નથી. હિંદે પશ્ચિમના બ્લાંક સાથે જોડાવું જોઈએ. પણ નેહરુના વલણથી આ લોકો શંકાની નજરે જુએ છે. અત્રેના પૂંજીપતિઓ પણ એમ માને છે કે, અત્યારે હિંદમાં મૂડી રોકાય તેવી સહીસલામત સ્થિતિ નથી. કારણ સરકાર કઈ વખતે કેવું પગલું લેશે તે કશું જ નક્કી નથી. આમ અત્રેની પ્રજા હિંદ વિષે દ્વિધામાં છે. તેથી નેહરુના અત્રે આવવાથી પરિસ્થિતિની જે ચોખવટ થવી જોઈએ — આ લોકોના હિસાબે — તે થઈ નહિ. એક તો એ કે, તેમણે મદદ માટે ચોખ્ખા શબ્દોમાં કોઈ જાતની માગણી કરી નહિ. જોકે તેમણે હિંદમાં ઑગસ્ટ ૨૧, ૧૯૪૯ અમેરિકન મૂડીને ઉદ્દેશીને વાર્તાલાપ કર્યો હતો, તેમ છતાંયે જ્યારે તેઓએ જાતે આ અંગે અત્રે કશી જ વાત કરી નહિ અને એમ કહ્યું કે હિંદ એકેય પક્ષમાં જોડાવા માગતું નથી, ત્યારે આ લોકોને સહજ આંચકો લાગેલો.

"સાધારણ પ્રજાજનને નેહરુ આવ્યા અને ગયાથી કશો જ ફેર સમજાયો નહિ. અત્રેના પ્રજામતમાં નેહરુના આવવાથી કોઈ જાતનો ફેર પડ્યો હોય તેમ હું જોતો નથી. સરકારી મંડળોનો ચકાસ કરવાની વાત અઘરી છે, કારણ ત્યાં અંદર શું ચાલી રહ્યું છે તે સમજાય નહિ."

ગરીબ અને અંગ્રેજી

એક પ્રાથમિક શિક્ષક, ગયે વરસે સાબરમતી આશ્રમમાં મળેલા તેમના સંમેલનમાં થયેલો, ત્રણ ધોરણોમાંથી અંગ્રેજી હઠાવવાનો ઠરાવ ટાંકીને લખે છે —

"એ ઠરાવ ભલે દેખીતી રીતે રાષ્ટ્રીય ભાષાની મારફત રાષ્ટ્રની સર્વાંગસુંદર સેવા બનાવવા માટેનો હોય. વળી એ ઠરાવના સમર્થનકારો કદાચ ખૂબ જ તથા પૂરેપૂરા પ્રામાણિક તે ઠરાવ પ્રત્યે હોય. તેમ છતાં અદૃશ્ય રીતે તે જ ઠરાવ રંક, દબાયેલા, વગ વગરના લોકોને માટે ખતરનાક છે એમ . . . . માનવું છું. એ ઠરાવ ભલે અમલમાં મુકાય, પરંતુ પૈસાદાર, અમલદારો, વગવાળાઓ અંગ્રેજી કેળવણી લેવા માટે અનેક ઉપાયો લેશે અને એ જ અંગ્રેજી કેળવણીની ડિગ્રીવાળા દેશનો વહીવટ ચલાવશે, રંકો રહી જશે જ જશે."

અને આમ કહીને તે અહીંના જાણીતા કેટલાક હિંદીઓના વિલાયતમાં ભણતા છોકરાઓનો ઉલ્લેખ કરી, પોતાની ઉપરની ભીતિ માટે દાખલા ટાંકે છે; અને કહે છે —

"આમ હિંદના વકીલોના, ડૉક્ટરોના, પૈસાદારોના, લાગવગવાળાઓના, જમીનદારોના, કારખાનાવાળાઓના ઘણા જણ — ગણ્યા ગણાય નહિ — એટલા બધા ઇંગ્લન્ડ અમેરિકા ભણે છે. . . ."

અને પછી ટકોર કરે છે —

"કહો, આપનો એ ઠરાવ ગરીબોને અટકાવવા માટે જ છે ને!"

ઉપરનો ઠરાવ સંમેલનમાં રજૂ કરવા માટે તેના સંચાલકોએ મને સોંપ્યો હતો અને તે કામ મેં ખુશીથી સ્વીકાર્યું હતું; આજેય મને તે વિષે પસ્તાવો નથી. કેમ કે હું માનું છું કે, અંગ્રેજી દ્વારા કામ કરતી શિક્ષણપ્રથાએ આપણા દેશમાં બે વર્ગ પાડ્યા છે — ૧. અંગ્રેજી ભણેલાઓનો, ૨. તે વિનાનાઓનો. આમાંનો અંગ્રેજી ભણેલો વર્ગ ધૂળ ઉપર લીંપણના પોપડા જેવો અલગ અને અતિ આછો પાતળો છે; છતાં તે હિંદના ચાલુ વહેવારમાં વર્ચસ ભોગવે છે અને માલ માલ ખાઈ જાય છે. નહિ ભણેલો વર્ગ અંધ અનુકરણબુદ્ધિથી તેની કેડે તણાય છે, અને પોતાની જ અંગ્રેજીની અવદશા કરનારી એ સોનેરી બેડીને ઝંખે છે. પણ તે મેળવી તો શકે એમ છે જ નહિ. તો શું કરવું?

પત્રલેખક આ સ્થિતિ સમજતા નથી, અથવા સમજે છે તો તેનો ઉપાય જાણતા નથી. નહિ તો તે એમ ન કહેત કે, અંગ્રેજી કાઢવાનો ઠરાવ ગરીબોને અટકાવવા માટે છે! ગરીબ અને તવંગર સૌ કોઈને માટે અંગ્રેજી સરખી રીતે કાઢવાની વાત છે, પછી આમ કેમ કહી શકાય?

પરદેશી ડિગ્રીનો મોહ હજી આ દેશના વાતાવરણમાં ટકી શકે એવું તે ચાલુ છે, એ અતિ દુઃખની વાત છે. સરકારો પણ એમાંથી મુક્ત નથી. પરંતુ તે મોહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટળ્યા પછી પણ વિદ્યાને માટે ગમે ત્યાં જવાની તત્પરતા તો હિંદી જનતાએ બતાવવી જ પડશે. આજે વિદ્યા માટે જૂજ લોક જાય છે; ઘણા તો પોતાના સ્વાર્થ માટે — પોતાનો બજારભાવ વધારવા માટે જાય છે. આપણું સ્વરાજ વધારે ખીલવાની સાથે આમાં ફેરફાર થશે, અથવા થવો જોઈએ. તેને માટે અંગ્રેજીની મોહિનીને દૂર કર્યા વગર છૂટકો નથી. એમાં જ આમ પ્રજાજનનું ભલું રહેલું છે; તે વગર તેઓ ઊઠી નહિ શકે. તેના માટેના પ્રયત્નને જ અન્યાય ગણાય, તો અંગ્રેજીની મોહિનીની માયાની એ જ પૂરી સાબિતી છે.

૧૭–૧–'૫૦

ફાવેલા અને અંગ્રેજી

અંગ્રેજીની એ જ મોહિની તેના ભક્તો પર — તે ભાષા દ્વારા ફાવેલા લોકો પર કેવી માયા જગવે છે, તે પણ જોવા જેવું છે.

શ્રી. પાનીક્કર આપણા એલચી તરીકે હાલ ચીનમાં કામ કરે છે. તે એક વિદ્વાન માણસ છે અને અંગ્રેજીમાં લેખક પણ છે. હમણાં થોડા દિવસ પર દિલ્હી યુનિવર્સિટી પદવીદાન વખતે વ્યાખ્યાન આપતાં તેમણે અંગ્રેજી ભાષાનાં ગુણગાન કર્યાં. હિંદમાં જે નવયુગ જન્મ્યો ને જે નવું જીવન જાગ્યું, તે આ ભાષાની આપણી કેળવણીથી થયું, એમ કહી તેમણે કહ્યું કે, એ ભાષા પર જે લોકો સ્વદેશપ્રેમ, સ્વભાષાપ્રેમ તથા પ્રાચીનતાપ્રેમને નામે પસ્તાળ પાડે છે, તેઓ આ દેશને જૂના વર્ણાશ્રમધર્મના યુગમાં પાછા પટકવા માગનારા લોક છે.

આમ બોલનારા અને સમજનારા બીજા પણ ઘણા અંગ્રેજી ભણેલા ને આજે ઊંચી જગાઓ શોભાવનારા છે. તેઓ પ્રામાણિકપણે એમ માને છે, એમ પણ હશે. પરંતુ એમણે જરા હવે અંતર્મુખ થઈ વિચાર કરવા જેવો છે. તેઓ ઊંચે જોઈને બોલે તેના કરતાં હિંદની ધરતી અને તેની આમપ્રજા તરફ જોઈને વાત કરે તો સારું.

અને અંગ્રેજી સામે મતવાળા લોકો પ્રાચીન જીર્ણોદયવાદી છે એ જેમ સાચું નથી, તેમ જ જે બધા અંગ્રેજી ભણ્યા છે અને તેનો પક્ષ આજે કરે છે તેઓ બધા શ્રી. પાનીક્કર કહે છે તેવા નવયુગ અને નવજીવનવાળા બન્યા છે, એમેય નથી. જીર્ણોદયબુદ્ધિ અને નવયુગબુદ્ધિ કોઈ ભાષા પરત્વે જનમનાર વસ્તુ નથી.

હિંદના બધા લોકો, શ્રી. પાનીક્કર જે લાભ અંગ્રેજીમાંથી બતાવે છે, તે લાભ એ ભાષા શીખીને કદી લઈ શકશે? નહિ જ. તો પછી શું આજે થોડા જાણે છે અને એનો ભાવ ખાય છે એમ ચલાવ્યા કરવું? અંગ્રેજીનાં ગુણગાન કરનારે આ પરિસ્થિતિ વિચારવી ઘટે. અને નવયુગ અને નવવિચાર તથા નવજીવન સૌને આપવાને માટે હવે શું કરવું, તે ઉપર ભાર મૂકવો ઘટે. નહિ તો બીક એવી છે કે, જેમ લૅટિન, ગ્રીક, સંસ્કૃત ભાષા પર ભાર મૂકનારા તેના પ્રેમી લોકો એક કાળે હતા, તેમ હિંદના હવે પછીના યુગમાં અંગ્રેજીની એવી ઘેલી ભક્તિ કરનારો વર્ગ જાગશે. અંગ્રેજી ભણેલા થોડાક લોક સામાન્ય લોકોનો બુદ્ધિભેદ ન કરે અને તે ભાષામાંથી પોતે જે પામ્યા હોય તેને સેવાભાવથી અને ધગશપૂર્વક પોતાના દેશભાઈઓને તેમની ભાષામાં આપે, તો જ નવયુગનું હાર્દ લોકગત થઈ શકશે. 'ભાષાને શું વળગે ભૂર?' શ્રી. પાનીક્કર જેવા મહાજન લોકોએ આ વસ્તુની હવા પેદા કરવી જોઈએ.

૨૦–૧–'૫૦

વાચનમાળા પ્રકરણ પત્યું

ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રીએ થોડાક માસ ઉપર, એક ખાનગી પરિપત્ર દ્વારા, ગુજરાતની સ્કૂલ બોર્ડોના ચેરમૅનોને જણાવેલું કે, વિદ્યાપીઠ વાચનમાળા ચલાવવામાં મુશ્કેલી નહિ આવે, અને સરકાર સ્કૂલ બોર્ડોને પસંદ પડે તે પાઠ્યપુસ્તકો ચલાવવા છૂટ આપશે. આ પરિપત્ર છાપાંમાંય બહાર પડી ગયો હતો, અને તે ઉપરથી 'કાગનો વાઘ' કરી, કેટલાંક છાપાંમાં, ગેરવાજબી ગણાય એવી કેટલીક વાતો પણ વહેતી મુકાઈ હતી. એ દુઃખદ પ્રકરણને સરકારે હવે પૂરું કર્યું છે અને મંત્રાના પરિપત્રમાં નિર્દેશેલો ઠરાવ બહાર પાડ્યો છે. તેમાં જણાવ્યું છે કે, પ્રાથમિક શિક્ષણ કાયદાની ૩૮ મી કલમ મુજબ મળતી સત્તાની રૂએ સરકાર જણાવે છે કે, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વડોદરા વિભાગોનાં (એટલે કે ગુજરાતમાં બધે) સ્કૂલ બોર્ડો યા તો સરકારી અથવા તો વિદ્યાપીઠની વાચનમાળાને પોતાની નિશાળોમાં ચલાવી શકશે.

૧૮–૧–'૫૦

મેટ્રિક ટ્રેઇન્ડ પ્રાથમિક શિક્ષકો

પ્રાથમિક શાળાઓમાં સાતમું ધોરણ પાસ થયેલા વી. એફ. ઉપરાંત મેટ્રિક થયેલા પણ શિક્ષક હોય છે. પરંતુ તેમના વધારે ભણતરની લાયકાતની કદર થઈ નથી; તેઓ ને વી. એફ. સમાન ગણાય છે. આ બાબતમાં તેઓ સુધારો ચાહે છે, અને તે સરકારે વિચારવા જેવો છે. દા૦ ત૦ એમ થઈ શકે છે કે, મેટ્રિકને ૩૫ ને બદલે ૪૦, અને અધ્યાપનની તાલીમ લીધા પછી ૪૫ પગાર અપાય.

૧૮–૧–'૫૦

રાષ્ટ્રભાષા પ્રચારકોને

ગુજરાતમાં અનેક જગાએથી ખબરો આવે છે કે, વર્ધા સમિતિનું કામ કરતા પ્રચારકો લોકોમાં એવો બુદ્ધિભેદ ઊભો કરે છે કે, હવે હિંદીનું જ કામ બંધારણસભાએ મંજૂર રાખ્યું છે, તેથી હિંદી સાહિત્ય સંમેલનની પરીક્ષાઓમાં તમે બેસો. આ ખરું હોય તો તે એમને શોભા દે એવું નથી.

વળી પરીક્ષાઓની આવક એક લોભ-લાલચનું ઘર બની ગયું છે; એમાંથી પણ સંભાળવું જોઈએ. તેની સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે, આવી પરીક્ષાઓ હવે થોડાંક વર્ષ જ ચાલી શકશે. પછી તો શિક્ષણતંત્ર જ હિંદી શીખવતું થઈ જશે.

પણ મોટું દુઃખ તો એ પ્રચારમાં રહેલા અસત્યનું છે. બંધારણસભાએ યુ. પી.ના હિંદી સાહિત્ય સંમેલનની ભાષાને રાજભાષા નથી કહી; તેને તો પ્રાંતભાષાઓની યાદીમાં એક તરીકે સ્થાન આપ્યું છે. દેશની રાજભાષા તરીકે તો તેણે વ્યાપક એવી હિંદુસ્તાનીને જ માની છે; માત્ર એનું નામ 'હિંદી' રાખ્યું છે એટલું જ. આ એકસરખા નામનો દુરુપયોગ કરવો ન જોઈએ.

પરંતુ બીજું દુઃખ તો એ છે કે જો પ્રાંતિક હિંદી આમ પરપ્રાંતોમાં કામ કરશે તો પ્રાંતવાદને ઉશ્કેરીને તે રાષ્ટ્રભાષાના કામને જ દ્રોહ દેશે. આ દુઃખથી જ અંગ્રેજીને ૧૫ વર્ષનો જિવારો મળ્યો; તે દુઃખ જો ચાલુ રહેશે તો હિંદી તો નહિ જ વધે, પણ પ્રાંતોમાં ઝઘડા શરૂ થશે.

ગુજરાતના રાષ્ટ્રભાષા પ્રચારકો આ વિષે વિચાર કરે એવી નમ્ર વિનંતી છે.

૧૯–૧–'૫૦

સૌરાષ્ટ્રમાં 'રાષ્ટ્રભાષા' પ્રચાર

ઉપરની બાબતમાં, એક જાહેર નિવેદન કરેલું. તે પણ આ સાથે સૌની જાણને માટે ઉતારું છું:—

'તા. ૧૩–૧–'૫૦ના 'ગુજરાત સમાચાર'માં શ્રી. જેઠાલાલ જોષીનું એક નિવેદન બહાર પડ્યું છે, તે એક મિત્રે મને બતાવ્યું. તેમાં શ્રી. જોષી ફરિયાદ કરે છે કે, સૌરાષ્ટ્રમાં ચાલતા રાષ્ટ્રભાષા પ્રચારકાર્યમાં અવરોધક અને જનતામાં બુદ્ધિભેદ ઉત્પન્ન કરનારા પ્રયત્નો થઈ રહ્યા છે. અને તે સામે પોતાના કાર્યકર્તાઓને તે સાવધાન કરે છે ને જણાવે છે કે, હિંદી સાહિત્ય સંમેલન વતી તેઓ જે પરીક્ષા લે છે તે આગળ વધારવી.

હિંદી સાહિત્ય સંમેલન છેલ્લાં દસ બાર વર્ષથી રાષ્ટ્રભાષાની પોતે જ માનેલી વ્યાપક નીતિ છોડીને ચાલવા લાગ્યું છે. તે સામે ગાંધીજીએ પણ અનેક વાર માથું ફોડી જોયું, છતાં તેમાં કાંઈ ન વળ્યું; હિં. સા. સંમેલન પોતાની કોમવાદી નીતિને જ વળગી રહ્યું. પરિણામે ગાંધીજીને તેનાથી છૂટા થવું પડ્યું, અને હિંદી નામ પણ બદલીને, સ્પષ્ટતાને સારુ હિંદુસ્તાની નામથી પ્રચાર કરવાનું ઉપાડવું પડ્યુ.

હવે જ્યારે બંધારણસભાએ આ આખા દુઃખદ પ્રકરણમાંથી રસ્તો કાઢી ફેંસલો આપ્યો, ત્યારે પણ હિં. સા. સંમેલનની પ્રચારસમિતિ પોતાની જૂની સંકુચિત નીતિ નથી છોડતી, એ દુઃખદ છે. બંધારણસભાના ઠરાવ પરથી સાફ થાય છે કે, એક પ્રાંતિક હિંદી ભાષા છે, કે જેની અભિમાની સંસ્થા હિંદી સાહિત્ય સંમેલન ને તેની વર્ધા પ્રચાર સમિતિ છે. બીજી હિંદી એ છે કે જેને હિંદુસ્તાની કહેવામાં આવે છે. અને દેશના સૌ લોકોની ભાષા આ બીજી હિંદી બનશે. શ્રી. જોષીનું કાર્ય પ્રાંતિક હિંદી અને તેના સાહિત્ય સંમેલનકાર્યના ઉત્કર્ષમાં રહેલું છે. એને એ રાષ્ટ્રભાષા કહે અને બંધારણસભાના ઠરાવ મુજબ એ છે એમ કહે, એ વિપરીત વાત છે.

૧૨૬૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આજના સંજોગોમાં આ આખો પ્રશ્ન નવી જ ભૂમિકાએ પહોંચ્યો છે. આજે પ્રાંતવાદ જોર પર આવે છે, તે વખતે યુ. પી.ની ભાષા રાષ્ટ્રભાષાને નામે બીજા પ્રાંતો પર જોહાકી ન ભોગવે, પણ દરેક પ્રાંતને પોતાની રીતે કામ કરવા દે. આજે પ્રશ્ન રાજકારણી અને સાંસ્કૃતિક પણ બની ગયો છે. તેથી આ પ્રશ્ન અંગે કોઈ પ્રાંત કોઈ પર સરસાઈ ન કરે, એની ગંધ સરખી ન આવવા દે, એ જરૂરી છે. નહિ તો રાષ્ટ્રભાષાનો પ્રચાર કે વિકાસ બાજુએ રહી જશે અને અંગ્રેજી જ જેમ ૧૫ વર્ષ રહ્યું તેમ વળી વધુ રહેશે. આ ભયનું કારણ જાણ્યેઅજાણ્યે હિંદી સાહિત્ય સંમેલનની પ્રચારસમિતિ આપે છે. તેણે બીજા પ્રાંતોમાં પોતાના ભાષાકીય સામ્રાજ્યવાદ સાથે જવાનું હવે બંધ કરવું જોઈએ અને પ્રાંતોને આ બાબતમાં સ્વાધીનતા આપવી જોઈએ. સૌરાષ્ટ્રના અને ગુજરાતભરના સૌ પ્રચારકોએ આ ધ્યાન પર લેવા જેવી મહત્ત્વની બાબત છે. તે અર્થમાં સર[illegible] ગુજરાત હિંદુસ્તાની પ્રચારકોને સંદેશો આ[illegible] "હવે ભાષાના પ્રશ્ન પર જુદી જુદી સંસ્થાઓ [illegible] અને ઝઘડાઓ ચાલ્યા કરે એવું [illegible] થવું જો[illegible]. એવો મારો અભિપ્રાય છે." અને ગૂજરાત વિદ્યાપીડને આશ્રયે કામ કરતા સૌ પ્રચારકોને આશીર્વાદ આપ્યા હતા કે, "તમારો પ્રયત્ન સફળ થાઓ એ જ ઇચ્છું છું."

હિંદી સાહિત્ય સંમેલનની વર્ધા પ્રચાર સમિતિએ હવે પોતાનું કામ સંકેલી લઈ વધુ બુદ્ધિભેદ ન કરતાં પ્રાંતોને સ્વાધીનતા આપવી જોઈએ. નહિ તો હિંદની રાષ્ટ્રભાષાના વિકાસને અજાણ્યે પણ રૂંધવાનું જ કામ તેને હાથે થશે, અને તે તો એ પણ ન ઇચ્છે.

૧૮–૧–૧૯૫૦

શાળાઓ માટે શિબિરવર્ગ

ઉત્તર વિભાગના શિક્ષણખાતાના ઇન્સ્પેક્ટર તરફથી નીચેની ખબર પ્રસિદ્ધ કરવા માટે મળી છેઃ—

"ફેબ્રુઆરી માસમાં પરીક્ષા પછી અને દિવાળી ને ઉનાળાની છુટ્ટીના, તેમ જ સત્ર દરમ્યાન પણ ભણતર ન બગડે એવા અનુકૂળ દિવસોમાં સરકારી [illegible] ખાનગી માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ને શિક્ષકો પાંચ પંદર દિવસ શિબિરનિવાસ કરે તે માટે સરકારે યોજના ઘડી છે. તદનુસાર ઐતિહાસિક કે પ્રકૃતિસૌન્દર્યની દૃષ્ટિએ જિલ્લાવાર એકેક શિબિરના સ્થળની પસંદગી થશે અને ત્યાં શાળાના કે શાળાજૂથના વિદ્યાર્થી પરિચરોની ચાળીસ ચાળીસની ટુકડીઓ — જરૂરી શિક્ષકોની દેખભાળ નીચે — એક પછી એક જાય ને રહી શકે એવી ગોઠવણ કરવામાં આવશે.

"આખા અમદાવાદ વિભાગના શિક્ષકો માટે આવું જ કોઈ એક સ્થળ નક્કી થશે ને ત્યાં સો સો શિક્ષકો ટુકડીબંધ રહી શકે એવી યોજના થશે.

૧. મુસાફરીનું ખર્ચ પરિચરોને શિર રહેશે.

૨. ખોરાકીના રૅશન વગેરે પડાવમાં જ મળે એવી જોગવાઈ થશે. પણ તેનું ખર્ચ પરિચરોએ આપવું પડશે.

૩. પડાવ દરમ્યાન બધું જ કામ પરિચરોએ જ કરવું પડશે. ખાસ જરૂર જણાયે સરકાર કદાચ એક બે નોકર આપે.

૪. વિદ્યાર્થી પરિચરો પર જિલ્લા ટુકડીઓમાં શામેલ થઈ શકશે.

सरकार तरफनी सगवडो

૧. શિબિરનિવાસના [illegible] પડાવનો બંદોબસ્ત કરશે.

૨. પડાવભૂમિનું ભાડું લેવામાં નહિ આવે.

૩. વાસણકૂસણ, થોડી રાવટીઓ, પેટ્રોમેક્સ, એક-બે ખાટલા, એકબે મેજ ને ખુરશી અને ફાનસ ટુકડીને વિના ભાડે મળશે.

૪. સરકારી શાળાના શિક્ષકો અને બીજા સરકારી નોકરોને ખાતાના ધારાધોરણ અનુસાર 'ટ્રાવેલિંગ એલાઉન્સ'. મળશે.

૫. ખાનગી શાળાને ટ્રેનિંગ સંસ્થાના શિક્ષકોનો મુસાફરી ખર્ચ કાં તો શિક્ષકો પોતે આપે અથવા તેમની સંસ્થા જોગવાઈ; સંસ્થાઓને અને શાળાઓને પોતાના શિક્ષકોના મુસાફરીખર્ચની રકમો પર ખાતાના નિયમ મુજબ ગ્રાન્ટ મળશે.

ઉપર જણાવ્યા મુજબ પડાવભૂમિના સ્થળ, આગળથી નિયોજકને [illegible] પરિચર દીઠ અંદાજે ખર્ચની રકમ વગેરે માહિતી થોડાક વખતમાં બહાર પડશે. શિક્ષકો માટે દિવાળીની રજાઓમાં મહાબળેશ્વર ખાતે શિબિર-નિવાસની યોજના થઈ છે. એ જ પ્રમાણે બીજી રજાઓમાં પણ તેમને માટે સ્થળ [illegible] થશે. તો જેઓ રજાનો લાભ લેવા ઇચ્છતા હોય તે [illegible] શિક્ષકો એ [illegible]સ્પેકટર સાહેબને પોતાની શાળા મારફત અરજી [illegible] નામ નોંધાવે."

૨૦–૧–'૫૦ મ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર. નં. બી૦૪૩૫૪

સર્વોદય

આજકાલ હિંદુસ્તાનમાં આપણે પશ્ચિમના લોકોની નકલ બહુ કરીએ છીએ. તેવી કેટલીક બાબતમાં કરવાની જરૂર પણ અમે માનીએ છીએ. પણ પશ્ચિમનાં ઘણાં ધોરણો ખરાબ છે, એમાં શક નથી. ખરાબ છે તેથી દૂર રહેવાની જરૂર તો સૌ કોઈ કબૂલ કરશે.

પશ્ચિમ દેશમાં સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે, વધારે માણસનું ('મેજોરિટી'નું) સુખ — તેઓનો ઉદય — એ વધારવાનું માણસનું કામ છે. સુખ એટલે માત્ર શારીરિક સુખ, પૈસાટકાનું સુખ, એવો અર્થ કરવામાં આવે છે. એવું સુખ મેળવવામાં નીતિના નિયમોનો ભંગ થાય તેની ખાસ દરકાર કરવામાં આવતી નથી. તેમ જ વધારે માણસોનું સુખ જાળવવું એવો હેતુ રાખ્યો છે, તેથી જો થોડાને દુઃખ દઈને વધારેને સુખ અપાય તો તેમ કરવામાં હરકત છે, એમ પશ્ચિમના લોકો માનતા નથી. એવું માનતા નથી તેનું પરિણામ આપણે પશ્ચિમના ભાગના મુલકોમાં જોઈએ છીએ.

વધારે માણસને શારીરિક અને પૈસાટકાનું સુખ હોય એ જ શોધવું એવો ખુદાઈ કાયદો નથી, અને જો તેટલું જ શોધવામાં આવે ને નીતિના નિયમોનો ભંગ થાય તો તે ખુદાઈ કાયદાથી વિરુદ્ધ છે, એવું કેટલાક પશ્ચિમના ડાહ્યા પુરુષોએ બતાવ્યું છે. તેમાંનો મરહૂમ જોન રસ્કિન મુખ્ય હતો. તે અંગ્રેજ હતો, ઘણો જ વિદ્વાન માણસ હતો. તેણે હુન્નર, કળા, ચિત્રકામ વગેરે ઉપર સંખ્યાબંધ અને ઘણી સરસ કિતાબો લખી છે. નીતિના વિષયો ઉપર પણ તેણે ઘણું લખ્યું છે. તેમાંનું એક નાનું પુસ્તક છે તે તેણે પોતે પોતાનાં લખાણોમાંનું ઉત્તમ માન્યું છે . . . (એ) પુસ્તક લખવાનો હેતુ સર્વનું કલ્યાણ — સર્વનો ઉદય (માત્ર વધારેનો નહિ) — એવો હોવાથી અમે આ લખાણને 'સર્વોદય' એવું નામ આપ્યું છે.

('સર્વોદય'માંથી)

સર્વોદયનો સિદ્ધાંત હું આમ સમજ્યો :

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

૩. સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

('આત્મકથા'માંથી)

ગાંધીજી

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwa

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2000

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri